સાગરનું સુવાક્ય

પૂ. ગચ્છાધિપતિ
સાગર મ.ની
જીવન ગાથા

પ્રકાશક :- શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા
કપડવંજ. જિ. ખેડા.

શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

સાગરનું-ઝવેરાત

[પૂ. શ્રી ઝવેરસાગરજી મ.શ્રીની માર્મિક
જીવનગાથાનું હૃદયંગમ આલેખન]

शासनोद्धारकाः महापुरुषाः
सदास्तुत्यजीविनः

પ્રથમાવૃત્તિ	કિંમત	વીર નિ. સં.
૧૦૦૦	૫ રૂપિયા	૨૫૦૬

વિ. સં. ૨૦૩૬

પુસ્તક પ્રાપ્તિસ્થાન

આગમોદ્ધારક ગ્રંથમાળા

મી. ગુ. જૈન ઉપાશ્રય
દલાલવાડા
કપડવંજ (ખેડા)

83137

....શુ....ભ....સ્મૃ....તિ....

પૂ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ ના શિષ્ય
પૂ પં. શ્રી અભયસાગરજી મ. ના શિષ્યો
મુનિશ્રો અશોકસાગરજી મ. તથા
મુનિશ્રી નિરૂપમસાગરજી મ.ની
શ્રી ભગવતીસૂત્રના યોગની (જે યોગનો પ્રારંભ
સં. ૨૦૩૬ માગ. વદ ૧૧દિને સેરીસા તીર્થે થએલ)
અનુજ્ઞા રૂપે
વિ. સં. ૨૦૩૬ વૈ. સુ. ૧૦ ઊંઝા મુકામે
થયેલ ગણી પદવી પ્રસંગે આ પુસ્તિકાનું
પ્રકાશન થયું છે, ...

મુદ્રક :

સાગર-શાખાના અણમોલ હીરાસમા
વાદી-ધુરંધર

પ્રૌઢ પ્રતિભા અને આગમજ્ઞતાથી
ઓપતા
પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મ.

॥ શ્રી વર્ધમાન સ્વામિને નમઃ ॥

પ્રકાશકના બે બોલ

પરમ–પુનિત સુગૃહીત–નામધેય પૂ. આગમોદ્ધારકશ્રીના પુનિત નામથી સંકળાયેલ અમારી આ લઘુસંસ્થાએ પૂ. આગમોદ્ધારકશ્રીના સાહિત્યને વ્યવસ્થિત સંકલિત કરી પ્રકાશિત કરવાનું પુણ્યકાર્ય પૂ. ગચ્છાધિપતિ, શાસ્ત્રૈદંપર્ય–બોધક વાત્સલ્યસિંધુ સ્વ. પૂ. આ. શ્રી માણિક્ય–સાગરસૂરીશ્વર ભગવંતની અસીમ અનુગ્રહભરી કરૂણા અને તેઓની અમી-દૃષ્ટિથી પૂ. પં. શ્રી કંચનસાગરજી મ. પૂ. પં. શ્રી સૂર્યોદય-સાગરજી મ. પૂ. પં. શ્રી અભયસાગરજી મ. પૂ. ગણિશ્રી ચંદનસાગરજી મ. પૂ. પં. શ્રી લાભસાગરજી મ. આદિ પૂજ્યવર્યોના સત્પ્રયત્નથી આજ સુધીમાં વિવિધ રીતે કરવાનો પુણ્ય લાભ ઉઠાવ્યો છે.

પ્રાસંગિક પૂજ્યશ્રીઓની પ્રેરણા–બળે શ્રી નવકાર મહામંત્ર આદિ અંગેના સાહિત્યનું પણ પ્રકાશન કર્યું છે

પણ આજ સુધીના બધા પ્રકાશનોને ટપી જાય તેવું આ પ્રસ્તુત પ્રકાશન અમોને ખૂબ ઉલ્લાસ ઉપજાવે છે, કેમકે–

પ્રસ્તુત પ્રકાશન પૂ. આગમોદ્ધારકશ્રી જેવા બહુશ્રુત સૂરિવર શ્રી–આગમસાર્વભૌમ મહાપુરૂષના ગુરૂપદે બિરાજેલા પૂ. શ્રી **ઝવેરસાગરજી** પણ કેવા અજોડ વિદ્વાન અને આગમના

જ્ઞાતા હતા. તથા શાસન–પ્રભાવનામાં અને વાદકલામાં કેવા પ્રવીણ હતા ? તેની સ્પષ્ટ માહિતી ઇતિહાસના અંધારાપટ ઉકેલી વ્યવસ્થિત રજુ કરે છે. કે જેની માહિતી આજ સુધી સ્પષ્ટ સાધનોના અભાવે કોઈને ન હતી.

વિષમકાળમાં પણ ઝબકારા મારતા પુણ્યના આધારે છેલ્લા ૧૫–૨૦ વર્ષમાં મળી આવેલ કેટલાક મહત્ત્વના પ્રાચીન પત્રો–પુસ્તકો દસ્તાવેજી લખાણો આદિના આધારે પૂ. શ્રી ઝવેરસાગરજીમ. શ્રીનું આ જીવનચરિત્ર ઇતિહાસની નવી કેડીઓ કંડારતું અમારા આજ સુધીનાં પ્રકાશનોમાં આગવી ભાત પાડતું શોભે છે.

આ ગ્રંથરત્નનું આલેખન સ્વતંત્ર નથી થયું, પણ પૂ. આગમોદ્ધારકશ્રીની સર્વતોમુખી પ્રતિભા–શક્તિનું દર્શન કરાવનાર શૈલિમાં અનેકાનેક પ્રાચીન સામગ્રીના આધારે લખાઈ રહેલ–**"શ્રી આગમ–જ્યોતિર્ધર"**એ નામથી પૂ. આ. શ્રી આગમોદ્ધારકશ્રીના જીવન–ચરિત્ર રૂપ મહાગ્રંથના બીજા ભાગના આલેખનના થોડા ભાગને રૂપાંતરિત કરી પ્રસ્તુત ગ્રંથનું કલેવર ઘડાયું છે.

આના પ્રકાશન કાર્યમાં તન–મનથી અવિરત સેવાભાવે કામ કરનાર શ્રી બાબુલાલ કેશવલાલ શાહ (૧૧ નગરશેઠ માર્કેટ રતનપોળ–અમદાવાદ) તથા શ્રી રતીલાલ ચી. દોશી (પ્રધાનાધ્યાપક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાલા–અમદાવાદ)

આશિષભાઈ માણેકલાલ શાહ (૪૭૭૦–૨ ઝવેરીવાડ સાત-ભાઈની હવેલી–અમદાવાદ) કુમારપાલ જયંતિલાલ શાહ (ગગનવિહાર ફ્લેટસ. ખાનપુર અમદાવાદ) અશ્વિનભાઈદેવે. પાલીતાણા. ગાંધી હીરાલાલ ડાહ્યાભાઈ, સ્વામી સ્વરૂપાનંદજી તથા મુદ્રણ કાર્ય સ્વચ્છ અને જલ્દી કરી આપનાર **શક્તિ પ્રિન્ટરી**ના માલિક શ્રી પોપટભાઈ અને ડિઝાઈન બનાવી આપનાર શ્રી નંદીવર્ધન એમ. શાહ ઊંઝા આદિના સહયોગની ધર્મપ્રેમભરી અનુમોદના કરીએ છીએ.

ખૂબજ સાવચેતી છતાં રહી ગયેલ દૃષ્ટિદોષ આદિથી થઈ ગયેલ ભૂલો બદલ શ્રી ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ ક્ષમા માંગવા સાથે પ્રસ્તુત પ્રકાશનનો ગુણાનુરાગભરી દૃષ્ટિથી સદુપયોગ કરી શાસન–ગગનના તેજસ્વી તારકનો પરિચય મેળવી કૃતજ્ઞતાભાવમાં અભિવૃદ્ધિ કરવા સર્વને નમ્ર વિનંતિ છે.

વીર. નિ. સં. ૨૫૦૬
વિ. સં. ૨૦૩૬
માહ સુ. ૧૪. બુધ

નિવેદક
રમણલાલ જેચંદભાઇ
મુખ્ય કાર્યવાહક
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા
દલાલ વાડો **કપડવંજ.**

।। नमः श्री जिनशासनाय ।।

સંપાદક તરફથી

શ્રી દેવગુરુ-કૃપાએ જિનશાસનના મહાન જ્યોતિર્ધર આગમ-સમ્રાટ્ શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના સાગર જેવા અગાધ જીવન ચરિત્રના આલેખનનું મંગલ કાર્ય પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી **માણિક્યસાગર** સૂરિવર્યશ્રીની વરદ કૃપાથી ગજા બહારનું છતાં સુવ્યવસ્થિતપણે ચાલ્યું. તેમાં બીજા ભાગમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની દીક્ષાના પ્રસંગનું આલેખન દેવ-ગુરૂ કૃપા બળે મળી આવેલ અનેક પ્રાચીન પ્રામાણિક પત્રોનું સંકલન કરતાં એમ માંગલિક વિચાર સ્ફુરેલ કે—

"જગપ્રસિદ્ધ મહાપુરૂષોના જીવનચરિત્રની શ્રેણિમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના ગુરૂભગવંતશ્રી **ઝવેરસાગરજી** મ. નું નામ ગણાય છે, છતાં તેઓશ્રીનું જીવનચરિત્ર કેમ લખાયું નથી ?"

તેના કારણમાં એમ સમજાયું કે-"આધારભૂત પ્રામાણિક માહિતીઓની ખૂટતી કડીઓના કારણે પૂ. શ્રી ઝવેરસાગરજી મ.નું જીવનચરિત્ર સાકાર નથી બની શકયું."

એથી દેવ-ગુરૂ કૃપાએ મળી આવેલ પ્રામાણિક માહિતીઓના આધારે પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના જીવન ચરિત્રમાં જરા અ-પ્રાસંગિકતાનો દોષ વહોરીને પણ મળી આવેલ બધી સામગ્રીનો ઉપયોગ યથાશક્ય કરવા વિચાર્યું.

આ રીતે મહાપ્રયત્ને આલેખાયેલ આ જીવનચરિત્રને સ્વતંત્ર પુસ્તકનું રૂપ આપવાનું પણ સ્ફુરેલ, તે મુજબ આ ગ્રંથનું સ્વતંત્ર અસ્તિત્વ થવા પામ્યું છે.

આ ગ્રંથના આલેખનમાં દેવ–ગુરૂ–કૃપાએ ઉદયપુરના ગોડીજી ઉપાશ્રયની ઓરડીમાંથી મલી આવેલ જૂના પત્રોનો ફાળો ઘણો છે.

ઉપરાંત વિ. સં. ૧૯૪૫માં પ્રકાશિત અને

ઉદયપુર શ્રી સંઘ "**શ્રી ગોડીજી મહારાજ** મંદિરનો વૃત્તાંત" પુસ્તિકાનો પણ સહકાર ઘણો મલ્યો છે.

આ સિવાય સાગર–શાખાની પટ્ટપરંપરા, તપાગચ્છ-પટ્ટાવલી, આદિ ગ્રંથોનો પણ પ્રામાણિક સહારો મેળવ્યો છે.

આ આલેખનને વધુ સફળ બનાવવામાં અનેક ધર્મ-પ્રેમી પુણ્યાત્માઓનો સહયોગ મળ્યો છે.

જેમાં ખાસ કરીને પ્રેસ–કોપી વગેરે બનાવવામાં મુનિશ્રી નિરૂપમસાગરજી મ. મુનિશ્રી હેમચંદ્રસાગરજી મ. મુનિશ્રી પુણ્ય શેખર સાગરજી મ. આદિના ઉદાત્ત ધર્મ-પ્રેમભર્યા સહકારની ગુણાનુરાગભરી અનુમોદના કરૂં છું.

મને તો આ જીવનચરિત્રના કાર્યમાં અથથી અંત

સુધી પંચપરમેષ્ઠીઓની કરૂણા અને દિવ્યશક્તિનો ખૂબ સ્પષ્ટપણે અનુભવ થયો છે.

તે વિના ઝીણામાં ઝીણી વિગતો સ્થલ, સમયની ઝીણવટ સાથે માહિતી મેળવી શી રીતે શકું ? તેથી તે બદલ હું શ્રી નમસ્કાર મહામંત્રનો ખૂબ જ ઋણી છું કે આ રીતે સફળતા સહ આગળ ધપી રહ્યો છું.

આ ઉપરાંત મારા તારક આરાધ્યપાદ ગુરૂદેવ શ્રી પૂ. ઉપાધ્યાય ભગવંતશ્રીની અદૃશ્યકૃપાનો પણ ઓશીંગણ છું.

વધુમાં આ ગ્રંથના ફર્મા બધા જોઈ તપાસી ટૂકું પણ માર્મિક શ્રદ્ધાંજલિરૂપ **"આદર્શ સંયમધરની"** ઉચ્ચ જીવન ગાથા'ના શીર્ષક તળે. પ્રાંજલ લખાણ લખી આપવાની ઉદારતા દર્શાવનાર પૂ. ગણી શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ. (કે જેઓ પૂ. આ. શ્રી નેમિસૂરિમ૦ના શિષ્ય પૂ. આ. શ્રી અમૃતસૂરિમ૦ના શિષ્ય પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજી મ૦ના શિષ્ય પૂ. આ. શ્રી હેમચંદ્ર સૂરિ મ૦ના શિષ્ય રત્ન છે.) ના પણ ઉદાત્ત ધર્મપ્રેમની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઉં છું.

છેવટે પરમકૃપાલુ પરમતારક શ્રી જિનશાસન ગગનના તેજસ્વી તારકસમા પૂ. શ્રી ઝવેરસાગરજી મ. શ્રીના અદ્ભુત લોકોત્તર વ્યક્તિત્વના પરિણામે યથાશકય ચકાસણી અને જાતમહેનતભર્યા પુરૂષાર્થના માપદંડથી પ્રમાણિત થયેલ વિગતોના આધારે આલેખાયેલ આ જીવનચરિત્રમાં

સ્મૃતિદોષ, દૃષ્ટિ દોષ કે છદ્મસ્થતા થવા પામી હોય તે બદલ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ હાર્દિક મિથ્યાદુષ્કૃત દેવા સાથે ચતુર્વિધ શ્રી સંઘમાં આવા મહાપુરૂષોના જીવનમાંથી ઉપજતી અપૂર્વ દિવ્યપ્રેરણાનું બલ વ્યાપક બને એ શુભ અભિલાષા સાથે વિરમું છું.

જૈન ઉપાશ્રય
પાનસર તીર્થ
વીરનિ સં. ૨૫૦૬
વિ. સં. ૨૦૩૬
માહ સુ. ૧૨ સોમવાર

નિવેદક
પૂજ્ય ઉપાધ્યાય
શ્રી ધર્મસાગરજી મ.
ચરણોપાસક
અભયસાગર

આધ્યાત્મિક જગતનો ભોમિયો

* રાગાદિ દૂષણોની અટપટી ગલીઓમાં ભૂલા પડવા ન દઈ સૌમ્યરીતે આધ્યાત્મિક જગતના ઉચ્ચ શિખરે પહોંચાડનાર સદ્‌ગુરૂ ભગવંત બાહોશ કુશળ ભોમીયા તુલ્ય છે.

પૂ. ગીતાર્થ મુનિપ્રવર

શ્રી ઝવેર સાગરજી મ. ને વંદના

(આલેખક-પૂ. સ્વ. આ. શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.)

જે પૂજ્ય ગીતાર્થ-પ્રવર શ્રીમાન **મુનિરાજ શ્રી ઝવેર સાગરજી મ.**

તેઓશ્રીના વિદ્યમાન કાળે વર્તતા-

પૂ. આચાર્ય, પંન્યાસ, ગણી,
મુનિવરો અને શ્રી સંઘોમાં-

પૂજનીય-વંદનીય અને શાસ્ત્રોના સૂક્ષ્માર્થોનું પૃચ્છા-કેન્દ્રો લેખાતા.

તેઓ પંચાંગી આગમોના જ્ઞાતા હતા.

તત્કાલીન ગચ્છાધિરાજ પૂ. **મૂલચંદજી મ.શ્રીના** મહાન આત્માનું તો તેઓશ્રી ઓજસ હતા.

તે સમયે

"જે ગચ્છમાં આચાર્ય-ઉપાધ્યાયાદિ પાંચ ન હોય તે ગચ્છ ચોર પલ્લી સમાન છે."

એમ આખા શ્રી શ્રમણસંઘ સામે માથું ઊંચકીને બોલવા જનાર પલ્લવગ્રાહીને—

"आचार्यं, उपाध्यायं, गणिं, गणावच्छेदकं वा निश्रित्य विहरति स गच्छः"

એ શ્રી કલ્પ–સામાચારીના પાઠને આધારે બેધડક એકલે–હાથે ચૂપ કરી દેનાર તરીકે.

તે સમયે તેઓશ્રી એકજ સમર્થ ગણાતા હતા.

"વિરતિધરોએ અવિરતિ ગણાતા દેવ–દેવીઓને નમસ્કાર કરાય નહિ."

એમ સ્વમતિથી પ્રચાર કરનાર વિદ્વદ્–માનીને.

લઘુશાંતિની ગાથા સાતમી–નવમી અને ચૌદમીમાં જે નમઃ શબ્દ છે તેનો અર્થ શું કરો છો ?"

એમ પૂછીને.

સીધા અર્થ વાળનાર તરીકે–

તેઓશ્રી એકજ ખ્યાત હતા.

શ્રી તપગચ્છ શ્રમણ વંશવૃક્ષ પુસ્તકના ચિત્ર–પરિચય વિભાગના પૃ. ૧ ઉપરના–

"સૂત્ર સિદ્ધાંતના જાણકાર શ્રી ઝવેર સાગરજી પાસે (શ્રી વિજય કમલસૂરીશ્વરજી એ) આગમો પણ ભણી લીધા."

તે ઉલ્લેખ મુજબ.

તે સમયે.

આગમો વંચાવનાર તરીકે મુખ્યત્વે—

તેઓશ્રી એકજ પ્રસિદ્ધ હતા.

ઝાલાવાડ અને **મેવાડ** પ્રદેશના શ્રી સંઘોમાં.

તેઓશ્રીની આજ્ઞા અગ્રપદે રાજતી.

તેમાં પણ **લીંબડી-બોટાદ** અને **ઉદેપુર**.

(કે જ્યાંની વ્યાખ્યાનની પાટને આજે પણ તેઓશ્રીની પાટ કહેવાય છે.)

વગેરે શહેરોના શ્રી સંઘોમાં-

શ્રી સ્થાનકવાસી પંથ અંગેની.

તેઓશ્રીની વીર-હાકમય એક-છત્રી આણ ગાજતી.

તેઓશ્રીના સદુપદેશથી શ્રી સંઘોએ કેટકેટલાએ સ્થળોએ—

શ્રી જિનમંદિરો અને જ્ઞાનમંદિરો બંધાવેલ.

સ્વ કે પર દર્શનીય-ધર્મની ચર્ચાવાળી કોઈ પણ વ્યક્તિ તેઓશ્રીની પાસે નિરુત્તર થતી.

પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ૦.

તથા પૂ. આત્મારામજી મ૦ ના.

બબ્બે ચાર-ચાર સાધુઓ તો.

આગમના અભ્યાસાર્થે.

ચાતુર્માસ પણ

તેઓશ્રીની સેવામાં રહેતા!

તેઓશ્રી સંવત ૧૯૪૮ ના માગસર માસની સુ. ૧૧ ના રોજ.

લીંબડી મુકામે સ્વર્ગવાસ પામ્યાની હકીકત સિવાયની કોઈ જ મૌલિક હકીકત.

આ લખતી વેળાએ પણ કરેલા અતિ પ્રયાસેય મળી શકેલ નથી."

એ કમનસીબી છે.

હાલ તો અમારી પાસે માત્ર—

ઉપર્યુક્ત (તે પૂ૦ મુનિપ્રવરશ્રીને તત્કાલીન પૂ૦ આચાર્યાદિ મુનિ ભગવંતો વંદનીય પૂજનીય અને ગીતાર્થ માનતા)

એ વાતની સર્વ સામાન્ય પ્રતીતિ આપતા ૮૧ વર્ષના જૂના—

(પૂ૦ આત્મારામજી મ. પૂ. પં. શ્રી દયાવિમલજી મ. પૂ. પં. શ્રી પ્રતાપ વિજયજી મ. પૂ. દાનસૂ૦ ના ગુરુ, મુનિશ્રી શાંતિવિજયજી મ. વગેરે પૂર્વના મહાત્માઓના)

ઘણા હસ્તલિખિત પત્રો વિદ્યમાન છે કે જે પત્રોમાંના હાલ તો થોડા જ પત્રોમાંના ઉપર્યુક્ત ભાગ.

શ્રી સંઘના લાભાર્થે આ નીચે નામવાર પ્રસિદ્ધ કરીએ છીએ.

પૂ. ઝવેર સા. મ. ઉપરના આચાર્ય મ. આદિના પ્રાચીન પત્રો

(૧) પૂ. મુનિશ્રી આત્મારામજી મ. નો પત્ર.

સ્થળ—રાંધણપુર સં. ૧૯૪૩ અષાડ વદ ૧૩ વાર સોમ

ઉદેપુર મધ્યે શાંત દાંતાદિ ગુણગણ ગુંફિત મુનિ શ્રીમદ્ **ઝવેરસાગરજી** યોગ્ય

મુનિ–આત્મારામજી "**આનંદ વિજયજી**" આદિ ઠાણા ૨૩ કી તરફસે વંદના વાંચશો.

અત્ર સુખ શાતા છે આપકી સુખ શાતાનો પત્ર–૧ આવ્યો તે પહોંચ્યો × × ×

મુનિ વીરવિજયજી તથા શાંતિવિજયજી ઈહાં સાથે જ ચોમાસું છે. × × ×

(૨) પૂ. આત્મારામજી મ. (સૂરી) નો પત્ર

સ્વસ્તિ શ્રી પાર્શ્વજિન પ્રણમ્ય રમ્યમનસા તત્ર શ્રી ઉદેપુરનગરે મુનિ ઝવેરસાગરજી વિગેરે.

મહેસાણેથી લી. મુ. આત્મારામજી આદિ ઠાણાં ૧૨ તરફથી ઘણું ઘણું કરીને સુખશાતા વાંચજો × × ×

તમોએ જે છાપામાં છપાવ્યું છે તે ઘણું જ સારું કર્યું છે અને હમારે પણ પ્રમાણ છે. × × ×

આપનો ક્ષયોપશમ ઘણો જ સારો છે. × × ×

મુનિ જયવિજય તથા હેમવિજયજી લોકપ્રકાશ તમારી પાસે વાંચે છે, તે ઘણું સારૂં કરે છે × × ×

મિતિ સંવત ૧૯૪૪ના વૈશાખ વદિ ૫ વાર બુધ

દ. વલ્લભવિજયની વંદના વાંચશો.

(૩) પૂ. દાનસૂ. ના ગુરુ પૂ. વીરવિજય . મ.નો પત્ર

સપ્તવિંશતિ ગુણગણાલ કૃત

મુનિરાજ શ્રી **શ્રીમદ્ ઝવેરસાગરજી** મહારાજની સેવામાં

મુ. ઉદેપુર

અત્ર શ્રી પાટણસે મુનિ વીરવિજય તરફસે ત્રિકાલ વંદણા, સેવામાં વારંવાર અવધારણી.

આપનો પત્ર પહોંચ્યો.

વાંચકર સેવકકુ (કું) બડા આનંદ હોયા એજ પ્રમાણે કૃપા પત્રકી કરશોજી × × ×

ભાવનગર વાળાનો પત્ર હતો.

મુનિ શ્રીમત્ વૃદ્ધિચંદ્રજી મહારાજજી સાથે ૬ સાધુ સહિત પાલીતાણા જવાના છે. × × ×

હમો જે પોળમાં ઉતરેલ છીએ તે પોળકા નામ મણીયાતી પોળ કહી જાતી હૈ × × ×

કૃપાપત્ર સેવકકો જરૂર દેણા. જુદાઈ ગણવી નહીં. એજ.

સંવત ૧૯૪૪ માઘવદિ ૧૨. સેવક **વીરવિજયજી**

(૪) પૂ. મુનિ **શ્રી શાંતિવિજયજી મ૦ નો પત્ર**

શ્રી સ્થલ શ્રીમત્ શત્રુંજય તીર્થાધિષ્ઠિત પાદલિપ્ત નગર **સં. ૧૯૪૨ આ. સુ ૧૪**

મુ. **ઉદેપુર મધ્યે** શાંત દાંત મહંત ધીર્ય ગંભીર્યાદિ ગુણગણગુંફિત

મુનિરાજ શ્રી **ઝવેરસાગરજી મહારાજ** જોગ **મુનિ શાંતિવિજયની** તરફના વંદના ૧૦૦૮ વા.વાંચણા × × ×

જે આપે ખબર મંગાવ્યા તે બાબત અંગે નીચે અરજ કરૂં છું.

પર્યુષણ પહેલાં ઈહાંથી ચાર વેદ (૧૧ા મણ કહેવાતું પુસ્તક) શ્રાવક દ્વારા મુંબઈથી મંગાવવા મહારાજ આત્મારામજી તરફથી લખાયું હતું × × ×

આપનું કારતક માસમાં ઈહાં તરફ પધારવું થશે કે નહીં ? × × ×

શ્રાવક રોડમલ તથા મગનલાલ તથા કેશરીચંદ વગેરેને ધર્મલાભ કહેવા તસ્દી લેશો.

(૫). પૂ. **દાનસૂરિના ગુરૂ વીરવિજયજી મ. નો પત્રઃ–**

સ્વસ્તિ શ્રી **ઉદેપુર મધે** બીરાજમાન

મુનિ મહારાજ શ્રી. શ્રી. શ્રી. **ઝવેરસાગરજી મહારાજજી** જોગ અત્ર પાલીતાણેથી તાબેદાર **વીરવિજય** તરફસે ત્રિકાલ વંદના અવધારણી.

વિશેષ આપનો પત્ર આવ્યો.

વાંચકર સમાચાર માલુમ કીયા

તેના જવાબમેં **શાંતિવજે** ને લીખા તે પ્રમાણે આપને માલુમ કરણા.

વિશેષ અત્ર આપકે પસાય સું. શાતા હૈ ઔર અત્ર ભગવતી સૂત્ર વંચાય છે.

ત્યારબાદ ઉપર ઉપદેશ પદ ગ્રંથ વંચાય હૈ ઔર મુનિ ઠાણે ૨૪ બિરાજે હૈ × × ×

અમી વીજે અત્ર હૈ ઔર થેાભણવિજયજી શ્રી શિહેાર ચેામાસું હૈ એજ.

કેાઈ પણ નવીન હેાગા તેા આપ જોગ્ય જરૂર લખું. ઔર પુંજાવત મગનલાલ રેાડમલ તથા ઉદેચંદ સર્વ શ્રાવક જોગ હમારા ધર્મલાભ કહેણા × × ×

પત્રકા ઉત્તર મારા નામથી કિપા કરણી × × × જલ્દી કાગળ હાથમેં આવે વાસ્તે × × ×

ઔર આપને જેવી પ્રીતિ હૈ સેવક ઉપર તેવી જ રાખવી. ભેદ બીલકુલ રખણા નહીં. આપતેા જાણુકાર હેા, હમે તેા થેાડી બુધી વાલા, ભુલ જાઈએ. પરંતુ આપને નહીં ભુલણું, કદી મિલેંગે જબ આનંદ હેાગા × × × બડાજ આનંદ કીયા થા ફેરબી એા દિન આવેગા જબ ધન હેાવેગે એજ વદિ ૧૨ ॥

(૬) પૂ. મુનિ શ્રી શાંતિ વિજયજી મ. નેા પત્ર

સ્થળ અમદાવાદ સંવત ૧૯૪૪ વૈશાખ વદ ૮ વાર શનૈશ્ચર.

મુ. **ઉદેપુર મધ્યે** શાંત દાંત મહંત ધીર્ય ગંભીર્ય આદિ અને ગુણ ગણ ગુમ્ફિત મુનિ મહારાજ ઝવેરસાગરજી ચોગ્ય.

મુનિ શાંતિવિજયજીની વંદના. ૧૦૦૮ વાર અવધારશોજી.

(આપે મોકલેલ) સંપૂર્ણ છાપું સભામાં વંચાયું હતું ××× મેસાણામાં પણ બડે મહારાજ પાસે તે સઘળું લખાણ વંચાવવામાં આવ્યું હતું.

મુનિ વલ્લભવિજયજી પાસે બડે મહારાજે પત્ર પણ આપની ઉપર લખાવ્યો છે. ×××

મુનિ વીર વિજયજી તથા કાંતિવિજયજી ભરૂચ ચોમાસું ××× કરવા ગયેલ છે ×××

મુનિ જેવિજયજીને તથા હેમવિજયજીને મારી તરફથી અનુવંદન કહેશો.

(૭) ઘોઘાથી પૂ. દાન વિ. ની દીક્ષા પછીનો પૂ. વીર વિ. મ. નો પત્ર

સ્વસ્તિ શ્રી **લીંબડી** મહાશુભસ્થાને

પૂજ્યારાધે અનેક ગુણગણાલંકૃત મુનિ શ્રી ઝવેરસાગરજી વિગેરે જોગશ્રી નવે શહેર (ગામ) થી.

લી. મુનિ વ.રવિજયની તથા જયવિજયમ૦ તથા રાજ-વિજયજી તથા દાન વિ. ની વંદના વાંચશોજી ×××

આપકા ચોમાસા કહાં હોગા ? ઔર આપકી સાથ કેટલા ઠાણાં ? ને કોણ કોણ રહેસે ? સો લીખણાજી.

ઔર **કમલવિજય** તથા **આનંદવિજય** વગેરેનેં ભગવતીજી આદેકા જોગ ××× સમાચાર કીરપા કરકે લખણાજી ×××

એજ **સં. ૧૯૪૭ જેઠ સુદ ૧૪. ઇ. જયવિજય પૂ. મુનિ આણંદ સાગરજી મ. ને વડી દીક્ષાના જોગમાં નાખવાનો દિવસ (૮) પં. શ્રી. દયાવિમલજી મ. નો પત્ર**

શ્રી પારસ્વજીન પ્રણમી અમદાવાદથી લી. **પંન્યાસજી દયાવિમલજી** તથા **પં. સોભાગ વિમલજી** તથા સાધવી **વીજલાશ્રીજી** વિગેરેની વંદણા તથા અનુવંદના વાંચશોજી

ગામ **લીંબડી** મધ્યે મુનિ **ઝવેરસાગરજી** તથા મુનિ **રિધ્ધિવિજયજી** તથા **થોભણ વિજયજી** તથા **કમલવિજયજી** વગેરે ×××

બીજું મારી તરફની ફીકર ચિંતા કરશો નહીં. અમારે તો જેવી રીતે **મુલચંદજીનું** બોલ્યું બાહાલ રહે તેવું કરવાનો વિચાર છે. તેની ફીકર ચિંતા કરવી નહીં ×××

સં. ૧૯૪૬ વરષે ચૈતર વદ ૧ વાર રવેઉ

(૯) પૂ. પં. શ્રી પ્રતાપવિ. મ૦ નો પત્ર

શ્રી પાર્શ્વજિનં પ્રણમ્ય.

સ્વસ્તિશ્રી **રાજનગરથી** લી. પંન્યાસ **પ્રતાપવિજયજી** ગણી જોગ

શ્રી **લીંબડી મધ્યે** મુનિ **ઝવેરસાગરજી** જોગ સુખશાતા પહોંચે ××

અંતઃ કરણની વાત તમને જ લખી છે, વાસ્તે તમારે આનગી રહે વાંચવી × × × હમે તમારી સાથે પુરે પુરી આનગી પ્રીતી ગણીયે છીએ.

સં. ૧૯૪૬ વર્ષે જેઠ વદ ૧૨ વા. રવિ. લી. પં પ્રતાપવિજયજી ગણિવર.

(૧૦) **પુ. દાન સૂ૦ ના ગુરુ મુનિ વીર. નેા પત્ર.**

શાંત દાંત ધીર્યાદિ ગુણેાપેત.

મુનિ મહારાજ **શ્રી ઝવેર સાગરજી** મહારાજજી આદિ સર્વ મુનિગણુજી

જોગ મુ. લીંબડી.

અજમેરસે લીખી. **વીરવિજય કાંતિવિજય** આદિ ઠાણા ૭ ના તરફ્સે ત્રિકાલ વંદના અવધારણાજી

× × × પ્રથમનેા પત્ર પહેાંચેા. લીખણાજી

ઔર કપડાં રંગવાનેા પાઠ તથા ધેાવાને વાસ્તે કપડાં ધેાવાનેા પાઠ ધેાવાં તેા ખાર લગાવવેા કે નહીં ! તેનેા પાઠ કૃપા કરી લીખાવી મેાકલશેાજી.

તથા ત્રણ થુઈવાલાની સાથે આપને ચર્ચા થઈ હતી તે બાબત ને ચર્ચા પત્ર અથવા કેાઈ ચેાપડી છપાયેલ હેાય તેા મેાકલવા કૃપા કરસેાજી.

અમદાવાદમેં મુહપત્તી બાંધણી એવી વાર્તા સાંભળવામાં આવી છે, તે ખરી છે કે કેમ ? × × × પત્રકી કૃપા અત્રે કરણાજી × × ×

ફાગણ વદ ૧. **લી વીરવિજય** (પોસ્ટ તા. લીમડી માર્ચ ૨૯/૯૧. સિક્કા મુજબ સં. ૧૯૪૭.)

(૧૧) પૂ. મુનિશ્રી શાંતિ વિજયજી. મ નો પત્ર.

"**શ્રી ગૌતમાય નમઃ** ॥– શુભસ્થળ **લીંબડી** મુકામ.

શાંત દાંત મહંત ધીર્ય ગંભીર્યાદિ–ગુણગણ ગુમ્ફિત મુનિ શ્રીમાન ઝવેરસાગરજી યોગ્ય.

મુકામ **ફફેંક** નગરથી લિ. મુનિ. **શાંતિવિજયજીની** વંદન ૧૦૦૮

સાથે વિજ્ઞાપના કે આપની કૃપાથી ઇહાં સુખ શાતા છે. આપની સદા સુખવૃત્તિ ઇચ્છું છું.

પત્ર આપકા માર્ગશીર્ષ ૧૦ કા લિખા મીલા, વાંચકર અત્યંત આનંદિત હુવા.

પ્રશ્ન ૧૩ સવિસ્તર ઉત્તર સાથે પહોંચ્યા આપે મને ઘણો સારો જ્ઞાનનો લાભ આપ્યો છે. તેને માટે હું આપનો અનુ ગૃહિત છું × × ×.

દ્વાદશાંગી વિષે અને **અભયદેવ** સૂરિ વિષે આપે અહુ શ્રેષ્ઠ વર્તન લખ્યું છે.

યુગપ્રધાન યંત્ર ૧ વિશે પણ હૃદયંગમ ઉત્તર આપ્યો છે. **વસુદેવહિંડીના** કેટલા ભાગ છે.' અને કોણુસા ભાગમાં સીતા રાવણની પુત્રી છે.' તે વિષે વર્ણન આવે છે. તે જણાવવા કૃપા કરશો. ×××

દઃ– મુનિ વીરવિજયજી તથા કાંતિવિજયજી.

(૧૨) પૂ. આત્મારામજી મ. (સૂરિ) **શ્રીનો**

આખો પત્ર બાલાવબોધ લિપિમાં લહીયાની જેમ મોતીના દાણા જેવા સુંદર અક્ષરોથી પોતે ખુદ લખેલો છે

શ્રી ૧૦

શ્રી ઉદયપુર મધ્યે બિરાજમાન
શાંત દાંત ધૈર્યાદિ ગુણોપેત

પરમ સંવેગી મુનિ ઝવેરસાગરજી જોગ્ય ચિઠ્ઠી લીખી.

અત્ર શ્રી **રાધનપુરસે** મુનિ **આણંદ વિજય** ઇ. ઠાણે ૨૨ તરફસે વંદણા વાંચણી.

વિશેષ લખવા મતલબ કે
ચોપડી ૧ જૈન પ્રભાકરની પહોંચી છે.

ઔર આજરોજ ચિઠ્ઠી એક આપકી આઇ. સમાચાર માલુમ કીયા.

આપને લિખા જે તીન થુઇવાલેકી કોણસે જગા ચોમાસા હૈ' સો જવાબમેં માલુમ કરણાજી

અત્રસે વીસ કોસપર થરાદ કરીને ગામ છે, ઇણ ગામમેં હૈ. ચોમાસા કારણકે થરાદ ગામમેં કડવામતી વાલા ઘણા છે; તેથી કરીને તે લોકોની માનતા એહીજ ક્ષેત્રમે હૈ. દુજી જગા ઉભા રહેવાના ઠેકાણા નથી

અ. અજ્ઞાન તિમિર ભાસ્કર અબ તક બહાર પડેલા

નથી થોડાજ દેર હૈં વાસ્તે તૈયાર હોસી એટલે પ્રથમ આપ જોગ્ય આવેં ગે.

પીસ્તાલીસ આગમનો સ્વાધ્યાય કરો છો તે ઘણી અરથી બાત હૌ શીરજી રામજી કોઈ બોલે છે કે નહીં જવાબ કૃપા કરણી એજ.

લી. સેવક વીરવિજય તરફસે ત્રિકાલ વંદણા અવધારણી. આપને સેવક ઉપર અભ્યાસ બાબત ઉપદેશ લીખા, સો બડી કૃપા કરી.

આપને એહીજ લિખણા ઉચીત હૈં, અબતક આપે જોગ મેને નહીં લીખા તેનું કારણ ફક્ત શાંતિવિજય ચિઠ્ઠી પત્ર લિખે એટલે મારે લિખવા ના થોડા કામ પડે. પરંતુ મેરા પ્રમાદસે નહીં લિખા થા સો માફ કરણા.

આજ પીછે નવીન સમંચાર આપ જોગ્ય લિખેંગેં

મુંબઈમેં બાલચંદ્રજી આવેલ છે, ઔર સુખલાલ પણ મુંબઈ મેં છે. દોનું ને ન્યારા ન્યારા ભગવતી સૂત્ર વાંચને હૈ ઔર બહોત લોક બાલચંદ્રજી પાસે જાતે હૈ.

ઔર રતન વિજય બાબદ ઉત્તર તૈયાર થઈ ગયેલ છે. તે પણ આપ જોગ્ય માલુમ રહે.

લબ્ધિવિજયાદિ ચાર ઠાણે બોટાદમેં, ગંભીર-વિજય વલે છે, તે દો સાધુ છે. હંસવિજય તથા તેના ચેલા દો

જણનેં પાટણમેં ચૌમાસા કરાયા છેઃ એજ દો **કમલ વિજય** તથા **ઉત્તમ વિજયાદિ પાલીતાણે છે.**

આપને પર્યુંષણ બાબત લિખા સો એકાદશી વાલે દિન પર્યુંષણ બેસે ઔર અમાવાસકે દિન જન્મ હોસી દુજ એકમ ભેગાં છે. ચોથકે દિન સંવચ્છરી છે. તેણી રીત છે. માલુમ કરણા એજ.

એકવાર ફેર કેશરિયાજી ભેટવાના ભાવ વર્તે હૈ એજ ॥

લી. સેવક **વીરવિજયની** વંદણા અવધારણી. હાલમાં દો મુનિ નવીન થયેલ છે. સંપ્રદાયની વધોતરી હૈ સ્હેજ જાણવા લિખતા હૈ ॥

પુંજાવત મગનલાલ તથા રોડજી આદિ સર્વ શ્રાવકજી જોગ્ય મેરી તરફસે ધર્મલાભ માલુમ કરવણા.

ભટજી જોગ્ય ધર્મલાભ કહેણા, **ગોડીજી** મહારાજજીકે મંદીરમેં મેરી તરફસે નમસ્કાર જરૂર કરણી (અહીં સુધીનું લખાણ પૂ. **આત્મારામજીનું** લખેલ છે. તે પછી પૂ. **શાંતિવિજયજીનું** છે. **રાધનપુર ૧૭ એપ્રીલ ૯૧** પોસ્ટના સિક્કા મુજબ **સં. ૧૯૪૭ ચૈ સુ. ૯. શનિવાર**

આ પ્રમાણે વિક્રમની ૧૯ મી શતાબ્દિમાં પ્રભુ શાસનની આજીવન બજાવેલ જવલંત-સેવાના પ્રતાપે વગર પદવીએ પણ પૂ. આચાર્ય મહારાજ આદિ વિશાલ શ્રમણ વર્ગનો તથા પ્રકારના એક અવાજે પૂજ્યભાવ સંપાદન કરનાર આપણા તે પૂજ્ય સન્મુનિરાજ **ગીતાર્થપ્રવર**

શ્રી **જવેરસાગરજી મ.** નો તે પુણ્યાનુબંધી પુણ્યનો વિપાકોદય પણ એવો તો અજબ છે કે" તેઓશ્રીને જીંદગી સુધી "**સોએ બિચારા**" ઉકિતને સાર્થક કરી બતાવનાર સેંકડો શિષ્યોની પ્રાપ્તિ થયેલ નહીં, પરંતુ **"એકે હજારા"** ઉકિતને (પ્રભુશાસનનો વિજયધ્વજ દિગંત લહેરાવવા દ્વારા) સાર્થક કરી બતાવનારા **પૂ. આગમોદ્ધારક** જેવા મહાન અને સમર્થ વિદ્વાન શિષ્યરત્નની પ્રાપ્તિ થયેલ ? ? ?"

આ અભૂતપૂર્વ ગ્રંથના અભૂતપૂર્વ મંગલ તરીકે તેવા તે પૂ. અભૂતપૂર્વ મંગલરૂપ શાસન-સમર્પિત સ્વર્ગત વિદ્વદ્વર્ય મહામુનિરાજશ્રીને આ ગુણ-સ્તુતિદ્વારા ત્રિકોટિ વંદનહો ! ॥

આદર્શ સંયમધરની ઉચ્ચજીવન-ગાથા

तेभ्यो नमस्तदीयान् गुणांस्तुवे तेषु मे दृढ़ा भक्तिः ।
अनवरतं चेष्टन्ते, जिनवचनोद्भासनार्थं ये ॥

પૂજ્યપાદ ઉપાધ્યાયજી **શ્રી યશોવિજયજી** મહારાજે એક સ્થળે કહ્યું છે કે—"લોકોત્તર પ્રભુશાસનની રક્ષા-પ્રભાવના માટે જેઓ નિરંતર પ્રવૃત્તિ કરતા હોય તે મહાપુરુષોને મારા નમસ્કાર થાઓ. તેઓના ગુણની હું પ્રશંસા કરું છું, અને તેઓના પ્રત્યે હું દૃઢ ભક્તિવાળો છું."

વિરલ વ્યક્તિત્વ :-

સ્પૃહણીય-ચરિત પ્રાતઃસ્મરણીય સ્વ-નામધન્ય **શ્રી ઝવેરસાગરજી** મહારાજે પણ નિરંતર જિનશાસનની રક્ષા-પ્રભાવના કરીને સ્વ-પર આત્માઓનું કલ્યાણ કરવા પૂર્વક નિજ-જીવનને ધન્ય બનાવ્યું હતું.

શ્રી તપાગચ્છની તેજસ્વી અને પ્રાણવાન શ્રમણ-પરંપરામાં શ્રી **ઝવેરસાગરજી મહારાજ**નું નામ સદા સાદર સ્મરણીય છે અને રહેશે. શુદ્ધ ચારિત્ર અને પ્રગાઢ શાસન-પ્રીતિ સાથે ગીતાર્થતા અને શાસનના સાતે ક્ષેત્રોમાં નક્કર અને કાયમી અર્પણને મહાપુરુષોને ઓળખવાનો માપદંડ માનીએ તો **તપાગચ્છની સાગર**-શાખાના પૂજ્યપાદ શ્રી **ઝવેરસાગરજી** મહારાજ પણ નિઃશંક એક શ્રેષ્ઠ શ્રુત-સ્થવિર શ્રમણ-રત્ન હતા.

આ પુસ્તકમાં તેમના **'જીવન અને અદ્‌ભુત વ્યક્તિત્વનો ટૂંકો પરિચય'** આપવામાં આવ્યો છે.

તેઓશ્રીનો જન્મ તો મહેસાણા જેવી ગરવી ગુજરાતની પોચી ધરતીમાં થયો હતો, પણ સંયમ-જીવન સ્વીકાર્યા બાદ કઠોર તપ-ત્યાગ અને અસિધાર સંયમપાલનવડે મન-શરીર-ને મેવાડની ધીંગી ધરા જેવા ખડતલ અને નક્કર બનાવ્યા હતાં.

તેઓશ્રીના જીવનમાં અનેક વિરલ-ગુણોનો સુમેળ જોવા મળે છે.

આ કાળમાં શકય એવું શુદ્ધ અને પ્રાયશઃ નિરતિચાર રીતે સંયમ-જીવનનું પાલન તેઓશ્રી કરતા અને કરાવતા હતા.

નિસ્પૃહ શિરોમણિની ઉપકાર-પરાયણતા—

શ્રમણ-જીવનને શોભાવનાર સર્વોપરિ-સારતત્ત્વરુપ નિરાસક્તતા-ગુણનો વિકાસ તેઓશ્રીમાં જોવા મળે છે.

ઉદયપુર જેવા વિશાળ અને ભક્તિભીના ક્ષેત્રમાં સળંગ દશ ચોમાસા કરવા છતાં તેઓશ્રીના સંયમ-પાલનમાં ન તો સ્હેજ પણ શિથિલતા આવી હતી, ન તો તે ક્ષેત્રનો પ્રતિબંધ (રાગ) લાગ્યો.

માળવા-મેવાડમાં જાતે ઘણું કષ્ટ સહન કરીને શ્રી સંઘ અને અનંત-ઉપકારી પ્રભુ -શાસનની જે શાનદાર રક્ષા-પ્રભાવના કરી છે, તેને માળવા-મેવાડના સંઘો કદી વિસરશે નહીં.

તેમાં પણ ઉદયપુરના શ્રી સંઘ ઉપર તો તેઓશ્રીએ અપાર ઉપકાર કર્યો છે,

ઉદયપુર શહેરના શ્રી સંઘનો જે અભ્યુદય જોવા મળે છે, તેના યશ-કળશનો અભિષેક પૂજ્યશ્રી ઝવેરસાગરજી મહારાજના શિરે થવો ઘટે છે.

આજ્ઞાંકિત મહાપુરુષનો વાદ-વિજય—

માળવા ને મેવાડમાં સતત ૧૨-૧૩ વર્ષની જહેમતથી આર્યસમાજીઓ અને સ્થાનકવાસીઓની ભ્રામક અને અંજનમણી પ્રચાર-લીલાના આક્રમણને એકલે હાથે ખાળવાનું દુઃશક્ય કાર્ય તો તેઓજ કરી શકે.

તેઓશ્રીમાં છુપાયેલી આ શક્તિનાં દર્શન પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રી મૂલચંદજી મહારાજે કર્યાં અને તેઓશ્રીની આ વિરલ શક્તિ ખીલે અને તેનો સદુપયોગ શ્રી જિનશાસનના ઉદ્યોત કાજે થાય એવા શુભ આશયથી માળવા અને મેવાડ જેવા અણખેડાયેલા ક્ષેત્રોમાં વિચરવાની આજ્ઞા કરી. અને પૂજ્ય શ્રી ઝવેરસાગરજી મહારાજે પણ એ આજ્ઞા શિરસાવંદ્ય કરી. અને તેથી જ તેઓશ્રીની શક્તિ શતમુખે પાંગરી.

પોતાના જીવનમાં સર્વોપરી સ્થાન આ આજ્ઞાને આપ્યું હતું. એ વાતની સચ્ચાઈની પ્રતીતિ (પૃ. ૧૯૦) ઉપરના પ્રસંગથી થાય છે.

જ્યારે માળવા–મેવાડમાં (વિ.સં. ૧૯૨૯ થી વિ.સં. ૧૯૪૧ સુધી) સતત બાર ચોમાસા કર્યા પછી પોતાના પરમ ઉપકારી **ગચ્છાધિપતિ શ્રી મૂલચંદજી મહારાજના** દર્શન–વંદનની તીવ્ર ઇચ્છા છતાં અને **ઉદયપુર**ના અતિ–પરિચિત ક્ષેત્રમાં જવાની અનિચ્છા છતાં **ઉદયપુર** શ્રીસંઘ ઉપર એક આફત આવી. પરદર્શનના હુમલાને સફળ રીતે ખાળવાનું કાર્ય પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**એ ચરિત્રનાયકને ભળાવ્યું અને આજ્ઞા કરી. તેથી પોતાની ઇચ્છા ગૌણ કરીને આજ્ઞા પ્રમાણે **ઉદયપુર** જવાનું નક્કી કર્યું છે. આ ગુણ તેમના આત્માનું ગુપ્તબળ છે અને જીવનના ઊર્ધ્વીકરણની ગુરુ ચાવી છે.

માળવા–મેવાડમાં તેઓશ્રી વાદી શાસન પ્રભાવક તરીકે (આઠ શાસન પ્રભાવકમાં વાદી પ્રભાવકનું ત્રીજું સ્થાન છે) ખૂબ સફળતાને પામ્યા છે.

તાર્કિક વિદ્વાનશ્રીની શાસ્ત્રપારગામિતા—

પૂજ્ય ચરિત્રનાયકે ગુરુકુળ વાસમાં રહી વિનય–બહુમાન પૂર્વક આગમ ગ્રંથોનું ગુરુ મુખે અધ્યયન કરી તેનાં રહસ્યો આત્મસાત્ કર્યાં હતાં. તેથી પ્રસંગે વાદમાં જે વાત આવે તેના ઉપરના અર્થો નહીં પણ ઐદંપર્યાર્થ સુધી પહોંચીને તેનું શાસ્ત્રસિદ્ધાંત–તર્ક અને વ્યવહારુ યુક્તિ–દૃષ્ટાંતો દ્વારા જે નિરસન કરતા. (પૃ. ૧૯૨) **અહિંસા પરમો ધર્મઃ** ને શાસ્ત્ર દૃષ્ટિએ મૂલવે છે. એ શક્તિથી વિજયની વરમાળા

તેમને વરે છે અને વચમાં મોટા અને પ્રસિદ્ધ એવા વાદીને પણ તેઓ મહાત કરે છે.

શાસ્ત્રીય વિધિનું માર્ગદર્શન—

આજના તપાગચ્છીય શ્રી શ્રમણ-સંઘે પોતાના ચાલુ ધાર્મિક કાર્યોમાં આમાંથી ઘણો બોધ લેવા જેવો છે.

પરમ કૃપાળુ પરમાત્માની ભક્તિના કારણરૂપ મહોત્સવો આજે ખૂબ થાય છે, પણ તેના યથાર્થ લાભને પામવા માટે જાતેજ ભક્તિ કરવાની છે તે કેવી રીતે કરાય તેનું આદર્શ ઉદાહરણ આમાં મળે છે.

૧. અષ્ટાહ્નિકા મહોત્સવની શાસ્ત્રીય રીતિ નીતિ. (પૃ.૧૫૬)

૨. ઉપધાન વિધિની આદર્શ રીતિ (પૃ. ૨૨૯)

૩. ઉદયપુરથી રાણપુરનો છ'રી પાળતો સંઘ (પૃ ૨૪૪)

વગેરે પ્રસંગનું જે નિરુપણ છે તેમાં વિધિના ખપીને પૂરી સામગ્રી અને માર્ગદર્શન મળે છે.

આદર્શ નમ્રતા અને ગાઢ વૈરાગ્ય—

પૂજ્યપાદ ગચ્છાધિપતિએ જ્યારે ચરિત્રનાયકશ્રીની યોગ્યતા જોઈને શ્રી ભગવતીજી સૂત્રના જોગની વાત કરી, ત્યારે તેઓએ જે શબ્દોમાં જવાબ આપ્યો છે તેમાં ભારોભાર વિનમ્રતાનાં દર્શન થાય છે. (પૃ. ૨૬૬-૨૬૭) અને સાધકમાં જરૂરી ગણાતા લઘુતા-નમ્રતા વગેરે ગુણોનું આધિક્ય દેખાય છે.

આજના કાળે સાધુ-સાધ્વીજી મહારાજને આ ચરિત્ર ઘણી પ્રેરણાનું ભાતું પૂરું પાડે છે. આ કાળમાં પણ સંયમ કેવું પાળી શકાય છે? અને કેવું પાળવું જોઈએ? તેનો બોધ અને ધ્યાન પણ આમાંથી મળે છે.

પ્રસ્તુત ચરિત્ર અને તેની લેખન શૈલી—

પ્રસ્તુત ચરિત્ર લેખન પણ યોગ્ય શિલ્પીને હાથે થયું છે ત્યાગીને ત્યાગી જ ઓળખી શકે અને યોગ્ય અંજલિ આપી શકે એ ન્યાયે અહીં ચરિત્રનાયક અને ચરિત્ર-લેખકનો ઉચિત યોગ થયો છે.

આ પુસ્તક દીક્ષિત અને દીક્ષાર્થી બન્ને કક્ષાની વ્યક્તિને સરખું ઉપકારક અને ઉપયોગી છે.

દીક્ષિત સાધુ-સાધ્વીજીને આમાંથી અનેકવિધ માર્ગદર્શન અને ઉચ્ચ જીવન જીવવા માટેનું પ્રોત્સાહન મળે છે અને દીક્ષાર્થીને પણ પોતાના કર્તવ્ય માર્ગની કેડીનું દર્શન લાધે છે.

પ્રસંગે પ્રસંગે શ્રમણ જીવનના આચાર-વિચારને નિર્મળ બનાવે તેવી જે વાતો લખી છે, તે ધ્યાનથી વાંચવા જેવી અને ફરી ફરી વિચારવા જેવી છે.

યાદગાર હિત શિક્ષા—

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ પોતાના છેલ્લા ચોમાસામાં પાલિતાણા મુકામે આશ્રિત-શ્રમણ વર્ગને જે અમૂલી માર્મિક અને નોંધપાત્ર હિતશિક્ષા આપી છે, તેનો શ્રમણ-જીવનને

નરવું. સાધુત્વને વરવું અને આત્મ–તત્ત્વને ગરવું બનાવે તેવી સોનેરી ને સતત–સ્મરણીય છે.

'વાયણા' એટલે શું ?

દીક્ષાર્થી દીક્ષા લેવા તૈયાર થાય છે પણ તેને જે મંગળ જીવન જીવવાનું છે તે ભાવિ–જીવનને નિરાપદ અને નિરાભય બનાવવા શું કરવું જોઈએ ? એ પ્રશ્નના ઉત્તર રૂપ પૂર્વ-વિધિનું જે સુંદર માર્ગદર્શન (પૃ. ૧૪૩) આપ્યું છે, તે ભવભીરુ ભવ્યાત્માએ આચરવા જેવું છે, તથા એજ દીક્ષા પ્રસંગના અનુસંધાનમાં દીક્ષાર્થી દીક્ષા ગ્રહણ કર્યા પહેલાં જે સ્વજન–સાધર્મિકને ત્યાં વાયણા કરે છે તે શું છે ! તેનું સુંદર અને યાદગાર વિવેચન અહીં (પૃ. ૧૫૧) મળે છે, તે સમજવાથી લોકોત્તર પ્રભુશાસનની રીતિ–નીતિ કેવી ઉમદા હોય છે ? તેનો ખ્યાલ આવે છે.

મેરૂતેરસનો રહસ્યાર્થ—

વળી પર્વોની શબ્દ રચનાની પાછળના રહસ્યોને પ્રસંગે પ્રસંગે (પૃ. ૧૫૫) છતા કર્યા છે. પોષ વદિ તેરસને મેરૂ-તેરસ કેમ કહેવાય છે ! તેનો ઘણા બધાને ખ્યાલ નથી હોતો. અહીં તે બાબત ઉપર સારું અજવાળું પાથર્યું છે.

પ્રાચીન પત્રો : એક બહુ મૂલ્ય ખજાનો

માનવના હૃદયની ભાષામાં લખાતા સાહિત્યના પ્રકારો ત્રણ છે પત્ર, રોજનિશી અને પ્રવાસ કથા.

આમાં પણ અંગત પત્રોમાં વ્યક્તિ નિખાલસતાથી પોતાની જાતને પ્રગટ કરે છે અહીં (પૃ. ૧૧૩, ૧૧૪,

૧૧૮, ૧૨૮, ૧૩૦, ૧૩૨, ૧૩૫, ૧૫૩, ૧૭૬, ૧૮૦, ૨૧૪, ૨૧૬), એવા મનનીય દસ્તાવેજી મૂલ્ય ધરાવતા પત્રો અનેકની સંખ્યામાં મળે છે.

પત્રોમાં તત્કાલિન દેશ–કાળની પરિસ્થિતિના પણ પડઘા ઝીલાયા છે.

આવા પત્રો પૂરા રસથી મેળવવા બદલ લેખકશ્રીને શતશત ધન્યવાદ.

એ પત્રો જેવી જ ઐતિહાસિક–માહિતી પૂરી પાડતી પાલિતાણાની જે કડી બંધ વિગતો (પૃ. ૧૯૮) આપી છે તે પણ ઘણી કિંમતી છે.

લેખકની નોંધપાત્ર કાળજી

સમયની ચોકસાઈ પણ નજરને પકડી રાખે છે.

ચોમાસા માટેનો નગર પ્રવેશ, સંઘપ્રયાણ, દીક્ષા–વડી દીક્ષા વગેરે શુભ પ્રસંગોનો વર્ષ, માસ, દિવસ અને તેમાં પણ કલાક મિનીટને સેકંડ સાથેનો સમય મેળવવો તે લેખકની ઝીણામાં ઝીણી વિગતોને મેળવવાની એક જાગૃત લેખકની આંખ ઉઘાડ સજ્જતા સાથે જ ધન્યવાદને પાત્ર છે. માળવા–મેવાડના તે તે શ્રાવકો સાથેના વાર્તાલાપમાં તે તે પ્રાન્ત–પ્રદેશની લોકભાષા તેના હૂબહૂ લહેકા સાથે મૂકી છે, તે પણ આ ચરિત્ર–વાચનને રસિક બનાવે છે.

લેખકશ્રી પાસે માંગણી—

આ ચરિત્રના લેખક શ્રી આગમજ્ઞાન નિપુણમતિ આદર્શ ચારિત્રધર, બહુશ્રુત, વિદ્વત્પ્રવર પંન્યાસ પ્રવર **શ્રી અભયસાગરજી મહારાજ** છે, તેઓશ્રીના વ્યકિતત્વ અને

લેખન શૈલી અંગે ~~તથા~~ અગાધ વિદ્વત્તા અંગે શું લખવું ! તેઓશ્રી આપણા શ્રીસંઘના આગલી હરોળના વિદ્વાન્ છે. તેઓશ્રીની સંવેગ–વૈરાગ્ય રસઝરતી કલમે આ ચરિત્ર લખાયું છે, તેઓના શાસ્ત્રીય–જ્ઞાનનો લાભ સુજ્ઞ વાચકોને સુપેરે મળ્યો છે તેઓશ્રીએ આ પહેલાં પણ અનેક વિષયોના નાના–મોટા ગ્રન્થો લખ્યા છે.

તેઓશ્રીના આ લખાણમાં પણ ઠેર ઠેર આદર્શ ગુરુ ભક્તિ, અવિહડ શાસ્ત્ર પ્રીતિ, પૂર્ણ શાસ્ત્ર–વફાદારીનાં દર્શન થાય છે.

પ્રાન્તે

મને આ પ્રાસ્તાવિક લખાણ લખવાના નિમિત્તો એક ગીતાર્થ–ગણુ–શણુગાર, શ્રમણ ગણ–ધુરીણ ત્યાગી તપસ્વી સંયમ–ધર પુરુષના પ્રેરક જીવનચરિત્રને બારીકાઈથી વાંચવાનો લાભ મળ્યો–તેનો આનંદ છે.

આ ચરિત્ર વાંચ્યા પછી એવી લાલચ થાય છે કે લેખક પ્રવર શ્રી બીજા પણ સાગરશાખાના નામી અનામી જે મુનિપુંગવો ઉચ્ચ અને આદર્શ જીવન જીવી ગયા છે તેઓનાં ચરિત્રો, જીવનના ઉમદા બોધદાયી જીવન પ્રસંગો, આપણી સમક્ષ મુકે તો તે બહુ ઉપકારક બનશે.

આ ચરિત્રના વાંચનથી અનેક ભવ્ય જીવો બોધિ બીજને પ્રાપ્ત કરો, પ્રાપ્ત સમ્યકત્વને નિર્મળ અને સ્થિર કરો, એજ એક શુભાભિલાષા

શંખેશ્વરતીર્થ
મહા સુદી એકમ
વિ.સં. ૨૦૩૬.

પૂજ્યપાદ આચાર્ય મહારાજ
શ્રીવિજય હેમચંદ્ર સૂરિવરના
ચરણરેણુ મુનિ પ્રદ્યુમ્નવિજય
ગણી.

શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

પૂ. મુનિશ્રી ઝવેરસાગરજીમ. ના જીવનચરિત્રની

સાલવારી સાથે વિષયાનુક્રમણિકા

પૂર્વભૂમિકા

પૃષ્ઠ

૦ તપાગચ્છની મુખ્ય ચાર શાખા ૩

૦ સાગર-શાખાની બારમી પાટે મુનિ શ્રી મયાસાગરજી

૦ શ્રી મયાસાગરજીના બે શિષ્યો—શ્રી નેમસાગરજી અને શ્રી ગૌતમસાગરજી

૦ શિથિલાચારી બનેલ શ્રમણોનું જીવન શુદ્ધમાર્ગે ટકાવી રાખવા સંવેગી-પરંપરાના સર્જનમાં સાગર-શાખાનો ફાળો ૪

૦ વિ. સં. ૧૮૯૯ ચરિત્રનાયકનો જન્મ ૪
સ્થળ : મહેસાણા (ઉત્તર-ગુજરાત)

વિ. સં.

૧૯૧૨ શ્રી ગૌતમસાગરજીનું મહેસાણામાં ચાતુર્માસ, ૫
ચરિત્રનાયક શ્રી ઝવેરચંદભાઈ શ્રી ગૌતમ-સાગરજી મ.ના સંપર્કમાં.
વૈરાગ્ય ભાવના
સંયમની તાલાવેલી.
કૌટુંબિક-મોહ જન્ય વિઘ્નો—ચાતુર્માસ પછી મુનિશ્રી અમદાવાદ.

૧૯૧૩ કા. વ. ૧૧ સોમવારે **શ્રી ઝવેરચંદભાઈનું** અમદાવાદ તરફ પ્રયાણ. ૭

કા. વ.–૧૩ **શ્રી ઝવેરચંદભાઈ શ્રી ગૌતમસાગરજી** મ૦ ની નિશ્રામાં. ૮

કા. વ. ૧૪ અહોરાત્ર પૌષધ.

માગ. સુદ ૨ દીક્ષા–મુહૂર્ત નિશ્ચિત. ૯

માગ. સુ ૧૦ વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ૧૧

મા. સુ. ૧૧ ભાગવતી–દીક્ષા ગ્રહણ **અમદાવાદમાં** ૧૨

મુનિ શ્રી ઝવેરસાગરજી નામ સ્થાપન ૧૩

મુનિ શ્રી ઝવેરસાગરજીનો અભ્યાસકાળ ૧૫
સાધુ–જીવનને લગતો પ્રાથમિક અભ્યાસ–ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ૭ કર્મગ્રંથ. શ્રી તત્ત્વાર્થ સૂત્ર, સારસ્વત વ્યાકરણ.

૧૯૧૪ અમદાવાદ ચાતુર્માસમાં તપાગચ્છાધિપતિ સંવેગી શાખાના પ્રધાન મુનિરાજ **પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ.** (બુટેરાયજી મ.)ના પ્રતિભાશાળી શિષ્ય **પૂ. શ્રી મુક્તિવિજયજી મ.** (મૂળચંદજી મ.) પાસે શ્રી દશવૈકાલિક સૂત્રનો પ્રારંભ

૧૯૧૬ ચાતુર્માસ **અમદાવાદ,** આગમ–અભ્યાસ. ૧૮

૧૯૧૬ મહા વ. ૭ દીક્ષાદાતા પૂ. ગુરુદેવ **શ્રી ગૌતમસાગરજી મ.**નો સ્વર્ગવાસ—અમદાવાદ. ૨૧

૧૯૧૬ ફા. વ. ૧ થી **પૂ. શ્રી મૂળચંદજી મ.**ની નિશ્રાનો સ્વીકાર.

૧૯૧૬ થી ૧૯૨૬ ગચ્છાધિપતિ પૂ. શ્રી મૂળચંદ્રજી મ.ની નિશ્રામાં ચાતુર્માસો.

૧૯૨૫ પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી **કપડવંજ**માં કરેલ ધર્મ પ્રભાવના. ૨૧

૧૯૨૭ પ્રથમ સ્વતંત્ર ચાતુર્માસ—**પાટણ** ૨૪

૧૯૨૮ કા. વ. ૫ સર્વપ્રથમ શિષ્ય **શ્રી રત્નસાગરજી** મ.ની દીક્ષા—**પાટણ** ૨૫

૧૯૨૮ **પાટણ** ચાતુર્માસ.
ભાવનગર પૂ. મુનિશ્રી વૃદ્ધિવિજયજી મ. (વૃદ્ધિચંદ્રજી)ની નિશ્રામાં ૨૬

૧૯૨૯ પો. સુ. ૧૦ દ્વિતીય શિષ્ય **શ્રી કેશવસાગરજી**ની વલભીપુર (વળા)માં દીક્ષા. ૨૬

૧૯૨૯ ફા. સુ. ૩ **પૂ. ગચ્છાધિપતિની** આજ્ઞાથી **માળવા** પ્રદેશમાં ધર્મપ્રભાવનાની ઓછાશને ટાળવા **માલવા** પ્રદેશના શ્રીસંઘની આગ્રહભરી વિનંતિથી **માળવા** તરફ વિહાર ૩૫

૧૯૨૯ ફાગણ ચોમાસી **કપડવંજ**માં ૩૫
ચૈત્ર સુ. ૨ **ગોધરા**માં પ્રવેશ ૩૬
ચૈત્રી ઓળી ગોધરામાં
ચૈત્ર વ. ૧ **માળવા** તરફ વિહાર ૩૭
વૈ. સુ. ૧ **રતલામ**માં પ્રવેશ ૩૮

૧૯૨૯ ચાતુર્માસ **રતલામ**માં
ચાતુર્માસના પૂર્વાર્ધમાં સ્થાનકવાસીઓનો જબ્બર પ્રતિકાર
જેઠ સુ. ૧૪ થી જેઠ વદ ૧ "**આચાર શુદ્ધિ**" ૫૨ ૪૦
વ્યાખ્યાનમાળા.

શ્રાવણ માસમાં **શ્રી નેમિનાથ પ્રભુનો** ભવ્ય જન્મ- ૪૩
કલ્યાણક ઉત્સવ
ત્રિસ્તુતિક-પ્રણેતા આ. શ્રી વિજયરાજેન્દ્રસૂરિ
સાથે શાસ્ત્રીય ચર્ચા
ગૌરવભેર વિહાર.
૧૯૩૦ ચાતુર્માસ ફરી **રતલામમાં** ૪૮
લોકોમાં ધર્મ-ભાવનાની વૃદ્ધિ.
ત્રિસ્તુતિક-વાળા સાથે ચર્ચા.
અનેક માર્ગસ્થ બન્યા.
મહીદપુરમાં ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ.
સનાતન દંડી સ્વામી શ્રી નારાયણ સ્વામીજીની
પ્રતિભાનું ખંડન.
ચાંદની ચોકમાં જાહેર વ્યાખ્યાન ૬૦
"સનાતન ધર્મ" પર આઠ દિવસની વ્યાખ્યાનમાળા ૬૨
૧૯૩૧ કા. વ. ૧૦ **સેમલીયા સંઘ** સાથે પ્રસ્થાન ૬૩
માગ. વ. ૩ **મક્ષીજી તીર્થ** સંઘ સાથે ૬૪
મા. વ. ૭ **મક્ષીજી તીર્થ** પ્રવેશ.
પોષ-દશમીની અટ્ઠમની આરાધના **મક્ષીજીમાં**
મા. વ. ૧૩ **ઉજ્જૈન** તરફ વિહાર ૬૬
પો. સુ. ૩ ઉજ્જૈનમાં પ્રવેશ
સ્થાનકવાસી સાધુઓ સાથે **'પ્રભુ પૂજાની આવશ્યકતા'** પર ચર્ચામાં સફળતા. ૬૮
ફાગણ ચોમાસી **ઇંદોરમાં**
ચૈત્રી ઓળી **ઇંદોરમાં**

વડનગરમાં તેરાપંથીની માન્યતા વિરુદ્ધ અનુકંપા –દાનની માર્મિકતા જાહેર વ્યાખ્યાનમાં સફળ રીતે સમજાવી. ૭૦

વૈ. સુ. ૭ **રતલામમાં** પ્રવેશ

સ્થાનકવાસી–શ્રાવકો ને સાધુઓ સાથે **'મૂર્તિ પૂજા'** અંગે ચર્ચા– ૭૩

૧૯૩૧ વૈ. સુ. ૧૩ થી જેઠ વ. ૧૦ સુધી **સ્થાનક–વાસી** સાધુઓ સાથે **"પ્રતિમાપૂજન"** અંગે ચર્ચા– વાદવિવાદ. ૭૩

વાતાવરણની કલુષિતતા, ચાતુર્માસ-**રતલામમાં** મૂર્તિપૂજાની વાસ્તવિકતા સમજાવતાં ૭૩

સ્થાનક–વાસીઓને માન્ય ૩૨ આગમોમાંના પાઠોની ટૂંકી વિવેચનાવાળી પુસ્તિકા **"ભક્તિપ્રકાશ"**નું પ્રકાશન ૭૪

૧૯૩૨ કા. વ. ૧૦ **રતલામથી કરમદીતીર્થ** ૭૫

કા. વ. ૧૧ **બદનાવર** તરફ વિહાર

કા. વ. ૧૩ **બદનાવર**માં ભવ્ય પ્રવેશ.

તાત્ત્વિક–દેશનાથી સ્થાનકવાસી–વૈષ્ણવો પ્રભાવિત–

મહા સુ. ૫ **વડનગર**માં પધરામણી.

વિહાર વિવિધ–ગામોમાં

ઈંદોરમાં ત્રિસ્તુતિક–આચાર્યશ્રીએ કરેલ આક્ષેપોથી કલુષિત બનેલ વાતાવરણ

પૂજ્યશ્રીને **ઈંદોર**માં પધારવા ને પ્રતિકાર કરવા વિનંતિ ૭૬

ચૈત્ર સુ. ૫ **ઈંદોર**માં પ્રવેશ

સમ્યગ્‌દૃષ્ટિ–દેવો અંગે શાસ્ત્રીય–પૂરાવા ૭૭

ચાતુર્માસ **ઈંદોર**માં અને સુંદર આગમ–વાચના ૭૯

ત્રિસ્તુતિક–મતના પ્રણેતા સાથે મૌખિક–ચર્ચા. પણ પરિણામ શૂન્ય

પૂજ્યશ્રીના વ્યાખ્યાનોથી જૈન–જૈનેતરમાં પ્રબળ ધર્મ-પ્રભાવનાની જાગૃતિ.

ઈંદોરમાં હંમેશ પાંચ કલાક આગમ–વાચના

ધાર્મિક જાહોજલાલી

મહીદપુરના સંઘની **આગમ–વાચના** માટે વિનંતિ

૧૯૩૩ કા. વ. ૩ **ઈંદોર**થી વિહાર, ૮૧

કા. વ. ૧૦ **મહીદપુર**માં પ્રવેશ ૮૧

મા. સુ. ૨ ભવ્ય રથયાત્રા.

ચાર કલાક વિધિપૂર્વક પાંચ આગમોની વાચનાનું મંગલાચરણ ૮૧

૧૯૩૩ માહ સુ. ૫ **શ્રી આચારાંગસૂત્રથી** ૧૧ અંગની વાચના શરૂ. ૮૧

ચૈત્ર સુ. ૫ થી અષ્ટાહ્નિકા મહોત્સવ.

ચૈત્ર વ.–૨ **શ્રી ભગવતી સૂત્રની** શરૂઆત ૮૨

૧૯૩૩ નું ચાતુર્માસ **મહીદપુર**માં

અષાડ સુ. ૧૩ **શ્રી ભગવતી સૂત્રની** પૂર્ણાહૂતિ

અ. વ. ૨ **શ્રી જ્ઞાતા સૂત્ર** વગેરે અન્ય આગમ વાચના શરૂ.

શ્રા. વ. ૧૦ **શ્રી જ્ઞાતા–ધર્મકથા સૂત્ર** વગેરે પરની વાચના પૂર્ણ.

ભા. સુ. ૧૦ **શ્રી ઉવવાઈ, શ્રી રાય–પસેણી** વગેરે ઉપર વાચના શરૂ.

આ. સુ. ૫ **શ્રી ઉવવાઈ** વગેરે વાચના પૂર્ણ

આસો વદ ૨ **શ્રી પન્નવણાસૂત્ર વાચના** પ્રારંભ.

કા. સુ. ૫ **શ્રી પન્નવણાસૂત્ર વાચના સમાપ્તિ**

૧૯૩૪ કા. સુ. ૬ બાકીના સાત ઉપાંગ પર વાચના શરૂ

કા. વ. ૧૦ સાત ઉપાંગ પર વાચના પૂર્ણ

ઉદયપુરમાં સ્થાનકવાસીઓ તથા આર્ય–સમાજીઓ તરફથી ઉપદ્રવ.

કા. વ. ૧૩ **દશ–પયન્ના** આગળનું વાચન બાકી રાખી **ઉદયપુર** તરફ ઝડપી વિહાર

માગ. વ. ૫ **ઉદયપુર**માં પધરામણી ૮૩

સ્થાનકવાસી–આર્ય સમાજીઓના બુદ્ધિ–ભેદ કરનારા મંતવ્યોનો ધટસ્ફોટ

જિન–મંદિરોની દૂર કરેલ આશાતનાઓ

૧૯૩૪ ચાતુર્માસ–**ઉદયપુર**માં ૮૪

ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ આરાધના

ફા. વ. ૩ **ઉદયપુર**થી **કેશરીયાજી**ના સંઘનું પ્રમાણ ૮૫

ફા. વદ ૭ **કેશરીયાજી**માં પ્રવેશ

ફા. વદ–૮ **કેશરીયાજી**માં જૈન–જૈનેતરોના મેળાની પૂજ્યશ્રીના હાથે સ્થાપના ૮૬

ચાતુર્માસ બાદ **ભીલવાડા** બાજુ વિહાર ૮૭

૧૯૩૫ ફાગણ ચોમાસી—**ઉદયપુર**માં

કાનોડમાં જાહેર વ્યાખ્યાન

યતિજીનો વિક્ષેપ દૂર

ચારિત્ર–શુદ્ધિનું વાતાવરણ

સ્થાનકવાસી તથા તેરાપંથીમાં આકર્ષણ.

૧૯૩૫ ચૈત્રી ઓળી કાનોડમાં ૮૮

ચાતુર્માસ ઉદયપુરમાં
ધર્મરત્ન પ્રકરણ તથા પાંડવ-ચરિત્ર વાંચન

'અમારિ-પ્રવર્ત્તન' માટે અથાગ પ્રયત્નની **સફળતા,** ૮૯
આસો માસની ઓળી અષ્ટાહ્નિકા મહોત્સવ સાથે

આસો સુદ ૮ પૂ.પં. **શ્રી મણિવિજયજી. મ.** "દાદા"નો ૯૦
સ્વર્ગ-વાસ **અમદાવાદમાં**
આસો વદમાં "દાદા"ના સ્વર્ગવાસ નિમિત્તે.
અષ્ટાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સાથે.
સ્વદ્રવ્યથી પ્રભુપૂજા માટે આપેલ પ્રેરણાની સુંદર અસર
ચાતુર્માસ બાદ વિહાર

૧૯૩૬ પો. સુ. ૫ જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવ માટે **ઉદયપુર**માં ૯૨
પધરામણી.

મહા. સુદ ૮. સં. ૧૮૧૬ માં સ્થપાયેલ **જ્ઞાનભંડાર**ના ૯૪
નિરીક્ષણ અર્થે પૂજ્યશ્રીને વિનંતિ, પૂજ્યશ્રીએ વ્યવસ્થિત
કરેલ અમૂલ્ય જ્ઞાનભંડાર.
ચૈત્ર-માસની ઓળી.
અષ્ટાહ્નિકા મહોત્સવ, પ્રાચીન આગમો-પ્રકરણ ગ્રંથો-
ચારિત્રો લખાવવાની જોરદાર પ્રવૃત્તિ.

૧૯૩૬ ચાતુર્માસ-જ્ઞાનભંડાર અને અન્ય ધર્મ-કાર્યોની સુવ્યવસ્થા ૯૬
માટે **ઉદયપુરમાં** ચાતુર્માસ દરમ્યાન **શ્રી દયાનંદ**
સ્વામી લિખિત **'સત્યાર્થ પ્રકાશ'**માંની મૂર્તિપૂજા
ખંડનની પોકળતા બહાર પાડી.
"**આર્યસમાજે** વૈદિક-પરંપરાનો દ્રોહ કર્યો છે." તે
સિદ્ધ કર્યું.

આર્યસમાજના ગુરુ સાથે ચર્ચા–વાદવિવાદ ૯૭
જૈન ધર્મનો જયજયકાર
પર્યુષણ–પર્વની અપૂર્વ યાદગાર આરાધના–પ્રભાવના.
નવ છોડનું ઉજમણું.
જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ.
જ્ઞાન–ભંડારની સુરક્ષિતતા. ૧૦૦
૧૯૩૭ ગોડીજી મહારાજના દેરાસરનો જીર્ણોદ્ધાર
માહ સુ. ૧૦ **સહસ્રફણા શ્રી પાર્શ્વનાથ** પ્રભુના ૧૦૧
મંદિરમાં મહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા
ફાગણ ચૌમાસી વખતે હોળી–ધુળેટીના લૌકિક–મિથ્યાત્વના ફંદામાંથી બચાવ્યા
ચૈત્રી–આસોની આયંબિલની ઓળી માટે કાયમી **શ્રી વર્ધમાનતપ આયંબિલ ખાતું** પૂજ્યશ્રીની પ્રેરણાને પ્રયાસથી સ્થાપવામાં આવ્યું.
ઉદયપુરમાં જેઠ વદમાં **સનાતનધર્મ મહારથી સ્વામી સત્યાનંદજીનું** આગમન.
મૂર્તિપૂજા પર વ્યાખ્યાનોમાં આક્રમણ.
ધાર્મિક પ્રશ્નમાં ખળભળાટ
શ્રા. વ. ૩. **રાજમહેલના** જાહેર **ચોકમાં** જાહેર શાસ્ત્રાર્થ આહ્વાહન સભા.
૧૫ મધ્યસ્થ તરીકેની નીમણુંક.
ત્રણ દિવસ જાહેર ચર્ચા, પૂજ્યશ્રીના વૈદિક ધર્મગ્રંથોના આધારે સચોટ ખુલાસા
આર્યસમાજી સ્વામી **સત્યાનંદજી**ની પીછેહઠ.
વાદવિવાદ અધૂરો મૂકી **ઉદયપુર** છોડી ગયા.
પૂજ્યશ્રીનો જવલંત વિજય.

ઉદયપુરથી ચાતુર્માસ પૂર્ણ થતાં વિહાર. ૧૦૮
૧૯૩૭ કા, વ. ૮ **આહુડ** (મેવાડના મહારાણાઓની પ્રાચીન રાજધાની) તરફ વિહાર.
પ્રાચીન **મેવાડની** પંચતીર્થીની સ્પર્શના
માગ.વ. ૮, ૯, ૧૦. પોષ દશમીની આરાધના કરેડા તીર્થમાં
પો. સુ. ૨ **ચિત્તોડમાં** પધરામણી. ૧૧૨
ત્યાં **રતલામમાં ત્રિસ્તુતિક** મતવાળા મુનિ **સૌભાગ્ય-વિજયજી મ.** નો કાલ્પનિક તર્કવાદ.
દેવ–દેવીની અમાન્યતા.
ચાર થુઈવાળા નાસ્તિક વગેરે આક્રમણ
પોષ વદ ૮ **રતલામમાં** પૂજ્યશ્રીની પધરામણી ૧૧૨
૧૦૩૮ **રતલામમાં ત્રિસ્તુતિક** વાળાને જડબાતોડ જવાબ. ૧૧૩
ચૈત્રી ઓળીની આરાધના **આગરમાં** ૧૧૫
વૈ. સુદ ૨ **તેરાપંથી** કુતર્કોને જવાબ આપવા **ઉદયપુરમાં** ૧૧૬ પધરામણી.
સ્થાનકવાસીઓએ દાન–દયાના વિરોધને શમાવવા પૂજ્યશ્રીને કરેલ વિનંતિ.
વૈ સુદ. ૩ અક્ષય–તૃતીયા નિમિત્તે **શ્રેયાંસકુમાર**ની દાન–ધર્મની પ્રવૃત્તિ પર વિશદ વિવેચના.
દ્રવ્યદયા ભાવદયાના સ્વરૂપની કરેલ જાણકારી.
તેરાપંથીઓની પીછે–હઠ. ૧૧૭
૧૯૩૮ ચાતુર્માસ– **ઉદયપુરમાં**.
તેનાં કારણો :—**તેરાપંથી, આર્યસમાજ**ની ખતરનાક હીલચાલને ડામવા,

૦દ્વિતીય શિષ્ય **શ્રી કેશરસાગરજી**ની અસ્વસ્થ તબિયત.
ગચ્છાધિપતિએ મોકલેલ બે શિષ્યોની **ઉદયપુરમાં** આવ- ૧૧૯
વાની નિશ્ચિતતા.
સ્થાનકવાસીઓ તરફથી થતી શાસનની અપભ્રાજના
નિવારવા.
જેઠ માસમાં **મારવાડ** ને **કચ્છથી** આવેલ બે વયોવૃદ્ધ
સ્થાનકવાસી સાધુઓ
તેમણે મૂર્તિપૂજા, પ્રક્ષાલ–પુષ્પપૂજામાં હિંસાનું તત્ત્વ
બતાવ્યું.
તેમના ઉકળાટને અષાઢ સુદ ૧૫ સુધી ઠાલવવા દીધો, ૧૨૩
જાણીને વાત ડોળાવા દીધી.
અષાઢ વદ ૫ થી પૂજ્યશ્રીએ શાસ્ત્રપાઠો આપવા માંડયા.
રસપ્રદ ચર્ચા.
મુહપત્તિ, ધોવણનું પાણી, વાસી–વિદળની અભક્ષ્યતા
પર જોરદાર સચોટ દલીલો.
પરિણામે અનેક સ્થાનકવાસીઓ પ્રભુશાસનના માર્ગે વળ્યા.
ઉલ્લાસપૂર્ણ પર્યુષણ પર્વની આરાધના. ઉદયપુરમાં અનેક- ૧૨૫
વિધ ધર્મકાર્યો.
આસો વદ ૧૦ પૂજ્યશ્રીને તાવની શરુઆત, ૧૨૭
૧૯૩૯ કા. સુ. ૮ પૂજ્યશ્રીને ડાબાપગની પીંડી પાસે ગાંઠ

વિ. સં. ૧૯૩૯

પૂજ્યશ્રીની અસ્વસ્થ તબિયત
પૂ. શ્રી ગચ્છાધિપતિનો વાત્સલ્યભર્યો પત્ર
માગ. વ. ૫ પૂજ્યશ્રીનો **રાણકપુર** તરફ વિહાર– ૧૩૧
પંચતીર્થી ની યાત્રા કરી.

મહા વદમાં **શાહપુરા દયાનંદ સરસ્વતી**ના પ્રવચનથી
ભ્રમિત થયેલ જનતાને સત્ય માર્ગ દર્શાવ્યો.
ફા. સુ. ૧૦ **અજમેર**માં પધરામણી ૧૩૨
ચૈત્રી ઓળી **કોટા** શહેરમાં ૧૩૪
વૈ. સુ. ૩ **રામપુરા**માં પધરામણી
જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવ
વૈ. વ. ૫ **ઝાલાવાડ-પાટણ** તરફ વિહાર
જેઠ સુ. ૩ **ઉદયપુર** તરફ ધ્વજદંડની પ્રતિષ્ઠા ખાતર ૧૩૫
વિહાર
જે. વ. ૩ **ઉદયપુર**માં પધરામણી
જે. વ. ૭ **ઉદયપુર**માં અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ ૧૩૬
જે. વ. ૧૩ **ઉદયપુર**માં નૂતન ધ્વજ-દંડારોપણ
૧૯૩૯ ચાતુર્માસ-ન છૂટકે કારણવશાત્ ઉદયપુરમાં
અસાડ વ. ૪ **મુનિશ્રી કેશવસાગરજી**ને પેટનું અસહ્ય
દર્દ
અસાડ વ. ૧૧ **મુનિ શ્રી કેશવસાગરજી**નો સમાધિ- ૧૩૭
પૂર્વક સ્વર્ગવાસ
ચાતુર્માસ અંગે **ઉદયપુર શ્રીસંઘ** તરફથી પ્રકાશિત
પ્રાચીન ઐતિહાસિક પુસ્તકનું પ્રકાશન. ૧૪૦
આસો માસની ઓળીની આરાધના **ઉદયપુર**માં
નવ છોડનું ભવ્ય ઉજમણું
જ્ઞાનભક્તિ અને પ્રભુભક્તિમાં ઉલ્લાસમય વૃદ્ધિ
વિ. સં. ૧૯૪૦
ચાતુર્માસ પરિવર્તન ૧૪૨
ચાર બેનોની દીક્ષાના કારણે વિહારમાં વિલંબ
દીક્ષા પહેલાં પ્રભુભક્તિમાં સ્વ-દ્રવ્ય અને જાત-પ્રવૃત્તિની
શરૂઆત

સ્થળે સ્થળે મુમુક્ષુનું બહુમાન
પો. વ. ૧૧ જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવની શરૂઆત ૧૫૬
મહા સુ. ૨ જળયાત્રાનો ભવ્ય વરઘોડો ૧૫૭
માહ સુ. ૩ ચાર બેનોને દીક્ષા ૧૫૮
ચૈત્ર સુ. ૩ ચિત્તોડમાં પધરામણી ૧૬૦
ચૈત્રી ઓળી-ચિત્તોડમાં ૧૬૧
ચૈ. વ. ૨ ચિત્તોડથી વિહાર
ચૈ. વ. ૧૦ ઉદયપુરમાં પધરામણી
વૈ. સુ. ૧૪ પં. શ્રી સૌભાગ્યવિજયજી મ.ની
દીક્ષાર્થીને વડી દીક્ષા અર્થે ઉદયપુરમાં પધરામણી ૧૬૨
વૈ. વ. ૭ વડી દીક્ષા
વૈ. વ. ૧૦ પં. શ્રી સૌભાગ્યવિજયજી મ.નો ૧૬૩
ઘાણેરાવ તરફ ચાતુર્માસ અર્થે ઉદયપુરથી વિહાર
૧૯૪૦ ચાતુર્માસ-સંજોગવશાત્ ઉદયપુરમાં ૧૬૪
ચાતુર્માસ દરમ્યાન શ્રાવક-જીવનમાં વિરતિ-ધર્મની મહત્તા
સમજાવી
દેરાસરમાં થતી આશાતના દૂર કરી
આસો વદ ૨ કપડવંજ તરફ વિહાર કરવાની વિનંતિ ૧૬૮
કરવા આવનાર પાંચ જણનું ઉદયપુરમાં આગમન

વિ. સં. ૧૯૪૧

કા. વદ ૩ કેશરિયાજી બાજુ પૂજ્યશ્રીનું પ્રયાણ. ૧૭૩
ગુજરાત તરફ પ્રસ્થાન.
પો. સુ. ૫ લુણાવાડામાં પધરામણી ૧૭૪
પો. વદ ૨ કપડવંજમાં ભવ્ય પ્રવેશ
૧૧ છોડના ઉજમણાનો નિર્ણય.

મહા સુદ ૩ અષ્ટાહ્નિકા—મહોત્સવની શરૂઆત.
ફાગણ ચોમાસી–**કપડવંજમાં** ૧૭૭
ફા. વદ ૨ પૂજ્યશ્રીનો **બાલાસિનોર** તરફ વિહાર
ફા. વદ ૫ **બાલાસિનોર**માં પધરામણી ૧૭૮
ચૈત્રી ઓળી–**બાલાસિનોર**માં
ચૈ. વદ ૧ **કપડવંજ**ના આગેવાનોની **કપડવંજ** પધા- ૧૭૯
રવા વિનંતિ
ચૈ. વદ ૭ **કપડવંજ**માં ભવ્ય સ્વાગત
અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર
વર્ષીતપનું નગર–શેઠની પુત્રવધૂનું પારણું
ચૈ. સુ. ૧૦ **ઉદયપુર**થી આઠ–દશ શ્રાવકોનું આગમન ૧૮૬
શાસન પર આવનાર આક્રમણથી બચાવવા વિનંતિ ૧૮૮
ચૈ. સુ. ૧૧ **કપડવંજ**થી **ઉદયપુર** બાજુ વિહાર ૧૯૦
ચૈ. વ. ૩ **લુણાવાડા**માં પધરામણી
દેવદ્રવ્ય અંગેના ચોપડા વ્યવસ્થિત કરાવ્યા
દેરાસરનું અધૂરૂં કામ પાર પાડવા શ્રાવકોને સમજાવ્યા
જેઠ સુ. ૧૦ **ડુંગરપુર**માં પધરામણી ૧૯૧
જેઠ સુ. ૧૩ **કેશરિયાજી**માં પધરામણી
જેઠ વદ ૧ **ઉદયપુર** તરફ વિહાર
જેઠ વદ ૫ **ઉદયપુર**માં નગર પ્રવેશ
ઉદયપુરમાં સ્થાનકવાસી–ધુરંધર–વિદ્વાનોનું અષાડ
સુદમાં આગમન
મૂર્તિપૂજા વિરૂદ્ધ જેહાદ
પૂજ્યશ્રીનો જડબાતોડ જવાબ ૧૯૨

સ્થાનકવાસીઓની જાહેરમાં શાસ્ત્રાર્થ કરવા માટે ચેલેંજ
પૂજ્યશ્રીની લવાદ માટે માગણી
સ્થાનકવાસીઓની પીછેહઠ ૧૯૪
૧૯૪૧ ચાતુર્માસ **ઉદયપુર**માં
શ્રાવણમાં **હરદ્વારથી આર્યસમાજી**–સંન્યાસીનું ૧૯૫
આગમન
મૂર્તિપૂજા–વિરુદ્ધ પ્રચાર, વિશિષ્ટ પ્રવચન
પૂજ્યશ્રીએ આપેલ વેદ–સ્મૃતિનાં પ્રમાણો
સંન્યાસીની પીછેહઠ
જૈનશાસનનો જય જયકાર
પર્યુષણમાં **પાલીતાણા**-સ્ટેટની મુંડકાવેરાની વાત ૧૯૮
સાંભળી તે ઉપદ્રવને હઠાવવા જેહાદ
શત્રુંજય જૈનોની માલિકીનો છે. તેનો ઐતિહાસિક ૧૯૯
ક્રમશઃ ઉલ્લેખ (સાલવારી નોંધ સાથે)
વિ. સં. ૧૯૪૨
ફા. વદ ૫ **ઉદયપુર**માં ચૈત્ય–પરિપાટીનો મંગલ પ્રારંભ ૨૦૫
મા. વદ ૧૦ **સમીનાખેડા** પોષ–દશમી પર્વની
આરાધના માટે પધરામણી
શ્રી ભીલવાડાસંઘની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર
પોષ વદ ૧૦ **ભીલવાડા** તરફ વિહાર
મહા સુ. ૭ **ભીલવાડા**માં પ્રવેશ
ફા. સુદ ૧૦ **કેશરિયાજી**ના છ'રી પાળતા સંઘનું પ્રયાણ ૨૦૯
ફા. વદ ૨ સંઘની **ઉદયપુર**માં પધરામણી
ફા. વદ ૭ **કેશરીયાજી**–તીર્થમાં સંઘનો પ્રવેશ

ફા. વદ ૨ **ઉદયપુર**માં છ'રી પાળતા સંઘની પધરામણી ૨૦૯
ફા. વદ ૭ છ'રી પાળતા સંઘની **કેશરિયાજી**માં પધરામણી
ફા. વદ. ૮ ભવ્ય સ્નાત્ર મહોત્સવ,
વિશાળ રથયાત્રા,
સાધર્મિક વાત્સલ્ય.
ફા. વદ ૯ તમામ જિન-પ્રતિમાઓનો સંઘપતિ-દ્વારા
સ્વ-દ્રવ્યથી સામૂહિક પૂજા ભક્તિ. ૨૧૦
ફા. વદ ૧૦ સંઘપતિ **શ્રી કિશનજી શેઠ** તથા તેમના
સુપત્ની **શ્રાવિકા જડાવબેન**ને તીર્થમાળા આરોપણ.
નવાણું પ્રકારી પૂજા.
ઉદયપુરમાં ચૈત્રી ઓળી માટે પૂજ્યશ્રીને શ્રી સંઘના
આગેવાનોની વિનંતિ.
શ્રાવકોના આગ્રહથી શાસન-સેવા અર્થે
ઉદયપુર તરફ વિહાર.
ફા. વદ. ૧૪ **ઉદયપુર**માં પુનિત પ્રવેશ ૨૨૧
ચૈત્રી ઓળી **ઉદયપુર**માં ૨૧૨
વૈ. સુ. ૩ **ઉદયપુર**ના ચાતુર્માસની જય ૨૧૫
૧૯૪૨ ચાતુર્માસ **ઉદયપુર**માં ૨૧૬
ચાતુર્માસ દરમ્યાન **ચૌગાન**ના દેરાસરોની અવ્યવસ્થા
દૂર કરી.
શ્રી સિદ્ધાચલ મહાતીર્થના રખોપા ફંડ માટે ૩૦ હજાર
રૂપિયા પૂજ્યશ્રીની પ્રેરણાથી થયા.
પર્વાધિરાજની ઉમંગભેર આરાધના ૨૨૪
ચૌગાનનાં તથા અન્ય દેરાસરોના દેવદ્રવ્ય આદિની
ગરબડ દૂર કરાવી.

દેવદ્રવ્ય–જ્ઞાન દ્રવ્યમાં ખૂબજ વૃદ્ધિ. ૨૨૫
ભા. સુ. ૧૧ ઉદયપુરના સમસ્ત જિનાલયોની ચૈત્યપરિપાટીની શરૂઆત.
આસો સુ. ૩ ચૈત્ય પરિપાટીની **આહડ** (ઉદયપુરમાં) તીર્થે સમાપ્તિ.
ઉપધાનતપની અગત્યતાની સમજણ.
ઉપધાન તપની ભક્તિ લ્હાવો લેવા સુંદર ભાવોલ્લાસ ૨૨૭
ભરી સ્પર્ધા
આસો સુ. ૭ શ્રી નવપદની આરાધના શરૂ ૨૨૮
આસો ઓળીની ભવ્ય સામૂહિક આરાધના
આસો સુદ ૧૦ **ઉપધાન–તપની** ક્રિયાની શરૂઆત.
પ્રથમ મુહૂર્તમાં કુલ ૩૭૫ ભાઈ–બેનો
બીજા મુહૂર્તમાં કુલ ૧૩૦
કુલ ૫૦૫ ભાઈ–બહેનો
(૪૨ પુરુષો, ૪૬૩ સ્ત્રીઓ)
ઉદયપુરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં **ઉપધાનતપની** પ્રથમ શરુઆત.

વિ.સં. ૧૯૪૩

કા. સુ. ૧૫ **સિસારવા** ગામ સુધી પોતપોતાની ઉપધિ ૨૨૯
સાથે ઉપધાનવાળા ભાઈ–બેનોની સંયમી જીવન ચર્યાના પ્રતિકરૂપે પદયાત્રા.
કા. વદ ૧ ઉપધિ ઉંચકી ઉપધાનવાળા **ઉદયપુરમાં** ૨૩૦
ચૌગાનના મંડપમાં
પૂજ્યશ્રીની વૈરાગ્ય–ઝરણી વાણીથી પાંચ બેનોના દિલમાં
જાગેલ સંયમની ભાવના. ૨૩૧

કા. વ. ૧૦ અષ્ટાહ્નિકા મહોત્સવની શરુઆત
માગ. સુ. ૨ ભવ્ય રથયાત્રા
માગ. સુ. ૩ ઉપધાનતપ માળારોપણ ૨૩૨
આઠ દિવસ સાધર્મિક વાત્સલ્ય
અંધ–ધુમાડાનું જમણ
મૌન એકાદશી ઉદયપુરમાં.
ભોયણી નૂતન તીર્થ–પ્રતિષ્ઠાના હિસાબે ઉદયપુરથી ૨૩૮
ગુજરાત તરફ વિહાર કરવાનો વિચાર:
પરંતુ ભોયણી વ્યવસ્થાપકોની વિષમતાને કારણે પૂ. ૨૪૦
શ્રી ગચ્છાધિપતિની અરૂચિ હોઈ ભોયણી જવા
વિચાર માંડી વાળ્યો.
ઉદયપુરમાં સ્થિરતા માટે કાકલુદી અને શ્રીસંઘની કલ્પાંત
ભરેલ આજ્ઞા.
પોષ સુ. ૧૦ રાણકપુર વિહારની જાહેરાત
ઉદયપુરના ધનજીશેઠની છ'રી પાળતા સંઘની ભાવનાનો
ઉલ્લાસ ૨૫૧
પો. વદ ૧૪ છ'રી પાળતા સંઘનું મહત્ત્વ અને યાત્રિ-
કોની જવાબદારી અંગે જાણકારી
રાણકપુરનો છ'રી પાળતા સંઘનો નિર્ણય
સંઘપતિનું બહુમાન
માહ સુ. ૫ રાણકપુરના છ'રી–પાળતા સંઘનું પૂજ્ય- ૨૪૪
શ્રીની નિશ્રામાં પ્રયાણ
–પ્રથમ મુકામ દેવાલી ૨૪૫
–બીજે દિવસે ગોગુંદા
–પાંચમો મુકામ ભાણપુરા
માહ સુ. ૧૧ રાણકપુર તીર્થમાં સંઘનો પ્રવેશ
મહા સુ. ૧૩ સંઘપતિને માળારોપણ

મહા સુ. ૧૫ પૂજ્યશ્રીની **સાદડી** બહાર પધરામણી ૨૪૬
મહા વ. ૧ **સાદડી**માં પ્રવેશ
ફાગણ ચૌમાસી **સાદડી**માં
જૈન-જૈનેતરોમાં ઉમંગભેર ભાવોલ્લાસની જાગૃતિ
ફા. વ. ૫ **સાદડી**થી વિહાર
ઘાણેરાવમાં પધરામણી ૨૪૭
મૂંછાળા મહાવીરજી-તીર્થની આશાતનાઓ ટાળી-
ફા. વ. ૧૦ ચૈત્રી ઓળીના મહત્ત્વની સમજણ
ચૈત્ર સુ. ૬ ૪૫૦ ઓળી આરાધકોને ઉત્તર પારણાં
નવપદની ચૈત્રી ઓળી **ઘાણેરાવ**માં—
ચૈ. વ. ૨ **ઉદયપુર**માં મતભેદને વૈમનસ્ય દૂર કરાવવા
પૂજ્યશ્રીને **ઉદયપુર** પધારવા વિનંતિ ૨૪૮
ચૈ. વ. ૧૦ પૂજ્યશ્રીનો વિહાર (**ઘાણેરાવથી**) ૨૪
૧૯૪૩નું ચાતુર્માસ **ઉદયપુર**માં ૨૫૦
વૈ. વ. ૧૧ **ઉદયપુર**માં પધામણી
શ્રી શ્રાદ્ધ-દિનકૃત્ય સૂત્ર તથા
સુદર્શના ચરિત્ર-વાંચન
શ્રા. સુદ ૫ પંચરંગી તપની શરૂઆત (૭૭૫ આરાધકો)
શ્રા. સુદ ૧૦ પંચરંગી તપની સમાપ્તિ
ભા. સુ. ૧૦ **ઉદયપુર શહેરના** દેરાસરની શહેરયાત્રાની ૨૫૧
શરૂઆત.
સ્વદ્રવ્ય અને સ્વજાત-મહેનતથી અષ્ટપ્રકારી પૂજા.
'વીતરાગ પરમાત્માની ભક્તિનું રહસ્ય' પર
વ્યાખ્યાન.
આસો સુદ. ૩ **શહેરયાત્રા**ની સમાપ્તિ.
આસો સુદ. ૬ આસો માસની શાશ્વતી નવપદજીની ઓળીનો
પ્રારંભ.

આસો સુદ ૧૫ ઉજમણાનો પ્રારંભ.
અઠ્ઠાઈ મહોત્સવની શરૂઆત.
આસો વદ ૭ શાંતિસ્નાત્ર.
આસો વદ૦)) દીપોત્સવીની લોકોત્તર આરાધના **ઉદયપુરમાં** ૨૫૭
પ્રથમવાર.

વિ. સં. ૧૯૪૪

કા. સુ. ૧ **પૂ. શ્રી ગૌતમ સ્વામીજીને** કેવળજ્ઞાન
નિમિત્તનું પૂજ્યશ્રીનું વિશિષ્ટ પ્રવચન.
કા. સુ. ૫ **જ્ઞાનપંચમીની** આરાધના:
કા. સુ. ૧૪ **પૂ. શ્રી ગચ્છાધિપતિની** નાદુરસ્ત
તબિયતને કારણે તથા છ'રી પાળતા **શ્રી શત્રુંજય** ૨૬૧
ગિરિના સંઘને કારણે ગુજરાત તરફ વિહારની ભાવના
ઉદયપુરમાં આ–બાલ–વૃદ્ધની પૂજ્યશ્રીને વિદાયગીરી.
ભારે આઘાત.
કા. સુ. ૧૫ ચાતુર્માસ પરિવર્તન સિસારવા ગામે શ્રી
સિદ્ધગિરિ પટ્ટના દર્શને.
કા. વદ ૧ **ઉદયપુરમાં** છેલ્લું વ્યાખ્યાન
કા. વદ ૩ ગુજરાત તરફના વિહારની જાહેરાત ને વિહાર.
કા. વદ ૬ **કેશરીયાજી** તીર્થ પ્રતિ પ્રયાણ. ૨૬૩
કા. વદ ૮ **ડુંગરપુરમાં** પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત.
કા. વદ. ૧૦ **શ્રી મહાવીર પ્રભુની** દીક્ષા કલ્યાણકની ૨૬૪
ભવ્ય આરાધના.
કા. વદ ૧૧ **વીંછીવાડા** તરફ પ્રયાણ
માગ સુ. ૧ **ટીંટોઈતીર્થ**.
માગ સુ. ૧૦ **કપડવંજમાં** પધરામણી.
માગ. સુદ ૧૧ મૌન એકાદશીની આરાધના ૨૬૪

કપડવંજમાં
ભાગ. વદ ૧ **આંતરસુબા**–દહેગામ તરફ વિહાર ૨૬૫
ભાગ. વદ ૭ **નરોડા** (અમદાવાદ)માં પધરામણી
ભાગ. વદ ૮ **અમદાવાદ–ઉજમફઈ ધર્મશાળા**એ
–૧૬ વર્ષના વિરહ પછી **પૂ. શ્રી** ગચ્છાધિપતિને
ભાવોલ્લાસપૂર્વક વંદના
ઉમળકાભેર આવકાર
કરેલ વિશિષ્ટ શાસન–પ્રભાવના અંગે ખૂબ જ ધન્યવાદ
–પંન્યાસ પદવી આપવા **પૂ. શ્રી** ગચ્છાધિપતિની ભાવના
પૂજ્યશ્રીનો વિનમ્રપણે પદવીનો ઈન્કાર અને **પૂ. ગચ્છા**
ધિપતિના ચરણમાં ઘુસકે ને ઘુસકે રૂદન
છેવટે તે પદવી–પ્રદાનની વાત પડતી મૂકાઈ
શ્રી શત્રુંજયના છ'રી પાળતા સંઘનો નિશ્ચિત નિર્ણય.
પૂ. શ્રી. ગચ્છાધિપતિ અજ્ઞાત–સંકેતથી બધાં કામો
પતાવવા માંડયા ને બધાને હિતશિક્ષા ફરમાવવા લાગ્યા.
મહા વદ ૮ થનાર સંઘપતિના નિવાસસ્થાને **કીકાભટ્ટની**
પોળમાં પૂ. શ્રી. ગચ્છાધિપતિશ્રીની સકલ સાધુ
સમુદાય સાથે ધામધૂમ પૂર્વક પધરામણી. ૨૭૧
''સંઘયાત્રા અને સંઘપતિ શબ્દના રહસ્ય'' પર ૨૭૨
પૂજ્યશ્રીનું પ્રવચન.
મહા વદ ૧૧ **શ્રી શત્રુંજયગિરિ** પ્રતિ છ'રી પાળતા ૨૭૩
ચતુર્વિધ શ્રી સંઘનું પ્રયાણ.
ફા. વદ ૪ **વલભીપુરમાં** સંઘનું આગમન ૨૭૪
ફા. વદ ૬ **શીહોરમાં** પ્રવેશ. ૨૭૫
ફા. વદ ૭ **શીહોરથી** સંઘનું પ્રયાણ.
ફા. વદ ૮ **ભાવનગરમાં** સંઘનો નગર પ્રવેશ.
ફા. વદ ૯ **વરતેજ–મઢડાની** ભવ્ય પધરામણી ૨૭૬

ફા. વદ ૧૦ **પૂ. ગચ્છાધિપતિશ્રીની** નિશ્રામાં **અમદાવાદના** છ'રી પાળતા શ્રી સંઘનો **પાલીતાણા** નગર પ્રવેશ

ફા. વદ ૧૧ શ્રીસંઘનું ગિરિરાજ આરોહણ, સંઘપતિને ૨૭૭ તીર્થમાળા આરોપણ

વૈ. સુ. ૬ **પૂ. ગચ્છાધિપતિશ્રીના** વરદ હસ્તે **મુનિશ્રી ભાવસાગરજી મ૦ની** દીક્ષા.

જેઠ સુદ ૧૧, ૧૯૪૪ **પાલીતાણામાં** ચાતુર્માસ માટે ૨૭૯ **પૂ. ગચ્છાધિપતિશ્રી** સાથે પૂજ્યશ્રીનું **શેઠ નરસી નાથાની ધર્મશાળામાં** આગમન

પૂજ્યશ્રીનાં **શ્રી શત્રુંજય માહાત્મ્ય** પર વ્યાખ્યાનો.

અષાડ સુદ ૫ પૂ. ગચ્છાધિપતિશ્રીની ગિરિરાજ પર તબિયત ૨૮૦ અસ્વસ્થ બની.

અસાડ સુ. ૧૦ **પૂ. ગચ્છાધિપતિશ્રીને** ડોલીમાં રાખી સંઘવીએ કરેલ ગિરિરાજ–પૂજા.

ભાદરવા વદમાં **પૂ. ગચ્છાધિપતિશ્રીની** તબિયત લથડી ૨૮૬ ઉપચાર નિષ્ફળ.

આસો સુ. ૧૨ **પૂ. ગચ્છાધિપતિશ્રીને** તાવ શરૂ. ઉપચાર નિષ્ફળ.

ખોરાકમાં ઘટાડો.

વધતી જતી અશક્તિ.

પૂજ્યશ્રીની અન્ય સાધુઓ તથા શ્રાવકો સાથે ખડે પગે ૨૮૮ સેવા–ભક્તિ.

બોલવામાં તકલીફ, સર્વેને મહાચિંતા

વિ. સં. ૧૯૪૫

કા. સુ. ૭ કુશળ વૈદ્યો સાથે **ભાવનગરના** શ્રીસંઘનું આગમન.

ભાવનગર પૂ. શ્રીગચ્છાધિપતિને ડોલીમાં લઈ જવા
આગ્રહ, પૂજ્યશ્રીનો ઈન્કાર છતાં શ્રી સંઘે કરેલ નિર્ણય. ૨૮૮
ફા. વદ ૧ ગચ્છાધિપતિ **શ્રી મૂળચંદજી મ.** નો ૨૮૯
પૂજ્યશ્રી અને અનેક સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા સાથે
વિહાર.
ફા. વદ ૪ **ભાવનગર** બહાર પધરામણી
ફા. વદ ૫ **ભાવનગરમાં** ભવ્ય નગર પ્રવેશ.
ભાગ. સુદ ૪ થી સુદ ૭ ખૂબ ગંભીર સ્થિતિ ૨૯૦
ભાગ. સુદ ૮ વળતાં પાણી
ભાગ. સુદ ૧૧ સ્વસ્થપણે **મૌન એકાદશી**ની આરાધના
ભાગ. સુદ ૧૫ શ્રી સંઘને હિતકારક બે શબ્દો
ભાગ. વદ ૪ તાવનું ખૂબ જોર
ભાગ. વદ ૫ તાવ નરમ. ૨૯૧
ભાગ. વદ ૬ દર્દનું સૌમ્ય રૂપ.
નિયામણા–આરાધના શરુ.
૧૨।। વાગે પુણ્યદાન.
પૂજ્યશ્રીએ કાનમાં સંભળાવેલ **'ચત્તારિ મંગલં'**
વૃદ્ધિચંદ્રજી મ. શ્રીએ સંભળાવેલ **'કરેમિભંતે'**
અને પાંચ મહાવ્રતના આલાવા
સવા બે વાગે **પૂ. ગચ્છાધિપતિશ્રીએ** આંખ ખોલી
સહુને હાથ જોડી ખમતખામણાં
ત્રણના ટકોરે ધીમા ત્રુટક શબ્દમાં **'અબ તો હમ ચલે'** ૨૯૨
આંખો મીચી.
સવા ત્રણને પાંચ મિનિટે પ્રાણપંખેરૂ ઉડી ગયું.
માહ સુદમાં **પૂજ્યશ્રી ઝવેરસાગરજીનો ભાવ-** ૨૯૪
નગરથી વિહાર. ૨૯૪
ફા. સુદ ૧૩ **પાલીતાણા** છ ગાઉ પ્રદક્ષિણા.

ચૈત્ર વ. ૩ ઓટાદ તરફ વિહાર.
ચૈત્ર વ. ૧૩ ઓટાદમાં પ્રવેશ.
વૈ. સુદ ૩ અક્ષય તૃતીયા ઓટાદમાં.
સ્થાનકવાસીઓ પર પ્રવચનની સારી અસર.
વૈ. સુ. ૧૪ શ્રી વર્ધમાન તપ-આયંબિલખાતાનું ૨૯૬
મહત્ત્વ સમજાવ્યું.
વૈ. વદ ૬ આયંબિલ ખાતાની શરૂઆત-પ્રથમ દિવસે
૨૭૭ આયંબિલ.
જેઠ-અષાડમાં ધર્મ આરાધના-પ્રભાવના ચૌમાસી ચૌદશ ૨૯૭
ઓટાદમાં.
૧૯૪૫નું ચાતુર્માસ ઓટાદમાં ૨૯૯
શ્રા. સુદ ૫-૬ શ્રી નેમિનાથ પ્રભુના જન્મ-દીક્ષા ૩૦૦
કલ્યાણકની આરાધના
શ્રા. સુ. ૮ શ્રી પાર્શ્વનાથ-પ્રભુના મોક્ષ કલ્યાણકની
આરાધના.
પર્યુષણ પર્વમાં ઉત્તમ આરાધના.
ભા. સુ ૬ ભવ્ય રથયાત્રા
ભા. સુ. ૮ સામૂહિક ખમત ખામણાં
ભા. સુદ ૧૦ અષ્ટાહ્નિકા મહોત્સવની શરૂઆત.
ભા. વ. ૪ અષ્ટાહ્નિકા મહોત્સવની પૂર્ણાહૂતિ ૩૦૬
ભા. વ. ૧૩-૧૪-૦)) શ્રી શત્રુંજયગિરિ આરા-
ધનાના અઠ્ઠમ.

વિ. સં. ૧૯૪૬

ચાતુર્માસ પરિવર્તન પછી લીંબડી તરફ વિહાર. ૩૦૭
વિ. સં. ૧૯૪૬ નું ચાતુર્માસ લીંબડી ૩૦૮
વિ. સં. ૧૯૪૭ નું ,, ,,
વિ. સં. ૧૯૪૮ ના માગસર સુદ ૧૧ મૌન એકાદશીએ
પૂ. શ્રી ઝવેરસાગરજી મ. નો સ્વર્ગવાસ.

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

સાગરશાખાના તેજસ્વી જ્યોતિર્ધર પૂ. શ્રી ઝવેરસાગરજી મ. શ્રીના જીવન અને અદ્‌ભુત વ્યક્તિત્વનો ટૂંકો પરિચય

જિનશાસન રૂપ બગીચામાં અનેક દિલ ડોલાવી ઉઠે તેવી મહેંકવાળા અનેક ફૂલોથી લચપચ ફૂલઝાડો વિકસેલાં હોય છે.

શાસન અને પ્રભુ-આજ્ઞાને જીવ સટોસટ સમર્પિત થઈ સ્વ-પરકલ્યાણની ઉચ્ચ-ભૂમિકાને વટાવી જનારા અનેક મહા-પુરુષો જિનશાસન-ગગનમાં પંચમ-આરાના વિષમ પ્રભાવને ઝાંખો પાડી ચમકી ગયા છે.

તેવા પુનિત–નામધેય અનેક મહાપુરુષો પૈકી વિક્રમની વીશમી સદીના પાછલા પૂર્વાર્ધને પોતાની પ્રતિમા અને શાસન પ્રભાવકતાથી વધુ તેજસ્વી બનાવનાર પૂ. **શ્રી ઝવેરસાગરજી મ.** ના જીવન અને અદ્‌ભુત–વ્યક્તિતત્વની સાવ અજ્ઞાત બીનાઓ મહાપ્રયત્ને સંશોધન પૂર્વક મેળવી રજુ કરી, તેઓશ્રીના લોકોત્તર જીવનચરિત્રને આલેખવા કરવા નમ્ર પ્રયાસ દેવ–ગુરુ કૃપાએ કરાય છે.

સુજ્ઞ વિવેકી વાચકો આ જીવનચરિત્રને વાંચી, વિચારી મહાપુરુષોની લોકોત્તર શક્તિઓના પરિચયને વિશિષ્ટ રીતે મેળવે એ ઉદાત્ત આશયથી આ જીવન ચરિત્રનું સંક્ષિપ્ત આલેખન કર્યું છે.

મહાપુરુષોની ઓળખાણ

જીવનશક્તિઓના વલેણને ઊર્ધ્વગામી બનાવનાર મહાપુરુષોમાં જન્મ–જાત દેખાતો કેટલાક વિશિષ્ટ સદ્‌ગુણોનો પ્રકર્ષ તેઓને જગતની સામે દિવ્ય રૂપે રજુ કરે છે.

તેવા કેટલાક ગુણો પૈકી મહત્વના ગુણો આ રહ્યા.

૦ નિખાલસતા ૦ અદ્‌ભુત ક્ષમા ૦ સ્વદોષદૃષ્ટિ
૦ સહનશીલતા ૦ પરાર્થ–વૃત્તિ ૦ ઉદાત્ત કરુણા
૦ દોષવાન ઉપર વધુકરુણા ૦ આંતરદૃષ્ટિનો વિકાસ
૦ જીવમાત્રના કલ્યાણની તીવ્ર અભીપ્સા.

અજોડ વાદી વિજેતાશ્રી ઝવેરસાગરજી મ.

શાસન-નાયકશ્રી **મહાવીર**-પરમાત્માના શાસનમાં અવિચ્છિન્ન-પ્રણાલિકારૂપે શુદ્ધ-સામાચારીને જીવંત રાખનાર શ્રી **તપાગચ્છની મહત્ત્વની વિજય, સાગર, વિમલ અને ચંદ્ર** શાખામાં શાસનોદ્યોત અને આગમિક-પરંપરાઓને વધુ સજીવ રાખનાર વિશિષ્ટ—મહાપુરૂષોથી **સાગર**-શાખા છેલ્લા ૪૦૦ વર્ષમાં ખૂબ સમૃદ્ધ રીતે ફાલીફૂલી અનેક મનીષીઓના હૈયાને આકર્ષનારી બની છે.

તે **સાગર**-શાખામાં બારમી પાટે શાસન-પ્રભાવક અજોડ-ક્રિયાપાત્ર તરીકે **પૂ. મુનિશ્રી મયાસાગરજી** મ. ઓગણીસમી સદીના પશ્ચાર્ધ ભાગે તેજસ્વી-તારકસમા જિનશાસન-ગગનમાં ચમકી રહેલા, કે જેમની અદ્વિતીય સંયમપ્રભા-જ્ઞાનપ્રભા અને ચારિત્રપ્રભાથી **અમદાવાદ**ના ધનસમૃદ્ધ નગરશેઠના વંશને પણ જિનશાસનની અદ્વિતીય-મહિમાના "ભાવુક ભક્ત બની સ્વ-પર કલ્યાણકારી જીવન જીવી શકયા હતા.

તે **શ્રી મયાસાગર** મ. શ્રીને બે શિષ્યો હતા.

(૧) ઉત્કૃષ્ટ-ક્રિયાપાત્ર શુદ્ધ-સંવેગી **પૂ. મુનિશ્રી નેમસાગરજી મ.**

(૨) અજોડ વિદ્વાન પ્રવર વ્યાખ્યાતા **પૂ.મુનિશ્રી ગૌતમસાગરજી મ.**

પૂ. **મુનિશ્રી ગૌતમસાગરજી** મ. શ્રમણસંસ્થાના કાળ

બળે ઝાંખા પડેલ ગૌરવને દેદીપ્યમાન કરનારા હતા, વિવિધ શાસ્ત્રોના તેઓ અભ્યાસી હતા.

તેમજ સમયચક્રના પરિવર્તન બળે શિથિલાચારી બનેલ શ્રમણોના વ્યક્તિગત જીવનથી મુગ્ધજીવો પ્રભુ–શાસનની ઓળખાણથી વંચિત રહેવા ન પામે તે હેતુથી ક્રિયોદ્ધાર દ્વારા શુદ્ધમાર્ગને ટકાવી રાખવા જે સંવેગી પરંપરાનું સર્જન તે વખતના દીર્ઘદર્શી–મહાપુરુષોએ કર્યું હતું, જેમાં પીળાં કપડાં રાખી વારસાગત–જ્ઞાનની કેટલીક મહત્ત્વની બાબતોને ગૌણ કરીને પણ ચારિત્રનો માર્ગ અક્ષુણ્ણ–અવ્યાબાધપણે ઉભો રાખ્યો હતો.

તે પરંપરાને સઘળા પ્રયત્ને પ્રોત્સાહન આપવા વિવિધ પ્રદેશોમાં વિચરી શાસનનો જયજયકાર કરનારા **પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી** મ. એ વખતના શાસનાનુરાગી ગુણગ્રાહી આરાધક પુણ્યાત્માઓના ધ્રુવ–તારક સમા હતા.

વળી **પૂ. ગૌતમસાગરજી** મ. રાજ્ય–શાસનના છિન્ન–ભિન્ન તંત્રના આધારે કથળી ગયેલ પ્રજાજીવનમાં ધર્મતંત્રની સુવ્યવસ્થા–દ્વારા અપૂર્વ–શાંતિના અમૃતનું સિંચન કરવા દ્વારા ભવ્ય–જીવોને પરમ આશ્વાસનરૂપ હતા.

આવા **પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી** મ.ની ઓજસ્વિની શાસ્ત્રીય–શુદ્ધ દેશના અને ઉદ્યત–વિહારિતાથી આકર્ષાઈ

મહેસાણા જૈન શ્રીસંઘે વિ. સં. ૧૯૧૨નું ચોમાસું આગ્રહપૂર્વક કરાવી વિવિધ ધર્મ–કાર્યોથી અને વિશિષ્ટ શાસન–પ્રભાવનાથી યાદગાર બનાવ્યું હતું.

આ ચાતુર્માસ દરમ્યાન **ઝવેરચંદજી** નામના નવયુવક ચઢતી જુવાનીમાં જીવનની સફળતા સર્વવિરતિના સ્વીકારમાં સમજી વૈરાગ્યના રંગે ખૂબ રંગાયા અને પૂ. ગુરૂદેવશ્રીને પ્રભુ–શાસનના સંયમ–પંથે નિશ્રાપ્રદાન કરવા આજીજીભરી વિનંતી કરી.

પૂ. **મુનિશ્રી ગૌતમસાગરજી મ.** એ પણ ક્ષણજીવી ઊર્મિ અને ભાવનાઓના આવેગમાં કયાંક અપરિપકવ નિર્ણયોમાં જીવન અટવાઈ ન જાય તેથી વારંવાર વિવિધ પરીક્ષણો દ્વારા **ઝવેરચંદની** મનોવૃત્તિ–વૈરાગ્ય ભાવનાને ચકાસી સંયમ–ગ્રહણની જવાબદારી સમજાવી કુટુંબીઓની સંમતિ માટે પ્રયત્ન કરવા જણાવ્યું.

શરૂઆતમાં મોહના ઉછાળાઓમાં અવરાયેલ–વિવેક બુદ્ધિવાળા કુટુંબીઓએ "જમને દેવાય પણ જતિને ન દેવાય" તેમજ "હજી તો તારી કાચી ઉંમર છે?" "સંસારના ભોગોને સમજ્યા–અનુભવ્યા વિના છોડવા કાં ઉતાવળો થાય છે?" આદિ શબ્દજાળની ભૂલ–ભૂલામણીભરી ગૂંચમાં **ઝવેરચંદને** અટવાઈ જઈ ઢીલો કરવા પ્રયત્ન કર્યો, પણ યથોત્તર–પ્રવર્ધમાન

સંવેગ–રંગવાળા **ઝવેરચંદે** શરીરની અસારતા અને જીવનની ક્ષણભંગુરતા સમજાવવા સાથે ધર્મ–આરાધનામાં જરાપણ પ્રમાદ ન કરવાની વાતની રજુઆત કરી, તેમજ પોતાની રહેણી–કહેણીમાં સાદાઈ, વિગઈઓનો ત્યાગ, આંબિલની તપસ્યા આદિથી ચાલુ જીવન–વ્યવહારના ત્યાગ–વૈરાગ્યમાં પ્રતિબિંબ પાડી કુટુંબીજનોને આખરે સંમત કર્યા, માતાજીનો મોહભાવ કેમે કરી ઢીલો ન થયો, તેથી **ઝવેરચંદભાઈએ પૂ. શ્રી ગૌતમસાગરજી મ.** ને બધી વાત કરી.

પૂ. શ્રી ગૌતમસાગરજી મ. શ્રીએ "સાપ મરે નહીં" "પત્થર તળે આંગળી હોય ત્યારે બળ નહીં, કળનું કામ" "કળની જગ્યાએ બળ કરવા જતાં વાત તુટી–બગડી જાય" આદિ સુભાષિતોને નજર સામે રાખી **ઝવેરચંદને** સમજાવ્યું કે—

"ભાઈ! તારી ઉંમર હાલ પંદર વર્ષની છે, કારતક વદમાં તને સોળમું બેસે છે તો કા. પૂનમ પછી હું અહીંથી વિહાર કરીને **અમદાવાદ** જઈશ, ત્યાં તું કારતક વદમાં આવી જજે!

સોળવર્ષનો તું થાય એટલે શાસ્ત્રીય રીતે અને લૌકિક કાયદાની રીતે વાંધો નહીં! અને તારી માતા તો ખૂબ ધર્મના રંગથી રંગાયેલ છે, એ તો મોહનાં તોફાન ભલભલાને આડા

આવે ! પણ છેવટે તને કંઈ સંયમ લીધા પછી પાછો તો નહીં જ લઈ જાય એટલી મને ખાત્રી છે.

કેટલીકવાર સંયોગોની વિષમતાએ રાજમાર્ગને છોડી આપવાદિક–ગલીકૂંચીનો પણ આશરો લેવો પડે, માટે જરા ધીરજ ધર ! ઉતાવળ કામને બગાડે છે વગેરે."

ઝવેરચંદે પણ કા. પૂનમ થઈ અને તુર્ત પોતાને સંસારની ખાણમાંથી છુટવાની તકમાં ઢીલ થવા બદલ પોતાના અંતરાયકર્મની વાત વિચારી પૂ. ગુરૂદેવશ્રીના વચનને શિરોધાર્ય કરી વાતને વિસારે પાડી.

કાર્તિક પૂર્ણિમાએ સિદ્ધાચલજીના પટની યાત્રા કરી પૂ. **મુનિશ્રી ગૌતમસાગરજી મ.** શ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો. ઝવેરચંદને પૂ ગુરૂદેવ સાથે વિહારમાં રહેવા ભાવના હતી. પણ તેમ કરવામાં પોતાને કારતક વદમાં અમદાવાદ પહોંચી દીક્ષા આપવામાં કુટુંબીઓ નાહક મહારાજને છોકરો ઉપાડી ગયાનો આક્ષેપ કરી વાતાવરણ ડોળે–તેથી ગુરૂ આજ્ઞા તહત્તિ કરી ભારે હૈયે **ઝવેરચંદભાઈ** ઘરે પાછા આવ્યા. અને કેદખાનામાં રહેલો કેદી જેમ દિવસો ગણે તેમ કારતક વદના દશ દિવસો દશ યુગ જેવા પરાણે પસાર કર્યા.

પૂ. ગુરૂદેવશ્રીની સૂચના પ્રમાણે કા. વ. ૧૧ સોમવારે

સૂર્યોદય વખતના મંગળકારી–વિજયમુહૂર્તે સાત નવકાર ગણી ઘરેથી નિકળી મોટા દહેરાસરે સ્નાન કરી **શ્રીમનરંગા–પાર્શ્વનાથ** પ્રભુની અને **શ્રીસુમતિનાથ**–પ્રભુની વાસક્ષેપ પૂજા કરી ૧ બાંધી માળા શ્રી નવકાર–મહામંત્રની ગણી અમૃત ચોઘડીયામાં ૨૧ નવકાર ગણી **મહેસાણાથી** પ્રસ્થાન કરી યોગ્ય સાધન દ્વારા કા. વદ ૧૩ બુધવારના બીજા અમૃત ચોઘડીએ **રાજનગર–અમદાવાદમાં ઝવેરીવાડ, સૂરજમલ** શેઠના ડેલામાં બિરાજમાન **પૂ. શ્રી ગૌમતસાગરજી મ.** ના ચરણોમાં ઉમંગભેર પહોંચી ગયા.

પૂ. મહારાજશ્રીએ પણ ચઢતે–રંગે સંયમની ભાવનામાં ઓતપ્રોત બનેલ **ઝવેરચંદને** યોગ્ય આશીર્વાદ વાસક્ષેપ દ્વારા આપ્યા, ઝવેરચંદભાઈ એ વદ ૧૪ નો અહોરાત્રિ પૌષધ પૂ. ગુરૂદેવશ્રી પાસે કર્યો.

પૌષધ દરમ્યાન બપોરે પૂ. ગુરૂદેવશ્રીને **ઝવેરચંદે** પોતાને વહેલામાં વહેલા ભાગવતી દીક્ષાનું પ્રદાન કરવા વિનંતિ કરી. પણ પૂ. મહારાજશ્રીએ કહ્યું કે–

" ભાઈ! દરેક કામ પદ્ધતિપૂર્વક કરવાથી પાછળ પસ્તાવું ન પડે, દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવનું પણ પ્રબળ નિમિત્તરૂપે કાર્યની સિદ્ધિમાં મહત્ત્વ છે.

અહીંના નગરશેઠ આપણી **સાગર**–પરંપરાના વફાદાર ભક્ત છે, તેમના કાને વાત નાંખ્યા સિવાય આવું મહત્ત્વનું કામ શી રીતે થાય ?

હવે તું નિશ્ચિન્ત રહે! કા. વ. ૧૦ થી તને સોળમું બેઠું છે હવે કાયદેસર તારા પર કુટુંબીજનો કંઈ કરી શકે તેમ નથી ! બાકી કુટુંબીઓ કદાચ આવી ધમાલ કરે કે મોહના ચેનચાળાનું પ્રદર્શન કરે તો તે પ્રસંગે ટકવું તે તારી ભક્ત-મતાને આભારી છે. જો તું મોહના સંસ્કારોને બરાબર જીતી ન શકયો હોય તો સંયમ લઈને છેવટે મોહની કારમી જંજાળોમાં ફસાઈ જાય !

માટે કદાચ કુટુંબીઓ આવે તો પણ ગભરાવું નહીં ! અત્યારે વદ પક્ષ ચાલે છે, સુ. રના મંગળ દિને મુહૂર્ત જોઈને યોગ્ય દિવસ નક્કી કરી લઉં–પછી અહીંના આગેવાનોને વાત કરી જોઉં !

તેઓ જો સંમત થતા હોય તો શાસન–પ્રભાવના પૂર્વક તારી દીક્ષા થાય તો શો વાંધો છે !

ઝવેરચંદ તો પૂ. ગુરૂદેવશ્રીની અગમચેતી–દીર્ઘદૃષ્ટિ, શાસ્ત્રાનુસારિતા અને વ્યવહાર– કુશળતા નિહાળી મનોમન પૂ. ગુરૂદેવશ્રી પર ઓવારી ગયો.

પૂ. મુનિશ્રી **ગૌતમસાગરજી મ.** ને માગ. સુ. ૨ના દિવસે પંચાંગ–શુદ્ધિ–ઉત્કૃષ્ટ યોગબળ અને ચંદ્રબળવાળો દિવસ મુહૂર્તની દૃષ્ટિએ જોતાં માગ. સુ. ૧૧ નો દિવસ સર્વશ્રેષ્ઠ લાગ્યો.

સોનામાં સુગંધની જેમ અઢારમા તીર્થંકર **શ્રી અરનાથ પ્રભુ અને ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ પ્રભુની** દીક્ષાનો દિવસ ઉપરાંત દોઢસો અને ત્રણસો કલ્યાણકની ખાણરૂપ મહાપવિત્ર મૌન એકાદશી રૂપ ગણાતો માગ. સુ. ૧૧ નો દિવસ મુનિપણું મેળવવા માટે સર્વોત્તમ ધારી દીક્ષાના મંગળ મુહૂર્ત તરીકે નિરધાર્યો.

ઝવેરચંદે પણ આ વાત જાણી મોડું પણ પોતાના સંયમ– જીવનની સફળતા માટે ઉત્કૃષ્ટ કોટિનુ મંગળ મુહૂર્ત ગુરૂમહારાજે જે નક્કી કર્યું તેને "ગુરુ–આજ્ઞા પ્રમાણ" કરી વધાવી લીધું.

પછી પૂ. મુનિશ્રી **ગૌતમસાગરજી મ.એ** અગ્રગણ્ય શ્રાવકો, નગરશેઠ વગેરેને યોગ્ય સમયે બધી વાત કહી, તેઓએ પણ ઉગતી વયે દીક્ષિત થનાર વ્યક્તિને વ્યવહારૂ રીતે ચકાસી તપાસી, ચઢતી જુવાનીમાં પ્રબળ ગુણાનુરાગભર્યું અભિવાદન કર્યું.

કો'ક ઉછાંછળા શ્રાવકે તેમના કુટુંબીઓ કેમ આવ્યા

નથી! નો પ્રશ્ન રજુ કર્યો, પણ વિવેકી શ્રાવકોએ પૂ. મહારાજશ્રી પાસેથી બધી પૂરી વિગત જાણેલી હોઈ–' ભાઈ! લોખંડની બેડીઓ તોડવી સહેલી છે, પરંતુ મમતાના કાચા સૂતરના બંધન ઝટ તૂટતા નથી! આટલા દિવસથી આ ભાઈ અહીં છે! જો ખરેખર કુટુંબીઓનો વિરોધ હોત તો કેમ તેને ઉપાડી જવા ન આવ્યા? માટે એ તો મોહની ઘેરી–છાયા–તળે રહેલાઓની એવી જ સ્થિતિ હોય" આદિ સમજાવટથી મન સંપાદન કર્યું.

પૂ. ગુરુદેવશ્રીની સંમતિથી **શ્રી સંભવનાથ પ્રભુના** દહેરે અષ્ટાહ્નિકા–મહોત્સવ અને દીક્ષાર્થીને ભવ્ય વસ્ત્રાભરણોથી સુસજ્જ કરી દીક્ષાના બહુમાન નિમિત્તે વાયણાં જમાડવાનું શરૂ થયું.

આખા **રાજનગર**માં સંવેગી–સાધુઓની પરંપરામાં નાની ઉંમરની દીક્ષા જાણવા મુજબ પ્રથમ હોઈ ખૂબ જ ધર્મોત્સાહ વર્તી રહ્યો.

માગ. સુ. ૧૦ ના બપોરે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નિકળ્યો. જેમાં અનેક–જાતની સામગ્રી હાથી–ઘોડા–છડીદાર, ચોઘડિયા, વિવિધ દેશી વાંજિત્રો, ચાંદીનો ભવ્ય રથ–જેમાં વીતરાગ–પ્રભુની સુંદર પ્રશમરસ ઝરતી પ્રતિમાજી–પ્રભુજીની પાલખી, પ્રભુભક્તિ માટે સંગીતકારોની મંડલી ઉપરાંત ચાર ઘોડાની શણગારેલ બગીમાં દીક્ષાર્થી છૂટે હાથે વર્ષીદાન આપી

રહેલ, આવો ભવ્ય વરઘોડો અમદાવાદી ધાર્મિક પ્રજાએ ઘણા વર્ષો પછી પ્રથમ નિહાળેલો.

નગરશેઠના ઘરેથી આ વર્ષીદાનનો વરઘોડો નિકળેલો, આખા શહેરમાં ફરી ઝવેરીવાડ શ્રી સંભવનાથ-પ્રભુના જિનાલયે ઉતર્યો, દીક્ષાર્થી ઝવેરચંદ ભાઈ પૂ. ગુરૂદેવ પાસે રાત્રિવાસ રહ્યા.

આવતી કાલે પૂ. ગુરૂદેવશ્રીના ચરણોમાં આત્મ સમર્પણ કરવારૂપની મહાભગીરથ ભાગવતી દીક્ષા લેવાની પૂર્વ ભૂમિકા રૂપે ગુરૂદેવના ચરણોમાં માનસિક પૂર્વ તૈયારી અંગે ભોગ-વિલાસના મોહક વાતાવરણમાંથી અળગા થઈ પ્રતિક્રમણ આદિ કરી સંથારે સૂઈ ગયા.

મૌન એકાદશીના મંગળ પ્રભાતે રાઈ પ્રતિક્રમણ કરી પૂ. ગુરૂદેવશ્રીના ચરણોમાં આત્મનિવેદન કરવાપૂર્વક દીક્ષાગ્રહણ માટેની પૂર્વ તૈયારી રૂપે જયણાપૂર્વક સ્નાન કરી શ્રીસંભવનાથ પ્રભુની ભાવોલ્લાસ ભરી અષ્ટપ્રકારી પૂજા કરી, સ્નાત્ર ભણાવી, શાંતિકળશ કરી, મંગળવસ્ત્રો પહેરી દીક્ષા માટે ભવ્ય સજાવટ પૂર્વક ઊભા કરાયેલ મંડપમાં મંગળ વાજિંત્રોના સરોદા સાથે શુભ શુકનની પ્રેરણા મેળવી સધવા-સૌભાગ્યવંતી સ્ત્રીઓના મંગળગીત સાથે ઝવેરચંદભાઈ ઊભા ગલેર આવ્યા.

પૂ. ગુરૂદેવશ્રીને વંદના કરી જ્ઞાનપૂજા કરી મંગળ વાસક્ષેપ નંખાવી શ્રીફળ હાથમા રાખી નંદી સમવસરણમાં રહેલ ચતુર્મુખ–જિનબિંબોને સાક્ષાત્ અરિહંત–તુલ્ય સમજી શ્રી નવકાર મહામંત્ર ગણવા સાથે ત્રણ પ્રદક્ષિણા આપી.

પછી ગુરૂદેવના જમણા હાથે ઈશાન ખૂણા સમક્ષ મુખ રાખવાપૂર્વક ચરિત્રગ્રહણ કરવાના અપૂર્વ ઉત્સાહ સાથે ગુરૂદેવના સ્વમુખથી મંગળક્રિયાનો પ્રારંભ કર્યો.

યોગ્ય મુહૂર્તે ઓઘો માંત્રિક–વિધિ સાથે વાસક્ષેપના અભિમંત્રણપૂર્વક જ્યારે મળ્યો, ત્યારે **અવેરચંદભાઈ** જાણે ત્રણ લોકનું રાજ્ય મળ્યું તેટલા ઉમંગથી હરખભેર ખૂબ નાચ્યા, અને પ્રભુ–શાસનના સંયમને મેળવી જીવનને ધન્ય બનાવ્યું.

બાકીની વિધિ થયા પછી શુભ લગ્ન–નવમાંશમાં મુનિશ્રી **અવેરસાગરજી** નામકરણ થયું.

સકળ શ્રીસંઘે પણ જિનશાસનના પ્રબળ જયઘોષપૂર્વક નૂતન મુનિશ્રીને અભિમંત્રિત વાસક્ષેપવાળા ચોખાથી ભાવપૂર્વક વધાવ્યા.

પૂ. ગુરૂદેવે મંગળકારી હિતશિક્ષા ફરમાવી કે–

"દેવોને પણ દુર્લભ માનવ–જીવનના સાર રૂપે સાવદ્ય યોગના સર્વથા ત્યાગ રૂપ સર્વવિરતિ–ચારિત્રની પ્રાપ્તિ કરી છે.

તો પ્રભુ-શાસનની વફાદારી જાળવવા સાથે સંયમ-ધર્મનું સફળ પાલન ગુરૂનિશ્રાએ આત્મ-સમર્પણ કરવા પૂર્વક કરી જીવન ધન્ય-પાવન બનાવો.''

નવદીક્ષિત-મુનિશ્રીએ પણ પૂ. ગુરૂદેવશ્રીના વચનોને શુકનની ગાંઠ જેમ હૈયામાં બરાબર ધારી લીધા.

પછી સકલસંઘ સાથે મહોત્સવપૂર્વક **શ્રી સંભવનાથ** પ્રભુના જિનાલયે દર્શન-ચૈત્યવંદન કરી **સુરજમલ** શેઠના ડેલે પધાર્યા.

સાગર-શાખાના બારમા પટ્ટધર **પૂ. મુનિશ્રી મયા-સાગરજી મ.** ના બે શિષ્યો પૈકી આદ્ય-શિષ્ય **પૂ. મુનિશ્રી નેમસાગરજી મ.** અને તેમની પરંપરા શાસનના ભવ્ય-ગૌરવને વધારનારી નિવડી, તે રીતે દ્વિતીય-શિષ્ય **પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ.** પણ અજોડ વ્યાખ્યાનકળા અને વીરતાથી શાસન-પ્રભાવના અદ્‌ભુત રીતે કરી રહ્યા હતા.

તેમાં શાસનના વિજયવંત પ્રભાવ બળે શ્રી સંઘના પુણ્યે **પૂ. અંબેરસાગરજી મ.** જેવા અદ્વિતીય-અજોડ આત્મ-શક્તિવાળા શિષ્યને મેળવી તેમની શાસનોદ્યોતની પ્રવૃત્તિમાં અજબ વધારો થયેલ.

દીક્ષા થઇ ત્યારથી જ બીજના ચંદ્રની કલાની જેમ પૂર્વ જન્મની વિશિષ્ટ-આરાધના બળે ગુરૂદેવની નિશ્રામાં આવશ્યક

ક્રિયાઓના પઠનની સાથે સંયમની ઝીણવટભરી જયણાની બાબતમાં ચોકસાઈપૂર્વક પૂ. **શ્રીઝવેરસાગરજી મ.** એ પૂ. ગુરૂદેવશ્રીના ઈશારામાત્રથી ઊંડાણભરી સમજણ સાથે નિપુણતા મેળવેલ.

વધુમાં તાત્ત્વિક-દૃષ્ટિના વિકાસને મેળવી સંયમની ક્રિયાઓ જ્ઞાનાભ્યાસ અને શાસનોપયોગી આત્મ-શક્તિના ઘડતરમાં ઝડપભેર આગળ વધવા લાગ્યા.

બહુ જ ટૂંકા ગાળામાં તેઓશ્રીએ સાધુ-જીવનને લગતો પ્રાથમિક અભ્યાસ અને **ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, શ્રીતત્ત્વાર્થ સૂત્ર** આદિનો સાંગોપાંગ અભ્યાસ કરી લીધો.

વધુમાં હૈયામાં ધબકી રહેલા વિશિષ્ટ શાસનાનુરાગને મૂર્તસ્વરૂપ આપવા ઉપયોગી થઈ પડે તે શુભ આશયથી પૂ. ગુરુદેવશ્રીની દોરવણી પ્રમાણે આગમાભ્યાસ માટે જરૂરી શબ્દ જ્ઞાનની ભૂમિકા પરિપકવ કરવા માટે તેમજ "**सर्वासामेव विद्यानां मुखं व्याकरणं स्मृतम्**"

સૂક્તિ પ્રમાણે પદભંજન, વ્યુત્પત્તિ અને સચોટ ભાષા-જ્ઞાન મેળવવા **સારસ્વત**-વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો.

બહુ જ ઝડપથી પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ બંનેને મૂળપાઠ ગોખી

તેના અર્થની વિવેચના પણ તીવ્ર બુદ્ધિના સફળ સહયોગથી મેળવી સાહિત્ય શાસ્ત્રનું અવગાહન કરી તર્કશાસ્ત્ર–ન્યાય-શાસ્ત્રની કઠણ પરિભાષાઓને પણ ગુરૂકૃપાથી હસ્તામલકવત્ કરી લીધી.

પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. શ્રીને ગુરૂકૃપાનું બળ વિનય અને આજ્ઞાંકિતતાથી મળેલ હોઈ પૂર્વ–જન્મની–આરાધના–બળે મળેલ જ્ઞાનના તીવ્ર–ક્ષયોપશમ–બળે એકવાર પણ વાંચેલું કે સાંભળેલું સ્મૃતિપથ પર ચોકસાઈથી અંકિત થઈ જતું, ધારણા-શક્તિ અને સ્મૃતિશક્તિ અજોડ હતી, સાથેજ મેળવેલા જ્ઞાનને ટકાવવાની તમન્ના પણ અજબ હતી.

મુખપાઠ કરેલ હજારો શ્લોકોની આવૃત્તિ–પુનરાવર્તન સાંજના પ્રતિક્રમણ પછી રાત્રે ઠેઠ મોડીરાત અગિયાર વાગ્યા સુધી અને સવારે વહેલા ઉઠીને પણ ચાર વાગ્યાથી કરવા ઉદ્યત રહેતા.

આ બધું જોઈ પૂ. **ગૌતમસાગરજી** મ.નું હૈયું ભવિ-ષ્યમાં શાસનનો અજોડ પ્રભાવક બનશે એ ધારણાના મૂર્તિમંત થઈ રહેલ કલ્પનાચિત્રથી આનંદવિભોર બની રહેતું

આ ઉપરાંત **શ્રી ઝવેરસાગરજી** મહારાજે પોતાના અન્ય ગુરૂબંધુઓ સાથે સૌમનસ્ય ભાવે તેમજ યથોચિત–વિનયની મર્યાદાથી વર્તી સામુદાયિક–જીવનના આદર્શ સંસ્કારોને જીવનમાં સ્થાપિત કર્યા.

અવસરે પૂ. ગુરૂદેવશ્રીના શાસનોપયોગી કાર્યમાં પણ યથાયોગ્ય સહકાર આપી શાસન હિતકર આંતરિક અનુભવ મેળવવા ઉજમાળ રહ્યા.

પૂજ્ય શ્રી સાધુ-જીવનની મર્યાદામાં અને ક્રિયાકાંડની ચુસ્તતાની જાળવણીમાં ખૂબ જ સજાગ હતા, તેમજ તેઓશ્રીએ જીવનમાં તત્ત્વદૃષ્ટિ અને વિવેકપૂર્ણ પ્રવૃત્તિના સુમેળથી દિન-પ્રતિદિન વૈરાગ્યના રંગને દૃઢ બનાવી લીધો હતો, તેઓશ્રીના શુદ્ધ ચારિત્ર્યની સુવાસથી પોતાના સમુદાય ઉપરાંત બીજા પણ અનેક ધર્મપ્રેમીઓના માનસમાં તેઓ શુદ્ધ-સાધુતાના પ્રતીક રૂપ બની રહ્યા.

ત્યાગ-તપના સુમેળવાળા સાધુ-જીવનમાં તેઓશ્રી પૂર્વના મહાપુરૂષોના પગલાંને અનુસરનારા બન્યા હતા, અનેક ધર્મના કાર્યો શાસનાનુસારી દીર્ઘદૃષ્ટિથી સફળપણે તેઓ કરાવી અનેક પુણ્યવાન ધર્મપ્રેમી-આત્માઓના આકર્ષણ કેંદ્રરૂપ નિવડયા હતા.

ગુરૂ-મહારાજની નિશ્રાએ ગુજરાતના નાના-મોટા ગામોમાં વિચરવા દરમ્યાન પૂજ્યશ્રી વ્યાખ્યાન-પટુતા અને પ્રતિભાશાળી શબ્દ-શૈલિથી અનેક ભવ્યાત્માઓના હૈયામાં અદ્‌ભુત ધર્મ-પ્રેરણાઓ ઉપજાવી શકયા હતા.

દીક્ષા પછીના ત્રીજા વર્ષે આગમાભ્યાસ માટેની પૂર્વભૂમિકા

રૂપ સાધન ગ્રંથો–શબ્દશાસ્ત્ર વ્યાકરણ અને તર્કશાસ્ત્ર પર અદ્વિતીય–પ્રભુત્વ મેળવી વિ.સં. ૧૯૧૫ના **રાજનગર–અમદાવાદના** ચાતુર્માસમાં તે વખતના તપાગચ્છાધિપતિ સંવેગી શાખાના મહાધુરંધર પ્રભાવક પૂ. તપસ્વીશ્રી **બુદ્ધિવિજયજી** મ. (**બુટેરાયજી** મ.) ના શિષ્યરત્ન જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ, શીલ, સંયમાદિ અનેક ગુણોથી અલંકૃત પ્રૌઢ પ્રતિભાશાળી **પૂ. મુક્તિવિજયજી** મ. (મૂળચંદજી મ.) ગણીના ચરણોમાં વિનયભાવપૂર્વક બેસી **દશવૈકાલિક સૂત્રની** હારિભદ્રીય–ટીકાના વાંચનથી આગમ–અભ્યાસનો પ્રારંભ કર્યો.

અપાર સમુદ્ર જેવા **શ્રી આવશ્યક સૂત્રના** વાંચન માટે સં. ૧૯૧૬ નું ચોમાસું પણ **અમદાવાદ** કર્યું, બે વર્ષ સળંગ ગુરૂનિશ્રાએ વિનીત–ભાવથી રહી **શ્રી આવશ્યકસૂત્ર**–હારિભદ્રીય ટીકાને તથા **શ્રી વિશેષાવશ્યકભાષ્યની મલધારી શ્રી હેમચંદ્રસૂરિ** મ૦ ની ટીકાને અવગાહી તેના રહસ્યને આત્મસાત્ કરી સઘળા આગમો વાંચવા માટેની પદ્ધતિ હસ્તગત કરી, સાથે સાથે **નંદીસૂત્ર** અને **અનુયોગ દ્વાર**–સૂત્રની વાચના પણ મેળવી આગમાભ્યાસ માટેની પીઠિકા મજબૂત રીતે આ બે ચોમાસામાં તૈયાર કરી લીધી.

આ રીતે પૂ. ગુરૂદેવશ્રીની શાસન–પ્રભાવનાની અનેક પ્રવૃત્તિઓને લક્ષ્યમાં રાખી પોતાની જાતને વધુ શાસનોપયોગી

બનાવવા જરૂરી આગમાભ્યાસ માટે પૂ. ગુરૂદેવશ્રીની સંમતિથી પોતે પૂ **શ્રી દયાવિમલજી મ.** અને પૂ. **શ્રીમણિવિજયજી મ.** પાસે **શ્રી મૂળચંદજી** મ. ની નિશ્રાનો સ્વીકાર કરી આગમોના ગૂઢ, પદાર્થોને ગ્રહણ–આસેવન શિક્ષા દ્વારા મેળવવા ભગીરથ પ્રયત્ન પ્રારંભ્યો અને વર્ષો સુધી ગુરૂકુળવાસના સુમધુર–ફળરૂપે આગમોના ગૂઢ–તત્વોની જાણકારી અને વિશુદ્ધ સંયમી–જીવનના પાયાના તત્વોની સફળ માહિતી મેળવવા પૂજ્યશ્રી સૌભાગ્યશાળી બનેલા.

તે વખતના સંવેગી–સાધુઓમાં પ્રૌઢ તેજસ્વી, સંયમમૂર્તિ અને આગમિક–રહસ્યવેત્તા તરીકે પૂ. **શ્રી દયાવિમલજી મ.** ગણિ તથા પૂ પં. **શ્રી મણિવિજયજી મ.** દાદાની ખ્યાતિ બહુ હતી, અને પૂ. **શ્રી મૂળચંદજી ગણી ભગવંતનો** પુણ્ય–પ્રતાપ પણ અનેરો હતો, આખા **શ્રીસંઘમાં** તેમના વચનને ઝીલવાની પૂર્ણ તૈયારી હતી.

આવા મહાપ્રભાવશાળી પૂ. **શ્રી મૂળચંદજી મ.** ની પાવન નિશ્રાએ પૂજ્યશ્રીએ વિનીતતા, ગંભીરતા, સમયસૂચકતા અને આંતરિક–નમ્રતાથી પૂ. **શ્રી દયાવિમલજી મ.** તથા પૂ. પં. **શ્રી મણિવિજયજી મ.** તેમજ પૂ. **મૂળચંદજી મ.** નું મન એવું સંપાદન કરેલ કે સર્વ સાધુઓ કરતાં પૂજ્યશ્રીનું સ્થાન દ્રવ્ય–ભાવથી પૂ. **મણિવિજયજી મ.** અને

પૂ. શ્રી મૂળચંદજી મ. પાસે અનેરૂં હતું. પૂ. શ્રીમૂળચંદજી મ. એ પણ પાત્રતાની ચોકસાઈ કરી શાસન અને આગમોના નિગૂઢ-તત્ત્વો પૂજ્યશ્રીને એકાંતમાં બેસાડી ખૂબ જ પ્રેમાળ પદ્ધતિએ ઘોળી પાયાં હતાં, પરિણામે પૂજ્યશ્રીએ પણ પોતાની જાતને સર્વસ્વ-સમર્પણ રૂપે પૂ. શ્રી મૂળચંદજી મ. ના ચરણોમાં સમર્પિત કરી દીધી હતી.

જેથી આ-બાળ-ગોપાળ જનતામાં એમ કહેવાતું કે-પૂ.શ્રી ઝવેરસાગરજી મ. ઉપર પૂ શ્રી મૂળચંદજી મ. ના ચાર હાથ છે. અને લોકો પણ પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ને પૂ.શ્રી મૂળચંદજી મ. ના જ શિષ્ય તરીકે ઓળખવા લાગ્યા.

આવું હતું પૂજ્યશ્રીનું નિષ્ઠા-ભક્તિ ભર્યું સમર્પણ !!!

આ રીતે પૂર્ણ-અર્પિતતા અને વિનીતતાભરી સાહજિક-નમ્રતાના સુમેળથી પૂજ્યશ્રીએ છ-સાત વર્ષના ટૂંકા ગાળામાં લગભગ સઘળા આગમો ધારી આગમિક-પદાર્થોના રહસ્યને પારખવાની કૂંચી સમી ગીતાર્થતા મેળવી, એટલું જ નહીં, પણ વિચારણાના વિરોધાભાસ વખતે પૂજ્યશ્રીની દોરવણી શાસ્ત્રાનુકૂળ અને ટંકશાળી મનાવા લાગી.

આ ગાળામાં પ્રાયઃ વિ. સં. ૧૯૧૬ ના માહ વદ ૭ દિવસે પોતાના જીવનોપકારી દીક્ષાદાતા ગુરૂદેવશ્રી ગૌતમસાગ-

રજી મ. નો બોતેર વર્ષની વયે રાજનગર–અમદાવાદ નાગોરીશાળાના ઉપાશ્રયે કાળધર્મ થવાથી પોતે પૂ. શ્રી મૂલચંદજી મ. ની પાવનકારિણી નિશ્રાને જીવનના છેડા સુધી નભાવી શકાય તે રીતે અંગીકાર કરેલ.

પૂજ્યશ્રી પૂ. શ્રી મૂળચંદજી મ. ની નિશ્રાનો લાભ લેવાની સાથે સાથે વચગાળામાં આસપાસના પ્રદેશોમાં ટૂંકા ગાળા માટે વિહરી આવી સંયમની જયણાઓનું વિશિષ્ટ પાલન પણ કરતા હતા.

વિ. સં. ૧૯૨૫ માં પૂ. ગચ્છાધિપતિશ્રી પાસે કપડવંજનો શ્રી સંઘ શેષકાળમાં અષ્ટાહ્નિકા–મહોત્સવના પ્રસંગે વિનંતિ માટે આવેલ, પૂ. ગચ્છાધિપતિજીએ પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ને મોકલ્યા.

કપડવંજના શ્રી સંઘે ઉમંગભેર ખૂબ ઠાઠથી સામૈયાપૂર્વક પ્રવેશ કરાવી અદ્‌ભુત બહુમાન કર્યું–શ્રીફળ–રૂપિયાની પ્રભાવના પ્રથમ દિવસના વ્યાખ્યાનમાં કરી.

* પૂજ્યશ્રીની તાત્ત્વિક અને બાળ–જીવોને સમજાય તેવી

---

*મળી આવતા ઐતિહાસિક આધારો પ્રમાણે વિ.સં. ૧૯૩૫ આસો સુદ ૮ રાજનગર–અમદાવાદમાં પૂ.પં. શ્રી મણિવિજયજી મ૦ દાદાનો તથા વિ. સં. ૧૯૩૮માં પૂ. શ્રી બુટ્ટેરાયજી મ૦ નો સ્વર્ગવાસ થયો હોઈ ખરેખર તો પૂ. શ્રી મૂલચંદજી મ૦ ગચ્છાધિપતિ વિ. સં. ૧૯૩૮ પૂર્વે ન હતા.

રસિક વ્યાખ્યાન–શૈલીથી ધર્મપ્રેમી જનતા પર્વાધિરાજના દિવસોની જેમ ઉપાશ્રયમાં માય નહીં તેટલી બધી આવવા માંડી,

પૂજ્યશ્રી બુદ્ધિગમ્ય રીતે તર્કબદ્ધ દાખલા–દલિલો–દૃષ્ટાંતોથી આગમિક–પદાર્થોની ખૂબ સરસ છણાવટ કરતા; પરિણામે શ્રી સંઘમાં અનેરો ધર્મોત્સાહ પ્રકટેલ.

પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી **ગાંધી મગનભાઈ ભાઈચંદ** (ભગત) શ્રાવકજીવનની ક્રિયાઓની આચરણામાં જરૂરી તત્ત્વદૃષ્ટિ અને વિવેક બુદ્ધિનું મહત્ત્વ પૂજ્યશ્રીની દેશનાથી સમજી શકયા અને જાણે અંતરમાં એવો ઉઘાડ થયો–જાણે કે મહામૂલો ખજાનો જડયો ન હોય તેમ પૂજ્યશ્રીના વ્યાખ્યાનોથી આનંદવિભોર બની પોતાના જીવનને ધર્મક્રિયાઓના ચોકઠામાં

પણ પૂર્વોક્ત બન્ને પૂજ્ય પુરૂષોએ શાસન–સંઘની વ્યવસ્થાને પહોંચી વળવા પ્રૌઢ પુણ્યપ્રભાવ અને કુનેહ–કુશળતા આદિ ગુણોથી પૂ. **શ્રી મૂલચંદજી** મ૦શ્રીને આખા સંઘ–સમુદાયની વ્યવસ્થાનો ભાર વિ. સં. ૧૯૧૨માં દીક્ષા પછી ત્રીજા જ વર્ષે બન્ને પૂજ્યશ્રીઓએ પોતાના વતી સોંપ્યો હોવાનું જાણવા મળે છે. એટલે આ અર્થમાં અહિં પૂ. **મૂલચંદજી** મ૦ને પૂ. **ગચ્છાધિપતિ** શબ્દથી સંબોધ્યા છે. આગળ પણ આ રીતે સમજવું.

આખા પ્રકરણમાં જ્યા જ્યાં **પૂજ્યશ્રી** શબ્દ આવે ત્યાં પૂ. મુનિશ્રી **ઝવેરસાગરજી** મ૦ સમજવા.

ઢાળવાની ઘરેડમાં તત્ત્વદૃષ્ટિ–વિવેકબુદ્ધિના મિશ્રણથી ઉત્તમ ધર્મ-ક્રિયાઓનો સુંદર જીવન જીવવા રૂપે ઘાટ ઘડવા લાગ્યા.

એ રીતે પોતાના જીવનને લોકહેરીએ માત્ર ક્રિયાઓ કરી સંતોષ માણવાના ચાલુ ચીલામાંથી બહાર કાઢી જીવનને જ્ઞાનીઓની આજ્ઞાનુસાર સંસ્કારોના નિરોધ સાથે કર્મ–નિર્જરાના ધ્યેયના ઉચ્ચ આદર્શ તરફ વાળવા ભાગ્યશાળી બની શકયા.

તેમાં પૂજ્યશ્રીનો ભારોભાર ઉપકાર માની રહ્યા!

આ પ્રસંગ પછી પૂજ્યશ્રી પાછા રાજનગર–અમદાવાદ પધાર્યા. **મગનભાઈ ભગત** પૂજ્યશ્રીના સહવાસ અને વ્યાખ્યા-નથી મેળવેલી તત્ત્વદૃષ્ટિને અવારનવાર **અમદાવાદ** જઈ કલાકો સુધી ધર્મચર્ચા–જ્ઞાનગોષ્ઠીરૂપે વિવિધ જિજ્ઞાસાઓના ખુલાસા મેળવી વિકસાવી રહ્યા!

પૂજ્યશ્રી પણ **કપડવંજ–શ્રી સંઘ** તરફ અજ્ઞાત રૂપે પણ અંતરથી આકર્ષિત બની રહ્યા, જ્યારે અવસર મળે ત્યારે **પૂ. ગચ્છાધિપતિશ્રીની** આજ્ઞાથી આસપાસના પ્રદેશમાં કોઈક ધર્મકાર્ય પ્રસંગે વિહરવા ટાણે મેળ ખાય તો **કપડવંજની** સ્પર્શના અચૂક કરતા!

આમ કુદરતી અવિરત ગતિએ ચાલતા કાળચક્રના કેટલાક દાંતા પૂજ્યશ્રીના **કપડવંજ** તરફના વધુ પક્ષપાત અને **મગનભાઈના** અંતરના આકર્ષણ રૂપે ગતિશીલ બની રહ્યા.

આમ પૂજ્યશ્રી વિ. સં. ૧૯૨૬ ની સાલ સુધી પૂ. શ્રી ગચ્છાધિપતિની નિશ્રામાં રહી સચોટ આગમિક પરંપરાના મૌલિક તત્ત્વોને ગુરૂકુળવાસ, વિનય–સમર્પણ આદિ બળે મેળવેલ અદ્‌ભુત ગુરૂકૃપાથી આત્મસાત્ કર્યા.

પછી પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી જન્મભૂમિ **મહેસાણા** પધાર્યા, તેઓશ્રીની અજોડ વિદ્વત્તા, અલૌકિક પ્રતિભા અને સચોટ આગમિક વ્યાખ્યાનોથી પ્રભાવિત બની કુટુંબીજનો ઉપરાંત **શ્રી સંઘ** પણ પોતાના ગામનું એક રત્ન શાસનના ચરણે સમર્પિત થઈ અદ્વિતીય શાસનનું ગૌરવવંતુ આભૂષણ બની રહ્યાનું જાણી ગૌરવાન્વિત થયો.

બાદ **પાંચોટ, ધીણોજ, ચાણસ્મા, વડાવલી, ગાંભૂ, મોઢેરા શંખલપુર** થઈ **શંખેશ્વર**–મહાતીર્થની સ્પર્શના કરી **પાટણમાં** વિ. સ. ૧૯૨૭ નું ચોમાસું સ્વતંત્ર સર્વપ્રથમ કર્યું.

ચોમાસા દરમ્યાન થી **વિશેષાવશ્યક ભાષ્યનું** વાંચન આગમિક પદાર્થોની છણાવટ સાથે અનેક પુણ્યાત્માઓને પ્રેરક બન્યું.

ચાતુર્માસ દરમ્યાન વિવિધ તપસ્યાઓ અને અષ્ટાહ્નિકા મહોત્સવો થયા.

ઉણ–**થરાના** વતની શ્રદ્ધા–સંપન્ન શ્રી **પુનમચંદભાઈ**

ચોમાસા દરમ્યાન પૂજ્યશ્રીની દેશનાથી આકર્ષાઈ ધંધો વિગેરે આટોપી પખ્તુસણથી ઠેઠ કા. સુ. ૧૫ સુધી પૂજ્યશ્રીની નિશ્રામાં દેશવિરતિભાવે રહી સંસાર છોડી પ્રભુશાસનની ભાગવતી દીક્ષા સ્વીકારવા માટે તૈયારી કરી રહ્યા.

પૂજ્યશ્રીએ પણ શાસ્ત્રીય રીતે ચકાસી આત્મ-કલ્યાણનું ધ્યેય જીવનમાં ટકાવવું કેટલું કપરૂં છે ? તે સમજાવી પ્રભુશાસનના સંયમની તુલના મીણના દાંતે લોઢાના ચણા ચાવવા સાથે બતાવી યોગ્ય પાત્રતા પરખી કા. વ. ૫ ના દિને તેમના કુટુંબીજનો અને સકળ શ્રી સંઘના ઉત્સાહપૂર્વક ધામધૂમથી દીક્ષા આપી **શ્રી રત્નસાગરજી મ.** નામ આપી પોતાના સર્વપ્રથમ શિષ્ય તરીકે સ્થાપ્યા.

આ પૂર્વે દીક્ષાર્થી તો ઘણા આવેલ, પણ બધાને ગુરૂભાઈ અગર પૂ. ગચ્છાધિપતિશ્રીના શિષ્ય તરીકે દીક્ષિત કરેલ.

પછી વિહાર કરી **ઉંઝા-વિસનગર-દહેગામ** થઈ **અમદાવાદ** જઈ પૂ. ગચ્છાધિપતિશ્રીના ચરણોમાં જઈ નવ-દીક્ષિતને યોગવહન કરાવી વડી દીક્ષા અપાવી.

પછી પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી સૌરાષ્ટ્ર તરફ વિહાર કર્યો, **સાણંદ, વીરમગામ, લીંબડી, વઢવાણ, બોટાદ,** વિગેરે શહેરોમાં જઈ શાશ્વત ગિરિરાજશ્રી **સિદ્ધાચલજી** મહા-

તીર્થની ભાવભરી યાત્રા કરી. પૂ. ગચ્છાધિપતિના ગુરૂભાઈ પૂ. સરળાશયી, મહાધુરંધર જ્ઞાની, ક્રિયાપાત્ર પૂ. મુનિશ્રી **વૃદ્ધિવિજયજી** (વૃદ્ધિચંદ્રજી) મ. ની પાવન નિશ્રામાં **ભાવનગરમાં** ચાતુર્માસ કર્યું.

ચોમાસા દરમ્યાન પૂ. **શ્રી વૃદ્ધિચંદ્રજી મ.** ના બહોળા અનુભવની મલાઈ અને શાસનની ઝીણવટભરી ઓળખાણ પૂજ્યશ્રીએ મેળવી પોતાની જ્ઞાન–ગરિમામાં વધારો કર્યો.

અનેક ધર્મકાર્યોથી સાનંદ ચોમાસું પૂર્ણ કરી પાછા વળતાં **વલભીપુર** (વળા) માં પૂ. **શ્રી વૃદ્ધિચંદજી મ.** ના સહવાસથી વૈરાગી બનેલા, પણ યોગ્ય નિશ્રાની તપાસમા અટકી રહેલ પુણ્યાત્માશ્રી **કેશરીચંદ** ભાઇને અચાનક પૂજ્યશ્રીની પ્રૌઢ આગમિક–દેશના અને સચોટ રહિયાવાળી પ્રતિપાદન શૈલિ સાથે શુદ્ધ સંયમી–જીવનથી સુપુષ્ત રહેલ વૈરાગ્યભાવના પ્રદીપ્ત બની, કુટુંબીઓને સમજાવી શ્રીસંઘના સહકારથી પો. સુ. ૧૦ ના મંગળ દિને **શ્રી. દેવર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણ** ભગવંતે કરેલ છઠ્ઠી આગમ વાચનાની પુણ્ય–ભૂમિમાં પંચાવન વર્ષની પાકી વયે પણ અનેરા ચઢતા ઉલ્લાસપૂર્વક ધામધૂમથી દીક્ષા સ્વીકારી અને મુનિ શ્રી **કેશરસાગરજી** નામ રાખી પૂજ્યશ્રીએ પોતાના દ્વિતીય શિષ્ય બનાવ્યા.

પછી **બરવાળા–ધંધુકા–કોઠ–બાવળા** થઈ પુનઃ

પૂ. ગચ્છાધિપતિની નિશ્રામાં આપી યોગવહન કરાવી નૂતન દીક્ષિતને વડી દીક્ષા આપી.

એક વખતે * **ઉજમફઈની** ધર્મશાળામાં પૂ. ગચ્છાધિપતિની પાસે સિદ્ધગિરિ મહ–તીર્થની છ ગાઉની યાત્રા કરી માલવા પ્રદેશના **રતલામ– ઉજ્જૈન– ઇંદોરના** અગ્રગણ્ય શ્રાવકો મોટા જુથમાં વંદનાર્થે આવ્યા અને સુખશાતા પૂછી નીચે મુજબના ભાવાર્થની વિનંતી કરી કે—

"**સાહેબ ! દેશ મનોહર માળવો !**" **શ્રીપાળ રાસમાં** પૂ. **શ્રી વિનય વિ. મ.**એ જેના ગુણ ગાયા છે–પરદુઃખભંજન વિરુ-

---

*નગરશેઠ **હેમાભાઈ**નાં બહેન શ્રા **ઉજમબાઈ**એ વિ. સં. ૧૯૨૮ નૂતનવર્ષે પૂ. શ્રી **મૂલચંદજી** મ૦ની દેશનાથી પ્રભાવિત બની પોતાને રહેવાનું ઘર, હવેલી સકલ શ્રી સંઘને ધર્મધ્યાન કરવા ધાર્મિકસ્થાન–ઉપાશ્રય તરીકે શ્રીસંઘને અર્પણ કરવાની મંગળ જાહેરાત કરી.

આ મંગળ ભાવનાની પૂર્તિ અર્થે પૂ.શ્રી **મૂલચંદજી** મ૦ને સપરિવાર નવા વર્ષનું માંગલિક અને શ્રી **ગૌતમસ્વામીજી**-રાસ સંભળાવવા આગ્રહભેર વિનંતિ કરી પોતાના ઘરના આંગણે સકલ શ્રી સંઘને આમંત્રેલ અને સોનામહોરની પ્રભાવના કરેલ.

આજે પણ આ ધર્મસ્થાન **રતનપોળમાં વાઘણપોળમાં શ્રીચિંતામણિ પાર્શ્વનાથ** પ્રભુના જિનાલય પાસે પૂ.શ્રી **મૂલચંદજી** મ૦ની ગાદી તરીકે કહેવાતું સકળ શ્રી સંઘને ધર્મક્રિયાનું મહત્વનું કેન્દ્ર છે.

માદિત્યના નામથી જે માળવા પ્રખ્યાત છે, '**જે માળવાને માનું પેટ**' કહેવાય છે, ત્યાંના જૈનોને સંવેગી-સાધુઓના દર્શન જ થતાં નથી ! પાખંડીઓ ચિત્ર-વિચિત્ર દલીલોથી મુગ્ધજનતાને ધર્મમાર્ગથી વિમુખ બનાવી રહ્યા છે. સાહેબ ! કૃપા કરો ! કોઈક સારા વ્યાખ્યાતા અને શાસનની પ્રભાવના તેમજ ધર્મનો ઉદ્યોત કરી શકે તેવા મહાત્માને અમારે ત્યાં મોકલો ! ઘણા વર્ષના ભૂખ્યા-તરસ્યા બેઠા છીએ ! અહીં તો આપની છત્રછાયામાં ધર્મપ્રેમી લોકો પાંચ પકવાન્ન જમી રહ્યા છે પણ અમને તો રોટલો શાક હશે તો યે ચાલશે ! જરા કૃપા કરો ! ! ! "

પૂ. **ગચ્છાધિપતિએ માનાવલા** શ્રીસંઘના આગેવાનોની વાત સાંભળી કહ્યું કે " પુણ્યવાનો ! વાત સાચી છે ! શું કરું ! મારી કાયા હવે બહુ કામ આપે તેમ નથી ! અમારી ફરજ છે કે આવા પ્રદેશોમાં વિચરી પ્રભુ-શાસનની જાણકારી લોકોને થાય તેમ કરવું જોઈએ ! તમારી વાત પર જરૂર વિચાર કરીશ ! તમે કાલે મળજો ! "

પૂ. ગચ્છાધિપતિના મીઠા-કોમળ આશ્વાસનથી માલવાના ધુરંધર આવકો ઉત્સાહી બન્યા. બીજે દિવસે બપોરે ત્રણ પછી આવવાનું કહી વિદાય થયા.

પૂ. ગચ્છાધિપતિએ સાંજના પ્રતિક્રમણ પછી બધા સાધુઓને ભેગા કરી વાત મુકી કે—

" મહાનુભાવો ! સ્વ-કલ્યાણની ભૂમિકા સાથે પર-કલ્યાણની ફરજ ગુંથાયેલી છે ! માળવા જેવા પ્રદેશમાં સંવેગી સાધુઓનો પરિચય ઘટવાથી ઢુંઢકો, તેરાપંથીઓ, ત્રણ થુઈવાળા, ખરતર ગચ્છવાળા આદિ શાસન

બાજુ–સોકેા પગદંડેા જમાવી રહ્યા છે, તે બાજુ વિચરવા જેવું છે, છે કેાઈની ઈચ્છા ? તે બાજુ જવાની !"

સઘળા સાધુઓ એક અવાજે બેાલ્યા કે–" સાહેબ ! અમારે તેા આપની આજ્ઞા પ્રમાણ છે ! આપને ઠીક લાગે તેમને આપ આજ્ઞા કરેા ! યથાશક્તિ આપની આજ્ઞાને અમલમાં મુકવા અમે સહુ તૈયાર છીએ ! ! !

પૂ. ગચ્છાધિપતિશ્રીએ સંતુષ્ટ સ્વરે કહ્યું કે–" વાહ ! વાહ ! ધન્ય છે તમારી નિષ્ઠાને ! ઠીક છે ! હાલ તેા તમે બધા જાએા ! હું વિચારીને કહીશ !"

થેાડીવાર રહી પેાતાના સમુદાયનું કામકાજ બરાબર સંભાળનાર પૂ. **મુનિશ્રી મંગલવિજયજી મ.**, પૂ. **શ્રી ચંદનવિજયજી મ.**, તથા **પૂ. શ્રી નેમવિજયજી મ.** ને બેાલાવ્યા.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ કહ્યું કે " માલવાના સંઘની વાતનેા શેા જવાબ આપશું ? તેઓ કાલે બપેારે આવશે !"

સાધુઓએ કહ્યું કે– " વાત બરાબર છે તમારી ! પણ સાંભળવા પ્રમાણે હાલ માળવામાં ત્રણ થેાયનેા નવેા પંથ કાઢનાર આ શ્રી રાજેન્દ્રસૂરિનેા પ્રભાવ ઘણેા છે. એટલે માત્ર વ્યાખ્યાન આપે કે પ્રતિક્રમણ કરાવે કે ધર્મક્રિયા કરાવે તેવા સાધુને ત્યાં મેાકલવાનેા અર્થ નથી, પણ શાસ્ત્રીય રીતે રચનાત્મક શૈલિથી શાસ્ત્રીય પ્રરૂપણા એવી શૈલીથી કરે કે જેથી પાખંડીઓના બધા કુતર્કો શમી જાય. કદાચ જરૂર પડે તેા શાસ્ત્રાર્થ–ચર્ચા–વાદવિવાદમાં પણ જિનશાસનનેા ડંકેા વગાડે એવાને ત્યાં મેાકલવા જરૂરી છે.

પૂ. **નેમવિજયજી મ.** કહ્યું કે સાહેબ ! તેવા તો આ **મંગલ વિ. મ.** અને મુનિશ્રી **રાજવિજયજી મ.** તથા મુનિશ્રી **ઋદ્ધિ-વિજયજી મ.** આપણા સમુદાયમાં છે.

પૂ. **ચંદન વિ. મ.** બોલ્યા કે વાત તો બરાબર છે! પણ આ બધા અવસ્થાવાળા, **માલવા** જેવા દૂર દેશમાં જરા શક્તિશાળી અને નવજુવાન કોઈ જાય તો ઠીક રહે!

પૂ. **શ્રી મંગલવિજયજી** મ૦ એ કહ્યું કે 'સાહેબ! બધી વાત સાચી! પણ આપના નિશ્રામાં આગમિક જ્ઞાન અને સંયમની તાલિમ મળે છે, એટલે સાહજિક ગુરૂ-ભક્તિથી આટલે દૂર કોઈ જવા તૈયાર નહીં થાય. આપ આજ્ઞા કરશો તો કોઈ ના નહીં કહે, પણ અંતરથી મન કોચવાશે.

પૂ. **શ્રી નેમવિજયજી** મ૦ તથા પૂ. **શ્રી ચંદનવિજયજી** મ૦ બન્ને બોલ્યા કે 'હા! એ વાત સાચી સાહેબ! મધુર નિશ્રાનો લાભ જતો કરી આઘે વિહરવાનું તો કોઈ ઈચ્છે જ નહીં!'

પૂ. ગચ્છાધિપતિશ્રીએ કહ્યું કે- પુણ્યવાન છો તમે બધા! કે આવી વિવેકબુદ્ધિ તમારામાં છે, પણ **વ્યક્તિ કરતાં શાસન મોટી ચીજ છે.** મારી નિશ્રાનો લાભ સામે જોવા કરતાં શાસનના હિતનો વિચાર વધુ કરવો જોઇએ. તેમ છતાં તમારી લાગણીઓની અવગણના કરવા માગતો નથી! મને એમ લાગે છે કે- **ઝવેરસાગરજી**ને પૂછી જોઈએ તો!

ત્રણે જણાએ કહ્યું કે- 'હા! સાહેબ! બરાબર છે! યુવાન છે, ભણીગણી હાલમાં તૈયાર થયા છે, વ્યાખ્યાન-શૈલિ સારી છે,

વાદવિવાદમાં કોઈનાથી ગાંજ્યા જાય તેમ નથી. તેમજ શાસનનાં આવાં કામોની ધગશ ઘણી છે !!!"

પૂ. ગચ્છાધિપતિએ પોતાના સમુદાયના નાયકોના વિચાર લઈ પોતાની પસંદગીને આ રીતે સર્વમાન્ય કરવાની શાસ્ત્રીય શૈલિ અદા કરી.

સવારે દેરાસર દર્શન કરીને આવ્યા પછી પૂ. ગચ્છાધિપતિશ્રીને વંદન કરવા આવેલ ઝવેરસાગરજી મ.ને પૂ. ગચ્છાધિપતિએ કહ્યું કે– "ભાઈ! જરા બેસ! મારે એક વાત કરવી છે!

પૂજ્યશ્રી તો રાજી રાજી થઈ ગયા કે–" મારા સૌભાગ્યનો ચાંદ બઢતી કળાએ ઉગ્યો કે પૂ. ગચ્છાધિપતિ જેવા મહાપુરૂષ મને કંઈક કહેવા માંગે છે!"

વિનયપૂર્વક આસન પાથરી વંદના કરી બેઠા કે– પૂ. ગચ્છાધિપતિએ બધી વાત કરી કે–" માલવામાં પ્રભુશાસનની છાયા ઝાંખી પડી છે, તે માટે કંઈક કરવાની જરૂર છે!

પૂજ્યશ્રીએ કહ્યું કે–ફરમાવો! આપની આજ્ઞા શિરોધાર્ય છે!

પૂ. ગચ્છાધિપતિએ કહ્યું કે– તે માળવાના પ્રદેશમાં સમય–ચતુર શાસ્ત્રનિષ્ણાત અને શુદ્ધ સંયમી સાધુને મોકલવા વિચાર છે. ગઈ રાત્રે બધો વિચાર–વિનિમય કર્યો, મારી સાથેના સાધુઓમાં મોટે ભાગે વયોવૃદ્ધ ઘણા છે. આટલે દૂર હવે તેઓને ત્યાં મોકલવા ઠીક નથી, વળી તેઓનુ. મન પાકી અવસ્થાના કારણે મારી પાસે રહેવા ખેંચાય છે. માટે કળશ તારા પર ઢોળાય તો કેમ ?"

પૂજ્યશ્રી બોલ્યા કે– "સાહેબ! મારે આપની આજ્ઞા તહત્તિ છે, પણ! આ બે વર્ષ જુદા ચોમાસા કરી આવ્યો, પણ જે અમૃતના ઘુંટડા આપની નિશ્રામાં મેળવેલા તે ન મળવાથી મારી તો દૃઢ-ઈચ્છા આપના ચરણોમાં રહેવાની છે. તેમ છતાં આપની આજ્ઞા મારે પ્રમાણ છે!

પૂ. ગચ્છાધિપતિએ કહ્યું કે– "ભાઈલા! તારો વિનય અદ્‌ભુત છે! ખરેખર! તારી પાત્રતાએ મારા શિષ્યો જે નથી લઈ શકયા, તેથી વધુ મારી પાસેથી તને અપાવ્યું છે, શાસનની સેવા એ સૌથી મોટું કર્તવ્ય છે–તારા જેવા શક્તિશાળી વ્યાખ્યાન-શક્તિવાળા સાધુઓએ તો ઠેર ઠેર ધુમી પ્રભુ-શાસનનો વિજય-ધ્વજ ફરકાવવો જોઈએ, હવે અમે તો થાકયા. મારી સાથેના સાધુ તારા જેવું કરી શકે તેમ નથી, માટે પુણ્યવાન! તારે **માલવા** તરફ જવા વિચારવું જરૂરી છે!"

પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિના શબ્દો પાછળના રણકાર પારખી તુર્ત વિનયથી મસ્તક નમાવી **"આપ ફરમાવો તે મારે શિરોધાર્ય છે"** એમ કહી પૂ. ગચ્છાધિપતિના ચરણોમાં વંદન કરી રહ્યા.

પૂ. ગચ્છાધિપતિએ પણ તે જ વખતે વાસક્ષેપનો વાટકો મંગાવી સૂરિમંત્રથી વાસાભિમંત્રણ કરી પૂજ્યશ્રીના મસ્તકે ઉચ્ચ ગજાનો વાસક્ષેપ નાંખ્યો અને આશીર્વાદ આપ્યો કે–"**શાસનનો ડંકો વગાડજે!**"

પૂજ્યશ્રીએ પણ તહત્તિ કહી જીવનની પરમ ધન્યતા અનુભવી.

પૂ. ગચ્છાધિપતિશ્રીને પણ યોગ્ય વ્યક્તિને યોગ્ય કાર્યમાં જોડયાનો પરમ સંતોષ થયો. બપોરે નિયત–સમયે માલવના શ્રીસંઘના આગેવાનો આવ્યા, વંદના કરી સુખશાતા પૂછી ગઈ કાલની વિજ્ઞપ્તિનો ખુલાસો પૂછયો, એટલે પૂ. ગચ્છાધિપતિએ પૂજ્યશ્રીને પણ બોલાવી પાસે બેસાડયા. શ્રાવકોને ઉદ્દેશીને કહ્યું કે–

"महानुभाबो ! आपकी विनंति पर पूरी तरहसे सोचा गया है, जरूरत भी है आपके प्रदेशमें संवेगी–साधुओंके विहारकी, हमारी फर्ज भी है कि विशिष्ट धर्मलाभ होता. हा उस प्रदेशमें जरूर विचरना चाहीए, किन्तु परिस्थितिओंके कारण में उधर नही आ सकता ! मेरे साथ में साधु भी प्रायः वृद्ध हैं, वे इतनी दूर विहार करने में असमर्थ है, ज्ञानाभ्यास आदिके कारण वे इतनी दूर आना भी पसंद नहीं करते, एवं च आप जिस कार्य के लिए साधुओंका ले जाना चाहते हैं, उस कामके लिए तो ये महाराज (पूज्यश्री तरफ अंगुलिनिर्देश करी) सब तरहसे काबेल हैं, शास्त्रज्ञान गहरा है, व्याख्यान–शक्तिभी प्रभावशाली है, वाद्–विवादमें भी मजबूत है, सब तरह से आपके प्रदेशमें शासनका जयजयकार कर सके ऐसे सुयोग्य वे महाराज हैं, मेरे खास माने हुए इनेगिने शिष्यों में उनका स्थान उंचा है, इनको मैं आपके प्रदेशमें भेजनेका सोचता हुं."

આ સાંભળી પૂ. ગચ્છાધિપતિજીની જય બોલાવતા માલવાના શ્રાવકોએ ફરીથી કહ્યું કે–

"बापजी बडी कृपा की आपने! हमारे लिए आपके भेजे हुए बाल या वृद्ध कोई भी मुनि श्री **गौतमस्वामीजी** की बरोबर हैं। आपतो शासनके नायक है। आप जिसको भेजते होंगे वे हमारे प्रदेशमें फैल रहे पाखंड-मिथ्यात्व को दूर कर सके ऐसे ही भेजते होंगे। हमें तो आप पर पूरी श्रद्धा है।

માલવાના શ્રીસંઘે પૂ૦ ગચ્છાધિપતિશ્રી પાસે જ્ઞાનપૂજન કરી વાસક્ષેપ નંખાવી પૂજ્યશ્રી પાસે જઈ વંદના કરી વિનંતિ કરી કે—

"आप हमारे प्रदेश में जल्दी पधारो, और अज्ञान के अंधकारको हठाकर जिनशासनका प्रकाश फैलाओ। आप यहाँ से कब विहार करेंगे? और विहार में कोई जरुरत हो तो फरमावें, और हम उधरसे जानकार दो-चार श्रावकों को भक्ति के लिए भेजना चाहते हैं तो कब भेजें?

પૂજ્યશ્રીએ કહ્યું કે—"પુણ્યવાનો! शासनकी महिमा अपार है, देवगुरुकृपासे पू. गच्छाधिपतिने अनेक दूसरे समर्थ साधुओंके होते भी मुज बाल पर यह जो भार रक्खा हैं सोच-समज कर ही रक्खा होगा। मैं तो गुरु-चरणोंका सेवक हुं। शासनदेव सहाय करेगा हीं! में यहांसे फा. शु. २ को विहार करना चाहता हुं! विहारमें कोई जरुरत नहीं! यहांसे गोधरा तक तों श्रावकोंके घर हे ही! उसकें बाद शायद जरुर पडे, युं कि गोधराके बाद विकट जंगल भी है, तो श्रावकोको गोधरे ही भेजें तो ठीक! कयोंकि चैत्री ओली गोधरामें करनेका विचार हे।

માલવાના શ્રી સંઘે ફરીથી જ્ઞાનપૂજન કરી વાસક્ષેપ

નંખાવી પૂજ્યશ્રીને વહેલા વહેલા માલવા તરફ પધારવા વિનંતિ કરી વિદાય લીધી.

પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિ સાથે ફરી વિચાર-વિમર્શ કરી વિહારની તૈયારીઓ કરી. પૂજ્ય ગચ્છાધિપતિનો વાસક્ષેપ લઈ મંગલાચરણ સાંભળી બંન્ને શિષ્યો સાથે વિહાર કર્યો.

સર્વપ્રથમ **નરોડા** જઈ **ગોડી પાર્શ્વનાથ પ્રભુના** દર્શન-વંદન કરી "**શાસન પ્રભાવનાની શક્તિ વિકસે**" "**શાસનની વફાદારીપૂર્વક પોતાની જ્ઞાનશક્તિનો લાભ શાસ્ત્રીય રીતે જગતને આપી શકાય**" આદિ મંગલભાવના ભાવી જીવતી-જાગતી મનાતી **શ્રીપદ્માવતી દેવીના** સ્થાન આગળ પણ શાસન સેવામાં સહયોગ આપવાની ભાવનાપૂર્વક શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરી ભાવોલ્લાસ પૂર્વક શુભ શકુન મેળવી દહેગામ તરફ વિહાર કર્યો.

ત્યાંથી **બહીયલ આંતરસુબા** થઈ **કપડવંજ** પધાર્યા, શ્રી સંઘના આગ્રહથી **ફાગણ** ચોમાસીની આરાધના ત્યાં કરી **મગનભાઇ ભગતની** હાર્દિક ભૂમિમાં ભવિષ્યમાં તેમના કુળમાં ઉપજનારા પૂ. **ચરિત્રનાયકશ્રીના** જીવનને વિશિષ્ટ બનાવી શકે તેવા શાસનોપયોગી તત્ત્વોનું બીજારોપણ કર્યું.

કપડવંજના શ્રીસંઘનો ચોમાસા માટે ઘણો આગ્રહ થયો પણ પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી હાલ તો

માલવા પ્રદેશ તરફ જઈ રહ્યાનું જણાવી ભવિષ્યમાં કયારેક ક્ષેત્ર–સ્પર્શના બળે કરવા ભાવના વ્યક્ત કરી આગળ વિહાર શરૂ કર્યો.

લસુંદરા, બાલાસીનોર, મહેલોલ, વેજલપુર થઈ **ગોધરા** ચૈત્ર સુ. ૨ ના મંગળદિને પધાર્યા.

ત્યાંના શ્રી સંઘે પૂજ્યશ્રીને શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના અંગે આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી, પૂજ્યશ્રીએ યોગ્ય *અવસર જાણી સ્વીકારી સ્થિરતા કરી; પૂજ્યશ્રીની તાત્ત્વિક દેશના-* પદ્ધતિથી **ગોધરાનો** શ્રી સંઘ ખૂબ પ્રસન્ન થયો, ઘર–ઘેઠે ગંગા આવી સમજી ખૂબ ભાવોલ્લાસ સાથે શ્રી નવપદજીની આરાધનાની સામુદાયિક રીતે ભવ્ય તૈયારીઓ જિનેન્દ્ર ભક્તિ–મહોત્સવ–શાંતિ- સ્નાત્ર આદિના આયોજન સાથે કરવા માંડી.

પૂજ્યશ્રીની સલાહ–સૂચન મુજબ આયંબિલની ઓળીની આરાધના કરનારાઓના અત્તર- વાયણું–પારણું નવ દિવસ દરમ્યાન રોજ ઠાઠથી સામુદાયિક વિધિ ચોસઠ–પ્રકારી પૂજા, છેલ્લે દિવસે શાંતિસ્નાત્ર વગેરે ભવ્ય કાર્યક્રમ જાહેર કરી આરાધક ભવ્યાત્માઓના ધર્મોત્સાહમાં અનેરો વધારો કર્યો.

પૂજ્યશ્રીએ પણ વ્યાખ્યાનમાં **શ્રીપાળ–ચરિત્રના** મુખ્ય પ્રસંગોના રહસ્યના વિવેચન સાથે **શ્રીનવપદજીનું સર્વાધિક મહત્વ કેમ ?** તે વસ્તુના તાત્ત્વિક રીતે દાખલા-

દૃષ્ટાંતોથી સમજાવવાપૂર્વક રોજ એકેકપદની અર્થગંભીર રહસ્યાત્મક વ્યાખ્યા રજુ કરી જૈન શ્રીસંઘમાં સંવેગી પરંપરાના સાધુઓની અલ્પસંખ્યા અને વિચરણની ઓછાશથી સુષુપ્ત બનેલ ધર્મભાવનાને પર્વાધિરાજ શ્રી **પર્યુષણ** મહાપર્વના મંગળ દિવસોની જેમ દેદીપ્યમાન કરી.

ચૈ. સુ. ૧૩ લગભગ માળવાના શ્રી સંઘ તરફથી **રતલામથી** પાંચ-છ શ્રાવકો પૂજ્યશ્રીને વિહારમાં અગવડ ન પડે તે રીતે પૂરી તૈયારી સાથે આવ્યા.

પૂજ્યશ્રીએ પણ **ગોધરાના** શ્રીસંઘનો આગ્રહ ચોમાસા માટે છતાં પૂ. શ્રીગચ્છાધિપતિની આજ્ઞા પ્રમાણે **માલવા** તરફ જવાની વાત રજુ કરી અને **માલવા** સંઘ તરફથી શ્રાવકો લેવા માટે આવ્યા છે, માટે વધુ રોકાણ શક્ય નથી એમ જણાવી વદ ૧ સાંજે વિહારની જાહેરાત પૂનમના વ્યાખ્યાનમાં કરી.

પૂજ્યશ્રીએ વદ ૧ સાંજે **ગોધરા** શહેરની બહાર મુકામ કરી મંગલ-મુહૂર્ત સાચવી લીધું, માલવાથી આવેલ શ્રાવકો પણ રસોઈઆ, કામ કરનાર માણસો વગેરેની સગવડ લઈને આવેલ, એટલે ગાડાની વ્યવસ્થા કરી પૂજ્યશ્રીને સંયમમાં વધુ દૂષણ ન લાગે તેવા વિવેક પૂર્વક ભક્તિ માટે પગપાળા ચાલ્યા.

પૂજ્યશ્રી પણ **ગોધરાથી દાહોદ** અને **દાહોદથી**

રતલામ સુધીના ૧૦૦ માઇલના પ્રદેશમાં બીહડ જંગલ—વિકટ પહાડો આદિની વિષમતાવાળા પંથે યથાશકય સંયમની શુદ્ધિ પૂર્વક વિવેકી–શ્રાવકોની ભક્તિથી વૈ. સુ. ૧ **રતલામ** પહોંચી ગયા.

તે વખતે **રતલામમાં** શિથિલાચારી સાધુઓની વ્યક્તિગત–આચારની ઢીલાશથી જોર કરી રહેલ ઢુંઢકપંથી સ્થાનકમાર્ગીઓ અને કાળ પ્રભાવે મતભેદની જંજાળમાં સત્યની અટવામણીના નમૂના રૂપ તાજેતરમાં પ્રકટેલા ત્રિસ્તુતિક મતના પ્રવર્તક આ. **શ્રી વિજયરાજેન્દ્રસૂરિ મ. ના** છટાદાર પ્રવચનોની રમઝટ અને રોચક પ્રવચન—શૈલિથી શાસ્ત્રીયપરંપરા અનુયાયીઓ માટે ખૂબ જ વિસંવાદી વાતાવરણ સર્જાયેલ,

પૂ. શાસન–પ્રભાવક મુનિપુંગવ **શ્રી ઝવેરસાગરજી મ.** શ્રીએ થોડા દિવસ સર્વસાધારણ ધર્મોપદેશની ધારા ચલાવી લોકમાનસમાં જિનશાસનની મૂળ પરંપરાના વાહક સંવેગી—સાધુઓના પરિચય—સંપર્કના અભાવે ઘટી ગયેલી શ્રદ્ધાને વધારવા પ્રયત્ન કર્યો, સાથે સાથે પૂ. ગચ્છાધિપતિશ્રીએ જે કામ માટે પોતાને મોકલેલ છે, તે કામ માટે ભૂમિકાની તપાસમાં વાતાવરણનો અભ્યાસ કર્યો.

શ્રાવકોમાં એક બીજાના ગુંથાયેલ જ્ઞાતિના સંબંધોના

કારણે સત્યને વળગી રહેવાની ક્ષમતા ઓછી જણાઈ, સાથે જ સરખી રીતે સમજણ મળેલ ન હોઈ અજ્ઞાન–દશાના અંધારાં પણ શ્રાવકોના માનસમાં વધુ ઘેરાં લાગ્યાં.

આ ઉપરાંત પક્ષાપક્ષીના દાવપેચની કૂડી રમત પણ કાળ–બળે સૈદ્ધાન્તિક–મતભેદોને વિકૃત કરવામાં મોટા ભાગે ફેલાયેલ જણાઈ.

વધુમાં સ્થાનકવાસીઓ અને ત્રિસ્તુતિક–મતવાળાનાં પોતાના સાધુઓની બાહ્યચર્યા જે કે શાસ્ત્રીય—વચનોના અતિ–યોગના પરિણામે શાસ્ત્રની દૃષ્ટિએ સ્વચ્છંદ–ભાવવાળી કહી શકાય તેને આગળ કરી જિનશાસનની પરંપરાવાળા સાચા શ્રમણોના સંપર્કના અભાવે શિથિલાચારી યતિઓના વિકૃત આચારને આગળ કરી શાસ્ત્રીય–પરંપરાને ઝાંખી કરવાના કુચક્રોની ગતિશીલતા નિહાળી

ટૂંકમાં પૂ. શ્રી **ઝવેરસાગરજી** મ. ખૂબ જ ગંભીર ભાસતી પરિસ્થિતિનું અધ્યયન કરી કયા મહત્વના કેન્દ્ર પર હથોડો મારી ખોટકાઈ ગયેલ એંજીનને ચાલુ કરનાર કુશળ કારીગરની સૂઝબુઝની જેમ શાસ્ત્રીય બાબતોની મૌલિક ચિંતના અને ગીતાર્થપણાના મધુર મિશ્રણની તૈયારી કરવા લાગ્યા.

છેવટે જે. સુ. ૧૪ના વ્યાખ્યાનમાં તત્ત્વદૃષ્ટિ અને

જિનશાસનની માર્મિકતાના વિવેચનના સંદર્ભમાં— "આચાર-શુદ્ધિમાં કાળ બળે આવતી ઓછાશ તત્ત્વદૃષ્ટિની નિર્મળતાથી ક્ષમ્ય બની શકે છે, પણ ગમે તેટલા ઉત્કૃષ્ટ-આચારોનુ પાલન કરવાં છતાં તત્ત્વજ્ઞ ગીતાર્થ-મહાપુરુષોની પરંપરાની વિનય-વફાદારી અને તત્ત્વદૃષ્ટિની વિષમતાથી જિનશાસનની મૌલિક બાબતો અંગે કરાતો અપલાપ જીવનને વિષમતર કર્મોના બંધનમાં ફસાવનાર બને છે" આ વાતને ખૂબ જ તર્કબદ્ધ રીતે શાસ્ત્રીય- દૃષ્ટાંતોથી છણાવટપૂર્વક રજુ કરી.

જે. વ. ૫ સુધીના વ્યાખ્યાનોમાં "**આચારશુદ્ધિ જિનશાસનમાં મહત્ત્વનું અંગ છતાં જિનશાસનની વફાદારી સૌથી વધુ મહત્ત્વની છે.**" એ બાબત **મહાનિશીથ** આદિ સૂત્રોના સચોટ ઉદાહરણોથી શ્રોતાઓ સામે વ્યવસ્થિત રીતે રજુ કરી.

પરિણામે સ્થાનક-વાસીઓ અને ત્રિસ્તુતિક-મત-પાળાઓમાં ખળભળાટ શરૂ થયો. શ્રાવકોમાં અંદરોઅંદર વૈચારિક-સંઘર્ષ શરૂ થયા. પૂજ્યશ્રીએ વ્યાખ્યાનની પાટથી સ્પષ્ટ જાહેરાત કરી કે-

"જે જે જિજ્ઞાસુઓને મારા વચનોમાં સંશય કે શંકા ઉપજે કે મારી વાતની પ્રામાણિકતાની ખાત્રી કરવી હોય તે બપોરે ૨ થી ૪માં પ્રથમથી સમય નક્કી કરી પોતાના પક્ષના આગેવાન શ્રાવકોને સાથે લઈ જિજ્ઞાસુભાવથી રૂબરૂ મળી ખાત્રી કરી શકે છે."

"જરૂર પડે તો તે પક્ષના આગેવાન જાણકાર કે પક્ષ-નાયકો સાથે જાહેરમાં શાસ્ત્રપાઠોની લેવડ-દેવડપૂર્વક સત્ય વાતની રજુઆત કરવાની પણ મારી તૈયારી છે'

આ ઉપરથી સ્થાનકવાસીઓ પોતાના સાધુ મહારાજ પાસેથી દલીલો અને શાસ્ત્રપાઠોનો જત્થો લઈ અવારનવાર બપોરે આવવા લાગ્યા.

પૂજ્યશ્રીએ સ્થાનકવાસીઓને માન્ય બત્રીશ આગમોના જ પાઠો કાઢી બતાવી અને દલીલોમાં એકાંગીપણું પ્રમાણ-તર્કોદ્વારા સમજાવી આવનાર સ્થૂળ-બુદ્ધિવાળા શ્રાવકોનાં હૈયાં કૂણાં કરી દીધાં, વધુમાં પૂજ્યશ્રીના સંપર્કમાં આવેલા કેટલાક જિજ્ઞાસુ-શ્રાવકો હકીકતમાં અંતરથી મિથ્યાત્વની આગ્રહભરી માન્યતાઓની પકડ ઢીલી કરી શકયા. પોતાના સાધુઓ

અને પક્ષના મોવડીઓને સત્ય તત્ત્વની સમજુતી આપવા લાગ્યા પણ મતાભિનિવેશના કારણે સ્થાનકવાસી સંઘમાં ખળભળાટ વધુ ઉગ્ર બન્યો. કુતર્કો અને એકતરફી દલીલો અને વ્યક્તિગત આચાર-શિથિલતાની વાતો આડે ધરી પૂજ્યશ્રીની પ્રતિભાને ખંડિત કરવાનું વાતાવરણ સર્જાયું.

પૂજ્યશ્રીએ તો તત્ત્વદૃષ્ટિ સામે રાખી એક વાત ધ્યાનમા રાખી કે–

"મોટે ભાગે અભિનિવેશવાળા પાખંડીઓ સીધે રસ્તે સત્યતત્ત્વનો પલટો કરવો અશકય માની આડી-અવળી અસંબંદ્ધ અને ભળતી વાતોના આક્ષેપો રજુ કરી સામાને ઉશ્કેરાટમાં લાવી સત્ય-તત્ત્વના પ્રતિપાદનની દિશામાંથી ભળતી વાતોના ખુલાસા કરવાના આડે રસ્તે ચઢાવી જીભાજોડીમાં શક્તિનો અપવ્યય કરાવી થકવી દે અગર મૂળ વાતને ખોટી દલીલબાજીમાં અટવાવી દે."

તેથી પૂજ્યશ્રીએ તો બીજી વાતો સામા પક્ષ તરફથી ગમે તેવા જોશથી ઉશ્કેરાટ-આવેશ ઉપજાવે તેવી રજુ થવા છતાં મૂળવાત સૈદ્ધાન્તિક રીતે પકડી રાખી કે– "આ શાસ્ત્ર પાઠો છે! આનાથી સ્પષ્ટ રીતે મૂર્તિપૂજા પ્રમાણિત થાય છે. આ અંગે શું કહેવું છે? આ શાસ્ત્રપાઠોને ખોટા ઠેરવો! અગર

આની સામે કોઈ મજબૂત શાસ્ત્રીય પ્રમાણો તમારી પાસે હોય તે રજુ કરો.”

છેવટે સ્થાનકવાસી–પક્ષે જબ્બર ઉહાપોહ મચી ગયો, બહારગામથી પણ અનેક તે પક્ષના આગેવાનો આવી પોતપોતાની રીતે આડીઅવળી વાતો રજુ કરી પૂજ્યશ્રીના તર્કોને ગૂંચવવા લાગ્યા, પણ પૂજ્યશ્રીએ તો શાસ્ત્રના પાના હાથમાં રાખી “**આ અંગે શું કહેવું છે?**” બીજી બધી વાતો પછી!” એમ મજબૂતાઈથી મૂળ–વાતને વળગી રહ્યા.

પરિણામે ભદ્રિક પરિણામી જનતાનો મોટો વર્ગ સત્યતત્ત્વથી પરિચિત થયો. અને પૂજ્યશ્રીની નિશ્રાએ શાસનની તાત્ત્વિક ભૂમિકા નજીક આવવા ઉમંગવાળા બન્યા,

પણ કેટલાક જડ–પ્રકૃતિના તેમજ મિથ્યાભિનિવેશવાળાઓએ વાતાવરણ ખૂબ કલુષિત કરી નાંખ્યું.

એટલે પૂજ્યશ્રીએ પછી આ વાત પર પડદો પાડી દીધો. કોઈ જિજ્ઞાસાથી પૂછવા આવે તો જ, તે વિના આ વાતની ચર્ચા છોડી દીધી.

આ અરસામાં શ્રાવણ મહિને **શ્રી નેમિનાથ** પ્રભુના જન્મ–કલ્યાણક પ્રસંગે શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ કેવા ઉદાત્ત આશયથી કરવાની અને લૌકિક દેવો તથા લોકોત્તર દેવો વચ્ચે શો તફાવત છે? એ પ્રસંગે જિનશાસનની મર્યાદા-

એનું વર્ણન કરતાં સમ્યગ્દૃષ્ટિ દેવોનું આરાધનામાં કેવું ઉચ્ચ સ્થાન છે ! તેમની શ્રદ્ધા-ભક્તિનું હાર્દિક બહુમાન રાખવા સાથે પ્રસંગે ધર્મક્રિયાની આરાધનામાં વિઘ્ન-નિવારણ દ્વારા સહાયક થવા રૂપે સ્મરણ કરવાની વાત શાસ્ત્ર-સિદ્ધ કેવી રીતે છે ! વગેરે વિચારણાની શરૂઆત કરી.

શ્રા. વ. ૧૦ સુધી વ્યાખ્યાનમાં આ અંગે જોરદાર પ્રરૂપણા ચાલી, આ ઉપરથી ત્રિસ્તુતિક મતના શ્રાવકો ખળભળ્યા. પૂજ્યશ્રી પાસે આવી પોતાની ચાલુ હલીલો અવિરતિને વિરતિધારી નમસ્કાર કેમ કરે ? વગેરે રજુ કરી.

પૂજ્યશ્રીએ સચોટ શાસ્ત્રીય-પ્રમાણો સાથે રદિયા આપ્યા. અને ઠસાવ્યું કે **"સમ્યગ્દૃષ્ટિદેવો-શાસનના રખેવાળ છે. તેઓની શ્રદ્ધા-ભક્તિ અને સમ્યગ્દર્શનની નિર્મળતાનું અનુમોદન વિરતિધારી પણ કરી શકે"** વગેરે.

જે સાંભળી ત્રિસ્તુતિક-મતવાળા પોતાના મુખ્ય ગુરુ **આ. શ્રી વિજય રાજેંદ્રસૂરિ મ.** કે જેઓ **રતલામમાં** જ હતા. તેઓને બધી વાત કરી. તેઓએ પણ સંવેગી-પરંપરાનો આ નવો સાધુ શું આગમમાં સમજે ! આ તો આગમની ગૂઢ બાબત છે! વગેરે વાતો કહી પોતાના શ્રાવકોને પૂજ્યશ્રીની

વિદ્વત્તાભરી પ્રવચન-શૈલિ અને શાસ્ત્રીય-તત્ત્વોની તર્કબદ્ધ રજુ-આતથી ઉપજેલ અંજામણી-અસરમાંથી મુક્ત કરવા કોશિશ કરી.

શ્રાવકો તે વખતે તો શાંત થઈ ઘરે ગયા, પણ પૂજ્યશ્રીની વાતોમાં શાસ્ત્રીય-પદાર્થોની ભવ્ય રજુઆત, શાસ્ત્રીય પાઠોનો રણકાર અને પૂજ્યશ્રીની વિશુદ્ધ સંયમ-ચર્યાથી ઉપજેલ હૈયાની ઊંડી અસરથી ફરીથી અંદરોઅંદર વિચારવા લાગ્યા કે—

"આપણા ગુરુજીને આપણે ફરીથી વિનવવા જોઈએ કે સંવેગી સાધુમહારાજે જે શાસ્ત્રીય-પાઠોની રજુઆત કરવાની તૈયારી સાથે ત્રિસ્તુતિક-મતની માન્યતાને આડકતરો પડકાર ફેંકયો છે! તો આ અંગે આપણા ગુરુજી મારફત જવાબ અપાવવો જ જોઈએ" વગેરે.

બધા શ્રાવકોએ આગેવાનોને ભેગા કરી બધી વાત કરી, આગેવાન શ્રાવકો "ગુરુમહારાજે કહ્યું છે તે બરાબર છે"—એમ કરી ભીડી વાળતા હતા, પણ જિજ્ઞાસુ કેટલાક શ્રાવકોએ કહ્યું કે—"એમ વાતને ટૂંકાવવાથી શો ફાયદો! આપણા ગુરુજી કહે છે કે—તે સંવેગી નવો સાધુ છે, તે આગમમાં શું સમજે? આ તો આગમની વાત છે! પણ તે સંવેગી સાધુ તો શાસ્ત્રીય-પાઠો આપવા તૈયાર છે, તો સત્યનો નિર્ણય શાસ્ત્રાધારે થવો જોઈએ."

એટલે આગેવાનોએ કહ્યું કે–"આપણા ગુરુજી કહે છે તે બરાબર છે. આપણા ગુરુજી સામે આ સંવેગી નાના સાધુનું શું ગજું ? તે શું શાસ્ત્રોના પાઠો આપશે ? તમારે શાસ્ત્રોના પાઠો જોઈતા હોય કે સમજવા હોય તો ચાલો આપણા ગુરુજી પાસે ! તેઓ ઘડાઘડ અનેક શાસ્ત્રોના પાઠો આપશે.

એમ કહી તે બધા આ **શ્રી વિજયરાજેન્દ્રસૂરિ મ.** પાસે આવ્યા, બધી વાત કરી, એટલે આચાર્ય મહારાજે જાહેર કર્યું કે–આવતી કાલે વ્યાખ્યાનમાં આ અંગે શાસ્ત્ર પાઠો સાથે વિસ્તારથી રજૂઆત થશે.

આ વાતના સમાચાર પૂજ્યશ્રીને પણ મળી ગયા. પૂજ્યશ્રીએ સમજુ–વિવેકી શ્રાવકોને કાગળ–પેન્સીલ લઈ ત્યાં સાંભળવા મોકલ્યા કે–તેઓ કયા કયા શાસ્ત્રો કે આગમોના પાઠ આપે છે ! તે નોંધી લાવશો.

બીજા દિવસે હજારો માણુસોની ભરચક સભામાં **આ૦ શ્રી વિજયરાજેન્દ્રસૂરિજી**એ પોતાની વાતની રજુઆત કરી–તેના ટેકામાં શાસ્ત્રપાઠો પણ રજુ કર્યા.

પૂજ્યશ્રીએ પણ આખા **રતલામ** શહેરમાં શ્રી સંઘ તરફથી કરાયેલ જાહેરાત સાથે બીજે જ દિવસે સમ્યગ્દૃષ્ટિ દેવો અંગે શાસ્ત્રીય–માન્યતાઓના વિવેચન સાથે **'ધર્મમાં**

સહાયક તરીકે આવશ્યક ક્રિયાઓમાં તેમનું સ્મરણ વ્યાજબી છે' એ વાત ઢગલાબંધ શાસ્ત્રના પ્રમાણોથી તેમજ વ્યવહારુ દૃષ્ટાંતો અને બુદ્ધિ-ગમ્ય તર્કોથી રજુ કરી.

શ્રોતાઓ તો સાંભળીને દંગ થઈ ગયા કે— 'હકીકતમાં સાચું શું ?' ગઈ કાલે આ. શ્રી રાજેંદ્રસૂરિએ શાસ્ત્રીયપાઠો પૂર્વક આવશ્યક - ક્રિયાઓમાં કરાતી સમ્યગ્ દૃષ્ટિદેવોની આરાધના અ-શાસ્ત્રીય છે' એમ સાબિત કરેલ. આજે પૂ. શ્રી ઝવેરસાગરજી મ. શાસ્ત્રીય પાઠો, વ્યવહારૂ દાખલા અને દલીલોથી શાસનની ચાલી આવતી પરંપરાને યથાર્થ- સચોટ સાબિત કરી !

તટસ્થ-સમજુ અને વિવેકી મહાનુભાવોએ સત્ય તારવી લીધું, ચર્ચા-વિતંડાવાદના પગરણ કેટલાકોએ કર્યા. બંને પક્ષ તરફથી જાતજાતની વાતો વહેતી થઈ, પણ સમજુ વિચારક આત્માઓએ હકીકતને પારખી લઈ અજ્ઞાન-જન્ય વાદવિવાદ શાસ્ત્રાર્થ આદિની ઘટમાલથી અલિપ્ત રહેવા પ્રયત્ન કર્યો.

આખા ચોમાસામાં સ્થાનકવાસી અને ત્રિસ્તુતિકમતવાળા તરફથી અનેક સમ-વિષમ. કડવા-મીઠા પ્રસંગો અને ચર્ચા-વાદ વગેરેની ઘટનાઓથી વાતાવરણ ડોળાતું રહ્યું. પૂજ્યશ્રીએ સૈદ્ધાન્તિક બાબતને આગળ કરવા સિવાય જે તે ક્ષુદ્ર બાબતોને બહુ મહત્વ જ ન આપ્યું.

ચોમાસું પુરું થયા પછી **રતલામની** આજુબાજુના ક્ષેત્રોમાં વિચરી જિનશાસનની તાત્ત્વિક ઓળખાણ સંવેગી સાધુઓના વિહારના અભાવે ન મળવાથી મુગ્ધ-જનતામાં શ્રી વીતરાગ-ભક્તિ, પ્રભુ પૂજા, વ્રત નિયમ, પચ્ચકખાણ આદિ ધાર્મિક-પરંપરાઓ દૈનિક આચરણમાં વિસરાઈ ગયેલી તે બધી તાજી કરી, અનેક જિનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવવા સાથે લોકોની ધાર્મિક-ભાવનાનો પણ જીર્ણોદ્ધાર કર્યો.

શ્રી સંઘના આગ્રહથી ફરીથી વિ. સં. ૧૯૩૦નું ચોમાસું પણ **રતલામમાં** કર્યું, લોકોમાં સ્થાનકવાસીઓ અને ત્રિસ્તુતિક મતવાળાઓના ચાલુ ઊહાપોહના કારણે ડગમગતી શ્રદ્ધાને સ્થિર કરવા ભગીરથ પ્રયત્ન કર્યો, ચોમાસા દરમ્યાન ઘણા ધર્મકાર્યો થયાં, લોકોમાં ધર્મભાવના ખૂબ વધી, અનેક વિપક્ષીઓએ પણ સત્યતત્ત્વની સમજુતી મેળવી આચારશુદ્ધિનું તત્ત્વ વિકસાવ્યું.

ચોમાસા પછી **જાવરા, મહીદપુર, આચરોદ** ત્રિસ્તુતિક મતવાળા તરફથી વાગાડંબર રૂપ ચર્યાના પગરણ થયા, તેના પરિણામે પૂજ્યશ્રીએ ધીરતાપૂર્વક મંડનાત્મક શૈલિથી ઘણા ભવ્ય જીવોને માર્ગસ્થ બનાવ્યા. **મહીદપુરમાં** ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવની ઉજવણી પણ થઈ, આસપાસના ગામોમાં પૂજ્યશ્રીએ વિહાર કરી અજ્ઞાનદશાથી પાંગરેલી અને શિથિલાચારી યતિઓના વિચારના નામે આચાર-ઘર કરી ગયેલ સ્થાનકવાસી વગેરેના

વિકૃત પ્રચારથી વધવા પામેલી અનેક અજ્ઞાનતાઓ દૂર કરી ઉજ્જૈન-ઈંદોર તરફ જવા વિચાર કરેલ, પણ રતલામમાં સનાતન દંડીસ્વામી શ્રી નારાયણ દેવજી અદ્વૈતવાદના ઝંડાને આગળ કરી શ્રી શંકરાચાર્યના ગ્રંથોના આધારે "વૈદિક ધર્મ સિવાય બીજા ધર્મો કે સંપ્રદાયો હલાહલ ખોટા છે" એવી ઝુંબેશ ઉપાડી, પોતાના પ્રવચનોમાં આવા કટાક્ષવાળા વિવેચનો કરવાની શરૂઆત કરી. રતલામના શ્રી સંઘે પૂ શ્રી ઝવેરસાગરજી મ. ને શાસનના ગૌરવની રક્ષા અર્થે પુનઃ રતલામ પધારવા આગ્રહ ભરી વિનંતી કરી પાછા લાવ્યા, અને પૂજ્યશ્રીએ પૂ. આ શ્રી હરિભદ્રસૂરિ મ. ના ષડ્દર્શન સમુચ્ચય ગ્રંથના આધારે સર્વ-દર્શનની સમીક્ષા રૂપ શ્રી જૈનદર્શનની વિશેષતાઓ શી ? એ વિષય પર છણાવટ સાથે વ્યાખ્યાનો શરૂ કર્યાં.

ધીમે ધીમે પેલા સંન્યાસીના કાને વાત પહોંચી તો પ્રથમ તો "एते तु जैनाः नास्तिकाः वेदबाह्याः । क एतेषामाश्वासः दर्शनप्ररूपणायां" (આ જૈનો તો વેદને નહીં માનનારા અને નાસ્તિક છે તેમની દર્શનિક બાબતોમાં શો વિશ્વાસ ?)

"न हि एतैः सह वार्त्ताकरणं सुष्ठु । एतेषामनीश्वरवादिनां मुखमपि न द्रष्टव्यमिति अस्माकं स्थितिः !" (આ લોકોની સાથે વાત કરવી

પણ સારી નથી, ઈશ્વરને નહીં માનનારા આ લોકોનું તો મ્હોં પણ ન દેખાય એવી અમારી મર્યાદા છે.)

આવા આવા અહંકારપૂર્ણ ઉપેક્ષા–વચનોથી પૂજ્યશ્રીની વાતને ઉડાડી દેવા પ્રયત્ન કર્યો.

પૂજ્યશ્રી જરા પણ આવેશમાં આવ્યા વિના મૂળ વાતને પકડી રાખી **વૈદિક ધર્મની કયી ભૂમિકા છે? અને જૈનધર્મની કેવી વિશેષતા છે?** તે વાત દાખલા–દલીલોથી જોરશોર રજુ કરતા ગયા.

પરિણામે સનાતનીઓમાંથી જાણકાર–જિજ્ઞાસુઓ પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ આવકાર પૂર્વક સત્યતત્ત્વની જે જિજ્ઞાસા હોય તે પૂછવા પ્રેરણા કરી.

પૂજ્યશ્રીએ આજ સુધી ખંડનશૈલિ અપનાવી ન હતી, જ્યારે સંન્યાસીએ તો છડે–ચોક **શાંકર–વેદાંતની** પરંપરાએ અદ્વૈતવાદને આગળ કરી બીજા બધાંને હડહડતા ખોટા કહી તિરસ્કૃત કરેલા. એટલે આવનારા જિજ્ઞાસુઓ પૂજ્યશ્રીની ગંભીરતાને પારખી પૂજ્યશ્રીને વિનંતી કરી કે–

"महाराज! हम इन शास्त्रोमें क्या समझे? ये सब विद्वानों का काम हैं। किंतु हमारे संन्यासी–महाराज जो कहते हैं उसके लिए आपका क्या मंतव्य है? क्या सचमुच आप जैनधर्मी ईश्वरको नहीं मानते क्या?

और सनातन धर्मकीं बातो में और आपकी बातों में फर्क है? हमतो इतना हीं जानना चाहते हैं!"

પૂજ્યશ્રીએ કહ્યું કે–" महानुभावो आप लोग भी व्यापारी हैं, हजारों का नफा–नुकशान समजनेकी हैंसियत रखते हैं-सीधी–सादी बात होते हुए भी विचारोकी पकड के कारण लोंगों के सामने विकृत करके रखने में क्या फायदा? संन्यासी महाराज जो कहते हैं उसमें रहे हुअे सत्यको स्वीकारने में हमें कोई संकोच नहीं! किंतु सत्य तो है तो हैं! उसे अपनी बुद्धि के अनुरुप बनानेका दुष्प्रयत्न तो सत्यको विकृत बना देता

हम जैनधर्मी ईश्वरको पूर्ण रुपसे मानते हीं हैं! देखो! ये हजारों मंदिर लाखों–क्रोडोंकीं लागतके जैनोंने ही बनवाये उनकीं पूजा आदि भी कितनी भाव–भगतिसे की जाती हैं?

जैनी ईश्वरको नहीं मानते है! यह कहना सरासर झूंठ हैं! हाँ! ईश्वरको मानते हुऐ भी उसके स्वरुपमें भेद हैं, अनंतगुण संपन्न अनंत–शक्तिशाली परमेश्वर–परमात्माको ईश्वरके रूपमें जैनी मानते हैं! फिरभी ईश्वर पर जगत्कर्तृत्व जो दलीलोंके सहारे रोपा गया है, उस पर जैनोंका विश्वास नही!

આટલું પૂજ્યશ્રીએ કહી જગત્કર્તૃત્વવાદનું ટુંકું નિરૂપણ કરી તેના ખુલાસાઓ રજુ કર્યા, જે સાંભળી આવેલ સનાતનધર્મી ખૂબ પ્રસન્ન થયા.

છેલ્લે જતાં એમ કહ્યું કે–'महाराज! सनातन–धर्म और जैनधर्ममें खास फर्क क्या? यह जानना जरुरी हैं- પૂજ્યશ્રીએ કહ્યું કે

–महानुभावो ! यह चीज तो काफी लंबी–चौडी है, किंतु फिर भी संक्षेप में जैनधर्म त्याग–प्रधान एवं आचार–शुद्धि पर अधिक जोर देता है, जैनधर्म में कर्मवादका सिद्धान्त एवं स्याद्वाद–अनेकांतवाद और कठिन जीवनचर्या प्रधानरूपसे मुख्य है–

જિજ્ઞાસુભાવથી મુલાકાતે આવેલ સનાતનીઓ પૂજ્યશ્રીની શાંત–ઉદાત્ત પ્રવૃત્તિ નિહાળી ખૂબ જ સંતોષ પામી જૈનધર્મની વિશેષતાઓથી પ્રભાવિત બની સ્વસ્થાને ગયા.

સંન્યાસી મહારાજ પાસે જઈ જિજ્ઞાસુ ભાઈઓએ વાત કરી કે–" महाराज ! हम जैनी–धर्मा–चार्यके पास गये थे, उनकी बातोंसे उनकी उद्दात्त–प्रकृतिका परिचय पाया है, वे बडे मधुर–स्वभावके शांत प्रकृतिके महात्मा हैं, उन्होंने हमे जैनधर्मके बारेमें संक्षेपमें बहुत अच्छा समझाया–उनको सनातन धर्मके बारेमें भी काफी जानकारी है, तो हमारी नम्र अरज हैं कि आप अपने प्रवचनमें अपनीं बात ढंगसे समझाइए, किंतु दूसरो पर कटाक्ष रूप एवं जैनधर्मके बारेमें आक्षेपात्मक बाते न कहें तो अच्छा । नाहक ही भोली–जनता धोखेमें पडतीं हैं और धर्मके नाम पर झमेला–बवंडर शायद उठ जाय, एसा हो तो हमारी शान्ति बिगडे !

સંન્યાસી મ. બોલ્યા કે–" अरे ! तुम लोंग तो निरे भोंदू हों ! तुम लोग उधर गये हीं क्यों ! ऐसे नास्तिकोंका मुंह देखना ही पाप हैं ! तुम उनकीं चिकनीं–चपटी बातोंकीं लपटमें आ गये ! क्या धरा है उन जैनोंमें ! जो लोग ईश्वरको नहीं मानते हैं ! मनमानीं करके लोगोको धोखा देते हैं, उन जैन–साधुओंकीं ढगोंसलेमें आप कहाँ फस

गये आदि સંન્યાસી મ.ના ખૂબ યદ્વા–તદ્વા પ્રલાપ સાંભળી જિજ્ઞાસુઓ છોભીલા પડયા.

પણ છેવટે સંન્યાસી મ.ને કહ્યું કે–" आप यदि ठीक ढंगसे बात करें तो अच्छा ! ऐसे उत्तेजक आवेश–प्रधान शब्दोंसे क्या फायदा ? आप काई दलीलें बताओं तो हम उनको और आपको जाहिरमें रुबरु बिठाकर सत्यतत्त्वका निर्णय करवा दें !

સંન્યાસી બોલ્યા કે–" तो क्या में घबडाता थोडे ही हूं ! बुला लाओं उनको ! मै जाहिरमें उनकी सारी पोल खोल दूंगा !

સનાતનીઓ વિચારમાં પડયા કે–આ સંન્યાસીજી ઉગ્રતા ભરી રીતે વાત કરે છે આમાં ચર્ચા–વિતંડાવાદનો કંઈ અર્થ નથી !

છેવટે મધ્યસ્થભાવવાળા તે સનાતનીઓ સંન્યાસી–મહાત્માને ધર્મની વાતો પણ જરા શાંતિ વિવેકથી રજુ કરવાનું કહી સ્વસ્થાને ગયા.

થોડા દિવસ પછી ફરીથી સંન્યાસી મહાત્માએ " जैनी नास्तिक हैं " " जैनोकीं स्याद्वाद कुतर्कवाद हैं ' जैनोंके सिद्धांत विना ढंगधडेके हैं " એ મતલબના ઉચ્ચારણો કર્યા, પરિણામે પૂજ્યશ્રીએ જૈન આગેવાન શ્રાવકોને, લેખિત પ્રમાણો વેદ, પુરાણ, અને ઉપનિષદોના આપી સનાતનીઓની માન્યતા કેવી ભ્રામક છે ? તે દર્શાવવા સાથે જૈનધર્મ અને તેના સ્યાદ્વાદમતની ગંભીરતા,

માર્મિક દલીલો સાથેનું લખાણ તૈયાર કરી સંન્યાસી મહાત્માને મોકલ્યું અને આનો જવાબ માંગ્યો, જરૂર પડે તો જાહેરમાં આ અંગે શાસ્ત્રાર્થની તૈયારી પણ બતાવી.

સંન્યાસી–મહાત્મા તો ઉછાંછલીયા વિદ્વાન અને માત્ર આડંબરી–જ્ઞાનના કારણે સત્ય વાત સાંભળવાની તૈયારી ન હોવાથી સારાસારનો વિચાર કરવાના વિવેકના અભાવે ધમધમાટ સાથે ઉશ્કેરાટમાં આવી ગયા. અને યદ્વા–તદ્વા પ્રલાપ કરવા લાગ્યા.

જૈન આગેવાનોએ ઠંડકથી વાત કરતાં જણાવ્યું કે– "आप तो ज्ञानीं हैं ! ज्ञानीकी बातोंमें हम क्या समझें ! किंतु लोगोंमें बडी चर्चा हो रही हैं, हमारे गुरुजी और आप बैठकर सत्य बात तव कर लोगोंके सामने रखें तो अच्छा !"

જૈન આગેવાનોએ વધારામાં કહ્યું કે–"न्हाना–धोना तो गृहस्थीयोंका काम है ! आप लोग तो शुद्ध, ब्रह्मचारी ! आपके शरीरमें गंदगी कैसे हो ! और ये सब बातेंभी रुबरु बैठकर परामर्श कर लें कि–नास्तिक किस कहतें है ? देखिये ! हम ये सारे वेद-पुराण–उपनिषद आदिके प्रमाण हमारे गुरुजीके दिए हुए लेकर आए हैं ! हम क्या समझे इनमें ! आप और हमारे गुरुजी बैठकर कोई निर्णय करे तो अच्छा ! फालतू अनपढे–लागोंके सामने भेंस आगे भागवतकीं ज्यों ये शास्त्रकीं बातें करने से क्या फायदा !

સંન્યાસી મહાત્મા ચિડાઈને ઉઠીને ચાલતા થયા, જૈન આગેવાનોએ પેલા પાઠોના કાગળ સનાતનીઓના આગેવાનોને આપ્યા. અને વધુમાં કહ્યું કે–"इस तरह एक–दूसरोको उतारने कीं

यह नीति ठीक नहीं ! आप लोग महात्माजीको समझावें ! देखो ! हमारे गुरुजीने वेद, पुराण एवं उपनिषदोंके ढेरों प्रमाण निकाल रकखे हैं, उसमें के कुछ आपको प्रस्तुत किये हैं, ढंगसे बातचीत हो ता सत्यतत्वका परिचय आम–जनताको भी प्राप्त हो !' કહી જૈન આગેવાનો સ્વસ્થાને આવ્યા.

સનાતની–આગેવાનોએ પેલા શાસ્ત્ર પાઠોનો કાગળ બતાવી સંન્યાસી મહાત્માને પ્રવચન– શૈલિમાં સુધારો કરવાની વિનંતી કરી, પણ ઉત્તર પ્રદેશના અડબંગ–શાસ્ત્રી જેવા સંન્યાસીએ તો વધુ ઉત્તેજિત બની જૈન ધર્મ અને તેની માન્યતા વિષે વધુ આક્ષેપો કર્યા.

પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. શ્રી સંઘના આગેવાનોને બોલાવી **" સીધી આંગલીએ ઘી ન નિકળે "** કહેવતના આધારે **" વાંકે લાકડે વાંકો વહેર "**ની વ્યવહારૂ નીતિ અપનાવી જિનશાસનની થઈ રહેલ લઘુતા અટકાવવા યોગ્ય પ્રયત્ન કરવા પોતાની તૈયારી દર્શાવી.

જૈનસંઘના આગેવાનોએ પણ વસ્તુસ્થિતિનો અભ્યાસ કરી યોગ્ય કરવા વિનંતિ કરી વધુમાં જણાવ્યું કે–" बापजी ! आपकी आज्ञा हमें शिरोधार्य हैं ! किंतु आप तो चातुर्मास करके पधार जाओ ! हमें तो यहीं रहना हैं ! रातदिन सनातन लोकोंके साथ व्यवहार

करना पडता है, अतः उपाय और हैं ! उसे हम अजमा लें फिर यदि मामला न बैठा तों जैसा आप कहेंगे वैसा करनेको श्री संघ तैंयार हैं !"

પૂજ્યશ્રીએ કહ્યું કે– "आखिर आप लोग गृहस्थी हैं। संसारकी मोह–माया छूटी नहीं। अतः हमार ज्यों आप धर्म और शासनको प्राथमिकता नहीं दे सकते। खैर ! जैसी आप लोगों की अनुकूलता। आप भी व्यवहारकुशल हैं ही। साथ ही धर्म–शासनकी निष्ठा–भक्ति आपके दिल में भी है। आप लोग भले ही एक बार क्या। जब तक आपको कोई ऐसा मध्यम मार्ग मिल जाय तो अपनेका नाहक बकोखेडा थोडे ही करना है।

जाईये ! खुशिसे ! आप जो भी व्यवहारू तरीका अजमाना चाहें उसे शीघ्र–अमलमें लाईए। बिलाबज हो रही अपभ्राजना को रोकने में ढील करना ठीक नही। बस।"

શ્રીસંઘના આગેવાનોએ પૂજ્યશ્રી પાસે જ્ઞાનપૂજા કરી, વાસક્ષેપ નંખાવી, શાસન પર આવી રહેલા આક્રમણને ખાળવા સમર્થતા મલે તેવા આશયથી મંગલ–આશીર્વાદ મેળવ્યો.

શ્રીસંઘના આગેવાનોએ સંન્યાસી તો ઉગ્રસ્વભાવના અને પકડવાળા હોઈ તેમને સમજાવવાનો અર્થ નહી એમ ધારી બજારમાં એક જગ્યાએ ગામમાં અગ્રગણ્ય શ્રીમંત વ્યવહાર–ચતુર સનાતની આગેવાનોને તાકીદનું તેડું મોકલી આમંત્ર્યા, યોગ્ય સત્કાર–વિધિ થયા પછી જૈન–આગેવાનોએ અથ થી ઇતિ સુધી

બધી વાત કરી, પૂ. સંન્યાસી મહાત્મા અમારે માનનીય છે! તેઓ ધર્મગુરૂ છે, પણ પોતાની મર્યાદામાં રહી યોગ્ય રીતે પ્રવચનો કરે તો સારૂં! એ મતલબની વાત રજુ કરી.

આમંત્રિત સનાતની–આગેવાનો પણ સમજુ, ડાહ્યા અને સમયચતુર હોઈ તેમજ સંન્યાસી મહાત્માની કઠોરભાષા, ખંડનશૈલિ અને ઉગ્રતાભરી પ્રવચન–શૈલિથી પરિચિત હોઈ જૈન–આગેવાનોની વાત પર ગંભીરપણે વિચારણા કરી કહ્યું કે–

"आप लोगों की बात ख्यालमें आई। धर्म और शास्त्रकी जातें तो बडी गहन है। और अपने जैसे संसारी मोहमाया के जीव इन बातों को क्या समज सके? अच्छा तो यह है कि दोनों धर्मगुरू साथ बैठकर अपने विचारोंका आदान–प्रदान कर लें और दोनों की संमति से जो सही बात तय हो, वह जनता को बताई जाय। बाकी आक्षेपात्मक नीति–वाद–विवाद और चर्चा से आम जनता के पल्ले क्या पडे?

हम इसके लिए पूरी कोंशिश कर परिस्थितिको सुलझानेका भरचक प्रयत्न करेंगे।

हम कल शामतक आपको समाचार पहुचायेंगे जैन આગેવાનોએ આ મધ્યમમાર્ગથી શાંતિ થતી હોય તો સારૂં! એમ ધારી પૂજ્યશ્રીને પણ સમાચાર જણાવી થોડી અવસર–પ્રતીક્ષા માટે વિનંતિ કરી.

સનાતની–આગેવાનોએ પણ સંન્યાસી–મહાત્માને ફરીથી

શાંતિથી બધી વાત સમજાવી અને હવે જો પ્રવચન-શૈલિ નહીં બદલો તો અહીં ભારે વિસ્ફોટ-અશાંતિ થશે વગેરે મતલબનું કહ્યું, પણ સંન્યાસી તો જડભરતની જેમ પોતાની વાતને વળગી રહ્યા, વધુમાં આગેવાનોની ભર્ત્સના કરી કે 'क्या तुम लोग बनियोंके गुरू की वातों में आकर सनातन-धर्मकी महिमा बढानेवाले हम पर रोफ लगाने आये ! चलो ! हठो यहाँ से ! हम कोई ऐसी वातोंसे दबनेवाले नहीं !" આદિ

સનાતની આગેવાનોએ ઘણા કાલાવાલા કરી ખંડનશૈલિના બદલે સનાતનધર્મના તત્ત્વો અને તેનો મહિમા, મંડનશૈલિથી વર્ણવવા માટે વિનંતિ કરી, પણ પત્થર પર પાણીની જેમ સંન્યાસી-મહાત્મા પર સનાતની આગેવાનોની વાતની કોઈ અસર ન થઈ.

વાત થયા મુજબ સનાતની-આગેવાનોએ જૈનસંઘના આગેવાનોને બીજા દિવસે બપોરે કહેવડાવી દીધું કે— "हमने काफी कोशिश की ! किंतु कोई सारांश नहीं निकला ! क्या करें ? कालकी गति विचित्र है ! " આદિ

જૈન શ્રીસંઘના આગેવાનોએ આ સમાચાર પૂજ્યશ્રીને જણાવ્યા એટલે પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાનોને કહ્યું કે—

"अब ढीली नीति कायरता बतायेगी अपने को लडना नहीं. अपनेको तो जनताके सामने सत्य रखना ही पडेगा ! थोडासा उग्र-स्वरुप

दिखाये बिना ये शब्दपंडितोंकी अक्ल ठिकाने नही आयगी ? जरा सी चिमकी तो देनी ही पडेगी !

देखो ! दो–चार दिन एक पत्रिका छपवाकर प्रचार करो कि चांदनी-चौक में जैनधर्माचार्यश्रीका जाहिर प्रवचन "सनातन धर्म क्या है ?" इस विषय पर होगा:

बस ! फिर अपने को कोई आक्षेप या कटुभाषा नहीं वापरना है, किंतु शब्दकी आडमे ईन शब्दपंडितोंने जो तांडव मचाया है, उसे खोखला करना होगा"–गभराओ मत । जब रोग बहुत बढ जाता है तो इलाज भी जल्लाद करना होता है

શ્રીસંઘના આગેવાનોએ પૂજ્યશ્રીની વાત મંજુર રાખી મોટા અક્ષરે પત્રિકા છપાવી કોક તહેવારના દિવસે બજારો બધા બંધ હતા તેવા દિવસે ચાંદનીચોકમાં જાહેર વ્યાખ્યાન રાખ્યું, ખૂબ પ્રચાર કર્યો, લોકોમાં જિજ્ઞાસા પણ વધી કે જૈનધર્મગુરૂ સનાતનધર્મકા રહસ્ય વિષયપર જાહેરમાં બોલશે ? આ શું ?

સંન્યાસી–મહાત્માની કડવી ભાષા, આક્ષેપાત્મક નીતિથી જનતાનો મોટો ભાગ ઉલગી ગયેલ, તે બધા સત્ય જિજ્ઞાસા ધરાવી વ્યાખ્યાન માટે નક્કી થયેલ દિવસની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરવા લાગ્યા.

પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાનોને કહી બધાને એક વાતની જાણ કરાવેલ કે –જાહેરમાં એસી જૈન ધર્મનું ગૌરવ

વધારવા માટે આ વ્યાખ્યાન છે, તેથી કોઈએ પણ પૂરી વાત સમજ્યા વિના મારા આશયને પૂરો સમજ્યા વિના જાહેરમાં કંઈપણ બોલવું નહીં! જે પૂછવું હોય તે મને મળીને ખુલાસો કરી શકે છે.

બીજી વાત–સનાતનીઓ તરફથી ગમે તે પ્રશ્ન આવે તેઓ ગમે તે રીતે બોલે તો તમારે કોઇએ માઠું લગાડવું નહિ, તે બધાનો ખુલાસો હું કરીશ. તમારે અંદરોઅંદર જીભાજોડીમાં ન ઉતરવું."

આ બે બાબતો પર આખા સંઘમાં બધાનું ધ્યાન આસ કેંદ્રિત કરવામાં આવ્યું.

નિયત કરેલા દિવસે નિયત સમયે પૂજ્યશ્રી સેંકડો શ્રીસંઘના ભાઈબહેનો સાથે **ચાંદનીચોકમાં** પધાર્યા ત્યાં તો જૈનેતર જનતા પ્રથમથી જ જગ્યાની પડાપડી કરતી કીડીયારાની જેમ ઉભરાઈ રહી હતી.

પૂજ્યશ્રીએ મંગલાચરણ કરી બાલભોગ્ય શૈલિથી સનાતન અને ધર્મ આ બે શબ્દનો અર્થ સમજાવી તત્ત્વજ્ઞાન હકીકતમાં ભારતીય દર્શનોમાં એક સરખું છે. માત્ર તેની વિવેચનાની પદ્ધતિ અને નિરૂપણના પ્રકારમાં તફાવત છે એ વાતને ખૂબ સ્પષ્ટ કરી "**સનાતન ધર્મ**" શબ્દથી કોઈ એક સંપ્રદાયને

સંબોધી ન શકાય." આ વાતનો ઘટસ્ફોટ **અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ, માર્કંડેયપુરાણ, યાજ્ઞવાલ્કયસ્મૃતિ, છાંદોગ્ય ઉપનિષદ, કઠોપનિષદ, મુંડકોપનિષદ** અને વેદોના કેટલાક મંત્રો અને આગમોના પ્રમાણો ટાંકી **સનાતન ધર્મ** એટલે શું ? તે સ્પષ્ટ કર્યું.

પછી તેના રહસ્યમાં આત્મા–પરમાત્મા, સંસાર જન્મ–મરણ આદિ તત્ત્વોની મૌલિક છણાવટ સાથે ખરેખર **આસ્તિક** કોણ ? એ વ્યાખ્યાની સમજુતિમાં તે દિવસનું પ્રવચન પૂરૂં થયું.

ક્યાંય ખંડનની વાત નહીં અને સનાતનીઓએ માન્ય રાખેલ પુરાણો, ઉપનિષદો અને વેદોની **ઋચાઓ**ના આધારે સનાતન ધર્મનું કેવું નિરૂપણ જૈનધર્મગુરૂએ કર્યું ? તે સાંભળી આ–બાલ–ગોપાલ સહુ ખૂબ પ્રસન્ન થયા.

લોકોએ માંગણી મૂકી કે महाराज! यह चीज तो आज हमने नई सुनी! बडा मजा आया। कृपा करो! आपकी बाणी सुनने का फिर मोका दो।

એટલે પૂજ્યશ્રીની સૂચનાથી જૈન આગેવાનોએ ફરીથી આજ વિષય પર પૂજ્યશ્રીનું પ્રવચન અહીં જ થશે" એવી જાહેરાત કરી.

રોજ અમુક વિષયોનું ઉપસ્થાપન પૂજ્યશ્રી એવી અજબ છટાથી કરતા કે સમય પૂરો થઈ જાય અને વિષય અધુરો રહે

એટલે લોકો ફરી માંગણી મુકે અને ફરી વ્યાખ્યાન ચાલુ રહે.

આમ કરતાં આઠ દિવસ નિકળી ગયા.

સંન્યાસી મહાત્માના પ્રવચનનો સમય સવારનો એટલે ત્યાં તો સભા વિખેરાઈ ગઈ, બધા પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં પડાપડી કરી જગ્યા ન મળે તો સાંકડમાં પણ મજેથી બેસતા.

એકંદરે લોકોમાં જૈનધર્મના ગુણગાન થવા માંડયા. સંન્યાસી–મહાત્માએ પોતાના પ્રવચનમાં આ અંગે બખાળા ઘણા કાઢયા, પણ ધર્મપ્રેમી જનતા તો તેમને અંધશ્રદ્ધાળુ ગણી ગુણાનુરાગી પૂજ્યશ્રીની ધર્મદેશના ખૂબ ઉત્કંઠાથી સાંભળવા લાગી.

રતલામનો જૈન શ્રીસંઘ પણ પૂજ્યશ્રીની અગાધ વિદ્વત્તાને આ વ્યવહાર કુશળતા નિહાળી દંગ બની ગયો.

પૂજ્યશ્રીએ પણ સંન્યાસી–મહાત્માને સીધી રીતે સમજાવવાના કે શાસ્ત્રાર્થ કરવાના પ્રયાસમાં નિષ્ફળતા મળી, તેમા કંઈ ગૂઢ સંકેત ધારી જનતાને સરળ રીતે જૈન–ધર્મની વિશિષ્ટતાઓ જાણવા મળી અને પરિણામે શાસનનો જયજયકાર થયો, તેમાં શાસનદેવની વરદ પ્રેરણા સમજી આત્મ–સંતોષ અનુભવ્યો.

આ રીતે વિ. સં. ૧૯૩૦નું ચોમાસું બીજા પણ અનેક શાસનપ્રભાવનાનાં કાર્યો સાથે પૂરું થયું.

ચાતુર્માસ-સમાપ્તિના લગભગ ગાળે **ઇંદોર** શ્રીસંઘના આગેવાનો પૂજ્યશ્રીએ ઉગ્રસ્વભાવી સંન્યાસી મહાત્મા સામે સમયસૂચકતા વાપરી અપૂર્વ શાસન-પ્રભાવના કર્યાના સમાચાર જાણી **ઇંદોર** પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી.

પૂજ્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાના આધારે આવવા વિચારીશું કહી **ઇંદોર** શ્રીસંઘને રાજી કર્યો.

ચાતુર્માસ પુરું થયેથી **સેમલીયાજી**તીર્થની યાત્રાએ લઈ જવાનો ભાવ સંઘમાં થવાથી **શ્રી ગણેશમલજી મૂથા** એ ચતુર્વિધ-શ્રીસંઘને યાત્રા કરાવવાનો લાભ પોતાને મળે તેવી **મંગળ** ભાવના શ્રીસંઘ સામે વ્યક્ત કરી આદેશ માંગ્યો પૂજ્યશ્રીની સંમતિથી શ્રીસંઘે તિલક કરી સંઘપતિ તરીકે બહુમાન કર્યું.

કા. વ. ૧૦ ના મંગળ દિવસે સેંકડો ભાઈ-બહેનો સાથે પૂજ્યશ્રીએ **સેમલીયા**-શ્રીસંઘનું મંગલ પ્રસ્થાન કર્યું, ત્રીજા દિવસે સવારે **સેમલીયાજી** પહોંચી ખૂબ ઠાઠથી ભાવોલ્લાસ સાથે દેવદર્શન, પૂજામહોત્સવ, વ્યાખ્યાનશ્રવણ આદિ મંગલ ધર્મક્રિયાઓથી શ્રીસંઘના દરેક ભાઈ-બહેનોએ જીવનની ધન્યતા અનુભવી.

પૂજ્યશ્રી ત્યાંથી **જાવરા, આલોટ** થઈ **મહીદપુર** પધાર્યા. ત્યાં ત્રિસ્તુતિક-મતના શ્રાવકોએ કેટલાક વિકૃત શાસ્ત્રપાઠો મગજમાં રાખી ચાલુ વ્યાખ્યાને પ્રશ્નો કરી પૂજ્યશ્રીની પ્રતિભાને ગૂંચવવા પ્રયત્ન કરેલ, પણ અજબ ધીરતા કુશળતાવાળા પૂજ્યશ્રીએ સ્વસ્થતાથી તર્કબદ્ધ બધાના ખુલાસા આપી વિરોધી-માનસને શાંત કર્યું.

મહીદપુરથી મક્ષીજી તીર્થની યાત્રા શ્રીસંઘ સાથે કરાવવાની ઈચ્છા **શેઠ મંગળચંદજી સોનીના** વિધવા પત્ની **શ્રી જડાવબહેનને** ઘણા વખતથી અપૂર્ણ રહી હતી. તે પૂજ્યશ્રીની નિશ્રાએ માગ. વદ ૩ ના મંગળ દિને ૭૦૦ આરાધક ભાઈ-બહેનો સાથે ભવ્ય સુંદર જિનમંદિરનો રથ અને વિવિધ મંગલ-સામગ્રી સાથે ચાર મુકામ વચ્ચે કરી માગ. વદ ૭ સવારે મંગલવેળાએ **મક્ષીતીર્થે** પ્રવેશ કર્યો.

ખૂબ ઉલ્લાસ સાથે પૂજ્યશ્રીની નિશ્રામાં સકળ-શ્રીસંઘે દર્શન, ચૈત્યવંદન કરી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્રપૂજા અને પંચકલ્યાણક પૂજા ભણાવી બહુ ધર્મોલ્લાસ અનુભવ્યો.

વદ ૮ સવારે વ્યાખ્યાનમાં માળારોપણ વિધિ થઈ, તે જ વ્યાખ્યાનમાં પ્રભુ પુરૂષાદાણીય **શ્રી પાર્શ્વનાથ** પરમાત્માના જન્મ-દીક્ષા કલ્યાણકની આરાધના નિમિત્તે પૌષદશમીની આરાધના અઠ્ઠમની અગર ત્રણ દિવસના વિધિના એકાસણાંની પ્રેરણા આપી.

જેથી ૩૫૦ની સંખ્યામાં અઠ્ઠમવાળા તપસ્વીઓના સાંજે ઉત્તરપારણાં સંઘવી તરફથી થયાં.

વદ ૯–૧૦–૧૧ ત્રણ દિવસ સામૂહિક–સ્નાત્ર અને શ્રી અરિહંત–પરમાત્માની અપૂર્વ ભક્તિ ઉલ્લાસવાળો સ્નાત્ર મહોત્સવ અને પૌષદશમીની આરાધનાની વિધિ સામૂહિક રૂપે થઈ.

ત્રણે દિવસ પુણ્યવાનોએ કલ્યાણક નિમિત્તે ૨૦ માળાનો જાપ પણ કર્યો.

૫૦ થી ૬૦ પુણ્યાત્માઓએ સાકરનું પાણી, ખીર અને ચાલુ એકાસણું ત્રણે દિવસ ઠામ ચોવિહાર સાથે કલ્યાણકના જાપ પૂર્વક મંગલ આરાધના કરી.

વદ ૧૦ના દિવસે આસપાસના ગામોમાંથી મેળા તરીકે હજારો માણસ આવેલું, પ્રભુજીની રથયાત્રા ખૂબ ઠાઠથી નિકળેલ, વદ–૧૦ અને ૧૧ બંને દિવસ સાધર્મિક વાત્સલ્ય પણ શ્રીસંઘ તરફથી થયેલ, વદ ૧૨ના દિવસે **જેઠાભાઈ લહેરચંદ** ગોખરૂ તરફથી તપસ્વીઓના પારણાં થયાં. કંકુનું તિલક કરી શ્રીફળ–રૂપિયાથી તપસ્વીઓનું બહુમાન પણ થયું.

તીર્થયાત્રા પ્રસંગે મેળામાં આવેલ **ઇંદોર, ઉજ્જૈન. આગર, વડનગર** આદિ શ્રીસંઘોની વિનંતી પૂજ્યશ્રીને પોતાના

ક્ષેત્રને લાભ આપવા થયેલ. પૂજ્યશ્રીએ યોગ્ય લાભની અપેક્ષાએ ઉજ્જૈન થઈ ઇંદોર તરફ વિચરવા ભાવના દર્શાવી.

પૂજ્યશ્રીએ વદ ૧૩ ઉજ્જૈન તરફ વિહાર કર્યો. વચ્ચે એક ગામે સ્થાનકવાસી સાધુઓ ઉતરેલા મકાનમાં જ ઉતરવું પડયું–ત્યાં પેલા સ્થાનકવાસી મુનિઓએ વ્યાખ્યાનમાં સ્થાપના-નિક્ષેપાની અસારતા અને "હિંસામાં ધર્મ નહીં" વગેરે વાતો મુકેલ. પૂજ્યશ્રીએ વ્યાખ્યાન પુરૂ થયું કે તુર્ત પોતે ટૂંકમાં પણ જરૂરાતોડ શાસ્ત્રપાઠો અને દલીલોથી સ્થાનકવાસી–મુનિઓની વાતનો છેદ ઉડાડી દીધો.

ઉપસ્થિત જૈન–જૈનેતર જનતા ખૂબ પ્રભાવિત બની પૂજ્ય-શ્રીને બીજે દિવસે આગ્રહપૂર્વક રોકી જાહેર વ્યાખ્યાન કરાવ્યું.

ત્યારબાદ પો. સુ. ૩ના મંગળદિને ઉજ્જૈન પધાર્યા, ત્યાં સ્થાનકવાસીઓનું ખૂબ જોર–આપણા જિનાલયો સાવ વેરવિખેર અને ખંડેર જેવી સ્થિતિમાં થયેલ, સંવેગી પરંપરાના સાધુઓના સંપર્કના અભાવે અને શિથિલાચારી સાધુઓની વિષમ–પ્રવૃત્તિઓથી મુગ્ધજનતાને ઉભગાવી ઢુંઢકોએ જબ્બર પગપેસારો કરેલ.

પૂજ્યશ્રી જ્યાં ઉતર્યા હતા, ત્યાં પાસેના જિનાલયના બહારના પ્રેક્ષામંડપમાં સ્થાનકવાસી શ્રાવકો રાત્રે સૂઈ જતા,

દિવસે અનાજ સૂકવતા. કયારેક તેમના સાધુઓને પણ ત્યાં ઉતારતા. પૂજ્યશ્રીએ આપણા શ્રીસંઘનું ધ્યાન ખેંચ્યું તો જાણવા મળ્યું કે તે મંદિર તેમની જ્ઞાતિનું બંધાવેલા હોઈ તેમના વહીવટ તળે છે એટલે અમે કંઈ ન કરી શકીએ.

એટલે પૂજ્યશ્રીએ તે જ્ઞાતિના આગેવાન ડાહ્યા શ્રાવકોને બોલાવી–'ભલે તમે મંદિરને ન માનો! પણ એ ધર્મસ્થાન છે એ વાત તો માનો છો ને! તમારા જ્ઞાતિભાઈ ઓનું બનાવેલ એ ધર્મ સ્થાનક તમે સાચવો છો તો ધર્મની રીત–મર્યાદાઓને ધ્યાનમાં રાખો, આ કંઈ સંસારી–ગૃહસ્થીનું મકાન તો નથી જ ને! તમે ત્યાં અનાજ કે કપડાં સૂકવો, સૂવા–બેસવામાં વાપરો આ બધું દોષરૂપ નથી શું? એ મતલબનું સમજાવી, યોગ્ય દાખલા–દૃષ્ટાંતોથી આગેવાનોના માનસ–કૂણાં કરી દેરાસરની તે આશાતના દૂર કરાવી.

ઉજ્જૈનમાં છોગમલજી, ઘાસીલાલજી આદિ સ્થાનકવાસી અગ્રગણ્ય વયોવૃદ્ધ સાધુઓ તે વખતે હતા. જેઓ શાસ્ત્રપાઠો બધા કંઠાગ્ર રાખી વિવિધ દૃષ્ટાંતોના માધ્યમથી મુગ્ધ જનતાને જિનશાસનની ચાલુ પરંપરાથી દૂર ખસેડવાનું કામ કરતા હતા.

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં આર્દ્રકુમાર, દ્રૌપદી, **શય્યંભવ ભટ્ટ**ની દીક્ષા આદિ પ્રસંગો ઉપસાવી મૂર્તિપૂજાની પ્રામાણિકતા સંબંધી વાતાવરણમાં ઉહાપોહ જગાવ્યો.

જેથી સ્થાનકવાસી સાધુઓ છંછેડાણા, શ્રી જ્ઞાતાસૂત્ર, શ્રી ઉપાશકદશા, શ્રી અંતગડ સૂત્રોના પાઠો આગળ ધરી મૂર્તિપૂજા એ તો અવિરતિનું કર્તવ્ય છે. શ્રાવકોનું કર્તવ્ય કયાં છે? એમ કરી મૂર્તિપૂજાની પ્રામાણિકતાના અર્ધા સ્વીકારમાં આવી, તે કર્તવ્ય કોનું? એ પ્રશ્ન તરફ પૂજ્યશ્રીને વાતની રજુઆતની સરળતા કરી આપી.

અનેકાનેક શાસ્ત્રપાઠોથી પૂજ્યશ્રીએ "**પ્રભુપૂજા તે શ્રાવકોનું પરમ કર્તવ્ય છે. સર્વવિરતિ મેળવવા માટેનું પ્રધાન સાધન છે.**" તે વાત છડે ચોક જાહેર કરી.

પરિણામે કેટલાય ભાવુક પુણ્યાત્માઓ સંવેગી પરંપરાના અનુયાયી બનવા સૌભાગ્યશાલી થયા.

માસકલ્પની સ્થિરતા કરી **ઈંદોર** ફાગણ ચોમાસી પધાર્યા, ત્યાં સંવેગી પરંપરાના મુનિઓના વિરલ આગમનથી ઝાંખી પડેલ ધર્મ–છાયાને વ્યાખ્યાન વાણીથી પ્રભાવશાલી બનાવી અનેક ધર્મપિપાસુ લોકોને સન્માર્ગાભિમુખ બનાવ્યા.

ત્રિસ્તુતિક–મતવાળા કેટલાક આગ્રહી લોકોએ નાહક ચર્ચાનું નાટક ઉભું કર્યું, પૂજ્યશ્રીએ જાહેરમાં શાસ્ત્રપાઠ સાથે ચર્ચા કરવાનું કબુલ્યું, પણ કોઈ આગળ ન આવ્યું.

ઈંદોર શ્રીસંઘે ચૈત્રી ઓળી માટે સ્થિરતા સાથે

ચાતુર્માસની આગ્રહભરી વિનંતી કરી પૂજ્યશ્રીએ ક્ષેત્ર-સ્પર્શના આધારે ચોક્કસ જવાબ ન આપ્યો, પણ ચૈત્રી ઓળી દરમ્યાન રતલામ શ્રીસંઘના અગ્રગણ્ય આઠ-દશ આગેવાનો આવ્યા અને પૂજ્યશ્રીને વાત કરી કે " ઉજ્જૈનમાં જે છોગમલજી-ઘાસીલાલજી સ્થાનકવાસી સાધુઓ સાથે આપને ચર્ચા થઈ-તેના છાંટા રતલામમાં ઉડ્યા છે. છોગમલજી રતલામ આવ્યા છે. તેઓએ પોતાના ગુરૂ ગણેશીલાલજીને બધી વાત કરી એટલે ગણેશીલાલજીએ સ્થાનકવાસી-સંઘને ભેગો કરી મૂર્તિપૂજાની અશાસ્ત્રીયતા ઉપર જાહેર વ્યાખ્યાન કરી વાતાવરણ ડહોળી નાંખ્યું છે. હવે ગમે તેમ કરી મહેરબાની કરો ! આપ તુર્ત પધારો ! શાસનની વિજયપતાકા ફરકાવો !" આદિ ભાવાર્થની વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ પરિસ્થિતિનો કયાસ કાઢી ઈંદોર શ્રીસંઘના અગ્રગણ્ય શ્રાવકોને બોલાવી બધી વાત કરી ચૈત્રી-પૂનમ પછી તુર્ત વિહારની વાત નક્કી કરી. રતલામ શ્રી સંઘને ચૈત્રી-ઓળી પછી તુર્ત રતલામ તરફ વિહારનું આશ્વાસન આપ્યું.

ઈંદોરના શ્રીસંઘે ચોમાસા માટે ખૂબ આગ્રહ કરેલ, પણ પૂજ્યશ્રીએ કહ્યું કે શાસન પર જે આક્રમણો આવે તે સંબંધી વિચારણા પ્રથમ કરવી આવશ્યક છે. એટલે વૈશાખ

મહિને તો રતલામ પહોંચીશ પછી ચોમાસા માટે શકયતા ઓછી ગણાય, છતાં ધ્યાનમાં છે. પૂજ્યશ્રીએ ઇંદોરથી વિહાર વખતે મક્ષીજીમાં વડનગર સંઘને કરેલ વાત પ્રમાણે બે-ચાર દિવસની સ્થરતાનો કાર્યક્રમ ગોઠવી વડનગર તરફ વિહાર કર્યો.

વડનગરમાં રતલામ શહેરમાં સનાતની-સંન્યાસી મહાત્મા સાથે પૂજ્યશ્રીના થયેલ પ્રસંગથી પ્રભાવિત થયેલ જૈનેતર લોકોએ જાહેર વ્યાખ્યાનનો ખૂબ લાભ લીધો, તેરાપંથીના શ્રાવકોએ દાન-દયાના પોતાના વિચારો પૂજ્યશ્રીની પ્રતિભાને ઝાંખી પાડવા રૂપાંતરથી જાહેરમાં પૂછવા રૂપે વ્યક્ત કરવાનું દુસ્સાહસ કરેલ, પણ અનુકંપાદાનની માર્મિકતા અને સુપાત્રદાનની વિશિષ્ટતાના વર્ણન સાથે દાન- ધર્મની તાત્વિક વાતોની રજુઆતથી તેરાપંથી શ્રાવકો પણ પૂજ્યશ્રી આગળ હતપ્રભ બની ગયા.

પછી વૈશાખ સુ. ૭ લગભગ પૂજ્યશ્રી રતલામ પધાર્યા : સ્થાનકવાસી-શ્રીસંઘને શ્રાવકો મારફત કહેવરાવ્યું કે-" હું આવી ગયો છું. છોગમલજી મ. ને મૂર્તિપૂજા સંબંધમાં જે કહેવું હોય તે રજુ કરે હું તેના ખુલાસા રજુ કરવા તૈયાર છું.

ગણેશીલાલજી એ કહેવડાવ્યું કે-" જાહેર સ્થળમાં બેસી આપણે વિચારણા કરીએ શાસ્ત્રપાઠોની રજુઆત થાય તો નિવેડો જલ્દી આવશે " એ મુજબની વાતચીતથી સનાતનીઓની

જ્ઞાતિની વાડીમાં પૂજ્યશ્રી પોતાના શ્રાવકો સાથે સ્થાનકવાસી સાધુઓ પોતાના શ્રાવકો સાથે જ્યાં આવેલા હતા ત્યાં પધાર્યા.

ત્રણથી ચાર દિવસ બપોરે બે થી ચારના ગાળામાં વિચારણા ચાલી, અનેક તર્ક–વિતર્કો શાસ્ત્રપાઠોની વિચારણા, અર્થઘટનની વિચિત્ર શૈલિ અને સ્થાપિત રૂઢ માન્યતાઓની પકડવાળી વિચારધારા આદિ સંબંધી રજુઆતો થઈ.

જેમાં કેટલાક આગ્રહી–માનસના વિકૃત વલણથી કડવાશ ફેલાતાં વર્ગવિગ્રહનું વાતાવરણ જામવા લાગ્યું.

પરિણામે સમજદાર વર્ગ ધીરે ધીરે ખસતો ગયો. પૂજ્યશ્રીએ તાત્ત્વિક–વિચારણાની ભૂમિકા નક્કર ન લાગવાથી પછી વાડીએ જવાનું બંધ કર્યું.

વિતંડાવાદી–સ્વરૂપથી સત્યની શોધ ખોરવાઈ જાય છે એ વાત પ્રત્યક્ષ અનુભવાઈ.

થોડા દિવસો પછી જાહેર વિચારણા પડી ભાંગી પણ અંદર વિચારભેદોની ગ્રંથિઓ કાયમ રહી.

અવારનવાર પોતાની રીતે આક્ષેપાત્મક નીતિના ધોરણે વિકૃત વાતો રજુ થવા લાગી.

પૂજ્યશ્રી આક્ષેપાત્મક–નીતિની પાછળ રહેલ માનસને

પારખી મૂળ વાત પકડી રાખી જનતાના માનસ પર સત્યતત્ત્વની ઝાંખી મંડનશૈલિથી કરાવવા લાગ્યા.

રતલામ શ્રીસંઘે ડોળાયેલા આ વાતાવરણમાં ચોમાસાનો લાભ ફરીથી આપવાનો આગ્રહ રાખી પૂજ્યશ્રીને જેઠવદ દશમના મંગળદિને ચાતુર્માસિક પ્રવેશ કરાવ્યો.

સ્થાનકવાસી–શ્રીસંઘમાં **શ્રી હરખચંદજી ચોપડા, કિશનલાલજી માનાવત** અને **સુખમલજી બોથરા** વયોવૃદ્ધ અને ઠરેલ બુદ્ધિના આગમિક–વાતોને સૂઝ પૂર્વક સમજનારા હતા.

તેઓએ પ્રથમથી કહેવડાવી પૂજ્યશ્રી પાસે જિજ્ઞાસાથી મળવા ઇચ્છા પ્રદર્શિત કરી. પૂજ્યશ્રીએ પણ ગમે ત્યારે બપોરે બેથી ચારમાં આવી શકવા સંમતિ દર્શાવી.

ત્રણે જાણકાર–શ્રાવકોએ પૂજ્યશ્રીને સંપર્ક સાધી વિવિધ સ્પષ્ટ ખુલાસા મેળવી ખૂબ જ સંતોષ વ્યક્ત કર્યો અને પૂજ્યશ્રીની પ્રતિભાલરી વિદ્વત્તાથી આકર્ષિત બન્યા.

પરિણામે તેઓએ ઉહાપોહમાં રહેલ કડવાશ અને આક્ષેપાત્મક નીતિ બંધ કરાવી. સરળ–ભદ્રિક જનતાને જિજ્ઞાસુ ભાવે સત્ય સમજવાનાં દ્વાર ખુલ્લા કર્યાં.

જેના પરિણામે બસોથી અઢીસેં ઘરનો સમુદાય

પૂજ્યશ્રીના વ્યાખ્યાનાદિનો લાભ લેવા લાગ્યે. જેથી તેમના હૈયામાં મૂર્તિપૂજાની પ્રમાણિકતા બદલ સચોટ વિશ્વાસ થવાથી તેઓ જિન-શાસનની મર્યાદા પ્રમાણે શ્રાવક તરીકેના આચારમાં દહેરાસર દર્શન-પૂજા આદિમાં પ્રવર્ત્તવા લાગ્યા.

ચાતુર્માસ દરમ્યાન આ રીતના સ્થાનકવાસી સંઘના ઉગ્ર વાતાવરણની શાંતિ અને સેંકડોની મૂર્તિપૂજાની શ્રદ્ધા કેળવાયાના પરિણામે **રતલામ** જૈન શ્રીસંઘે પૂજ્યશ્રીને સાચા શાસનપ્રભાવક સમજી ખૂબ આદર સન્માન કર્યું. પજુસણમાં નવા જોડાયેલા ધાર્મિકોની મોટી સંખ્યાએ તપસ્યા ચઢાવા વગેરેમાં ખૂબ સારો લાભ લીધો.

આ ઉપરથી સ્થાનકવાસી-સંઘમાં રૂઢિચુસ્ત માનસ ધરાવનાર બહોળા વર્ગમાં પજુસણ પછી ઘણો ઉહાપોહ મચ્યો અને ચાતુર્માસ સ્થિત સાધુ-સાધ્વીઓએ કાગારોળ મચાવી ફરીથી **"મૂર્તિપૂજા હંબગ છે અશાસ્ત્રીય છે"** ની ઝુંબેશ ઉપાડી.

જાતજાતના ચિત્ર-વિચિત્ર તર્કો-કુતર્કોની પરંપરા શરૂ થઈ, તેમ છતાં પૂજ્યશ્રીએ પોતાના મીઠા-મધુરા ઉપદેશ દ્વારા શ્રી જૈન સંઘને-શ્રાવકો વગેરેને ખૂબ જ ધીરજ રાખવા જણાવી પોતે વિશિષ્ટ સમતા અને કુનેહબાજી સાથે સ્થાનકવાસીઓ તરફથી આવતા વિવિધ આક્રમણોનો યોગ્ય પ્રતિકાર કરવા લાગ્યા.

આ પ્રસંગે પિસ્તાલીશ આગમોમાંથી સ્પષ્ટ મૂર્તિપૂજાના

પાઠવાળા તેર આગમોને અમાન્ય કરી બત્રીસ જ આગમો ને પણ મૂળ માત્ર માનવાની પકડવાળા સ્થાનકવાસીઓએ અર્થ-ઘટનની વિષમ વિકૃતિઓનો આસરો લીધો, એટલે પૂજ્યશ્રીએ સ્થાનકવાસીઓને માન્ય બત્રીશ આગમોમાંથી જ મૂર્તિપૂજાની વાસ્તવિકતા સમજાવનારા પાઠોની ટૂંકી વિવેચનાવાળી નાની પુસ્તિકા "**ભક્તિપ્રકાશ**" નામથી તૈયાર કરી છપાવી જાહેર જનતાના વિચાર માટે રજુ કરી.

જે વાંચી થોડું ભણેલા પણ આરાધક આત્માઓ સ્પષ્ટપણે બત્રીશ આગમોમાં પણ મૂર્તિપૂજાની યથાર્થતાને જાણી સમજી નાહકના વાણી-તાંડવને અયોગ્ય માની સત્યના આગ્રહી બન્યા.

પૂજ્યશ્રીએ ચોમાસાના છેલ્લા બે મહિના વિપક્ષીઓએ ઉઠાવેલ તાંડવના શમન માટે ખૂબ જહેમત ઉઠાવી, એકંદરે સ્થાનકવાસીઓ ઠલ્લીલો, શાસ્ત્રપાઠો અને વિષયની રજુઆતના આધારે પૂજ્યશ્રીની પ્રતિભાને ખંડિત કરવાની મુરાદમાં નિષ્ફળ નિવડયા.

ચાતુર્માસ પૂર્ણ થયા દરમ્યાન **બદનાવરના શેઠ જડાવ-ચંદજી**એ ઘરમાંથી શ્રાવિકાને જ્ઞાનપંચમી તપની પૂર્ણતાએ ઉજમણું કરવાનો ભાવ થવાથી પૂજ્યશ્રીને માગ. સુ. ૩થી શરૂ થતા મહોત્સવમાં પધારવા આગ્રહભરી વિનંતી કરી, પૂજ્યશ્રીએ

કા. વ, ૧૦ના મંગલદિને **રતલામ** શ્રીસંઘની ભાવભરી વિદાય લઈને **કરમદીતીર્થે** પધારી શ્રીસંઘ તરફથી પૂજા–સ્વામિ–વાત્સલ્ય વગેરે થયા પછી કા. વ. ૧૧ **બદનાવર** તરફ વિહાર કર્યો.

કા. વ. ૧૩ના મંગલ–પ્રભાતે બદનાવર શહેરમાં ભવ્ય સ્વાગતપૂર્વક પ્રવેશ કર્યો.

વ્યાખ્યાનમાં શ્રાવક–જીવનની મહત્તા અને તપધર્મની અનુમોદના પર ખૂબ છણાવટ સાથે તાત્ત્વિક–પદાર્થોની રજૂઆત થવા લાગી. સ્થાનકવાસી અને વૈષ્ણવો વગેરે અન્ય દર્શનીઓ પણ પૂજ્યશ્રીની તાત્ત્વિક–દેશનાથી ખૂબ પ્રભાવિત બન્યા.

આ મહોત્સવ પ્રસંગે **વખતગઢ, બિડવાલ, ઉણેલ, વડનગર** આદિ આસપાસના આવેલ પુણ્યવંતા શ્રાવકોએ પોતાને ત્યાં પધારવા ખૂબ આગ્રહ કર્યો. એટલે તે બધા ક્ષેત્રોમાં ફરી માહ સુ. ૫ લગભગ **વડનગર** પધાર્યા. ત્યાં તેરાપંથી શ્રાવકોએ દાન–દયાની વિકૃત–વ્યાખ્યાઓ રજુ કરી વાતાવરણ ડોળવા પ્રયત્ન કર્યો, પણ પૂજ્યશ્રીએ ધીરતાપૂર્વક શાસ્ત્રીયપાઠો અને બુદ્ધિગમ્ય તર્કોના આધારે **"દ્રવ્ય–દયા અનુકંપાદાન પણ શાસ્ત્રીય અને ગૃહસ્થોનું ઉત્તમકર્તવ્ય છે"** એમ સાબિત કર્યું.

ત્યાંથી **ગૌતમપુરા, દેપાલપુર, હાટોદ,** વગેરે

ગામોમાં શાસન પ્રભાવનાપૂર્વક વિચરી રહ્યા, તે અરસામાં ઇંદોરમાં સ્તુતિક આચાર્ય શ્રી વિજયરાજેન્દ્રસૂરિ મ.એ વ્યાખ્યાનમા પ્રસંગે અવિરતિ–દેવોને વંદના વિરતિ સાધુ કે શ્રાવક કેમ કરી શકે ? એ વાત જરા વિસ્તારથી છણાવટ- પૂર્વક ચર્ચી, ઇંદોરના શ્રીસંઘે વગર–પ્રસંગે આવી વિવાદાસ્પદ–વાતોને છેડી વાતાવરણ કલુષિત શા માટે થવા દેવું ? એમ કરી શ્રાવકો મારફત પૂ. આચાર્યદેવને, ખામોશી રાખવા કહ્યું, પણ ભાવીયોગે રતલામમાં પૂરી ફાવટ નહીં આવેલ અને અહીં જવાબ દેનાર કોણ છે ! એમ ધારી જરા વધુ વિવેચન સાથે તેમણે તે પ્રશ્ન છેડવા માંડયો.

તેથી ઇંદોરના સમજુ–વિવેકી આગેવાનોએ પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ને આગ્રહભરી વિનંતિ કરી ઝડપથી તેડી લાવ્યા. ચૈત્ર સુ. ૫. મંગલદિને તેમનો પ્રવેશ થયો.

ભાવીયોગે સ્તુતિક આચાર્ય–મહારાજના મુકામની પાસે જ ઉપાશ્રયમાં પૂજ્યશ્રી ઉતરેલા એટલે વ્યાખ્યાનમાં ચર્ચાતા–વિષયની માહિતી ચોકસાઈથી મેળવી.

પૂજ્યશ્રીએ પણ વ્યાખ્યાનમાં શ્રી વીતરાગ–પરમાત્માની ભક્તિના સ્વરૂપના વર્ણન પ્રસંગે "સમ્યગ્ દૃષ્ટિ દેવો એ જિનશાસનના ભક્ત દેવો છે." "આરાધક પુણ્યાત્મા-

ઓની ભાવસ્થિરતારૂપ વૈયાવચ્ચનું કામ તેઓ કરે છે." "તેમનું સ્મરણ માત્ર કરવામાં પાંચમા-છઠ્ઠા ગુણવાળાને દૂષણ નથી લાગતું" "તેમના નિર્મળ સમ્યકત્વ અને સંઘ વૈયાવચ્ચ કરવાની બાબત ગુણાનુરાગ-દૃષ્ટિથી સ્વીકારવાના બદલે અપલાપ કરવામાં ઉલટું સમ્યકત્વ જોખમાઈ જાય." આદિ શાસ્ત્રીય વાતોની રજુઆત અનેક શાસ્ત્ર પ્રમાણોથી કરવા માંડી.

જિજ્ઞાસુઓ અહીંથી સાંભળીને ત્યાં જાય અને પૂ. આચાર્યશ્રીને પ્રશ્નો પૂછે, ત્યાંથી સાંભળીને પૂજ્યશ્રી પાસે આવે અને શંકાઓના ખુલાસાવાર સમાધાન મેળવવા લાગ્યા.

થોડા દિવસ પછી ચર્ચાનું સ્વરૂપ ઉભું થયું પણ પૂજ્યશ્રીએ કહ્યું કે– "हमें तो कोई हर्ज नहीं आचार्यश्रीसे पूछो ! वाद-प्रतिवाद का तो कोई अंत ही नहीं आयगा ! और हमारी, दोनोंकी बाते समझकर सत्य निर्णय कर सके ऐसे मध्यस्थ-व्यक्ति के अभावमें फाल्तू दिखावा करन से क्या फायदा ! આદિ કહી વિતંડાવાદી વાતાવરણને કાબૂમાં રાખ્યું.

એક વખતે શ્રાવકોના આગ્રહથી પૂ. આચાર્યશ્રી અને પૂજ્યશ્રી બંને ભેગા પણ થયા, શાસ્ત્ર-પાઠોની સમીક્ષા પણ થઈ, ઘણી લાંબી ચર્ચાના અંતે "सत्यस्य तत्त्वं निहितं गुहायां"

"तत्त्वं तु केवलिनो विदन्ति" "આગમવાદે હો! ગુરૂગમ કો નહીં! અતિદુર્ગમ નયમવાદ" આદિ સૂક્તિઓની પરિભાવનામાં શાંતિથી બંને સ્વસ્થાને ગયા. *

---

*અહીં સાંભળેલ કિંવદન્તીના આધારે એમ પણ જાણવા મળ્યું છે કે પૂ. આચાર્યશ્રી **વિજય રાજેન્દ્ર સૂરિ મ.** જે ઉપાશ્રયમાં હતા અને વ્યાખ્યાનમાં દેવોને વંદન ન કરાય તે બાબદ વિચારણા કરતા હતા ત્યારે પૂજ્યશ્રી પાસેની ઓરડીમાં બેસી તેમના મુદ્દાઓ ટાંકી લેતા હતા, થોડા સમય પછી પૂ. આચાર્ય શ્રી વિહાર કરી ગયા. એટલે **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** વ્યાખ્યાનમાં ત્રિસ્તુતિક-આચાર્ય-ભગવંતની દલીલોના જોરદાર રદીયા આપવા માડયા. શાસ્ત્રીય પ્રમાણો ઢગલાબંધ રજુ કરી ત્રિસ્તુતિકમતની છણાવટ કરવા લાગ્યા. જેથી ત્રિસ્તુતિક શ્રાવકો ખળભળી ઉઠયા. તેઓ પૂ. **આ. શ્રી વિજય રાજેંદ્ર સૂરિ મ.** પાસે ગયા.

આ વાત વિ. સં. ૧૯૪૨માં છાપેલ એક હિંદી પુસ્તિકા (ભાષા ગુજરાતી ટાઈપ હિંદી ડેમી ૧૬ પેજી સાઈઝની પીળા રંગની કે જે ઉદયપુર શ્રીસંઘે પ્રકાશિત કરી છે)માં નીચે મુજબ નોંધાયેલ છે.

"પૂ. આ. **શ્રી રાજેન્દ્રસૂરિની** પાસે જઈ તેઓએ જણાવ્યું કે "ગુજરાતથી આવેલા **શ્રી ઝવેરસાગરજીએ** આપના વચનોનું શાસ્ત્ર પ્રમાણ સાથે ખંડન કરવા માંડયું છે, અને તેઓ શાસ્ત્રાર્થ માટે પણ તૈયાર છે જો આપ નહીં પધારો તો સંઘમાં ભેદ પડશે."

આ વાત સાંભળી તેઓ ઇંદોર પાછા આવ્યા અને શાસ્ત્રાર્થની

વિ. સં. ૧૯૪૨ નું ચોમાસું શ્રી સંઘના આગ્રહથી ઈંદોરમાં થયું. પૂજ્યશ્રીની તાત્ત્વિક આગમ-પ્રધાન દેશનાથી રંજિત થયેલ વિવેકી-શ્રાવકોએ શ્રી પન્નવણા અને શ્રી

વ્યવસ્થા થઈ, મધ્યસ્થની નિમણુંક કરી શાસ્ત્રાર્થ શરૂ થયો, થોડીવારમાં જ પૂ. આ રાજેન્દ્રસૂરિ મ. અને પૂ. ઝવેરસાગરજી મહારાજે દર્શાવેલા આગમના પ્રમાણો સામે તેમણે મૌન ધારણ કર્યું."

આ વાતનું ગર્ભિત સમર્થન ચરિત્રનાયક શ્રી પૂ. **આગમોદ્ધારક આચાર્યદેવ** શ્રીએ રચિત **વિંશાતિવિંશિકા**ની સ્વોપજ્ઞ ટીકાના પ્રસંગે પ્રથમ **અધિકાર વિંશિકા**ની ૩૦૦૦ શ્લોક પ્રમાણ ટીકાની સમાપ્તિએ પોતાના સંક્ષિપ્ત જીવન વૃત્તને દર્શાવનારી પ્રશસ્તિમાં કર્યું છે, તે શ્લોક આ પ્રમાણે છે.

" तत्राभवन् मुनिवरा जयवीरसिन्धु–
संज्ञाः सुवादकुशलाः गणिनः प्रसिद्धाः ।
वादे महेन्द्रपुरि त्रिस्तुतिका दयान–
नन्दारकाश्च यैरुद्रपूर्नगरे निरस्ता ! ! "

આમાં **મહેન્દ્રપુર** શબ્દ છે તે આમ **મહીદપુર** (માલવા) નો ભ્રમ કરાવે છે. પણ ઉપરની હિંદી ચોપડીની વાતના આધારે મહા ને વિશેષણ ગણી " **ઈંદ્રપુરે-ઈંદોર નગરમાં** " એવો અર્થ ગણી શકાય

મહીદપુરમાં ત્રણ થુઈવાળા સાથે ચર્ચા થયાની વાતનો ઉલ્લેખ મળ્યો નથી.

જીવાભિગમ સૂત્રની વાચના ચોમાસા દરમ્યાન સવારે અને બપોરે થઈ, પાંચ કલાક આગમ–વાચના રૂપે ઉમંગભેર સાંભળી. +

ચોમાસા દરમ્યાન અનેક તપસ્યા સાથે વિવિધ ધર્મકાર્યો પણ થયાં.

ચોમાસા દરમ્યાન **મહીદપુરના** સંઘના અગ્રગણ્ય **શ્રાવક શ્રીવરદીચંદજી, અંબાલાલજી, રતનચંદજી** આદિ શ્રાવકો **આગમ–વાચનાના** આકર્ષણથી અવારનવાર

+ એક વૃદ્ધ મુનિ પાસેની જુની નોંધમાં એવી પણ નોંધ છે કે "મુનિ ઝવેરસાગરજીને ઈદોરમેં સ્થિરતા કરી ઔર ૪૫ આગમ કી વાચના કીની"

આ નોંધ જરા વિચારણીય લાગે છે–૪૫ આગમોને વાંચવા માટે ઓછામાં ઓછા ૨૫–૩ વર્ષ જોઈએ. છતાં જેમ **આ૦ શ્રી વિજય રાજેન્દ્રસૂરિજીએ** કુક્ષીના ચોમાસ.માં નવ મહિના સળંગ રહી ૪૫ આગમ વાચ્યાની નોંધ જાણવા મળે છે, તેમ કોઈ વિશિષ્ટ વાંચવાની પદ્ધતિ અપનાવી પૂજ્યશ્રીએ ૪૫ આગમ ઈન્દોરમાં વાંચ્યા પણ હોય એ સંભવિત લાગે છે.

જેમકે **શ્રી ભગવતી સૂત્ર** ૧૫ વર્ષે પૂરૂં થાય તેમ છતાં આજે માત્ર ૪ મહિનામાં આખું **શ્રી ભગવતી સૂત્ર** વાંચનારા ગીતાર્થ આચાર્ય ભગવંતો મોજુદ છે, તે રીતે કદાચ ૪૫ આગમો વાચવાની વાત સંભવિત ગણાય.

આઠ–દશ દિવસ રહી ચોમાસા દરમ્યાન દોઢ મહિનો પૂજ્યશ્રીની આગમિક–વ્યાખ્યાઓ સાંભળી ચોમાસું પૂરું થતાં જ તુર્ત મહીદપુર પધારવા આગ્રહભરી વિનંતી કરી અને આગમવાચના રૂપે પરમાત્મા વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્માની અમૃતવાણી સંભળાવવા આજીજી કરી.

પૂજ્યશ્રીએ પણ વિષમકાળમાં કાળ બળે સંવેગી પરંપરાના સાધુઓના સહવાશની ઓછાશથી બીજા સંપ્રદાયવાળા શાસ્ત્રના નામે મનઘડંત બાબતોને બહુ મહત્વ આપી રહ્યા છે, તે પ્રસંગે આગમિક જ્ઞાન શ્રી સંઘમાં વધે તે હેતુથી કા.વ. ૩ ઇંદોરથી વિહાર કરી કા.વ. ૧૦ સવારે **મહીદપુર** પધારી ગયા.

માગ. સુ. ૨ના મંગળદિને ભવ્ય રથયાત્રા કાઢી આગમોનું બહુમાન કરવાપૂર્વક **શ્રી આવશ્યક સૂત્ર શ્રી દશવૈકાલિક, શ્રી ઉત્તરાધ્યયન, શ્રી નંદી સૂત્ર શ્રી અનુ. યોગદ્વાર સૂત્ર** આ પાંચ આગમોની વાચના મંગલાચરણ રૂપે શરૂ કરાવી. રોજ સવારે ૯ થી ૧૧ અને બપોરે ૨ થી ૪ વાચના વખતે ઘીનો દીવો, ગહુંલી, જ્ઞાનપૂજા વગેરે વિધિનું પાલન બહુમાન સાથે થતું.

માહ સુ. ૫ **શ્રી આચારાંગસૂત્રથી** અગ્યાર અંગની વાંચના શરૂ થઈ, ચૈ.સુ.૫થી સાડાબાર દિવસની અસજ્ઝાયના

કારણે વાંચના બંધ રહી તે અરસામાં આગમિક-ભક્તિ નિમિત્તે ભવ્ય અષ્ટાહ્નિકા-મહોત્સવ થયો.

ચૈ.વ. ૨ થી શ્રી ભગવતી સૂત્રની શરૂઆત થઈ, અષાડ સુ. ૧૩ સુધીમાં શ્રી ભગવતી સૂત્ર પૂરું થયું.

ચોમાસા દરમ્યાન પજુસણ પૂર્વે શ્રીજ્ઞાતાસૂત્ર, શ્રી ઉપાસકદશા, શ્રી અનુત્તરૌપપાતિક દશા, શ્રી પ્રશ્ન-વ્યાકરણ સૂત્રની વાચના પૂરી થઈ.

ભા.સુ. ૧૦ થી આસો સુ. ૫ સુધીમાં શ્રી ઉવવાઈ, શ્રી રાયપસેણી, શ્રી જીવાભિગમ-સૂત્રની વાચના થઈ, આસો વદ-૨થી જ્ઞાનપાંચમ સુધીમાં શ્રી પન્નવણા સૂત્રનું વાંચન થયું.

કા. વ. ૧૦ સુધીમાં બાકીના ઉપાંગોની વાચના પુરી થઈ. પછી પૂજ્યશ્રી પર ઉદયપુરમાં સ્થાનકવાસીઓ તથા આર્યસમાજીઓ તરફથી મહાતાંડવ ઉપસ્થિત થયાના સમાચાર અવારનવાર ચોમાસા દરમ્યાન પૂ. શ્રીમૂલચંદજી મ. દ્વારા મળવાથી ચોમાસું ઉતર્યે તુર્ત ઉદયપુર જવાની આજ્ઞા આવેલ.

તેથી છ છેદસૂત્રો તો જાહેરમાં વંચાય નહીં માત્ર દશ પયન્ના આગમ વાંચનામાં બાકી રહ્યા. તે આગળ પર કયારેક વાત એમ કરી, કા. વ. ૧૩ પૂજ્યશ્રીએ ઝડપી વિહાર ઉદયપુર તરફ લંબાવ્યો.

માગસર વદ ૫ લગભગ **ઉદયપુર** પધાર્યા, **ઉદયપુર**માં સંવેગી–સાધુઓના વિહારનો સર્વથા અભાવ અને શ્રી પૂજ્યો–યતિયોની બોલબાલામાં શ્રી વીતરાગ પ્રભુજીના ૩૬ જિનાલયો છતાં ધર્મપ્રેમી જનતામાં ધર્મભાવનાની ખૂબ જ ઓછાશ અને સ્થાનકવાસીઓની આપાત–રમ્ય સુંદર લાગતી દલીલોના ચક્રાવે ચઢી જવાથી શ્રાવકજીવનને અનુરૂપ પ્રભુદર્શન કે શ્રી વીતરાગ પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા આદિની પદ્ધતિમાં ખૂબ જ ગાબડું પડેલ.

પૂજ્યશ્રી **ઉદયપુર** શ્રીસંઘને **શ્રાવક–કુળની મહત્તા, જિનશાસનનો મહિમા અને " અનંત કર્મોના ભારથી છૂટવા માટે શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ સિવાય કોઈ આધાર નથી "** –એ વિષયો પર જોરદાર વ્યાખ્યાનો આપી ધાર્મિક–જનતામાં અનેરી જાગૃતિ લાવવા લાગ્યા.

પૂજ્યશ્રીએ જાતે દરેક દેરાસરોમાં વિવેકી શ્રાવકોને લઈ જઈ આશાતનાઓ દૂર કરવા પ્રયત્ન કર્યો, સામાયિક, પ્રતિક્રમણ, નવકારશી, રાત્રિભોજન ત્યાગ આદિ શ્રાવકોના આચારની સમજુતી સાથે પ્રભુ દર્શન, દેવપૂજામાં જોડાવાનોને ખૂબ પ્રયત્નશીલ બનાવ્યા.

વધુમાં પૂજ્યશ્રીએ સ્થાનકવાસીઓ, આર્યસમાજીઓ વગેરેના બુદ્ધિભેદ કરનારા મંતવ્યોનો વ્યવસ્થિત ઘટસ્ફોટ કર્યો. શ્રીસંઘે પૂજ્યશ્રીની વિદ્વત્તા–શાસ્ત્રીય પ્રતિભા અને અપૂર્વ શક્તિ

નિહાળી શ્રીસંઘના લાભાર્થે વિ. સં. ૨૦૩૩ના ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ કરી. પૂજ્યશ્રીએ લાભાલાભ દેખી 'વર્તમાન જોગ' એમ કહીને લગભગ સ્વીકૃતિ આપી.

ચોમાસા પૂર્વે ઉદયપુરની આસપાસના ગામડાઓમાં વિચરી ત્યાંના જૈનોના ધર્મવાસના જે યતિઓના શિથિલાચારથી અને સ્થાનકવાસીઓના બાહ્યચરિત્રના દેખાવ અને એકતરફી સ્થાપના નિપેક્ષાને અમાન્ય કરવાની વાતોથી ડોળાઈ ગયેલ. તે શાસ્ત્રીય સદુપદેશ અને વિશિષ્ટ શુદ્ધ ચારિત્રના પાલનથી વ્યવસ્થિત કરી અનેક જિન મંદિરોની આશાતનાઓ દૂર કરી.

શ્રી સંઘના આગ્રહથી શ્રીસંઘની ધર્મ ભાવનાને વધુ પરિપુષ્ટ કરવાના શુભ આશયથી વિ. સં. ૧૯૩૩નું ચાતુર્માસ ઉદયપુરમાં થયું.

ચાતુર્માસ દરમ્યાન પંચરંગીતપ, અક્ષયનિધિતપ, શ્રીનવપદજીની સામૂહિક ઓળી વગેરે આરાધનાથી આરાધનાનું વાતાવરણ સારૂં જામ્યું. ચાતુર્માસ પુરૂં થયેથી વિ. સં. ૧૯૩૪ના માગ. સુ. ૧૩ પૂજ્યશ્રી વિહાર કરી. આસપાસ વિચરી ફાગણ ચોમાસી માટે ઉદયપુર પધાર્યા ત્યારે શેઠ શ્રી કિશનાજીને પૂજ્યશ્રીના ઉપદેશથી પ્રભાવિત બની શ્રી કેશરીયાજી તીર્થનો છરી પાળતો સંઘ કાઢવા ભાવના થઈ.

પૂજ્યશ્રીને વાત કરી. પૂજ્યશ્રીએ ધર્મકાર્યના મનોરથો શીઘ્ર પૂર્ણ થાય તો સારૂં, એમ સમજી ફા. વ. ૩નું શ્રેષ્ઠ મુહૂર્ત કાઢી આપ્યું. પત્રિકા છપાવી આસપાસના ગામોમાં મોકલી.

આ પ્રસંગે પૂજ્યશ્રીને એક મંગલ મનોરથ ઉપજ્યો કે યુગાદિ ઋષભદેવ ભગવંતનો જન્મ અને દીક્ષા દિવસ ચૈ. વ. ૮ (ગુ. જ. ફા. વ. ૮) આવે છે કેશરીયાજીમાં આ પવિત્ર દિવસે મેળાનું આયોજન કરાય તો આ બહાને લોકોમાં જાગૃતિ સારી આવે, તેમ ધારી મોટું હેંડબિલ કાઢી કેશરીયાજી તીર્થનું મહત્ત્વ અને વર્તમાન અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર કળિકાળની જાગતી જ્યોત શ્રી કેશરીયાજી તીર્થે જેમની પ્રાચીન પ્રતિમાજી છે તેમની યાત્રા નિમિત્તે વાર્ષિક દિવસ તરીકે પ્રભુના જન્મ અને દીક્ષા કલ્યાણકથી પવિત્ર ચૈ. વ. ૮ ના દિવસને મહત્વ પૂર્ણ ગણવા પર ભાર મુકી દેશ-દેશાવરમાં હજારો પત્રિકાઓ મોકલાવી પ્રચાર ખૂબ કરાવ્યો.

ફા.વ.૩ના મંગલ મુહૂર્તે શ્રી સંઘે ઉદયપુરથી પ્રયાણ કર્યું. પુરૂષાદાણી પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુથી અધિષ્ઠિત શ્રી સવિનાખેડા તીર્થે પ્રથમ મુકામ થયો.

ફા.વ.૭ના મંગળ દિને કેશરીયાજી તીર્થે મંગળ પ્રવેશ થયો. જાહેરાત થયા પ્રમાણે રાજસ્થાન, માલવા,

મેવાડ, ગુજરાત, કાઠિયાવાડ આદિ પ્રદેશોમાંથી પણ હજારોની સંખ્યામાં યાત્રિકો આવેલ, તે બધાના હર્ષોલ્લાસ વચ્ચે વદ આઠમ સવારે તીર્થપતિના સમૂહ–ચૈત્યવંદન સાથે દર્શન કરી દેરાસરના આગળના ચોકમાં તીર્થમાળની વિધિ થઈ. વ્યાખ્યાન પણ થયું, સંઘપતિ તરફથી પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા ઠાઠથી થઈ. બપોરે મોટી પૂજા ભણાવી, સાંજે ચાર વાગે ભવ્ય રથયાત્રા નિકળી. પૂજ્યશ્રીએ આવેલ યાત્રાળુઓને દર વર્ષે આ દિવસને મેળા–વાર્ષિકયાત્રાના પ્રતીકરૂપે ચાલુ રાખી પ્રભુ ભક્તિ–પૂજા–રથયાત્રા આદિ કરી આ દિવસની ઉજવણી માટે પ્રેરણા કરી,

વિ.સં. ૧૯૩૪ના ફા.વ.૮થી શરૂ થયેલ તે મેળો આજ દિન સુધી ખૂબ ઠાઠથી ભવ્ય દબદબા પૂર્વક ઉજવાય છે, હવે તો આ મેળામાં ભીલ લોકો પણ કાળીયાબાબાની અટૂટ–ભક્તિથી હજારોની સંખ્યામાં જોડાયા છે.

પૂજ્યશ્રી **કેશરીયાજી થી સલુંબર** આદિ ગામોની સ્પર્શના કરી ઉદયપુરમાં વૈશાખ મહિને પધાર્યા, શ્રી સંઘનાં અનેક ધર્મકાર્યો કરવાનાં હોઈ વિ.સં. ૧૯૩૪નું ચોમાસું પણ ઉદયપુરમાં કર્યું.

ચોમાસામાં શરૂઆતમાં જ શ્રી વર્ધમાનતપની ઓળીની આરાધના કરાવી, પર્વાધિરાજની આરાધના પ્રસંગે ચૌસઠ–

પ્રહરી પૌષધની પ્રેરણા કરી અનેક પુણ્યવાનોને પૌષધ સાથે પર્વાધિરાજની આરાધના કરાવી.

પજુસણ પછી શહેર યાત્રાનું આયોજન કરી બધા જિનાલયોમાં શ્રાવકોએ જાતે પોતાના હાથે કચરો વાળવાથી પ્રભુજીની અષ્ટપ્રકારી-પૂજનનો સામુદાયિક કાર્યક્રમ ગોઠવી પૂજ્યશ્રીએ શ્રી સંઘમાં અપૂર્વ ધર્મોત્સાહ પ્રગટાવ્યો.

ચાતુર્માસ પુરૂં થયેથી ભીલવાડા બાજુ વિહાર કરી અનેક ગામોમાં ધર્મની આરાધનાનું વિશિષ્ટ વાતાવરણ તૈયાર કરી ફાગણ ચોમાસી લગભગ પ્રાંતા ઉદયપુર પધાર્યા.

કાનોડના શ્રી સંઘમાં ભીંડરવાળા યતિજીની રૂઆબભરી સત્તાના કારણે સ્થાનકવાસી અને તેરાપંથીઓએ દેરાસરના લાગા વગેરે આપવાનું બંધ કરવાથી ઉપજેલા વિક્ષેપને દૂર કરવા પૂજ્યશ્રી ઉદયપુર શ્રી સંઘના અગ્રગણ્ય ચાર-પાંચ વ્યક્તિઓને લઈ ભીંડરના યતિજીનો સંપર્ક સાધી કાનોડમાં જાહેર વ્યાખ્યાનોથી સંવેગી સાધુઓની વિદ્વત્તા અને ચારિત્ર શુદ્ધિનું વાતાવરણ ઉભું કરી વિપક્ષીઓ-સ્થાનકવાસી—તેરાપંથીઓને આકર્ષ્યા.

વ્યાખ્યાનમાં તાત્ત્વિક-આગમોની ઊંડાણભરી વિચારણાથી સ્થાનકવાસી-તેરાપંથીઓ પણ હિંસાના પ્રશ્ન પર તાત્ત્વિક રીતે ચર્ચા-વિચારણા કરી સત્ય પ્રકાશને મેળવી શકયા.

પરિણામે પૂજ્યશ્રીની **આદેય**-વાકયતા **નિવડવા પામી,** જેથી દેરાસર અંગેના સામાજિક -પ્રસંગોના લાગા વગેરે આપવાની ચાલી આવતી પ્રથાને ચાલુ રાખવાનું ડહાપણ વિપક્ષીઓને પણ સ્વતઃ ઉપજ્યું.

આ રીતે પૂજ્યશ્રીએ પોતાની પ્રૌઢ પુણ્યપ્રતિભા અને તાત્ત્વિક-દેશના બળે મેવાડ જેવા સંવેગી-સાધુઓના સંપર્ક-વિહોણા ક્ષેત્રમાં પણ આડકતરી રીતે તત્ત્વભૂમિકાના સંપાદન-બળે જિનશાસનનો વિજયડંકો વગાડયો, **કાનોડ** શ્રીસંઘના આગ્રહથી ચૈત્રી-ઓળીનું આરાધન ઠાઠથી કરાવ્યું

પછી આજુબાજુ વિચરી ચોમાસા અર્થે વધુ લાભની સંભાવનાથી **ઉદયપુરમાં વિ સં. ૧૯૩૫નું ચોમાસું કર્યું.**

ચાતુર્માસમાં શ્રી **ધર્મરત્નપ્રકરણ** અને **પાંડવ ચરિત્રનું** વાંચન થયું, તેમાં પર્વાધિરાજના માસધરના દિવસે પર્વાધિરાજની સફળ આરાધના માટે પાંચ કર્તવ્યો પૈકી **અમારિ પ્રવર્તન** નામે પ્રથમ કર્તવ્યનું મહત્ત્વ સમજાવતાં જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી **હીરસૂરીશ્વરજી** મ.ના દૃષ્ટાંતથી અને શ્રી **શાંતિચંદ્રવાચકના** પ્રસંગોથી આ મંગલ-દિવસોમાં સંસારી-હિંસાની પ્રવૃત્તિઓ બંધ કરવા- કરાવવા પર ભાર મુકયો. તર્કબદ્ધ રીતે જીવોને ધર્મકાર્યના પ્રસંગે અભયદાન આપવાની મહત્ત્વપૂર્ણ વાતને સમજાવી.

પરિણામે "**સાપ ગયા લીસોટા રહ ગયા**" ની જેમ પજુસણ–પર્વના પ્રારંભના બે ચાર દિ' અગાઉ જુની પરિપાટિ મુજબ રાજ્ય તરફથી ઘોષણા–ડાંડીપીટાવના રૂપે થતી–" **બે દિવસ પછી શ્રાવકોના આઠ દિવસના પજુસણ શરૂ થાય છે, તેથી ઘાંચીઓએ ઘાણી બંધ રાખવી. મચ્છીમારોએ જાળ ન નાંખવી. જીવોની કતલ કોઈએ ન કરવી.** વગેરે. પણ કાળચક્રના પરિવર્તનથી લોકોની ભાવનામાં ઘસારો થવાથી ઘાંચી–માછીમારો વગેરે આ બાબત પુરતું પાલન કરતા ન હતા.

એટલે પૂજ્યશ્રીએ એક સામુદાયિક મોટી ટીપ જીવ છોડામણની કરાવી– જેમાંથી જે તે ઘાંચી–માછીમાર કસાઈ વગેરેને પૈસા આપીને પણ પજુસણના પવિત્ર દિવસોમાં હિંસા ન થાય તે રીતનો વ્યવહારૂ ઉપાય કાઢયો.

જે હજુ સુધી (મહારાણાનુ રાજ્ય હતું ત્યાં સુધી) બરાબર દર પજુસણે સેંકડો હજારો જીવો આ ટીપથી છુટતા.

આવું મહત્વનું કામ આ ચોમાસામાં થયું.

આ ઉપરાંત બીજું પણ મહત્વનું કામ એ થયું કે આસો મહિનાની શાશ્વતી–ઓળીજીની આરાધના **શાહ અનરૂપજી ચૌહાણ** તરફથી અષ્ટાન્હિકા મહોત્સવ સાથે

ધામધૂમથી થઈ. જેમા શાહ કેશરીચંદજી મહેતા તરફથી ચોળીવાળાનાં પારણાં થયાં.

તે ચોળીજી દરમ્યાન કુદરતી ભાવિસંકેતાનુસાર અનિચ્છનીય ઘટના એ બની કે– સંવેગી શાખામાં વર્તમાન સમસ્ત–સાધુઓના સર્વોપરિ પૂ. પં. **શ્રી મણિવિજયજી મ.** "દાદા"નો સ્વર્ગવાસ **અમદાવાદમાં** આસો સુદ ૮ સવારે થયાના સમાચાર પૂજ્યશ્રીને **ઉદયપુરમાં** સુ. ૧૦ સવારે વ્યાખ્યાન સમયે મળ્યા.

ચાલુ–વ્યાખ્યાને પૂજ્યશ્રી ખૂબ જ ગંભીર ગમગીન બની ગયા. " વર્તમાનકાળે શ્રમણ–સંસ્થાની સંવેગી–પરંપરા હજી જુજવા પ્રમાણમાં છે, ત્યાં આવા ઉત્કૃષ્ટ–સંયમી ગીતાર્થ–વિદ્વાન મહાપુરૂષનો સ્વર્ગવાસ થાય એ ખરેખર આપણા કમભાગ્યની નિશાની છે, છતાં ભાવીના ચક્રને કોણ થંભાવી શકયું છે!" એમ વિચારી સકળ શ્રીસંઘ સાથે દેવવંદન કરી પૂજ્યશ્રીનો પરિચય ટુંકાણમાં જણાવી પોતાના પણ પરમોપકારી મહાત્મા પુરૂષ હતા. વગેરે પૂજ્યશ્રીના સંબોધનથી ઉત્સાહિત બનેલ સંઘ તરફથી આસો વદમાં તપાગચ્છના મહાપ્રભાવક **શ્રી મણિવિજયદાદાના** સ્વર્ગવાસ નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સાથે નક્કી થયો.

પૂજ્યશ્રીએ પણ ચોળીજીની આરાધનામાં જોડાયેલ

પુણ્યવાનોને વિવિધ પ્રેરણા આપી પ્રભુભક્તિ સ્વયં સ્વહસ્તે કરવાથી અનંત લાભ સમજાવી શહેરના અન્ય દેરાસરોમાં પૂજારીના ભરોંસે ભગવાન્ હોઈ થતી ઘણી આશાતના ટાળવા માટે ધ્યાન ખેચ્યું.

ઘણા પુણ્યાત્માઓએ દેરાસરનો કાળો કાઢવાથી માંડી પ્રભુભક્તિનાં બધાં કાર્યો સ્વહસ્તે કરવાની પ્રેરણા મેળવી.

શ્રીસંઘ તરફથી **પૂ. શ્રી મણિવિજયજી મ. "દાદા"** ના સ્વર્ગવાસ નિમિત્તે થનારા અઠ્ઠાઈ મહોચ્છવમાં પણ પ્રભુભક્તિના મહત્વ સાથે શ્રાવકના કર્તવ્ય તરીકે શ્રી વીતરાગ-પ્રભુની અષ્ટપ્રકારી પૂજા વગેરે સ્વ-હસ્તે સ્વ-દ્રવ્યથી કરવાની વાત પર ખૂબ છણાવટપૂર્વક પ્રકાશ પાથરી મહોત્સવ દરમ્યાન અનેક ભાવિક પુણ્યાત્માઓ દ્વારા શહેરના ખૂણે-ખાંચરે કે દૂર રહેલા જિનાલયોમાં શ્રાવક-શ્રાવિકાઓને સ્વ-હસ્તે પૂજા કરવા-કરાવવાની પ્રેરણા આપી. અનુપયોગથી થતી ઘણી આશાતનાઓ દૂર કરાવી.

ચોમાસા પછી **અદબદજી-દેલવાડાની** સ્પર્શના કરી **રાજનગર-દયાલશાહનો કિલ્લો, કરેડા તીર્થ** આદિની સ્પર્શના કરવાની ભાવના હતી, પણ **શેઠ મંગળચંદજી સિંઘીને** પોતાના માત-પિતાના શ્રેયાર્થે **જિનેન્દ્ર-ભક્તિ** -મહોત્સવ કરવા ભાવના થવાથી **દેલવાડા** જઈ વિનંતી કરી ચો.

સુ. ૫ ના મંગલ પ્રભાતે પૂજ્યશ્રીને **ઉદયપુર** પાછા તેડી લાવ્યા.

પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ-પ્રભુના દહેરાસરમાં આઠ દિવસનો શ્રી **જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવ** થયો. ધર્મપ્રેમી જનતાએ ઓચ્છવ દરમ્યાન વ્યાખ્યાન અને પૂજા વિગેરેમાં સારો લાભ લીધો.

આ વખતે પૂજ્યશ્રીની પ્રેરણાથી અહીં શ્રી સંઘમાં એ મંગલ કાર્ય થયું-કે **સાગર** શાખાના અનેક મુનિ-ભગવંતોના સહકાર-ઉપદેશ-પ્રેરણાથી **ઉદયપુરમાં** અનેક ધાર્મિકસ્થાનો બનેલા છે એ વાત **સાગર-શાખાના** તે મુનિઓના જીવન પ્રસંગોથી સ્પષ્ટ સમજાય છે.[૧]

તેમાં એક વાતનો ઉલ્લેખ આવી ગયો છે કે **વિ. સં. ૧૮૧૫** લગભગ શ્રી **સાગર-શાખાના** આઠમા પટ્ટધર પૂ. **મુનિશ્રી સુજ્ઞાન સાગરજી** મ. શ્રી એ પ્રાચીન આગમો પુસ્તકો વિગેરેનો સંગ્રહ કરી શ્રુતજ્ઞાનની ભક્તિના પ્રતીકરૂપે જ્ઞાનભંડારની સ્થાપના કરેલ.

ઉદયપુરના શ્રી સંઘ હસ્તે તે જ્ઞાન ભંડારને રાખી

---

૧. પ્રસ્તુત પુસ્તકના પ્રથમ ભાગ (પ્રક. ૨૧ પા. ૩૪૦ થી ૩૫૪) માં સાગર શાખાના અનેક મહાપુરુષો છે કે જેમના પુણ્ય પ્રભાવે ઉદયપુર શ્રી સંઘના અનેક ધર્મકાર્યો થયાની નોંધ છે.

સાગર–શાખાના વિશિષ્ટ પ્રભાવક. પૂ.મુનિશ્રી ભાવસાગરજી મ., પૂ. મુનિશ્રી નાણસાગરજી મ., પૂ. મુનિશ્રી નિધાન સાગરજી મ.શ્રીએ તે જ્ઞાનભંડારમાં વિવિધ પ્રાચીન હસ્તલિખિત આગમ ગ્રંથો વગેરે શ્રુત–જ્ઞાનના અણમોલ વારસાને અનેક સ્થાનેથી મેળવી સુસમૃદ્ધ અને સુવ્યવસ્થિતપણે મહત્વનો બનાવેલ.

છેલ્લે છેલ્લે વિ. સં. ૧૯૧૪ના ચોમાસામાં પૂ. મુનિ શ્રી નિધાનસાગરજી મ. શ્રીએ ઉદયપુર શ્રી સંઘના ધર્મ નિષ્ઠ આગેવાન શ્રાવક શાહ કિશનચંદજી ચપડોદ આદિને બોલાવી ભલામણ કરેલ કે–

"हमारे साधु–लोग गुजरात तर्फ हैं। वे इधर पधारें ऐसा अभी नही लगता। मेरा शरीर अब थका है, अतः आप लोग हमारी सागरपरंपराके साधु–भगवंतोने ये जिनमंदिर, उपाश्रय एवं ज्ञानभंडार आदि जो धर्मस्थान बनवायें हैं, इन सबकी देखभाल धार्मिक–दृष्टिको एवं आत्म–कल्याण–बुद्धिसे करते रहें! हमारी सागर परंपराके योग्य अधिकारी साधु भविष्यमें इधर पधारें तो उनकी देखरेखमें, नहीं तो जो भी सुविहित–गीतार्थ साधु भगवंत पधारें उनकी देखरेखमें किसी तरह इन धर्मस्थानोंकी आशातना न हो इस तरह देखभाल करते रहना। इसमें प्रमादशील न बनना" आदि

આ જ્ઞાનભંડારની દેખરેખ શ્રી કિશનજી ચપડોદ વગેરે શ્રીસંઘના આગેવાન શ્રાવકો રાખતા હતા, સાગર–શાખાના કે બીજી શાખાના કોઈ પ્રભાવશાળી કે સામાન્ય સંવેગી–

સાધુઓનો વિહાર–સંપર્ક સદંતર ન રહેવાના પરિણામે શ્રાવકો પોતાની સૂઝ પ્રમાણે જ્ઞાનભંડારની સાચવણી કરતા હતા.

તેમાં **પૂ. શ્રી ઝવેરસાગરજી** મ. નો પ્રૌઢ પુણ્ય–પ્રભાવ, આગમાનુસારી શુદ્ધ–દેશના, નિર્મળ ચારિત્ર અને બે ચોમાસા-થી શ્રી સંઘમાં આવેલ અનેરી ધર્મ–જાગૃતિ આદિથી શ્રીસંઘના આગેવાનોને લાગ્યું કે–" સં. ૧૯૧૪માં **પૂ. શ્રી નિધાન-સાગરજી** મ.ના કહેવા પ્રમાણે ગુજરાત તરફથી **સાગર**શાખાના વિશિષ્ટ પ્રભાવક આ મુનિપુંગવનો લાભ આપણને મળ્યો છે, તો આ પૂજ્યશ્રીને આપણો જ્ઞાનભંડાર બતાવી તેની સુરક્ષા–વૃદ્ધિ માટે જરૂરી માર્ગદર્શન મેળવીએ.'

આવું વિચારી શ્રી સંઘના આગેવાન શ્રી **કિશનજી ચપલોદ** વગેરે શ્રાવકોએ પૂજ્યશ્રીને જ્ઞાનભંડાર નિહાળવા **માહ** સુ. ૮ ના વ્યાખ્યાનમાં **વિનંતિ** કરી બપોરના સમયે પૂજ્યશ્રીએ પોતાના પૂર્વ–ગુરુઓએ શ્રુતજ્ઞાનની સુરક્ષાના શુભ ઉદ્દેશથી સ્થાપેલ જ્ઞાનભંડારનું ભાવપૂર્વક નિરીક્ષણ કરી શ્રાવકોની પોતાની સીમિત મર્યાદાઓના કારણે જ્ઞાનની સાચ-વણીમાં ખૂબ જ ત્રુટિ જણાઈ, તે પૂજ્યશ્રીએ અઢી મહિનાનો સમય આપી અધિકારી–શ્રાવકોની સહાયથી આખો જ્ઞાનભંડાર [illegible] થી ઇતિ સુધી બંધનો, વીંટણા, ડાબડા, કબાટ વગેરેની [illegible]–પડિલેહણા–પ્રમાર્જના કરી જુના અને સડી ગયેલ

ને કાઢી નવેસરથી બંધનો, વીંટણા, ડબ્બા, કબાટ વગેરે બનાવડાવી આખો જ્ઞાનભંડાર સુંદર વિગતવાર નોંધ બનાવવા સાથે વ્યવસ્થિત કર્યો.

અનેક નવી ઉપયોગી પ્રતો લહીયાઓ પાસે લખાવી ઉમેરવા અને અનેક પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ કરી જ્ઞાનભંડારને વધુ સમૃદ્ધ બનાવવા પૂજ્યશ્રીએ શ્રીસંઘનું ધ્યાન દોર્યું.

ચૈત્ર માસની શાશ્વતી ઓળીજીના દિવસોમાં સામુદાયિક શ્રી નવપદજીની આરાધના માટે પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં ખૂબ પ્રેરણા કરવાથી અનેક આરાધકોને વિધિ સાથે શ્રી **નવપદજી**ની આરાધન માટે વિચાર થયો.

આ પ્રસંગે **શા. ટેકચંદજી નલવાયા** તરફથી શ્રી **ગોડીજી** મહારાજના દહેરે અષ્ટાન્હિકા મહોત્સવ પણ ખૂબ ઠાઠથી શાસન પ્રભાવના સાથે થયો, જેથી શ્રી નવપદજી ના આરાધકોનો ખૂબ ભાવોલ્લાસ વધ્યો.

ત્યાર પછી વૈશાખ–જેઠ બે મહિના આસપાસના પ્રદેશોમાં વિહરવા ભાવના હતી, પણ નાગોર, પોકરણ, જોધપુરથી લહીયાઓ બોલાવેલ તેમની પાસે હાથના બનાવેલ કાશ્મીરી કાગળ પર જુના અપ્રાપ્ય પ્રાચીન આગમો, પ્રકરણગ્રંથો, ચરિત્રો વગેરે લખાવવાની પ્રવૃત્તિ સારી જોરદાર ચાલી, આવી આવી અનેકવિધ

પ્રવૃત્તિઓના કારણે પૂજ્યશ્રીએ ઉદયપુરમાં સ્થિરતા કરી. છેવટે ચાતુર્માસ નજીક આવવાથી લાભાલાભ વિચારી સં. ૧૯૩૯નું ચોમાસું શ્રીસંઘના બીજા અનેક ધર્મ-કાર્યોની સુવ્યવસ્થા અંગે શ્રીસંઘના આગ્રહથી કર્યું.

ચોમાસામાં શરૂઆતમાં જ આર્યસમાજી લોકોએ **સત્યાર્થપ્રકાશ**ના આધારે જૈનોનો ધર્મ નાસ્તિક વેદબાહ્ય અને હુંબગ-વાતોથી ભરેલ છે, એમ કરી જાહેરમાં જૈનધર્મ, તેનાં શાસ્ત્રો, સાધુઓ અને તેમની માન્યતાઓનો ઉપહાસ ભર્યો પ્રચાર કરવા લાગ્યા.

પૂજ્યશ્રીએ વેદ-સ્મૃતિ-ગીતા-મહાભારતના દાખલા ટાંકી જૈનોના તીર્થંકરો તો વેદની ઋચા-મંત્રોમાં ગુંથાયેલ છે અને ઈશ્વરની માન્યતા અંગે ચાલી આવતી ધારણાઓ કેટલી ભ્રામક અને પોકળ છે ? તે જાહેરમાં ચર્ચવી શરૂ કરી.

શ્રી દયાનંદજીને **મૂર્તિપૂજા** પરના ખસી ગયેલા વિશ્વાસના આધારે કેવા અપ્રામાણિક તર્કોનો સહારો લઈ અને વેદોની ઋચાઓના અર્થો મરડીને પોતાની વાત એકતરફી રજુ કરી છે તેની પણ ખૂબ છણાવટ કરી.

સનાતનીઓ પૂજ્યશ્રીના આ વિવેચનથી આકર્ષાઈ આર્યસમાજે તો વૈદિક-પરંપરાનો જબ્બર દ્રોહ કર્યો છે,

અનાદિકાળની ચાલી આવતી મૂર્તિપૂજા પર મોટા કુઠારાઘાત કર્યા છે, એ પોતાની માન્યતાને જબરો ટેકો જૈન–સાધુ દ્વારા મળી રહ્યાનું જાણી સનાતની આગેવાન વિદ્વાનો, ગૃહસ્થોએ પૂજ્યશ્રીને ખૂબ પ્રેમ–આદરથી સાંભળ્યા અને " **દુશ્મનનો દુશ્મન તે આપણો મિત્ર** " એ સૂક્તિના આધારે આખા **ઉદયપુર** શહેરમાં સનાતનીઓના પ્રબળ સહકારથી પૂજ્યશ્રીએ **આર્ય– સમાજ**ની માન્યતાઓનું સચોટ દલીલોથી **નિરસન** કરવા માંડયું, તેની ખૂબ પ્રભાવશાળી છાયા આખા **ઉદયપુર** શહેરમાં ખૂબ વ્યાપક–પ્રમાણમાં ફેલાઈ.

આર્યસમાજીઓએ **ગંગેશ્વરાનંદજી** નામનાપોતાના વિદ્વાન–સંન્યાસીને બહારથી તેડાવી શાસ્ત્રાર્થનો ડોળ કર્યો. પૂજ્યશ્રીએ સનાતનીઓના વેદ–વેદાંગપારગામી અનેક ધુરંધર પંડિતોનો સહકાર મેળવી વેદ, ઉપનિષદ્, આદિના આધારે **આર્યસમાજ**ની માન્યતાઓની અસારતા જાહેર કરી.

આમાં પ્રસંગે–પ્રસંગે જૈન ધર્મના સિદ્ધાંતો, તત્ત્વો, અને માન્યતાઓની અણસમજથી વિકૃત રૂપે **શ્રી દયાનંદ-સ્વામી**એ કેવી ભળતી રજુઆત કરી ? તે **સત્યાર્થપ્રકાશના** ફકરા અને શાસ્ત્રપ્રમાણોથી સમાંતર–શૈલિએ જણાવી જાહેર જનતાને આર્યસમાજીઓની પોકલ–પ્રચારનીતિના કૂટ- પાશમાંથી બચાવી જૈનધર્મનો જયજયકાર વર્તાવ્યો.

પર્વાધિરાજની સુંદર ઉલ્લાસભરી આરાધના થઈ, મહાસૂત્ર શ્રી કલ્પસૂત્રજીના વાંચન અર્થે ઉમંગપૂર્વક ભવ્ય ગજરાજ પર શ્રી કલ્પસૂત્રને પધરાવી રથયાત્રા, રાત્રિજાગરણ વગેરે કાર્યક્રમ સાથે અપૂર્વ ધર્મોલ્લાસ જૈન શ્રીસંઘમાં પ્રવર્તાપ્યો.

ભા. સુ. ૧ જન્મ–વાંચનના અધિકાર પ્રસંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી સુંદર ચાંદી–જડિત કલાત્મક ચૌદ સ્વપ્નો ઉતારવ ની પુરાતન–પદ્ધતિને ધર્મપ્રેમી જનતાએ અત્યંત ઉલ્લાસથી અપનાવી હજારોના ચઢાવા બોલી હાર્દિક ભક્તિ અનુરાગ દર્શાવ્યો.

તે પર્વાધિરાજના દિવસોમાં જ યથોત્તર ચઢતી કલાએ ધર્મધ્યાનની પ્રવૃત્તિના પરિણામે શેઠશ્રી ઈન્દ્રચંદજી તાંતેડના વિધવા પત્ની શ્રી છોગાબાઈએ શ્રી નવપદજી ઓળીની વિધિપૂર્વક કરેલ આરાધના–ઉજમણા અંગે અષ્ટાન્હિકા–મહોત્સવની રજા શ્રીસંઘ પાસે માંગી.

શ્રી સંઘે પણ ધર્મકાર્યોની ચડતી ભાવનાને અનુરૂપ બહુમાન કરી તે અંગે રજા આપી.

સુશ્રાવિકા છોગાબાઈએ પૂજ્યશ્રીની પ્રેરણા મેળવી પાંચ ભારે અને ચાર સાદા એમ નવ છોડનું ઉજમણું તે અંગેની જ્ઞાન–દર્શન–ચારિત્રના વિવિધ ઉપકરણો યથાયોગ્ય રીતે નવ–નવની સંખ્યામાં લાવી શ્રી ગોડીજી મહારાજના

દેરાસર પાસેના ઉપાશ્રયમાં ઉજમણું ભવ્ય રચનાત્મક ગોઠવી શ્રી નવપદજીની ઓળીની આરાધના કરનારા દરેકને ઉત્તરપારણું કરાવી પોતાના ખર્ચે આંબેલની ઓળી કરાવી. તે દરમ્યાન શ્રીવીતરાગ પ્રભુના ગુણગાન સાથે **શ્રી જિનેન્દ્રભક્તિ-મહોત્સવ** ખૂબ ઠાઠથી કરાવ્યો.

આ પ્રસંગે પત્રિકા દ્વારા આસપાસના શ્રી સંઘોને પણ શ્રીનવપદારાધના માટે અને મહોત્સવમાં પધારવા માટે આમંત્રણ આપેલ.

પાછલા દિવસોમાં આજુબાજુના સેંકડો ધર્મપ્રેમી ભાવુકોએ આવી પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળી ઉજમણાનાં દર્શન કરી પ્રભુભક્તિ મહોત્સવનો લાભ લીધો.

પૂજ્યશ્રીની દેખરેખમાં જોધપુર, નાગોર, પોકરણ વગેરેના લહીયાઓ કામ કરતા હતા. તેમની પાસે લખાવીને તૈયાર કરેલ અનેક પ્રતો આ ઉજમણા દરમ્યાન **શેઠાણી છોગાબાઈએ** પધરાવવાનો લાભ લીધો.

આ ઉપરાંત આગમો લખાવવા અંગે પોતાની ભાવના વ્યક્ત કરી.

ઓળીજી પછી પૂજ્યશ્રીએ ગૃહસ્થોનું ધ્યાન ખેંચી. સોનું-ચાંદી અને ઝવેરાત કરતાં પણ વધુ કિંમતી શ્રુત-જ્ઞાનના ધનની જાળવણી માટે ઉધઈ-જીવાત ન લાગે તેવા સુંદર

એકસાગ વગેરેના પાટીયાના ડબ્બા બનાવડાવી લાલ રંગથીરંગાવી સુંદર બંધનો–પાકા વીંટકણામાં વીંટાળી જ્ઞાનભંડારને વધુ સુરક્ષિત બનાવવા ખૂબ જહેમત ઉઠાવી.

આ પ્રમાણે અનેકાનેક ધર્મકાર્યોથી ચાતુર્માસ સંપૂર્ણ થયા પછી તુર્ત વિહારની ભાવના છતાં શ્રી **ગોડીજી દેરાસરના** વિ.સં. ૧૯૩૬ના વૈશાખથી શરૂ થયેલ જીર્ણોદ્ધારના કામની શિથિલતા દૂર કરવા તેમજ જ્ઞાનભંડારને સુ–સમૃદ્ધ બનાવવા, અનેક લહીયાઓ રોકી પ્રાચીન શ્રુતગ્રંથોની પ્રતિઓને સુરક્ષિત પણે નવેસરથી લખાવવાની પ્રવૃત્તિ દેખરેખ વિના મંદ થવાનો સંભવ જાણી પૂજ્યશ્રીએ સ્થિરતા કરી.

પરિણામે શરૂ થયેલ શ્રી ગોડીજી મહારાજના દેરાસરનું જીર્ણોદ્ધારનું કામ પૂરું કરાવી **ઉદયપુર**ની પ્રખ્યાત કાચ–જડતરની કળા અને સુંદર પાકારંગની ચિત્રકળાથી ગોડીજીનું દેરાસર સુંદર દર્શનીય બનાવડાવ્યું, અને **સાગર–શાખાના** મુનિરાજોના ઉપદેશથી સ્થપાયેલ પ્રાચીન જ્ઞાનભંડારના મકાનને પણ જરૂરી સમારકામ કરાવી, જ્ઞાનના બહોળા સંગ્રહને સુરક્ષિત કરાવ્યો. લહીયાઓ બેસાડી જુની પ્રતોને નવેસરથી લખાવી જ્ઞાનભંડારની સમૃદ્ધિમાં વધારો કરાવ્યો.

આ ઉપરાંત માહ સુ. ૧૦ ના દિવસે **સહસ્રફણા શ્રી પાર્શ્વનાથ–પ્રભુના** જિનાલયના રંગમંડપમાં બન્ને બાજુ ત્રણ–

ત્રણ પ્રતિમાજીની પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક કરાવી.

આ પ્રસંગે પુણ્યવાન શ્રાવકોએ ભાવોલ્લાસથી **શ્રી ગોડીજી** અને **સહસ્ત્રફણા શ્રીપાર્શ્વનાથ**પ્રભુના મુકુટ–કુંડલ વગેરે સ્વર્ણાભૂષણો બનાવી પ્રભુજીને ચઢાવ્યા.

ફાગણ–ચોમાસી પ્રસંગે હોળી–ધૂળેટીના નામે મિથ્યાત્વીઓએ આચરેલ પ્રગાઢ પાપનો બંધ કરાવનાર રીત–રિવાજો છોડવા જોરદાર ઉપદેશ આપી. અનેક ભાઈ–બહેનોને લૌકિક–મિથ્યાત્વના ફંદામાંથી બચાવ્યા.

વળી શાશ્વત નવપદ–આરાધનાની ચૈત્રી ઓળી પ્રસંગે વિશિષ્ટ પ્રેરણા કરી શ્રી નવપદજીની આરાધના કરનારાને વ્યવસ્થિત સગવડ મળી રહે તે શુભ આશયથી કાયમી ચૈત્રી–આસો મહિનાની ઓળી કરાવવાનું શ્રી સંઘ તરફથી ઠરાવવામાં આવ્યું. *

ચૈત્રી ઓળી પૂરી થયા પછી પૂજ્ય શ્રી ભીલવાડા તરફ વિહારની ભાવનાથી ચૈત્ર વદમાં તૈયારી કરવા લાગ્યા, ત્યારે **ઉદયપુર** શ્રીસંઘના આગેવાનોએ આવીને વિનતિ કરી કે–

---

* આજે પણ ઓળીની આરાધના સામૂહિકરૂપે સારી રીતે ચાલુ છે જ, ઉપરાંત હવે તો કાયમી–**વર્ધમાનતપ આયંબિલ** ખાતું સ્થપાઈ ગયું છે, જેમાં બારે મહિના આંબિલતપની સુંદર વ્યવસ્થા શ્રી સંઘ તરફથી થાય છે.

" साहेब ! गत चोमासेमें आर्यसमाजीयोंने जो खलभली मचाइ थी, उनके पं—गंगेश्वरानंदजी, आपकी विद्वत्ताके सामने चूप बन गये थे।

तर्कोकी वौछार वे बरदास्त नही कर सके थे !

५२ तु " हारा जुआरी दूना खेले ' कहावतके अनुसार उनलोगोंने बडी भारी तैयारी करली है ! देहलीसे धुरंधर बिद्वान शास्त्रार्थमहारथी ' स्वामी सत्यानंदजीको आग्रहपूर्वक बुलवानेका तय किया है

ऐसी स्थितिमें आप यहाँ से पधार जायें तो ' धणी बिनाका खेत सूना ' कहेवतकी ज्यों यहाँ तो मिथ्यात्वका घोर अंधेरा छा जाय ! अतः कृपाकरो महाराज। आपको यह आगामी चौमासा यहां ही करना पडेगा।

अभी चौमासेमें भले ही देर हो ! किंन्तु न जाने यह बवंडर कब उठे ? और बखैडा फेलादे !

आप अभी विहारका नाम ही न लो ! ! ! "

પૂજ્યશ્રી એ કહ્યું કે ' महानुभाव ! बात आप लोगोंकी ठीकहै ! किन्तु एक ही गाँवमें बारबार चातुर्मास करना उचित नही, आप लोग यह तो समाचार लावें कि देहलीवाले पंडितजी अभी आ रहे हैं या चौमासेमें ? अभी आते हों तो वैशाख—जेठमें आठ—दश दिनमें फैसला हो जाय और मैं भी भीलवाडा तर्फ जा सकूं !

શ્રાવકોએ કહ્યું કે—बापजी सा. ! ये पक्के समाचारतो नही मिले हैं, ये समाचार भी खानगी रूपमें हमको मिल गये तो हम आपके पास आये है

अचानक हुमला करने की फिराकमें हैं, तो क्या ठिकाना कि कब ये लोग अपने शासन पर आक्रमण कर बैठे !

आप तो शास्त्रोंके मर्मज्ञ हैं। दुश्मन सिरपर झूम रहा है ! न जाने कब आक्रमण कर दे ? अतः कृपया आप शासन केलाभार्थ विहारका विचार छोड दें" आदि.

પૂજ્યશ્રીએ કહ્યું કે-" जैसी क्षेत्र—स्पर्शना " એમ કહી વિહાર સ્થગિત રાખ્યો.

જેઠ વદ લગભગમાં ધૂમ જ ધામધૂમ સાથે આર્ય-સમાજીઓએ દિલ્હીના પંડિતજીનો નગર- પ્રવેશ કરાવી રાજ-મહેલના ચોકમાં ભવ્યમંડપ બાંધી પંડિતજીનાં પ્રવચનો શરૂ કરાવ્યાં.

પંડિતજીએ પણ જાત-જાતના ચિત્ર-વિચિત્ર તર્કોથી મૂર્તિપૂજાની અસારતા તથા સનાતન ધર્મીઓની કેટલીક માન્યતાઓની પોકળતા પ્રતિપાદિત કરી ઉદયપુરની ધાર્મિક-પ્રજામાં જબરો ખળભળાટ મચાવી દીધો.

જૈન શ્રી સંઘના આગેવાનોનો સંપર્ક સાધી સનાતની-ઓએ પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ને વિનવ્યા કે " केवल बुद्धि के बतंगडरूप अनेक कुतर्कों से भरपूर शब्दाडंबरवाले इन व्याख्यानोंसे मुग्ध जनता भ्रमित सी हो उठी है ! आप तो वादकला के अठंग विष्णात हैं, रतलाममें आपने अपनी जो प्रतिभा दिखाई थी, उसीके भरोसे हम आपके पास आये हैं ' આદિ.

પૂજ્યશ્રીએ કહ્યું કે " महानुभाव ! आप लोगोंका कथन

यथार्थ है ! यह कलियुगकी महिमा है कि वादविवादके जंजालमें सत्यको छिपाया जाता है ! भैया ! इस तरह कूटतर्कोंके सहारे कभी असलीयत को छीपाई नहीं जा सकती ! फिर भी आप लोगोंका हार्दिक-प्रेमका महत्व समझकर मैं अपनी पूरी शक्तियोंको इस बवंडर को हठाने हेतु लगानेको तैयार हूं ! ”

એમ કહી જાહેર વ્યાખ્યાનો-પ્રશ્નોત્તરી-ચર્ચા સભા વગેરેથી **આર્યસમાજી**-સાહિત્યની પોકળતા તેમના કૂટ તર્કોના દેખાડાતા ઘટાટોપ પાછળ રહેલી નિર્બળતા આદિ જાહેર જનતા સમક્ષ મુકવા માટેની ક્રમબદ્ધ-યોજના બનાવી.

જે સાંભળી સનાતની-આગેવાનો ખૂબ પ્રસન્ન થયા. પછી જૈનશ્રીસંઘના આગેવાનો સાથે મસલત કરી **ઉદયપુર**-શહેરની સમસ્ત ધાર્મિક-પ્રજાના નામે છટાદાર શૈલિમાં મોટી પત્રિકાઓ કાઢી **સ્વામી દયાનંદજી**ના ક્રાંતિના નામે સ્વચ્છંદ-વાદને ઉત્તેજક તથા એકાંગી શાસ્ત્રીય-પરંપરા સાથે મેળવગરના વિચારો સામે જબ્બર ઉહાપોહ મચાવ્યો, અને પૂ. શ્રી **ઝવેર-સાગરજી** મ. ને જાહેરમાં બેસાડી તેમની પ્રૌઢ-વિદ્વત્તાભરી-શૈલિ અને અકાટ્ય ક્રમબદ્ધ દલીલોની પરંપરાના બળે ટૂંક દિવસમાં **આર્યસમાજી**ઓને પોતાની વાત રજુ કરવી ભારે કરી દીધી.

પરિણામે છંછેડાયેલા કેટલાક **આર્યસમાજી**ઓએ

ચેલૈંજના ઓઠાતળે **શાસ્ત્રાર્થ**નું આહ્વાનજાહેર–સભામાં કર્યું, જેને પૂજ્યશ્રીએ શહેરની ધાર્મિક પ્રજાના સમૂહવતી જાહેરમાં સ્વીકારી લવાદ અને સ્થળના નિર્ણય માટે શહેરના અગ્રગણ્ય–નાગરિકોને પ્રેરણા કરી.

રાજમહેલ આગળના જાહેરચોકમાં સનાતનીઓએ વ્યવસ્થિત ગોઠવણી કરી તે મુજબ શ્રાવણ વદ. ૩ ના મંગલ પ્રભાતે **સ્વામીજી** દયાનંદનો ઝંડો લઈ ફરનારા પંડિતોથી પરિવરેલા **સ્વામી સત્યાનંદજી** અને સારા ધુરંધર કર્મકાંડી વેદપાઠી બ્રાહ્મણો આદિથી પરિવરેલ **પૂ. શ્રી અવેરસાગરજી મ.** ની વિચાર–સભા શરૂ થઈ.

વચ્ચે જૈનશ્રી સંઘના બે, સનાતનીઓના સાત, અને આર્યસમાજીઓના છ પંડિતો મળી પંદર પંડિતો મધ્યસ્થરૂપે બેઠા, જેઓ બંને તરફની વાતોની નોંધ કરે, તર્કોના ખુલાસા બરાબર છે કે ? તે ટાંકવા સાથે વાદમાંથી વિતંડાવાદ ન થવા પામે તેની તકેદારી દાખવતા.

શરૂઆત પૂ. **શ્રી અવેરસાગરજી** મ. શ્રીએ સંસારમાં **ધર્મ–દર્શન અને તેની ભેદરેખા** જણાવવા સાથે બધા ભારતીય દર્શનો તત્ત્વ-દર્શનની ભૂમિકાએ એક છે. એ વાત સચોટ રીતે દર્શાવી " **સનાતનીઓની માન્યતાના આધારે**

ભૂત વેદો-ઉપનિષદોના આધારે મૂર્તિપૂજા યથાર્થ છે" એ વાદનું પ્રતિપાદન કર્યું.

પછી **આર્યસમાજી**-સ્વામીજીએ તેના ખુલાસામાં ભારતીય દર્શનો જુદી જુદી મતિકલ્પના રૂપ છે," "સનાતનીઓમાં પણ વેદની માન્યતા છતાં તેના પર પૂર્ણ શ્રદ્ધા સાથે વૈદિક-વિદ્વાનો ટકી શકયા નથી" વગેરે જણાવી મૂર્તિપૂજાની અસારતા અંગે કેટલાક તર્કો રજુ કર્યા.

પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. શ્રીએ દરેક મુદ્દાના વેદ-ઉપનિષદ્-શ્રુતિ-સ્મૃતિ અને વ્યવહારૂ તર્કોના આધારે સચોટ ખુલાસા કર્યા.

આ પ્રમાણે પ્રથમ દિવસે બે કલાક ચર્ચા ચાલી, આ રીતે ત્રણ દિવસ ચાલ્યા પછી **આર્ય સમાજી સ્વામીજીએ** એ ચર્ચા-વિચારણાની તટસ્થ નીતિને છોડી પોતાના મૂળગ્રંથ **સત્યાર્થ પ્રકાશ**ના આધારે વૈદિક ધર્મ અને જૈનધર્મ પર ખુલ્લા આક્ષેપો ઉગ્ર ભાષામાં કર્યા.

એટલે પૂજ્યશ્રીએ પણ વધી ગયેલ રોગનો પ્રતિકાર માટે વપરાતા ઉગ્ર-ઔષધની જેમ કઠોર ભાષામાં **સ્વામી દયાનંદજી**ની બૌદ્ધિક વિચાર-સરણિમાં રહેલ અપૂર્ણતા છડે ચોક વર્ણવી.

સત્યાર્થપ્રકાશના ફકરાઓ પરસ્પર વિરોધી કેવા છે ? તથા–વેદ–ઉપનિષદ્ આદિથી કેવા વિરૂદ્ધ છે ? તે શાસ્ત્રના પ્રમાણો ટાંકી જાહેર કર્યું, સાથે સાથે જૈન–તત્ત્વજ્ઞાનની પરિભાષાનો પ્રાથમિક અભ્યાસ પણ **સ્વામી દયાનંદજીને** ન હતો તેની સાબિતી જૈનધર્મના ખંડનમાં જણાવેલ વિગતો જૈન ગ્રંથોથી કેટલી વિપરીત છે ? તે જણાવી ભારોભાર જૈનધર્મનું અજ્ઞાન **સ્વામી દયાનંદજીને** હતું, એ વાત પણ સચોટપણે જાહેર કરી.

જેના જવાબો આવતી કાલે આપવાનું કહી **સંન્યાસીજી** સ્વ–સ્થાને ગયા અને બીજે દિવસે **સંન્યાસીજીની** તબિયત નરમની જાહેરાત **આર્યસમાજીઓએ** કરી અને થોડા દિવસો બાદ **સ્વામીજી સત્યાનંદજી** હવા–ફેર માટે બહારગામ ગયાની જાહેરાત કરી, જેથી વાદવિવાદ અધૂરો રહેવા પામ્યો.

પણ સમજુ વિવેકી–જનતાએ સત્ય પારખી લીધું કે " પૂજ્યશ્રીએ આપેલ ખુલાસાઓના જવાબ **આર્યસમાજી** સ્વામીજી આપી ન શકયા. " અને તબિયતનું બહાનું કાઢી **ઉદયપુર** છોડી ગયા,

" આ વાત જણાવી આપે છે કે હકીકતમાં સત્ય તત્ત્વ ને સ્વીકારવાની નૈતિક હિંમ્મત તેઓમાં નથી. માત્ર

પોતાની વાત મુગ્ધ-જનતા સામે અધકચરી દલીલોથી રજુ કરવાની વાકપટુતા શબ્દ-પંડિતાઈ જ માત્ર છે."

આ રીતે પૂજ્યશ્રીનું વિ. સં. ૧૯૩૬ નું ઉદયપુરનું ચોમાસું હજી પણ ઉદયપુરના વયો- વૃદ્ધ બુઝર્ગ પુરૂષો યાદગાર તરીકે સંભારે છે, વધુમાં એમપણ કહે છે કે-" यदि आर्यसमाजीओं को जडबातोड जवाब देने वाले पूज्यश्री झवेरसागरजी म. उस समय यहाँ नहीं होते तो आधा उदयपुर आर्यसमाज की चंगुलमें फंस जाता "

આ રીતે ચોમાસાના પ્રારંભે જ શાસનનો જયજયકાર વર્તાવનાર આ ઘટના થવાથી પૂજ્યશ્રીની અગાધ વિદ્વત્તા અને અનેક શાસ્ત્રોનુ જાણપણું ઉદયપુરની જાહેર જનતાને થવાથી ચોમાસા દરમ્યાન જૈનેતર પ્રજાએ પૂજ્યશ્રીના સંપર્કનો સારો લાભ ઉઠાવ્યો.

પૂ.મ.શ્રીની મંગળપ્રેરણાથી વિવિધ-તપસ્યાઓની આરાધના સાથે પ્રભુશાસનની મહત્વપૂર્ણ સમજુતી અનેક ભાવિક પુણ્યાત્માઓએ મેળવી. આ રીતે આ ચાતુર્માસ પૂજ્યશ્રીનું શ્રીસંઘને ખૂબ ભાવોલ્લાસ વધારનાર નીવડ્યું.

પૂજ્યશ્રીએ ચોમાસું પૂર્ણ થતાં જ ઉદયપુર શ્રીસંઘનો ઘણો આગ્રહ છતાં કા.વ.૧૦ વિહાર કરી [1]આહડ (શ્રી

---

૧ આ ગામ વર્તમાન ઉદયપુરથી પૂર્વ દિશાએ ૩માં. પર છે જે મેવાડના મહારાણાઓની પ્રાચીન રાજધાનીરૂપ હતું, જ્યાં વિ.સં.

ઉદયપુરના મહારાણાની પ્રાચીન રાજધાની) શ્રી [૨]અદબદજી, [૩]દેલવાડા, [૪]દયાલશાહનો કિલ્લો–રાજનગર, [૫]શ્રી કરેડાતીર્થ અને [૬]ચિત્તોડ ગઢ આદિ પ્રાચીન તીર્થોની સ્પર્શના કરી, વિહાર ક્રમે આવતા ગામોમાં સંવેગી–સાધુઓનો પરિચય ઘટી જવાથી અને સ્થાનક–માર્ગીઓના બાહ્ય–આચાર અને

૧૨૮૫માં મેવાડના મહારાણાએ જે પવિત્રભૂમિ પર પ્રભુ મહાવીર પરમાત્માની ૪૪મી પાટે બિરાજમાન પૂ. આ. શ્રી જગતચંદ્રસૂરીશ્વરજી મ.ને વર્ષોની આંબેલ આદિની ઉગ્ર તપસ્યાના કારણે તપા– એવું બિરૂદ આપેલ અને દિગંબરો સાથે વાદમાં હીરાની જેમ અભેદ્ય નિવડયા તેથી પણ સુપ્રસન્ન થયેલ મહારાણાએ તપસ્વી–હીરલા એવું બિરૂદ ભેટ કરેલ.

જ્યાં આજે પણ શ્રી સંપ્રતિમ.ના કાળના દેરાસરો-જિનબિંબો આ ભૂમિના અતિપ્રાચીનતાની સાક્ષી પૂરી રહ્યાં છે.

૨ મેવાડની રાજગાદીના પરમારાધ્ય શ્રી એકલિંગજીમહાદેવના રાજ્ય–માન્ય સ્થાન પાસે જ ઉત્તરમાં ૧। માઈલ પર આ તીર્થ છે, જ્યાં શ્રી શાંતિનાથપ્રભુની ૧૦ થી ૧૨ ફૂટની બેઠી શ્યામ અત્યંત સુંદર પ્રતિમાજી છે, આ મંદિરની આસપાસ અનેક જૈનમંદિરોના ભગ્નાવશેષો છે.

૩ મેવાડની રાજ્યસત્તાના પરમારાધ્ય શ્રી એકલિંગજી મહાદેવના તીર્થ પાસે ત્રણથી ચાર માઈલ આ ગામ છે, લોક પ્રખ્યાતિમાં આબૂ ગિરિરાજ પરનું દેલવાડા પ્રખ્યાત છે, પણ

વિક્રમની આઠમી સદીથી સોળમી સદીના મધ્યભાગ સુધી અપૂર્વ જાહોજલાલી અને ધર્મપ્રકાશથી ઝળહળતા આ પ્રદેશમાં તે વખતે શ્રી અષ્ટાપદજીના દહેરાસરથી માંડી પૂર્વ દિશા તરફ એકલા દહેરાસરો જ દહેરાસરો, વૃદ્ધ પુરૂષોની કહેતી પ્રમાણે ત્રણસો આઠ ઝાલરો આરતી–ટાણે વાગતી.

આ રીતના ૩૬૦ દેરાસરોના જૂથવાળો આ દેવકુલપાટક તરીકે કહેવાતો, જે આજે ક્રમે કરી–દેઉલવાડા=દેલવાડા થયેલ છે.

આજે પણ આ સ્થળે અતિભવ્ય ભાવન જિનાલયવાળા ચાર વિશાળ જિનમંદિરો ભોંયરા અને વિશાળ જિનબિંબો સાથે શોભી રહ્યા છે.

વળી આ પુણ્યભૂમિ પર સહસ્રાવધાની સૂરિપુરંદર પૂ. આ. શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મ. શ્રીએ સંતિકરં જેવા મહાપ્રભાવિક સ્તોત્રની ૧૩ ગાથાની રચના શ્રી સંઘના હિતાર્થે કરેલ.

તેમજ આ ગામની બહાર પૂર્વ અને ઉત્તર ભાગે બે નાનકડા પર્વત છે, જે હાલ તો વેરાન હાલતમાં છે જુના પગથીયાં કયાંક દેખાય છે તે પર્વત ઉપર પ્રાચીન જિનમંદિરોના અવશેષ ગર્ભગૃહ વગેરેના ખંડેર, કેટલીક ખંડિત જિનમૂર્તિઓ વગેરે હાલ પણ છે.

આ બંને પર્વતને વૃદ્ધ પુરુષો શત્રુંજય-ગિરનારની સ્થાપનારૂપ જણાવે છે.

૪ મેવાડની રાજ્યગાદી ઉદયપુરમાં આવ્યા પછી પ્રતાપી અને ન્યાયી તરીકે પ્રખ્યાત મહારાણા રાજસિંહજીએ વિક્રમની સત્તરમી સદીનાં ઉત્તરાર્ધમાં જનતાના હિતાર્થે ભવ્ય કલાસમૃદ્ધ અનેક તોરણો

એકતરફી દલીલોથી ભરપૂર મૂર્તિપૂજાની અસારતાના જોરદાર પ્રચારથી મોટામોટા દેરાસર ગામમાં છતાં કોઈ દર્શન કરનાર નહીં, તેવી સ્થિતિ નિહાળી થોડી સ્થિરતા કરી ગ્રામીણ-જનતાની ધર્મભાવના અને તેવી બાલભોગ્ય-શૈલિથી જિનપ્રતિમાની તારકતા, શ્રાવક-જીવનનું કર્તવ્ય અને પ્રભુભક્તિ આદિ વિષયોની સુંદર છણાવટ કરી જનતામાં વિશિષ્ટ ધર્મ-પ્રેમ જગાવ્યો.

વગેરેવાળું માઈલોના-વિસ્તારનું **રાજસમુદ્ર** નામે મોટું તલાવ બાંધ્યું જેનો ખર્ચ તે વખતે એક ક્રોડ રૂપિયા થયેલ.

તે મહારાણાના મંત્રી **શ્રી દયાલ શાહે** વીતરાગ પરમાત્માને ભક્તિને જીવનનું શ્રેય કરનારી માની મહારાણા કરતાં કંઈક ઓછાશ બતાવવા, **એક પાઈ ઓછી એક ક્રોડ રૂપિયાની સંપત્તિ** ખર્ચી ભવ્ય ચૌમુખ જિનાલય ૧૦ થી ૧૧ માળનું અતિ ઉત્કૃષ્ટ કળાકારી-ગરીવાળું બાંધેલ.

બાદશાહી કાળમા આ મંદિર થવા પામ્યું, છતાં આજે દયાલ-શાહના કિલ્લાના નામે તે અદ્‌ભુત ચૌમુખ જિનાલય **રાજસમુદ્ર** જળાશયના કિનારે ભવ્ય રીતે અલૌકિક આધ્યાત્મિક પ્રેરણા આપી રહેલ છે.

૫ **માંડવગઢના** મહામંત્રી પેથડશાહે જેનો જીર્ણોદ્ધાર કરાવેલ તેવું અતિપ્રાચીન **શ્રી પાર્શ્વનાથ** પરમાત્માનું આ તીર્થ ધર્મપ્રેમી જનતાની ભાવવૃદ્ધિ કરે તેવું માવલી જંકશનથી **ચિત્તોડ** તરફ જતી રેલ્વે લાઈનમાં **ભૂપાળસાગર** સ્ટે. પાસે આવ્યું છે.

પૂજ્યશ્રી કરેડાતીર્થે પોષદશમીની આરાધના કરી ચિત્તોડમાં ઉપરગઢના દહેરાસરોની યાત્રા કરી પો. સુ. ૨ ના મંગલ દિવસે નીચે શહેરમાં પધાર્યા, બજારમાં પૂજ્યશ્રીનું વૈરાગ્યભર્યું જાહેર વ્યાખ્યાન થયું, જૈન-જૈનતર પ્રજા પૂજ્યશ્રીની વાણીથી આકર્ષાઈ વધુ સ્થિરતા માટે વિનંતિ કરી રહેલ, તે વખતે રતલામના જૈન શ્રીસંઘના આગેવાન શ્રાવકો આઠથી દશ આવ્યા અને વિનંતિ કરી કે–

" आपने रतलाम शहरमें जो बीज बोया था, उसके मीठे फल विशिष्ट धर्माराधनाके रूपमें कई लोग मजे से चख रहे थे, किंतु गत चातुर्मासमें त्रिस्तुतिक-संप्रदाय के मुनि सौभाग्यविजयजीने वातावरण बिगाड दिया, उन्होंने पूरे चोमासेमें जब भी मौका लगा तब तपा गच्छ चारथुईवाले कोई साधुही क्रियापात्र अभी नहीं। किसीको शास्त्रज्ञान नहीं। शिथिलाचारीयों के नाम पर पूरी संवेगी परंपराको दूषित करनेका अनुचित प्रचार किया यह सब तो ठीक ! किंतु जाते-जाते किताब छापकर अपने भक्तोंको दे गये हैं, जिस किताबमें तीन थुई ही शास्त्रीय है। देव- देवीयोंकी मान्यता शास्त्रविहित नहीं ! यतियों के शिथिलाचारको आगे कर पूरी-संवेगी परंपरा के अस्तित्वको ही उठाने का बालिश प्रयत्न किया है, कृपाकर आप रतलाम पधारो ! आप तो बहुत दूर पधार गये ! हमारे को तो आपका ही सहारा है–" आदि.

પૂજ્યશ્રીએ પરિસ્થિતિની ગંભીરતા સમજી તુર્ત તાબડ-તોબ વિહાર કરી પૌષ વદ આઠમ લગભગ રતલામ પધારી ગયા.

વ્યાખ્યાનમાં ત્રિસ્તુતિક-સંપ્રદાયની માન્યતાઓને શાસ્ત્ર-પાઠોથી અ-પ્રમાણિત સાબિત કરી. તાજેતરમાં છપાયેલ મુનિ સૌભાગ્યવિજયજી મ.ની ચોપડીની અપૂર્ણ ભ્રામક-વિકૃત બાબતોને ઉઘાડી પાડી અને "અમે આવવાના ધારીને જ તુર્ત અહીંથી વિહાર કરી ગયા લાગે છે, જો સત્ય સમજવું હોય તો હું તૈયાર છું ?" જાહેરમાં આ બાબતમાં શાસ્ત્રપાઠોના મન-ઘડંત અર્થો કેવા કર્યા ? તે વિગતવાર સમજાવી આખી ચોપડી ખોટી સાબિત કરી શકાય તેમ છે." વગેરે.

આ બધાથી બળભળી ઉઠેલા દૃષ્ટિરાગી ત્રિસ્તુતિક-શ્રાવકોએ પૂજ્યશ્રી સામે બધકચરી ગોખેલી દલીલોથી સામનો ઘણો કર્યો, બખાળા પણ કાઢયા, છતાં સત્ય-વસ્તુના પ્રતિ-વાદનને દૃઢપણે વળગી રહેલ પૂજ્યશ્રીની પ્રતિભાને આંબી ન કરી શકયા.

એટલે છંછેડાયેલા ત્રિસ્તુતિક-શ્રાવકોએ મુનિશ્રી સૌભાગ્યવિજયજી મ. ને પત્ર લખી બધી વિગત જણાવી. જેના જવાબમાં નીચે મુજબ પત્ર પૂજ્યશ્રી પર આવેલ.

"રતલામ નગરે સંવેગી ઝવેરસાગરજી જોગ લી. સરવાડાથી મુની સૌભાગ્યવિજે કી વંદણા વંચજો.

परंच **रतलामका** सरावरकारो कागद आयों थो, जीणी मधे श्रावकांय लीख्यो थो की आप छपाईथी सेवां पेाथी **झबेरसागरजी** कहवे हे के " पेाथी खोटी छपाई हे ओर हमोने आया सुण्या सों-आधी राते भागीने चला गया ! हमारा डरका मार्या ऐसी बात **झबेरसागरजी** लोकोने ऐणी मुजब कहे है ऐसा समाचार **रतलामथी** सरावकाय हमोने लीख्यो छे, सों या वात कीणी करे हे ?

और तुम हमारी छपाई पुस्तक खोटी कीणीतरे से बनाई है ! जीसका निर्णय उतारके हमारे कु. जल्दी से सिद्धांत के परमाण से लिखो और कदाचित कागल में तुमारे से नही लीखा जावे तो पीछा कागळ जल्दी से हमारा उपर लिखो सो हम वांचते कागळ जल्दी से **रतलामकुं** आवते हे.

सो पीछे हमारे से पेस्तर चर्चा करके पीछे पुस्तक खी तथा खोटी **हमारे** सामने पंडिता की सभा में आप करणा और हनारे से चर्चा किया विगर पुस्तक खोंटी छपाई ऐसा पेस्तर तुजारा मुख से कहेना नहि और ईस कागदका जवाब पींछा तुरत लिख दीजो भुलसो नहि.

संवत १९३८ का. महा सुद-६ "

આ પત્ર પરથી સ્પષ્ટ થાય છે કે ,, મુનિ સૌભાગ્ય-વિજયજીએ પોતાની ચોપડીમાં કયાં કયાં ભૂલ છે ? તે શાસ્ત્રીય-પાઠ સાથે માંગ્યું છે, અગર તો તમારો પત્ર આવ્યેથી હું જાતે રૂબરૂ આવી ચર્ચા કરીશ પંડિતોની રૂબરૂ વિચારણા થયા પછી ચોપડી સાચી કે ખોટી ! તે જાહેર થશે " વગેરે.

પણ ઈતિહાસનાં પાનાં ખંખોળતાં એમ જડે છે કે પૂજ્યશ્રીએ આ પત્ર મળતાં જ તુર્ત તે ચોપડીના એકેક શાસ્ત્ર-પાઠના અર્થઘટનની ત્રુટિ તથા તેની સામેનો શાસ્ત્રપાઠ ટાંકી લગભગ આખી ચોપડીની અપ્રમાણિકતા સાબિત થાય તેવો વિગતવાર મોટો પત્ર લખી મોકલેલ.

માહ સુ. દશમના લગભગ—અહીંથી લખાયેલ પત્રના જવાબની રાહ ૧૦/૧૫ દિવસ જોઈ, પણ પત્રનો જવાબ ન મળ્યો કે મુનિ **સૌભાગ્યવિજયજી મ.** ના રૂબરૂ આવવાના પણ કોઈ ભણકાર ન મળ્યા.

આપણા શ્રીસંઘના આગેવાનોને પૂજ્યશ્રીએ આ વાતની સ્પષ્ટ જાણકારી આપી, પંદર દિવસ રાહ જોવા છતાં પત્રનો જવાબ—પહોંચ સુદ્ધાં નહીં અને તેઓના રૂબરૂ આવવાની વાત ના પણ કોઈ ભણકારા નથી, એટલે વ્યાખ્યાનમાં '**તે પુસ્તકા સદંતર ખોટી છે**' એવી જાહેરાત કરી પૂજ્યશ્રીએ **વડનગર, ઉજ્જૈન, મક્ષીજી, મહીદપુર** થઈ **આગર** મુકામે ચૈત્રી-ઓળીની આરાધના ઠાઠથી કરાવી.

તે ચૈત્રી—ઓલી દરમ્યાન **ઉદયપુર** શ્રીસંઘના આગે-વાનો આવ્યા વિનંતિ કરી કે— "बापजी सा ! आप झट उदयपुर पधारो ! ढुंढिया और आर्यसमाजीयोंकी पोल आपने खोल दी ! कई लोगों कों धर्माभिमुख भी बनाया ! किंतु अब ये तेरापंथी लोग दान—दयाका

विरोध का झंडा उठाया है, अभी उदयपुर मे सुगनचंदजीं, चंपालालजी आदि छ–सात तेरापंथी संत और दश–पद्रह सतीयां पंचायती–न्होरेमें प्रवचन देकर उदयपुर में बतंगड मचा रहे हैं ।

आप महेरबानी करके जल्दी पधारो ! आदि

પૂજ્યશ્રીએ સમય પારખી ચૈત્રી ઓળી પૂરી થતાં જ તુર્ત **ઉદયપુર** આવવા ભાવના દર્શાવી **ઉદયપુર** શ્રીસંઘના આગેવાનો રાજી થઈને ગયા.

પૂજ્યશ્રી પણ ચૈ. વ. બીજ વિહાર કરી વૈશાખ સુ. બીજના મંગલપ્રભાતે **ઉદયપુર** શહેરમાં પધાર્યા, શ્રી સંઘે ભવ્ય સ્વાગત કરેલ, "**દુશ્મનનો દુશ્મન મિત્રની ગરજ સારે**" કહેવત મુજબ ઢુંઢિયાઓ પૂજ્યશ્રીની શાસ્ત્રીય–દેશના અને તાત્ત્વિક–બાબતોથી પોતાના મતને ઝાંખો પડવાની દહેશત છતાં તેરાપંથીઓ ઢુંઢિયાના કટ્ટર વિરોધી એટલે પોતાના પ્રતિસ્પર્ધીને હંફાવવા તેઓ વાણીયાશાહી–નીતિ પ્રમાણે પૂજ્યશ્રી પાસે બપોરના સમયે આવી દાન–દયાના વિરોધી વંટોળને શમાવવા પ્રાર્થના કરી.

પૂજ્યશ્રીએ બીજે દિવસે અક્ષય–તૃતીયાના પ્રાસંગિક વ્યાખ્યાનમાં અવસર્પિણી–કાળના વર્તમાન–યુગમાં **શ્રેયાંસ–કુમારે** જે દાનધર્મની પ્રવૃત્તિ કરી તે પ્રસંગને ઉપસાવી દાન–ધર્મની વિશદ પ્રરૂપણા કરી દાન–દયાના વિરોધીઓએ ઉપજાવેલ

બધા કૂટ–તર્કોના રદીયા આપી આગમોના પાઠો દ્વારા દાન-ધર્મની સ્થાપના કરી અને દ્રવ્યદયા–ભાવદયાનું સ્વરૂપ તેના અધિકારી કોણ! વગેરે વિગતવાર સમજાવ્યું.

બપોરે તેરાપંથી શ્રાવકો પૂજ્યશ્રી પાસે આવ્યા, શાસ્ત્ર-પાઠોની રજુઆત કરવા લાગ્યા, એટલે પૂજ્યશ્રીએ રજુ થયેલ શાસ્ત્રપાઠોના અર્થની વિકૃતિ દર્શાવી તેની સાથેના પાઠો દર્શાવ્યા.

તેથી પ્રભાવિત થયેલ તે શ્રાવકોએ "हमारे संतों के साथ वार्तालाप आप करेंगे क्या ?" એમ પૂછયું.

પૂજ્યશ્રીએ કહ્યું કે– "जिज्ञासुभाव से बात कोइ भी हमसे कर सकता हैं, बतंडगबाजी और फिजूलकी चर्चासे हम दूर रहते हैं।" આદિ.

તેરાપંથી શ્રાવકો પોતાના સંતોને લઈને આવવાનું કહી ગયા.

બે–ત્રણ દિવસ થયા પણ કોઈ આવ્યું નહીં, છતાં વ્યાખ્યાનમાં પોતાની દાન–દયાના વિરોધની વાત છોડી નહીં, અલબત્ત પ્રથમ જેટલા જુસ્સાથી તેની રજૂઆત ન હતી.

પૂજ્યશ્રી પણ અવસરે–અવસરે શાસ્ત્રપાઠો ટાંકી તેરાપંથી–માન્યતાને ચિમકી આપતા.

પૂજ્યશ્રીને આ પ્રસંગને લઈને બીજે ચાતુર્માસ માટે જવાનું ઠીક ન લાગ્યું.

બીજું કારણ એ પણ હતું કે પૂજ્યશ્રીની સાથેના **મુનિશ્રી રત્નસાગરજી મ. ની** તબીયત સં. ૧૯૩૨ના ઈંદોર ચોમાસાથી નરમ થયેલી અને વિ. સં. ૧૯૩૪ના **ઉદયપુરના** પ્રથમ ચાતુર્માસમાં જ આસો વદ સાતમે સમાધિપૂર્વક કાળ કરી ગયેલ.

બીજા શિષ્ય શ્રી **કેશરસાગરજી** મ. ને માલવા-મેવાડ પ્રદેશની આહાર-ચર્યા માફક ન આવવાથી સંગ્રહણીનો રોગ સં. ૧૯૩૫ ના ચોમાસાથી લાગુ પડેલ એટલે પૂજ્યશ્રીએ [૧]**પૂ. શ્રી મૂળચંદજી** મ.ને પરિસ્થિતિ જણાવેલ, એટલે

---

૧ પૂજ્યશ્રી દૂર સુધી માળવા-મેવાડમાં વિચરવા છતાં **પૂ. ગચ્છાધિપતિ શ્રી મૂળચંદજી મ.** ની નિશ્રાને આદરપૂર્વક ટકાવી શકયા હતા, તેના નમૂના રૂપ આ પ્રસંગ છે, જે જે અગવડો આવે કે કર્તવ્યમાર્ગે ગૂંચ આવે ત્યારે ત્યારે તેઓશ્રી પોતાના નિશ્રાદાતા **પૂ. ગચ્છાધિપતિના** સંપર્કમાં રહેતા હતા.

આ વાતની પ્રતીતિ જુના સંગ્રહમાંથી મળી આવેલ **પૂ. ગચ્છાધિપતિશ્રીનો** પોતાનો એક પ્રાચીન પત્ર ખૂબ સ્પષ્ટ પ્રકાશ પાડે છે. તે પત્ર જુની ભાષામાં છે તેવો જ અક્ષરક્ષઃ રજુ કરાય છે.

પૂ. મૂળચંદજી મ.નો પૂ. શ્રી ઝવેરસાગરજી મ. પરનો પત્ર

અમદાવાદ

લખનાર-મુનિશ્રી મૂલચંદજી મહારાજ

શ્રી **અમદાવાદ** લી. મુની **મૂલચંદજી**-સુખશાંતી વરતે છે.

પૂ, ગચ્છાધિપતિશ્રીએ **મુનિશ્રી જયવિજયજી** મ. અને **મુનિશ્રી દેવવિજયજી** મ. ને સં. ૧૯૩૮ના ફાગણ મહિને **અમદાવાદથી** વિહાર કરાવેલ. તેઓ **કપડવંજ** ચૈત્રી–ઓળી માટે રોકાયેલ, તેઓ પૂજ્યશ્રી પાસે

(૧૧૮ મા પાનાનું ટિપ્પણ ચાલુ)

શ્રી **ઉદેપુર** મુની **ઝવેરસાગરજી** તમારો કા. વદ–૬નો પત્ર મલ્યો છે, વળી રૂા. ૨૦ ની ચીઠ્ઠીથી પાંચ પરત મે ખીડી છે તે રૂપે આપ્યા, રૂા. ૨૦૦, ડાકવાલા મરફત મગનલાલ પુજાવત–ગોકલની ઉપર મોકલી તે રૂપે...

અને ગોકળભાઈએ ડાકમાંથી મંગાવી છે, તેનો તમારા ઉપર કાગળ તેઓએ લખી ખીડી છે સાધુ કોણ કોણ છે! તે પુછું તેની વિગત નીચે મુજબ

અમદાવાદ	**ભાવનગર**	**પાલિતાણા**
૧ મૂળચંદજી મહારાજ	વરધિવીજેજી	પ્રીતીવીજેજી
૨ જીત વિજેજી	કલાણુવીજેજી	પરતાપવીજેજી
૩ ભગતીવીજેજી	રાજવીજેજી	**સીહોર**
૪ ગંભીરવીજેજી	**વળા**	...
૫ ખાંતીવીજેજી	કેવલવીજેજી	**ગોધરા**
૬ કમળવીજેજી	કલાણુવીજેજી	ઉમેદવીજેજી
૭ ઉત્તમવીજેજી	**લીંબડી**	ચતુરવીજેજી
૮ સોભાગવીજેજી	જ્ઞાનવીજેજી	**પાલણપુર**

માલવામાં આવતા હતા. પણ પછી ઉદયપુર જવાનું નક્કી થતાં તે બંને ઠાણાં કપડવંજથી ચોડાસા, શામળાજી, ડુંગરપુર થઈ કેશરીયાજીની યાત્રા કરી જેઠ સુદમાં ઉદયપુર

(૧૧૯ મા પાનાનું ટિપ્પણ ચાલુ)

૯ ચારિત્રવીજેજી	વીનયશ્રીજેજી	તિલકશ્રીજેજી
૧૦ રૂપશ્રીજેજી	થોભણશ્રીજેજી	હીરશ્રીજેજી
૧૧ સુમતિશ્રીજેજી		વઢવાણ
૧૨ —	લુણાવાડા	રાજશ્રીજેજી
કાસિંદ્રા	ગુલાબશ્રીજેજી	ખેડા
લબ્ધીશ્રીજેજી	હરખશ્રીજેજી	આણંદશ્રીજેજી
ભાવશ્રીજેજી	ધ્રાંગધરા	વીનયશ્રીજેજી
કોઠ	સુંદરશ્રીજેજી	
કેસરશ્રીજેજી	નયશ્રીજેજી	
મેસાણા	પાદરા	
દેવશ્રીજેજી	ભીખશ્રીજેજી	
માણેકશ્રીજેજી	ચોગાણેજ	
હીસા	ઉમેદશ્રીજેજી	
દયાશ્રીજેજી	ખંભાત	
	ગુણશ્રીજેજી	

આ દેશમાં આ રીતે છે, મુની આતમરામજી ઠા. ૭ શ્રી અંબાલે ચોમાસુ છે ને વસનથંદજી લુધીઆણે છે. તેવીજ સાધુ છે, વળી સાધુ-૪ હુસીઆર છે.ત્રણ ઉદેપુરમાં છે, તે બીજુ તમો સા-

પૂજ્યશ્રી પાસે આવવાના હોઈ બીજે ચાતુર્માસ કરવાનું માંડી વાળ્યું. : વધુમાં પૂજ્યશ્રીને ત્યાં સમાચાર મલ્યા કે શ્રી વીતરાગ-પરમાત્માની ભક્તિ અંગેના પૂજ્યશ્રીના સચોટ પ્રતિપાદનોથી જિન-પૂજાની પ્રામાણિકતા ધ્વનિત બની હોવાથી તેમજ ગયા ચોમાસામાં અને તેની પહેલાના બીજા ચોમાસામાં

(૧૨૦ મા પાનાનું ટિપ્પણ ચાલુ)

અપસેણી સૂત્ર વંચાય જાણ ઘણું સારૂ જેમ **શાસનની શોભા** વધે **તેમ વરતવુ.** ૧૧ વરત ને કોઈ બારની પરૂપણા કરે છે તે બાબત તિર્યંચના તેજ વરત ૧૧ ની સંભવે છે, તે બાબત પરથમે બીડી છે હજુ સુધી જોવામાં આવું નથી.

ગોકળભાઈને વાત કરી, છે એઓએ તમારા ઉપરનો કાગળ લખ્યો બીડો છે, તે આવે વાકેફ થજો તેના લખવા ઉપર ધ્યાન રાખજો પાછા કાગળ લખજો મીતી. **સં. ૧૯૩૮ ના અસાડ વદ-૧૧મુની વીરવીજેજી** એ તમોને જે પુસ્તકની યાદ લખાવી છે તે પુસ્તક વરસાદ..."

આ પત્ર ઉપરથી પૂ. ગચ્છાધિપતિશ્રી પૂજ્યશ્રી પર કેટલો મમત્વ ભર્યો ભાવ રાખતા હતા ? તે સમજાય છે, પોતાના આજ્ઞાવર્તી સાધુઓ કોણ કયાં કયાં છે ? વગેરે વિગતો પણ પ્રાણપ્રિય શિષ્ય તરીકે પૂજ્યશ્રીને જણાવી છે, બીજી પણ કેટલીક મહત્વની બાબતો પૂ. ગચ્છાધિપતિશ્રીએ જણાવીને પૂજ્યશ્રી પર પોતાનું અંતર કેટલું પ્રેમાળ છે ! તે સૂચવ્યું છે.

આર્યસમાજીઓની મૂર્તિપૂજા અંગેની વિરૂદ્ધ દલીલોનો જે જોરદાર સામનો તર્કબદ્ધ રીતે પૂજ્યશ્રીએ કર્યો, તેથી ઉદયપુરના સ્થાનકમાર્ગી–જૈનો ખળભળી ઉઠયા છે અને તેમના મોટા વિદ્વાન સંતને ચોમાસા માટે લાવી મૂર્તિપૂજાના ખંડનની વાતોની ઝુંબેશ ઉપાડવાના છે"–આદિ.

આ સમાચારથી ઉદયપુરના જૈન શ્રીસંઘે પૂજ્યશ્રીને આગ્રહભરી રીતે વિનવ્યા કે– "बापजी सा ! अब तो किसी प्रकार आपको बिहार करने नहीं देंगे, आपने यहाँ आर्यसमाजीयोंका मुंहतोड जवाब देकर जो शासनकी अपूर्व प्रभावना की है, यह तो वास्तवमें हमारे सद्भाग्य की बात है। अब यह आनेवाला झमेला तो घरमें से ही उठ रहा है ! बाहरी आक्रमण जितना नुकशान न करे उससे ज्यादा घरका जानभेदु धक्का पहुंचा सकता है। अभी इधर और कोई शास्त्रीय-बातों से मुठभेड कर सके ऐसे कोई साधु महाराज है नहीं। आपको ही यहां बिराजना पडेगा" आदि.

પૂજ્યશ્રીએ સ્થાનકમાર્ગીઓ તરફથી થનારી શાસનની અપભ્રાજના નિવારવાની પવિત્ર ફરજ સમજી પૂ. શ્રી મૂળચંદજી મ. ની શાસન–રક્ષા માટેની આજ્ઞાને ધ્યાનમાં રાખી. વિ. સં. ૧૯૩૮નું ચાતુર્માસ ઉદયપુરમાં કરવા ક્ષેત્રસ્પર્શના–આધારે વર્તમાનયોગના શાસ્ત્રીય–શબ્દોથી વીતાવવા ફરમાવ્યું.

જેઠ મહિનામાં મારવાડ અને કચ્છમાંથી મોટા વિદ્વાન ધુરંધર ૬૦ થી ૭૦ વર્ષના અને દીક્ષાપર્યાયે પણ ૪૦ થી

૫૦ વર્ષના એ વયોવૃદ્ધ સંતોને **સ્થાનકવાસીઓ** આગ્રહ ભરી વિનંતિ કરી **ઉદયપુર** ચોમાસા માટે તેડી લાવ્યા.

તેઓએ આવતાં જ પોતાના વ્યાખ્યાનમાં "**મૂર્તિપૂજા ચૈત્યવાસીઓના મગજની ઉપજ છે**" "**હિંસામાં પ્રભુ-મહાવીરે કદી પણ ધર્મ કહ્યો નથી**" "**દ્રવ્ય-પૂજામાં કાચું પાણી, અગ્નિ, ફુલ, આદિની કેટલી બધી હિંસા છે!**" "**ધર્મ તો દયા, રૂપ-અહિંસા રૂપ હોય!**" આદિ ભાવાર્થના અવળા-તર્કોથી જોશભેર પ્રચારવા માંડ્યું.

"**પ્રતિપક્ષીની જેટલી તાકાત હોય તે બધી અજમાવી દેવાની તક આપવી, સામેથી જ્યારે બખાળા કઢાતા હોય ત્યારે અવસરની રાહ જોવા રૂપે મૌન પણ વાદકળાનો અજબ નમૂનો છે.**" એ રીતને પૂજ્યશ્રીએ અપનાવી શરૂઆતમાં વિરોધીઓને જે કહેવું હોય તે બધું કહી દે! એટલે પછી ક્રમસર પદ્ધતિ પ્રમાણે જવાબ દેતાં ફાવટ રહે એવું ધારી સામેથી કહેવાતી વાતોનો ઝડપી-પ્રતિકાર ન કર્યો.

લોકોમાં સ્થાનકવાસીઓના મોટા મહારાજના તર્કોનો ઉહાપોહ શરૂ થયો, પૂજ્યશ્રી પાસે કેટલાક જિજ્ઞાસુઓ પૂછવા આવે એટલે પૂજ્યશ્રી એવા સજ્જડ તર્કબદ્ધ પુરાવા અને શાસ્ત્રના

પાઠો સામે મુકી સચોટ રદીયા આપે એટલે તે જિજ્ઞાસુઓ ફરી સ્થાનકવાસી મહારાજ પાસે જાય, ત્યાં નવી દલીલો સાંભળી વળી પાછા પૂજ્યશ્રીની પાસે આવે આમ અસાડ સુ. ૧૫ સુધી વાત ડોળાવા દીધી.

આની પાછળ પૂજ્યશ્રીની ગંભીર દીર્ઘદૃષ્ટિ એ હતી કે જો પ્રથમથી ભડભડાટ શાસ્ત્રપાઠોની રજૂઆત સાથે તેમની વાતો ખંડન કરવામાં આવે તો કદાચ સામેવાળા અહીં આપણી દાળ નહીં ગળે એમ ધારી "અમારે ઝંઝટમાં નથી પડવું" "અમે ચર્ચામાં નથી માનતા!" "જેને સાચું સમજવું હોય તે અમારી વાતોને વિચારે" આદિ શબ્દછળની પાછળ પોતાની ભ્રામક માન્યતાઓનો ઢાંક–પિછોડો કરી વિહાર કરી જાય તો વાતનું યોગ્ય નિરાકરણ ન આવે એટલે પૂજ્યશ્રીએ ચૌમાસી ચૌદસ સુધી વાતને જાણીને ડોળાવા દીધી. વાતને બહુ ચગવી નહીં, તેથી સામાવાળા જરા જોરમાં રહે અને અહીંથી ખસે નહીં.

અસાડ વદ ૫ લગભગથી પૂજ્યશ્રીએ પદ્ધતિસર સ્થાનક–માર્ગીઓના એકેક મુદ્દાનું ક્રમસર દલીલો—શાસ્ત્રપાઠોની રજુઆત સાથે નિરસન કરવા માંડયું.

સ્થાનકમાર્ગીઓને માન્ય બત્રીશ આગમ પૈકી શાસ્ત્રપાઠો એક પછી એક રજુ કરવા માંડયા.

સંઘમાં ચર્ચા ખૂબ જ રસપ્રદ નિવડી. અભિનિવેશ-

વાળા ગણત્રીના માણસો સિવાયની મોટાભાગની ભોળી જનતા સત્ય-તત્ત્વના નિર્ણયની દિશા તરફ પૂજ્યશ્રીના સચોટ તર્કો અને શાસ્ત્રપાઠોથી વળવા માંડી.

પરિણામે પર્વાધિરાજ પર્યુષણા-મહાપર્વના ત્રણ અઠવાડિયા અગાઉ સેંકડોની સંખ્યામાં સ્થાનક-માર્ગીઓ પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવતા થઈ ગયા.

પછી મુહપત્તી બાંધવાની બાબત, ધોવણના પાણીની વાત, વાસી-વિદળની અભક્ષ્યતા, ' પાત્રે પડ્યું તે સાધુને અર્પે ' ની વાતનો થતો દુરૂપયોગ આદિ બાબતોપર જોરદાર સચોટ દલીલો દ્વારા પ્રકાશ પાથર્યો અને ઘણા સ્થાનક માર્ગીઓ પૂજ્યશ્રીની સમજાવટ-શૈલિથી મિથ્યાત્વનો ત્યાગ કરી પ્રભુશાસનની મર્યાદામાં આવવા ઉજમાળ બન્યા.

પર્વાધિરાજ શ્રી પજુસણ-પર્વની આરાધના ટાણે ઉદયપુર શ્રીસંઘમાં અનેરી જાગૃતિ આવી, કેમકે નવા જોડાયેલ સ્થાનકમાર્ગી-કુટુંબોના ચઢતા ભાવોલ્લાસથી શ્રીસંઘમાં આરાધનાનો ઉલ્લાસ પ્રબલ રહ્યો.

ચૌસઠ-પ્રહરી પૌષધ, અઠ્ઠાઈની તપસ્યા શ્રી કલ્પસૂત્રનો રાત્રિ-જાગરણ અને વહોરાવવાનો ચડાવા તેમજ સ્વપ્ન ઉતારવા આદિની ઉછામણીઓ અભૂતપૂર્વ થવા પામી.

સંવત્સરી મહાપર્વની આરાધના પ્રસંગે કષાયોનું વિસર્જન અંતરથી કરી સર્વ જીવો સાથે મૈત્રી-ભાવના આદર્શ નમૂના રૂપે પ્રભુશાસનના સર્વવિરતિ-ધર્મનું પાલન એજ યથાર્થ આરાધનાનો સાર છે" એ જણાવી પ્રભુશાસનની માર્મિકતા સમજાવી.

પરિણામે આરાધક-પુણ્યાત્માઓને અપૂર્વ ભાવોલ્લાસ જાગૃત થયો. આ ચોમાસામાં અનેકાનેક ધર્મકાર્યો પૈકીકે ટલાક વિશિષ્ટ ધર્મકાર્યોની નોંધ ઉદયપુરના પ્રાચીન ઈતિહાસની લઘુ પુસ્તિકામાં આ પ્રમાણે મળે છે.

૦ "સાગરશાખાના પ્રભાવક-મુનિપુંગવો દ્વારા સ્થપાયેલ ચૌગાનના વિશાળ-જિનાલયોમાં પ્રભુભક્તિ અંગે ભાવોલ્લાસની વૃદ્ધિ થાય તેવા સુંદર ચાંદીના કળશ--હાંડા વગેરે સુંદર ઉપકરણોની ગોઠવણ શ્રાવકોને ઉપદેશ આપીને પૂજ્યશ્રીએ કરાવી.

૦ જ્ઞાનપંચમીએ જ્ઞાન ગોઠવવા માટે દર વર્ષે ખપ લાગે તેવા ચંદરવા, પૂંઠીયાં, લાકડાનું ચઢ-ઉતરવાળું સ્ટેન્ડ વિવિધરંગી સુંદર રૂમાલો વગેરે સામગ્રી શ્રીસંઘ દ્વારા તૈયાર કરાવી.

૦ શ્રી ગોડીજી-મહારાજનું તિલક જીર્ણ થયેલ હોઈ રત્નજડિત સુંદર કારીગરીવાળું નવું તિલક બનાવડાવ્યું.

૦ રત્નના પ્રતિમાજીને પધરાવવા માટે સુંદર મકરાણાનું શિલ્પકલાવાળું ભવ્ય સિંહાસન તૈયાર કરાવીને **ગોડીજી મ.**ના દહેરાસરે પધરાવ્યું, જેમાં રત્નના પ્રતિમાજી વ્યવસ્થિતપણે પધરાવ્યા.

૦ નાની–મોટી પંચતીર્થી–ચોવિશી ધાતુમૂર્તિઓના અભિષેક વખતે આશાતના ટાળવા માટે સુંદર પિત્તળનું સિંહાસન (નાળચાવાળું) **ગોડીજી મ.**ના દહેરાસરમાં પધરાવ્યું.

૦ ચૌગાનના દહેરે બિરાજમાન આવતી ચોવિશીના પ્રથમ તીર્થંકર **શ્રી પદ્મનાભ પ્રભુ** ભગવાનના કુંડલ વ્યવસ્થિત ન હોઈ શ્રાવકોને ઉપદેશ આપી રત્નજડિત સોનાના સુંદર કુંડળ તૈયાર કરાવ્યાં.

આવા બીજા અનેક ધર્મકાર્યોથી ચાતુર્માસ ધર્મોલ્લાસ-ભર્યા–વાતાવરણમાં પૂરૂં થવા આવ્યું.

પણ આસો વદ દશમ લગભગથી પૂજ્યશ્રીને તાવ આવવા લાગ્યો, યોગ્ય ઉપચાર કર્યા છતાં તાવે ઉગ્ર સ્વરૂપ લીધું, કારતક સુદ આઠમે ડાબા પગમાં પીંડી બાજુ કંઈક ગાંઠ જેવું થયું—જેની વેદનાથી પણ તાવ વધી ગયો.

દેશી નિર્દોષ વનસ્પતિ લેપ આદિના ઉપચાર શરૂ કર્યા, પણ શાતા ન થઈ. ચાતુર્માસ–પરાવર્તનનું કાર્ય

જેમ તેમ પતાવ્યા પછી કા: વ. ત્રીજ લગભગથી વેદના વધી ગઈ.

આ અંગે પૂજ્યશ્રીને વિહાર કરવાની ભાવના છતાં વિહાર ન થઈ શકયો અને એક જ ક્ષેત્રમાં કારણસર ચાતુર્માસ ઉપરાઉપરી કરવાં પડ્યાં, પણ શેષ-કાળમાં ગ્રામાનુગ્રામ વિચરાય તો ઠીક! એ ભાવના પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિશ્રીને **અમદાવાદ** પત્રદ્વારા જણાવેલ.

આ બધી વિગતની ઝલક પૂ. **મૂલચંદજી** મ.ના સં. ૧૯૩૯ના કા. વ. ૨ના લખાયેલ પત્રમાં પણ જાણવા મળે છે, જે પત્ર અક્ષરશ: નીચે મુજબ છે.

"શ્રી **અમદાવાદથી મુનિ મૂલચંદજીની** સુખશાતા વાંચજો. શ્રી **ઉદયપુર મુનિ ઝવેરસાગરજી** તમારો સુ. પત્ર ૧૨નો પોંતો છે.

સમાચાર જાણ્યા છે હમારી ચિઠ્ઠી મોડી તમારા હાથમાં આવી તેના કારણ વિષે તથા ચિઠ્ઠી લખાઈ નહીં તેના કારણુલખ્યાં તે જાણ્યાં.

આપના શરીરમાં તાવ ને પગમાં ગાંઠના દરદની હકીકત જાણી દિલગીરી છે, પણ **પૂરવ સંચિત ઉદે આવે છે, વાસ્તે શુભના ઉદય થાએ શાતા થશે,** પણ ઓસડ ઉપચાર સારી રીતે કરવો, કાંઈ **જોઈએ** તો મુખેથી મંગાવજો.

જે એક-દો કામ કે વાસ્તે તુમને લીખ્યો છે, તે સારૂ

તમારી ધ્યાનમાં ખટક છે, પણ શરીરની કુરતી બિગડયાથી વિહાર થઈ શકતો નથી તે વિષે લખ્યું તે જાણ્યું, ખરી વાત છે. સમજુને ચીવટ હોય જ !

હવે તમારા શરીરની પ્રકૃતિના દર એકાંતરે અથવા ચોથે દહાડે ખબર જીસું છે ? તમારી પ્રકૃતિ સુધરે ત્યાં સુધી લખ્યા કરવી.

અમને તમારો કાગલ નહીં આવવાથી વધારે ફીકર ઉત્પન્ન થાય છે, માટે કાગળ લખ્યા કરવાનો છે, ઓસડ બરાબર કરવું.

જે બે કામ છે તેનો હાલ અવસર નહીં, તેટલામાં જાણજો

દયાનંદ સરસ્વતી કયાં છે ! તે લખજો !!"

આ પત્રમાં તે વખતના સંવેગી સાધુઓમાં સહુના નાયક શિરમોર અનેક સાધુઓના ઉપરી પૂ. **શ્રી મૂલચંદજી મહારાજ** પોતે ગચ્છાધિપતિ છતાં–પૂ. **ઝવેરસાગરજી** મ. પ્રતિ કેટલો વાત્સલ્યભાવ દર્શાવે છે ! કેટલી ચીવટ ધરાવે છે ? વગેરે વિગતો સ્પષ્ટ જાણવા મળે છે.

આવો જ એક બીજો પત્ર પૂ. **શ્રી મૂળચંદજી** મ.નો

ઉપરના પત્રના અઠવાડિયા પછી જ લખાયેલ પ્રાચીન સંગ્રહમાંથી જડી આવ્યો છે.

"શ્રી અમદાવાદથી લી. મુનિ મૂળચંદજીની સુખશાતા વાંચજો. શ્રી ઉદયપુર મુનિ ઝવેરસાગરજી તમારો પત્ર વદ ૮ નો પોતો. વાંચી સમાચાર જાણ્યા, વળી લખવો.

તમો બહુ જ દવાઈ કરૂ છે, થોડી કસર છે, મટેથી માગશર સુદ–૨ ઉપર વિહાર કરવાનો વિચાર છે.

તમો જ્યારે વિહાર કરો તે દહાડે ખબર આપજો અને અમારે પછી કાગળ કયાં લખવો? તે ખબર આપજો કોના સરનામે, કોના ઠેકાણે ? તે લખજો + + + તમારો વિચાર સિદ્ધાચલજી આવવા બાબત કેવો છે ? તે જણાવશો ?

દયાનંદ સરસ્વતિજી હજી તમારી બાજુ છે, તે જાણ્યું દરેક ઠેકાણે તોફાન કરે છે, માટે તે જૈનની નિંદા ન કરે, તેવો વખત તમારે તૈયાર રાખવો.

ચોપડીઓ પહોંચી નથી તે લખ્યું તે જાણ્યું, પોષ્ટ ઓફિસમાં તજવીજ કરવા તમાકુવાળાને કહ્યું છે, તે ખબર આવ્યે જણાવીશું, પણ રજિષ્ટર કરાવી છે, ઠેકાણું ગોડીજીના બદલામાં આદેસરજીનું કર્યું છે, તે ભૂલ છે

ઈહાં મુનિ ભગતિવિજેજી આદિ સરવે ઠાણા–૧૨ છે, તે નીતિવિજેજી તથા કમલવિજેજી તથા ખાંતિવિજેજીએ વિહાર

કર્યો છે, નીતિવિજેજી, કમલવિજયજી કપડવંજ તરફ ગયા છે તે જાણજો.

કાગળ પોંચે પાછો કાગલ લખજો

સં ૧૯૩૯ના કારતક વદી ૧૦ વાર ભોમે

તમારા સેવક **ગોકલની** વંદણા વાંચજો" (આ પછી આ કાગળ લખનાર ગોકળભાઈએ પોતાની અંગત કેટલીક વાતો લખી છે)

આ પત્રથી પૂજ્યશ્રીએ વિશિષ્ટ યોગ્ય-ઉપચાર કરી તુર્તમાં માગ. સુ. ૨ વિહાર કરવાની તૈયારી કરી હોય તેમ લાગે છે.

પણ પગે ગાંઠ પૂરેપુરી શમી ન હતી અને શ્રી સંઘે પણ મૌન એકાદશી જેવા મહાપર્વની આરાધના કરાવવા ખૂબ આગ્રહ કર્યો, તેથી માગ. સુ. ૧૫ સુધી સ્થિરતા કરી.

માગ. વદ બીજે પૂજ્યશ્રી ગોગુંદા-સાયરા થઈ **ભાણુપુરાની** નાળે થઈ **રાણકપુર** તીર્થની યાત્રાએ પધાર્યા, ત્યાંથી **ઘાણેરાવ, મૂંછાલા મહાવીરજી**ની યાત્રા કરી **દેસૂરી** તરફ વિચરી મહા વદમાં **શાહપુરા** પધાર્યા. ત્યાં **દયાનંદ-સરસ્વતીના** જોરદાર પ્રવચનોથી ભ્રમિત થયેલ જનતાને સત્ય-માર્ગ દર્શાવવા પૂજ્યશ્રીએ થોડી સ્થિરતા કરી,

ફાગણ સુદ દશમ લગભગ * અજમેર પધાર્યા.

અજમેરમાં પૂજ્યશ્રીએ ફાગણ ચોમાસી કરી, એમ પૂજ્યશ્રી પરના પૂ. ગચ્છાધિપતિ મૂળચંદજી મ.ના નીચેના પત્રથી જણાય છે.

"શ્રી અમદાવાદથી લિ. મુનિ મૂળચંદજીની સુખશાતા વાંચજો શ્રી અજમેર મુનિ ઝવેરસાગરજી તમારી ચિઠ્ઠી સુ. ૬૧૧ની પોંચી + + + પખીજું તુમને વાતચીત કરી હોસે સો જવાબ આવે સે માલુમ હોગી

મિતી સં. ૧૯૩૯ના ફાગણ સુ. ૧૩ બુધવાર"

---

*આ વાત પ્રાચીન સંગ્રહમાંથી જડી આવેલ નીચેના પત્રથી વ્યક્ત થાય છે.

श्री उदयपुर पूजारी चमनाजी गुजरगोड श्री बांदावाडासुं लि. मुनि झवेरसागरकी सुखशाता...म. आज दिने यहां आया हूं परसुं सु. १० श्री अजमेर पहुंचुंगा।

वहां सर्व हाल क्या है, सो लिखजो और मंदिरो की पूजा-सेवा ठीक रीतिसे करजो ×××××× ×××और मेरे नाम की चिट्ठीयां आइ हो वह सब सा. कल्याणजी कोठारीने देइने कहेजो के अजमेर पहोंचाडना।

मने रस्तामां दिन लागा तेनुं कारण के सायपुरे होकर मै यहां आया हुं, दयानंद सरस्वती पण सायपुरे था, तेथी दिन-२ तिहां रहेणो कार्यो ××××××

આ પત્રમાં કેટલીક અંગત ગુપ્ત રહસ્યભૂત વાતો પૂ. ગચ્છાધિપતિશ્રીએ પૂજ્યશ્રીને ગંભીર સમજી જણાવી છે

આ ઉપરથી પૂજ્યશ્રીનું કેવું ઉદાત્ત વ્યક્તિત્વ હશે? તે પૂ. ગચ્છાધિપતિશ્રીના આ પત્રથી સમજાય છે.

વળી પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. એ અજમેર ફાગણ–ચોમાસીની આરાધના કર્યા પછી આસપાસના ક્ષેત્રોમાં વિચરવાની ભાવનાથી પૂ. ગચ્છાધિપતિશ્રીની રજા મંગાવી હશે. તેમ નીચેના પત્રથી સમજાય છે. આજ્ઞાની રાહ જોવામાં તેઓએ ચોમાસી પછી પાંચ દિવસ વીતાવ્યા હોય તેમ લાગે છે.

"શ્રી અમદાવાદથી લિ. મુનિ મૂલચંદજીની સુખશાતા વાંચજો. શ્રી અજમેર મુનિ ઝવેરસાગરજી–જત તમારી ચિઠ્ઠી + + + પહોંચી હકીકત જાણી + + + વિહાર કરકે દેવલી કી છાવણી તરફ જાઉંગા લિખા સો ઠીક + + + આગે વિહાર + + હોગા સો લિખશો.

(૧૩૨ પાનાનું ટિપ્પથ ચાલુ)

મેરી તરફ સે સુખશાતા પૂછના સમાચાર પૂછે સુખશાતા કહે દેજો પત્રકો ઉત્તર જલદી અજમેર મેજજો।

સરનામે કી રીતિ

કોટડીમેં શેઠ ગુલાબચંદજી ભગવાનકી દુકાન પુગે

શ્રી અજમેર

સં. ૧૯૩૯ ફાગુણ સુદ ૮ વાર શુક્ર દ. પોતે

આત્મારામજી ઠા.–૧૩ શેમરેત હોકર બીકાનેર તરફ વદ–૭ કું વિહાર કરેંગે × × × ઔર આત્મારામજીને વડોદરા વાળા હંસવિજે આદિ ઠા.–૩ કું માસ × ×× ઈસ તરફ ભેજ્યા હૈ + + + + + + +

મિતી ૧૯૩૯ ના ફા. વ. ૫ ગુરુ ચિઠ્ઠી કા જવાબ વિસ્તારસે દેણા વીરવિજેની વંદના + + + કાગળ પહોંચે તુરત જવાબ લખશો.”

આ પત્રમાં પૂ. **શ્રી ઝવેર સાગર મ.** પ્રતિ પૂ. ગચ્છાધિપતિશ્રીનો હૈયાનો ભાવ બહુ સ્પષ્ટ રીતે હેતાળ વલણવાળો દેખાય છે. બીજી પણ ઘણી બાબતો આ પત્રમાં ચર્ચી છે. પણ અહીં અપ્રસ્તુત હોઈ તેનો ઉલ્લેખ કર્યો નથી.

આ રીતે પૂ. ગચ્છાધિપતિશ્રીના હાર્દિક મમતાભર્યા વ્યવહારથી માનવંતા–પનોતા પૂ. **શ્રી ઝવેર સાગરજી** મ.શ્રીએ **અજમેરમાં** લગભગ બે અઠવાડીયાની સ્થિરતા કરી હોય તેમ લાગે છે.

ત્યાર બાદ પૂજ્યશ્રી **અજમેરથી કેકડી** વગેરે થઈ **કોટા** શહેરમાં ચૈત્રી ઓળી ધામધૂમથી કરાવી. બુંદી થઈ **રામપુરામાં** અખાત્રીજ પર ત્યાંના શ્રીસંઘના આગ્રહથી પધાર્યા.

ત્યાં જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઠાઠથી થયો, તે કારણે ત્યાં સ્થિરતા થઈ ત્યાંથી વૈશાખ વદ પાંચમ લગભગ પૂજ્યશ્રીએ **ઝાલાવાડ–પાટણ** તરફ વિહાર કર્યો.

આ નોંધ નીચેના પત્રમાં પણ મળે છે.

" શ્રી ઉદ્દપુર પુજારી ચમનાજી શ્રી કોટા-રામપુરા સે લી. મુનિ ઝવેરસાગરકી સુખશાતા વાંચના ઈંહાંશ્રી દેવ-ગુરૂ કૃપાસે આનંદ હૈ ઔર મેં ચિઠ્ઠી એક શ્રી કેકડી સું તુમને ભેજી, થી તેનો ઉત્તર આવ્યો નહિં, ફેર બુંદી સે પણ લિખી થી + + +

જો તુમારે ચિઠ્ઠી લિખને કી ઈચ્છા હોવે તો શ્રી ઝાલરા પાટણ લિખજો મેં યહાં સે દિન × × × સેમેં વિહાર કરકે ઝાલરા પાટણ પહુંચુંગા ઠેકાણા શેઠજી ગણેશદાસજી દોલતરામજી કી દુકાનકા કરોગા તો મુઝે પહોંચેગી + + + દેવ પૂજા વગેરે કામ કાજમેં હુંશીયારી રાખજો + + + + + ઔર જો કોઇ શ્રાવક-શ્રાવિકા વગેરે મેરી તરફ સમાચાર પૂછે તેનો સુખશાતા કહેજો

સંવત ૧૯૩૯ વૈશાખ વદ ૩ બુધવાર લિ. ઝવેરસાગર મુ. કોટા-રામપુરાસે "

ત્યાં વૈશાખ વદ ચૌદશના વ્યાખ્યાનમાં ઉદયપુર શ્રીસંઘના આગેવાન-શ્રાવકોએ ભાવભરી આગ્રહ-પૂર્ણ વિનંતિ કરી કે બાપજી સા ! આપ તો માંને છોડ કર ચલ્યા આવો ! પર ! મીં કહીંજાવાં ? જડીયાંરી ઓલમે મંદિર કે શિખર પર ધ્વજાદંડ પુરાના હો ગયા થા સો નયા કરાયા હૈ ! પ્રતિષ્ઠા વાસ્તે આપકો પધારના પડેગા.

પૂજ્યશ્રીએ ઘણી આનાકાની કરવા છતાં છેવટે ઉદયપુરના શ્રીસંઘે જય બોલાવી.

પૂજ્યશ્રી જે. સુ. ૩ વિહાર કરી જે. વ. ૫ લગભગ ઉદયપુર પહોંચી ગયા.

તુર્ત જે.વ. ૭ થી ઓચ્છવ ચાલુ કરી શ્રીસંઘે ઠાઠથી જે. વ. ૧૩ના મંગલ-મુહૂર્તે પૂજ્યશ્રીના વાસક્ષેપ સાથે નૂતન-ધ્વજ-દંડારોપણ કરાવ્યું.

પૂજ્યશ્રીએ પણ અવસરોચિત સમજી વિ. સં. ૧૯૩૯નું ચાતુર્માસ **ઉદયપુરમાં** કર્યું.

પૂજ્યશ્રીને ઉદયપુરના ચાતુર્માસો કારણવશ ઉપરાઉપરી કરવા પડયાં, પણ પૂજ્યશ્રીએ સંયમ-ચર્યાની સાવચેતી, દોષ-રહિત આહારની ગવેષણા તથા ગૃહસ્થોના વધુ પડતા પરિચયના અભાવ આદિ શાસ્ત્રીય-જયણાથી પોતાનું અને સાથેના સાધુના સંયમી-જીવનને નિર્મળ રાખવા ચોકસાઈ-ભર્યો પ્રયત્ન કર્યો હતો.

ભાવીયોગે અષાડ વદ ચોથની રાત્રે **મુનિ કેશવ-સાગરજી** મ. ને પેટનું દર્દ અસહ્ય ઉપડયું, જેથી તાત્કાલિક બાહ્ય-ઉપચારો કર્યા.

બીજે દિવસે દેશી-વૈદ્યની દેખરેખ તળે ઉપચારો શરૂ કર્યા, પણ કો'ક તેવા વિશિષ્ટ ભાવી સંકેતના કારણે **કેશવ-સાગરજી** મ. ની તબિયત દિન-પ્રતિદિન ક્ષીણ થવા લાગી, ખોરાકની રૂચિ ઘટી ગઈ, દાહજ્વર જેવું થવાથી ખૂબ જ અસાતાનો ઉદય થયો.

આ વખતે પૂજ્યશ્રીએ **આરાધના પયન્નો, સંથારા પયન્નો, ચઉસરણ પયન્નો, આઉર-પચ્ચક્ખાણ**

પયન્નો તથા પંચસૂત્ર (પ્રથમ અર્થ સાથે) વ્યવસ્થિતપણે સમજાવી આરાધનાનું બળ આપવા સતત પ્રયત્ન કર્યો.

અષાડ વદ ૧૧ ની રાત્રે પ્રતિક્રમણ પછી સંથારા-પોરસી ભણાવી એકદમ છાતીમાં મુંઝવણ થવા લાગી. પૂજ્યશ્રીએ નાડી અને આંખોની સ્થિતિ જોઈ શ્રાવકોને સાવચેત કરી દીધા.

બધાએ સામુદાયિક શ્રી નવકારમહામંત્રનો ઘોષ શરૂ કર્યો, છેવટે સવા દશ વાગે લગભગ કેશવસાગરજી મ. સ્થૂળ-દેહ છોડી પૂજ્યશ્રીના છેલ્લી ઘડીના કાનમાં કહેવાતા શ્રીનવકાર મહામંત્રને સાંભળતાં બન્ને હાથ જોડી સહુને ખમાવતા કાળધર્મ પામ્યા.

સકળ સંઘમાં શોકની લાગણી ફેલાઈ, પૂજ્યશ્રીએ પણ પુખ્ત વયે દીક્ષા લઈને અગિયાર વર્ષથી પોતાની તબિયત ઢીલી છતાં દરેક રીતે સેવાભક્તિ કરનાર એક પુણ્યાત્માના સ્વર્ગવાસથી જરા હૈયે કંપ અનુભવ્યો, પણ સંસારની ઘટમાળ અને જન્મ-મરણની અવિરત પરંપરાનો વિચાર કરી પૂજ્યશ્રી સ્વસ્થ બન્યા, અને સ્વર્ગસ્થ મુનિની સંયમારાધના, તપસ્યા, સેવા ભક્તિ આદિ ગુણોની અનુમોદનાના ભાવથી માનસિક-ધીરતા કેળવી.

મહા-પારિષ્ઠાપનિકાનો કાયોત્સર્ગ કરી પૂજ્યશ્રીએ

શ્રાવકોને ભળાવ્યા, પછી શ્રાવકોએ **સ્વોચિત** કર્તવ્ય કરી ઉપાશ્રયમાં નીચે બધા દર્શન કરી શકે તેવી જગ્યાએ દર્શનાર્થે બિરાજમાન કર્યા.

રાતોરાત સુંદર જરીયાન પાલખી બનાવી સવારે ૭ વાગે ભવ્ય સ્મશાન યાત્રા **"જય જય નંદા જય જય ભદ્દા"**ના બુલંદ ઘોષ સાથે સંઘે કાઢી અને યોગ્ય પવિત્ર ભૂમિએ ૧૦॥ વાગે ચંદનના સુગંધી કાષ્ઠની ચિતા બનાવી હજારોના ચઢાવા દ્વારા અગ્નિ–સંસ્કાર કરી શુદ્ધ થઈ પૂજ્યશ્રી પાસે મોટી શાંતિ સાંભળવા આવ્યા.

પૂજ્યશ્રીએ પણ મૃતક શરીરને લઈ ગયા પછી સાધુને ઉચિત અવળા દેવવંદન આદિ ક્રિયા કરી સકળ સંઘ સાથે દેવવંદન ચૌમુખ પ્રભુજી પધરાવી કર્યા, તે દેવવંદનાની સમાપ્તિ વખતે સ્મશાનયાત્રાએ ગયેલા પુણ્યવાનો પણ આવી ગયેલ, તેઓએ મોટી શાંતિ અને આ પ્રસંગે પૂજ્યશ્રીની માર્મિક વૈરાગ્યભરી દેશના સાંભળી ધર્મકાર્યોની આચરણા માટે ગંભીર પ્રેરણાઓ મેળવી.

પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી સંઘે ગોડીજી મહારાજના દહેરે અષાડ વદ ૧૩ થી અષ્ટાહ્નિક મહોત્સવ કરવા વિચારેલ, પણ સંયોગો એવા ઉપસ્થિત થયા કે મહોત્સવમાં ઢીલ કરવી પડી.

ચૌગાનના દહેરાસરેાની સ્થાપના **સાગર–શાખીય** મુનિ ભગવંતેાની પ્રેરણાથી થયેલ હેાઈ ત્યાંની વ્યવસ્થામાં પૂજ્યશ્રી દેખરેખ વધુ રાખતા હતા. તેથી વિ. સં. ૧૮૬૨માં શ્રી મુનિશ્રી **ભાવસાગરજી** મ. ના ઉપદેશથી શાસન–નાયક તીર્થંકર પ્રભુ **મહાવીર–પરમાત્માની** દેરીની **હવાડામાં** તે વખતના સંજોગેાને અનુસરીને સ્થાપના કરેલ, પણ પાછળથી તે જગ્યા દર્શનાર્થીઓને અનુકૂળ ન રહી, એટલે આશાતના વિગેરેના ભયથી સં. **૧૯૩૭ માં ચૌગાનના** દહેરાસરેાના વિશાલ ક્ષેત્રમાં **શ્રી શાંતિનાથજી પ્રભુના** દહેરાસરની પાસેની જમીન નક્કી કરાવી પૂજ્યશ્રીએ કામ શરૂ કરાવેલ, પણ સંજોગવશ તે કામ ઢીલમાં પડેલ, છેવટે સં. ૧૯૩૮ માં ચેામાસામાં વિશિષ્ટ–પ્રેરણા આપી આરસ પાષાણુ જોધપુરી પાષાણુ, વગેરેની તજવીજ ગેાઠવી સારા સેામપુરા મિસ્ત્રીને ચિત્તોડથી બેાલાવી સં. **૧૯૩૯ના** માગશર મહિનેથી ધમધેાકાર કામ શરૂ કરાવેલ, તેા જિનાલયમાં પ્રતિમાનું કાર્ય શુભસ્ય શીઘ્રં ન્યાયે પૂજ્યશ્રીએ શ્રા. સુ. ૧૩ નું વિશિષ્ટ મુહૂર્ત કાઢી શ્રી સંઘને તે પ્રતિષ્ઠા કરાવવા પ્રેરણા આપી, તેથી તે પ્રતિષ્ઠા–મહેાત્સવ ભેગેા પૂ. મહારાજશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે ઓચ્છવ પણ કરાવવા પૂજ્યશ્રીએ સૂચવ્યું.

શ્રીસંઘે પૂજ્યશ્રીની આજ્ઞા વધાવી લીધી, ધામધૂમથી

શ્રા. સુ. પથી પ્રતિષ્ઠા મહોત્સવની શુભ શરૂઆત થઈ.

આ મહોત્સવમાં પૂજ્યશ્રીએ સંઘના આગેવાનોને પ્રભુ-ભક્તિનો આદર્શ મહિમા અને યથોચિત કર્તવ્યની મર્યાદાના વિશિષ્ટ-ઉપદેશથી પ્રેરણા આપી ઉદયપુરના સ્થાનિક-જિનાલયોમાં શ્રાવકો સ્વયં જાતે પ્રભુ ભક્તિ કરે અને મેવાડના ગામોમાં જિનાલયોમાં થતી આશાતનાના નિવારણ માટે આઠ દશ શ્રદ્ધાળુ ભક્તિવંત ભાઈઓને નીમી દર મહિને ૮ દિવસ આસપાસના ગામોમાં જઈ આશાતના નિવારણની પ્રેરણા આપી

એકંદરે શ્રીસંઘમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી અપૂર્વ ભાવોલ્લાસ સાથે વિવિધ તપસ્યાઓ અને ધર્મકાર્યો સારા પ્રમાણમાં થયેલ.

વિ. સં. ૧૯૭૯ના આ ચાતુર્માસ અંગે ઉદયપુર શ્રીસંઘ તરફથી પ્રકાશિત **પ્રાચીન ઐતિહાસિક પુસ્તક** (પા. ૨૯)માં નીચે મુજબના ધાર્મિક કાર્યોની નોંધ મળે છે

"ચૌગાનના દહેરાસરજી પાસેની ધર્મશાળા જીર્ણ થઈ રહી હતી તેનો તથા કંપાઉન્ડનો ફરતો કોટ પણ વેરવિખેર થવા પામેલ, આ બંનેનો જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીની પ્રેરણાથી થયો.

વળી આસો મહિનામાં ચૌગાનના દહેરાસરે પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રી નવપદજી મહારાજની ઓળીની આરાધના સામૂહિક રીતે ધામધૂમથી થઈ.

આરાધકોનો ભાવોલ્લાસ પૂજ્યશ્રીની તાત્વિક દેશનાથી વધવાના પરિણામે શ્રી નવપદજીની ઓળીજીના પાછલા ચાર દિવસોમાં નવ છોડનું ભવ્ય ઉજમણું ચૌગાનના દહેરાસરના બહારના ચોકમાં બંધાયેલ ભવ્ય મંડપમાં ગોઠવાયું.

ધર્મપ્રેમી–જનતાએ હજારોની સંખ્યામાં જ્ઞાન–દર્શન ચારિત્રના વિવિધ ઉપકરણો–સામગ્રીને નિહાળી તપ ધર્મની ખૂબ અનુમોદના કરેલ.

શ્રી ગોડીજી મહારાજના મૂળનાયક પ્રભુજીને રોજ ધારણ કરાવી આરાધકોનો ભાવોલ્લાસ વધે તે હેતુથી સુંદર મુકુટ–કુંડલ પૂજ્યશ્રીની પ્રેરણાથી તૈયાર થઈને પૂજા ભણાવી અભિષેકની વિધિપૂર્વક ચડાવરાવ્યા.

આ ઉપરાંત **સાગર**શાખીય મુનિ–ભગવંતોની પ્રેરણા અને ઉપદેશથી સ્થપાયેલ જ્ઞાન ભંડારમાં તેમજ **ગોડીજી**–મહારાજના દહેરાસરના ભંડારમાં અણવપરાયેલ તથા જૂના થઈ ગયેલ ચંદરવા–રૂમાલ વગેરેનો નિકાલ કરાવી તેના જરી વગેરે માલને વ્યવસ્થિત કારીગર પાસે કઢાવી તેના સદુપયોગ રૂપે શ્રાવકોને પ્રેરણા આપી જ્ઞાનભક્તિ અને પ્રભુભક્તિ માટે નવા રૂમાલો ચંદરવા વિગેરે પૂજ્યશ્રીએ બનાવડાવ્યા.

સં. ૧૯૩૮ના ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રીને કફનો વ્યાધિ અને શીતજ્વર અવારનવાર આસો મહિનાથી ખૂબ

હેરાન કરવા લાગ્યેા, કાર્તિક પૂર્ણિમાએ ચાતુર્માસ પરિવર્તન કરી કા. વ. ૭ પૂજ્યશ્રીએ **ભીલવાડા** તરફ વિહારની તૈયારી કરેલ, ત્યાં **સુગનબાઈ સંચેતી**ની દીક્ષાગ્રહણ કરવાની ભાવના થવાથી સાધ્વીજી **પ્રશમશ્રીજી** મ.ના સમુદાયના **રત્નપ્રભાશ્રીજી** મ.ને સાથે લઈ કારતક વદ પાંચમે પૂજ્યશ્રી પાસે વ્યાખ્યાન પછી મળ્યા. અને પોતાની ભાવના વ્યક્ત કરી અને સારા મુહૂર્તે આપશ્રીના શુભ હસ્તે મારે સંયમ સ્વીકારવું છે તેની વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ સંઘના **આગેવાનોને** બોલાવી દીક્ષાર્થી–બહેનના કુંટુબ વગેરેની તપાસ કરી ધર્મ–શાસનની શોભા વધે તે રીતે શ્રીસંઘને દીક્ષા મહોત્સવ કરવા પ્રેરણા કરી.

કા.વ. ૧૦ ના રોજ ફરીથી દીક્ષાના મુહૂર્ત માટે આવેલ સુગનબાઈને પૂજ્યશ્રીએ જણાવ્યું કે

"जीवन को प्रशुशासन की मर्यादा में स्थिर करना जरुरी है, विना उसके संयम कभी सफल नहीं होता! वैराग्यवृत्ति को समजदारी के साथ पहचानने की चेष्टा करो। अनित्यभावना–अशरणभावना का निश्चित चिंतन संयम–धर्मकी परिपुष्टि के लिए आवश्यक है, ऊर्मिओं के तूफान में संक्षुब्ध न हों। साध्वीश्री म. का परिचय ठीक ढंगसे करके जीवन को उनके चरणो में न्यौछावर करना जरुरी है, ठीक तैयारी की है न!"—આદિ

સુગનબાઈએ પોતાની ભાવનાને વ્યક્ત કરવાના પ્રસંગે છેલ્લા ૧૧–૨ વર્ષથી જીવનને પ્રભુશાસનની મર્યાદાને અનુરુપ બનાવવા શક્ય પ્રયત્ન કર્યો છે, કુંટુબીઓ તરફથી કરાયેલી કડક કસોટીમાંથી પસાર થઈને વૈરાગ્યની ભૂમિકા દૃઢપણે મેળવી છે. પૂ૦ સાધ્વીજી મ. નો પરિચય પણ વ્યવ–સ્થિત રીતે કર્યો છે વગેરે ખુલાસા જણાવી પૂજ્યશ્રીના મનને સંતુષ્ટ કર્યું.

પૂજ્યશ્રીએ માગશર સુદ બીજનું આંબિલ કરી શ્રી **મહાવીર પ્રભુ** સમક્ષ સાત બાંધી માળા શ્રી નવકારની ત્રિકાળ ગણવાનું કહી વાસક્ષેપની પડીકી આપી સાંજે પૌષધ લઈ સંથારા– પોરસી ભણાવ્યા પછી સૂતી વખતે પડીકી સામે શ્રી નવકાર મહામંત્રની એક બાંધી માળા ગણી "णमो सिद्धाणं सव्वपावप्पणासणो" ની ૧૧ માળા તથા णमो बंभचेरस्स ની ત્રણ માળા णमो संजमस्स ની ત્રણ માળા ગણી તે પડીકી ઓશીકે રાખી ડાબા પડખે સૂઈ ઉંઘ પૂરી થાય કે તુર્ત બેઠા થઈ સાત નવકાર ગણી નાસિકાના કયા નસકોરામાંથી શ્વાસ ચાલે છે! તે જાણી સવારે પૂજા કરી ૮–૩૭ થી ૯–૨૩ માં દીક્ષા મુહૂર્ત માટે આવવા જણાવ્યું.

સુગનબાઈએ પણ પોતાની ૪૨ વર્ષની વય, છેલ્લા

દશ વર્ષનું વૈધવ્ય જીવન, ભર– યુવાનીમાં ગૃહભંગ થયાનો યોગ વગેરે નજર સામે રાખી જાણે પૂજ્યશ્રીએ પાણી પહેલાં પાળની જેમ વિકારી–વાસનાઓ સંયમના માર્ગે ડખો ઉભો ન કરે, તેની અગમચેતી રૂપે બતાવેલ આ વિધિ ખૂબ ઉંમગથી ઉત્સાહથી આચરી.

પૂજ્યશ્રીના સૂચન પ્રમાણે માગ. સુ. ૨ આંબિલ કરી ચૌગાનના દેરાસરે બિરાજમાન પ્રભુ મહાવીર પરમાત્માના ભવ્ય–બિંબ આગળ જાપ વગેરે કરી સાંજે પૌષધ લઈ રાત્રે સંથારા પોરસી પછી પૂજ્યશ્રીએ બતાવેલ જાપ બરાબર કરી સંથારો કર્યો.

બરાબર અઢી વાગ્યાના સુમારે જાગૃત થયેલ સુગનબાઈ એ સાત નવકાર ગણી કયા નસકોરામાંથી શ્વાસ જાય છે ? તે તપાસ્યું તો જમણા નસકોરામાંથી નાસિકાથી નિકળી ઉપરના ભાગે જતો શ્વાસ અનુભવ્યો, બાકીની રાત શ્રી નવકારનો જાપ, નવસ્મરણ—'ગૌતમ સ્વામીનો રાસ, સોળ સતીનો છંદ આદિના સ્મરણ સાથે વીતાવી રાઈપ્રતિક્રમણ કરી પૌષધ પારી શ્રી વીતરાગ પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા સ્નાત્રપૂજા પૂર્વક કરી બરાબર નિર્ધારિત સમયે સાડા આઠ વાગે પૂ. સાધ્વીજી મ. તથા પોતાના કુટુંબીઓને લઈ પૂજ્યશ્રી પાસે દીક્ષાભિલાષી સુગનબાઈ આવ્યાં.

પૂજ્યશ્રી તે વખતે શ્રીચિંતામણી પાર્શ્વનાથયંત્રનું માંત્રિક-વિધિએ પૂજન કરી તેના જાપમાંથી નિવૃત્ત થયા જ હતા, અને દીક્ષાના મુહૂર્ત માટે બધાને આવેલ જોઈ ઈશારાથી એક બાજુ બેસાડી જાપની મુદ્રાને જાળવી રાખી અંગરક્ષા-માર્જના આદિ સંક્ષિપ્ત વિધિએ કરી થોડીવાર ધ્યાનસ્થ થયા.

થોડીવારે પૂજ્યશ્રી સ્વસ્થ થઈ પંચાગ લઈ પંચાંગશુદ્ધિ રવિયોગાદિ વિશિષ્ટ યોગબળ ચંદ્રબળ, કુયોગ-પરિહાર આદિ જોઈ માહ. સુ. ૩નું શ્રેષ્ઠ મુહૂર્ત ૧૦-૨૪-થી-૨૯ મિનિટનું શ્રેષ્ઠ નક્કી કરી પૂજ્યશ્રીએ કાગળમાં લખીને આપ્યું.

પૂજ્યશ્રીએ ભીલવાડા બાજુના વિહારની વાત કરી, પણ દીક્ષાર્થી બહેનના કુટુંબીઓએકહ્યું કે- બાપજી સા। उग रहे पौधे कों पानी मिलना जरुरी है! हमारे घरसे यह बाई पुण्यशालिनी हो कर प्रभुशासन में अपना जीवन समर्पित करना चाहती है, तो इसकी विवेक वैराग्य-भावना को परिपुष्ट करने के लिए आपके तात्त्विक-सिंचन की खास जरुरत है, अतः कृपा करके आप विहारका विचार न करें! हमारे कुलको तारने वाली दीक्षाके पवित्र प्रसंग पर हमें क्या करना चाहिए। इसका मार्गदर्शन आपके बिना हमें कौन दे!" આદિ દીક્ષાર્થીના કુટુંબીઓની વિનંતિથી પૂજ્યશ્રીએ વર્તમાનજોગ તથા જૈસી ક્ષેત્ર-સ્પર્શના સંતુષ્ટ કર્યા.

દીક્ષાર્થીના કુટુંબીઓ શ્રીસંઘના આગેવાનોને સાંજે મળ્યા અને પોતાના ઘરે આવો અવસર છે તો પૂજ્યશ્રીને જરૂર વિનંતિ કરી રોકવા પ્રેરણા કરી સંઘના આગેવાનોએ કહ્યું કે "सुद पाँचम के व्याख्यानमें आप विनंति करें हमभी पूज्यश्री को आग्रह करेंगे ही।"

માગશર સુ. પાંચમના વ્યાખ્યાનમાં દીક્ષાર્થીના કુટુંબીઓ અને શ્રીસંઘે ખૂબ આગ્રહ કર્યો અને સ્થિરતા માટેની જય બોલાવી દીધી.

માગશર સુદ સાતમના બપોરે ૨–૨૪ મિનિટે **ધનાર્કે**–કમુરતાં બેસતાં હોઈ પ્રભુશાસનની ગરિમા અને મોહના સંસ્કારોને શિથિલ બનાવવા માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી દીક્ષાર્થી બહેને પોતાના આઠ–દશ સખીમંડળ સાથે **ઉદયપુર** શહેરના બધા દેરાસરોમાં જાત–મહેનતથી કાજો કાઢવાથી માંડી પૂજાના તમામ કાર્યો કરવા રૂપનો જિન–ભક્તિમહોત્સવ માગશર સુદ સાતમે વ્યાખ્યાનમાં જ્ઞાન–પૂજા કરી વાસક્ષેપ નંખાવી **સહસ્રફણા પાર્શ્વનાથના** દહેરાસરથી શરૂઆત કરી.

પૂજ્યશ્રીએ–"પ્રભુ–ભક્તિમાં સ્વદ્રવ્ય અને જાત–**પ્રવૃત્તિ** થી પ્રવર્તનાના બળે અપૂર્વ રીતે મોહના સંસ્કારોનો હ્રાસ થાય છે–" એ વાત યોગ્ય રીતે સમજાવી સંઘમાંથી પણ

બીજા શ્રાવક– શ્રાવિકાઓને આ પ્રભુ ભક્તિના વિશિષ્ટ કાર્યમાં તન–મન–ધનથી કરણ–કરાવણ રૂપે લાભ લેવા પ્રેરણા કરી.

દીક્ષાર્થી–બહેનની આ પ્રવૃત્તિથી સંઘમાં અનેરી ધર્મ-ભાવના ખીલી ઉઠી, જે મહોલ્લામાં દીક્ષાર્થી બહેન પ્રભુભક્તિ માટે જાય, ત્યાંના શ્રાવકો દીક્ષાર્થીનું બહુમાન કરે, પૂજામાં જોડાનારાઓની ભક્તિ કરે, પોતે પણ તે પૂજાના કામમાં સક્રિયપણે જોડાય.

પરિણામે શ્રી વીતરાગ–પ્રભુની પૂજા એ શ્રાવકોનું કેવું આદર્શ ઉચ્ચ કર્તવ્ય છે ? તેની અનુભૂતિ અનેકોના હૈયામાં થવા લાગી.

મૌન એકાદશીના પ્રસંગે પૂજ્યશ્રીએ દીક્ષાર્થીના પરિણામની ધારાને વધુ નિર્મળ બનાવવાના શુભલક્ષ્યથી ન બોલવા રૂપના દ્રવ્યમૌન કરતાં પ્રભુ–શાસનની મર્યાદા પ્રમાણે સંયમી-જીવન જીવવા રૂપના ભાવ–મૌનની મહત્તા જણાવી બારમાસી પર્વ તરીકે **મૌન એકાદશીનું** મહત્ત્વ સર્વ વિરતિ–ચારિત્રની લગભગ પ્રાપ્તિ અને નિર્મળ–આરાધનાના દૃષ્ટિકોણથી સમજાવી.

સુવ્રતશેઠ અને **શ્રીકૃષ્ણ**–વાસુદેવના દૃષ્ટાંતથી દ્રવ્ય–ભાવ બંને રીતે મૌન એકાદશીનું આરાધન પુણ્યશાળીઓએ કેવી રીતે કરવું ? તે અધિકાર પણ વિગતથી સમજાવ્યો.

દીક્ષાર્થી બહેને મોહના સંસ્કારો ઘટાડવા અને જીવન-શુદ્ધિના પરમાર્થને પિછાણવા પ્રભુ-ભક્તિનો જે કાર્યક્રમ દરેક દહેરાસરોમાં શરૂ કર્યો, તેને પૂજ્યશ્રીએ વારંવાર પ્રોત્સાહન આપી શ્રીસંઘમાં પ્રભુ-ભક્તિમાં કાળબળે આવેલ ઉપેક્ષા-શિથિલતાની વૃત્તિને હઠાવવા વાતાવરણ સર્જ્યું.

વચ્ચે પ્રાસંગિક પૌષદશમીના દિવસે **સમીનાખેડા** તીર્થે સકળ-સંઘ સાથે જઈ શ્રી વીતરાગ-પરમાત્માનો જન્મ જગતને હિતકારી શા માટે ? અને કેવી રીતે ? તે વ્યાખ્યાનમાં સમજાવી **" મોહના સંસ્કારો પર વિજય મેળવવાના ભગીરથ પુરૂષાર્થ સિવાય જીવનમાં કંઈ મેળવવા જેવું નથી "** એ વાત પર ભાર દઈ પ્રભુશ્રી પાર્શ્વનાથના જન્મની સાચી ઉજવણી પ્રભુએ ચીંધેલ સર્વવિરતિ માર્ગે જવા રૂપે કરવાનું જણાવ્યું.

પરિણામે દીક્ષાર્થી-બહેનના સર્વ-વિરતિના પરિણામ ઉચ્ચ-કોટિના થયા.

દીક્ષાર્થીના આગ્રહથી પૂજ્યશ્રીએ દીક્ષાર્થીના ભાવોની વૃદ્ધિ માટે વ્યાખ્યાનમાં **" સર્વ વિરતિધર્મની મહત્તા અને વાસનાવિજય "** પર શાસ્ત્રીય વ્યાખ્યાનો શરૂ કર્યા, પરિણામે બે કુમારિકા અને એક વિધવા બહેનને સંસારની અસારતાનું ભાન થઈ જોરદાર-વૈરાગ્યની સ્પર્શના થઈ.

રોજ પૂજ્યશ્રીના વ્યાખ્યાનો સાંભળવાથી દૃઢ બનતી જતી વૈરાગ્યભાવનાના બળે બંને કુમારિકા બહેનોએ માતા-પિતાદિના મોહમય ધમાલભર્યા વાતાવરણ પર વિજય મેળવી કુટુંબીઓને સમજાવી પોષ સુ. ૧૦ના રોજ દીક્ષાનું મંગળ મુહૂર્ત જોવડાવ્યું.

વિધવા બહેને પણ પોતાના કુટુંબીઓને સાથે લઈ મુહૂર્ત્ત જોવાનો આ અવસર સાચવી લીધો.

ભાવીયોગે માહ સુ. ૩ નો **સુગનબાઈની** દીક્ષા માટે નિયત થયેલ દિવસ **શાંતિકુમારી** અને **ભાગવંતીબહેન** (કુમારિકા) માટે તેમજ **ઝબકબહેન** (વિધવા) માટે પણ યથોચિત સંગત થયો.

એટલે શ્રીસંઘમાં અપૂર્વ હર્ષોલ્લાસનું વાતાવરણ થયું, કેમકે મેવાડ જેવા પ્રદેશમાં એક નહીં, બે નહીં ચાર ચાર શ્રાવિકાઓ-જેમાં બે તો કુમારિકા જુવાનીના ઉંબરે પગ મુકતી સત્તરથી બાવીશ વર્ષની અંદરની બાલિકાઓ પ્રભુ શાસનના શરણે જીવન સમર્પિત કરવા તૈયાર થયાની વાતથી શ્રીસંઘના આ-બાળ-વૃદ્ધ સહુમાં અનુમોદનાનો ભાવ અને સંયમ ધર્મનો રાગ ઝળહળી ઉઠયો.

શ્રીસંઘ તરફથી પોષ સુ. ૧૩ના મંગળ દિવસથી ચારે

દીક્ષાર્થી બહેનોના દીક્ષા પ્રસંગને વધાવવા માટે ઘર આંગણે બોલાવી ભક્તિપૂર્વક જમાડી બહુમાન કરવાની શરૂઆત થઈ.

જાત-જાતના વાજિંત્રોના સરોદા વચ્ચે પાલખી વગેરેમાં બેસાડી શાસન-શોભા વધે તે રીતે દીક્ષાર્થીઓનાં "વાયણા" શરૂ થયાં.

રોજ સવારે વાયણાની શરૂઆત થાય ત્યારે દીક્ષાર્થી બહેનો પોતપોતાના સંબંધી અને શ્રીસંઘના ભાઈ-બહેનો સાથે પૂજ્યશ્રી પાસે વાસક્ષેપ નંખાવી માંગલિક સાંભળવા આવે, ત્યારે ઉત્તમ શ્રીફળ દ્વારા ગહુંલી કરી દીક્ષાર્થી બહેનો વાસક્ષેપથી જ્ઞાનપૂજા કરે અને વંદના કરી "इच्छकारि भगवन् पसाय करी हितशिक्षा पसाय करशोजी" કહી થોડોક સમય આત્મ-હિતકર બાબતો સમજાવવા-પ્રાર્થના કરતી.

કેમકે શાસન-પ્રભાવનાના ઉદ્દેશ્યથી ઘરેઘરે સંયમી-આત્માઓના બહુમાનની દૃષ્ટિએ પગલાં કરાવવાનો કાર્યક્રમો સવારના નવથી સાંજ સુધી ચાલે. તેથી વ્યાખ્યાનનો લાભ ન મળે તેથી દીક્ષાર્થી બહેનો સવારે પૂજ્યશ્રી પાસે માંગલિક સાંભળી વાસક્ષેપ વખતે હિતશિક્ષાની માંગણી કરતી.

પૂજ્યશ્રી પણ દીક્ષાર્થીઓને ઉદ્બોધન કરતાં મહત્ત્વની વિચાર-જાગૃતિ તરફ આંગળી ચીંધતાં કહેતા કે—

"આ વાયણા એ શું છે? વાચના શબ્દનો અપભ્રંશ વાયણા દેખાય છે (પણ અહીં વાચના લેવા દેવાની વાત તો કંઈ નથી) તો વાયણા શબ્દનો અર્થ જ ખૂબ ગંભીર રહસ્યને સૂચવે છે, તે એ કે-સમજણ પૂર્વકના ત્યાગ—વૈરાગ્યના ચઢતા પરિણામોના બળે સંસારના મોહક-વાતાવરણ અને ઉત્તમ-પદાર્થોનો સ્વેચ્છાએ ત્યાગ કરવા તૈયાર થયેલ દીક્ષાર્થીઓના બહુમાનાર્થે ભક્તિ કરનારા વિવેકી પુણ્યાત્માઓ વિશિષ્ટ સુંદર વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા ઉત્તમ ખાનપાન, પહેરવા-ઓઢવા અને ધરેણા-દાગીના આદિ સંસારી-પદાર્થોથી ભક્તિ-બહુમાન કરવા તૈયાર થાય ત્યારે દીક્ષાર્થી સમજણ પૂર્વકના ચઢતા વૈરાગ્યના બળે મનગમતા સુંદર સંસારી-પદાર્થોને હલાહલ ઝેર કરતાં વધુ અનિષ્ટ સમજી તે તે સુંદર-ઉત્તમ પદાર્થોને પણ "ના-ના" કહી વારણ કરે-નિષેધ કરે!

ભક્તિ કરનારા જે ચીજની રજુઆત કરે તો "આ ત્યાગ છે" "આ ખપે નહીં" "આ ઉચિત નથી" વગેરે શબ્દોથી અંતરના ત્યાગ-વૈરાગ્યના ભાવને ઝળકારી સામાને ત્યાગનું બહુમાન સંયમ-ધર્મની અનુમોદનાનો ભાવ જેમાંથી જગાવે તે દીક્ષાર્થીની વારણા=નિષેધ કરવાની પ્રવૃત્તિ તેનું અપભ્રંશ વાયણા થયું છે, તે માત્ર જમવા અને જાણ બહુમાનના વ્યવહારમાં રૂઢ થવા પામ્યું છે" વગેરે.

દીક્ષાર્થી બહેનો આ સાંભળી પોતાની ભૂમિકા પ્રમાણે અવનવા નિયમ-પચ્ચક્ખાણ અભિગ્રહ વગેરે પૂજ્યશ્રી પાસે

રોજ સવારે વાસક્ષેપ નંખાવવા આવે ત્યારે સ્વીકારી દીક્ષાર્થી તરીકે સંયમી–વૈરાગ્યવંતા જીવનનો પૂર્વાભ્યાસ કરવા લાગ્યાં.

લોકો પણ દીક્ષાર્થીની આવી ચઢતી ભાવના અને છુટથી મનગમતા પદાર્થો મળતા હોય છતાં ત્યાગ, વ્રત, નિયમ, પચ્ચક્ખાણ અભિગ્રહાદિ ધારી પોતાની જાતને કાબૂમાં રાખવા મથતા દીક્ષાર્થીઓની ઉદાત્ત–ભાવનાની પેટ છૂટ અનર્ગલ અનુમોદના કરવા લાગ્યા.

આ અરસામાં પૂજ્યશ્રીને સમાચાર મળેલ કે પૂ. ગચ્છાધિપતિશ્રી **મૂલચંદજી મ.** ન ખાસ પ્રીતિપાત્ર **પંજાબ** દેશમાં જિનધર્મની પ્રબલ પ્રભાવના કરનાર પૂ. શ્રી **આત્મારામજી મ૦ દિલ્હી** બાજુ પધાર્યા છે. અને ગુજરાત ભણી પધારવાના છે, તો **દિલ્હીથી ઉદયપુર** થઈ પધારે તો **કેશરીયાજીની** યાત્રા થઈ જાય, સાથે **ઉદયપુર**માં જિનશાસનની જબ્બર પ્રભાવના થાય, કેમકે સ્થાનકવાસી–સાધુપણામાં બાવીશ વર્ષ રહી પ્રખર વિદ્વાન અને પ્રતિષ્ઠાપાત્ર બનેલા છતાં સત્ય–તત્ત્વની સમજુતી થવાથી તેઓએ અઢાર સાધુ સાથે સંવેગી–દીક્ષા સ્વીકારી પ્રભુ–શાસનની વફાદારી વ્યક્ત કરેલ.

આવા મહાપુરૂષ **ઉદયપુર**માં પધારે તો અહીંની જનતાને

પરમાત્માના શાસનની દૃઢ પ્રતીતિ થાય, તેથી ઉદયપુર શ્રીસંઘને વાત કરી આગેવાનો પાસે આગ્રહભરી વિનંતીનો પત્ર લખાવેલ જેના ગર્ભિત–જવાબ રૂપે પૂજ્યશ્રી પર નીચે મુજબ જવાબ આવેલ.

"स्वस्ति श्री शैवा-देवदेव-पद्पयोजनि-युगलं प्रणिपत्य मनसा संचिरतरार्थं साधुजातिरम्य**मुदयपत्तन**नामकमिन्दिरानिलयं निगमवरमधिष्ठितेभ्यः सत्प्रतिष्ठितेभ्यः प्रख्यातचिद्विलासेभ्यो विद्वज्जनप्रधानेभ्यो मुनिभ्यः श्रीमद् **झवेराणांपतिभ्य इन्द्रप्रस्थात्** मुनि**श्रीमदानंदविजयादीनां** वन्दनानि च भवंतुतराम्।

शमत्र, तत्राप्यस्तु

अपरं च समाचार वंचना–पत्र आप को आयो, पढ के चित्तको आनंद हुआ

आपने जो **दयानंदकी** बाबत में लिखा ओ ठीक है, अब **दयानंदाक** क्या हाल है? सो लिखनाजी।

आगे आपके श्रावकोंकी विनति पोंची सो हमारी तर्फ से धर्मलाभ कहनाजी'.

चिट्ठी जो देर से लिखी गई है सो विहार होणे के सबब से, आगे यहां **दील्हीमें** ठाणे २० है सो दो तथा तीन रोजमें **जयपुर** तर्फ विहार करणेका है, सो आपको मालुम हो।

સુખશાતાકા પત્ર જૈપુર કૃપા કરી દેણાજી। ચિઠ્ઠી લિખી મીતિ માહ વદ ૮

મંડારી હીરાચંદકી વંદણા ૧૦૮ બાર માલૂમ હોવે। ગુરુદયા કિરપા કરકે લિખસો

ઉદયપુર ગોડીજી મ. ના ઉપાશ્રયમાંથી મળેલ જુના પત્રોમાંથી મળેલ એક પત્ર....

પૂ. શ્રી આત્મારામજી મ. ના આ પત્રમાં પૂજ્યશ્રી પર ભારોભાર હાર્દિક બહુમાન ઝળકે છે, પૂજ્યશ્રીએ ઉદયપુર શ્રીસંઘની મોકલાવેલ વિનતિની પહોંચ આમાં છે, પણ ગુજરાત બાજુ જવાની ઉતાવળ કે બીજા કોઈ મહત્ત્વના કારણે ઉદયપુર તરફ આવવા માટેનો નિર્દેશ આ પત્રમાં નથી.

આવા મહામહિમશાલી પ્રૌઢ-પ્રતાપી પૂજ્યશ્રી દીક્ષાર્થી બહેનોના ભાવોલ્લાસને વૃદ્ધિંગત કરવા વિશિષ્ટ પર્વોના રહસ્યને વ્યાખ્યાનમાં છણાવટપૂર્વક રજુ કરી રહ્યા.

દીક્ષાર્થીઓ પૂજ્યશ્રીની પ્રેરણા-ઉપદેશને બરાબર ઝીલી ભક્તિ કરનારાઓના ગમે તેટલા આગ્રહને પણ વશ ન થતાં-સંયમની પૂર્વ-ભૂમિકાને મજબૂત કરવાની જેમ વાસના-નિગ્રહમાં સફળ રીતે યશસ્વી નિવડી શક્યા.

આમ કરતાં પોષ વદ ૧૩–જે શાસ્ત્રીય માહ વદ ૧૩ કહેવાય–જેને **મેરૂત્રયોદશી** તરીકે યુગાદિપ્રભુ **શ્રી ઋષભદેવ**–ભગવંતના નિર્વાણ–કલ્યાણક સાથે સંકળાયેલ મહાપર્વ તરીકે કહેવાય—તે દિવસ આવ્યો.

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં ખૂબ જ ભારપૂર્વક– "**પ્રભુ ઋષભદેવની** નિર્વાણ–ભૂમિ તો **અષ્ટાપદજી** છે, **મેરૂપર્વત** પર કોઈ કલ્યાણક થયું નથી, તો **આજનો** દિવસ **મેરૂતેરશ** કેમ ?"

એ પ્રશ્નની રજુઆત કરી .જેના ખુલાસામાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે–

જેમ **મેરૂપર્વત** અખિલ વિશ્વના મધ્ય કેંદ્રમાં છે, તેમજ **મેરૂપર્વતની** સમભૂતલાથી દિશા–વિદિશાઓમાંદરેક ચીજનું અંતર મપાય છે, તેમ આ અવસર્પિણીકાળમાં અઢાર કોડાકોડી સાગરોપમના ગહન–મિથ્યાત્વના અંધકારને ઉલેચી પ્રભુશાસનની સર્વપ્રથમ સ્થાપના કરી જગતમાં આત્માનું હિત શેમાં ? આપણું કર્તવ્ય શું ? એ વાતની પ્રતીતિ આપી, એટલે **મેરૂપર્વતની** જેમ પ્રભુ શ્રી **ઋષભદેવ** આપણા આધ્યાત્મિક ક્ષેત્રના માનદંડ રૂપ બન્યા. તેવા પ્રભુના નિર્વાણ કલ્યાણકની આરાધના આજના મંગળ–દિવસે ચઢતા ભાવે વિવેકપૂર્વક કરી જીવનમાં આજ્ઞા રૂપ **મેરૂના** માનદંડથી આપણી આરાધનાઓ કેટલી કાર્યક્ષમ નિવડે છે ? તેનું સમજણપૂર્વક ભાન કેળવવું જરૂરી છે–" આદિ સમજાવી સહુને આજ્ઞાનુસારી–જીવન બનાવવા પ્રેરણા કરી.

ભાવી-યોગે દીક્ષાર્થીઓમાં સૌથી વધુ કોણ લાભ લે! એવી સ્પર્ધામાં નાહક વાતાવરણ કલુષિત ન થાય તેમજ કોઈની ભાવનાને ધક્કો ન લાગે–તેથી પૂજ્યશ્રીની સૂચનાથી શ્રીસંઘે ચારે દીક્ષાર્થીઓને સ્વેચ્છાએ જે આપવું હોય તે લઈ દીક્ષા મહોત્સવ શ્રીસંઘ તરફથી કરવાનું ઠરાવેલ.

તે જિનેંદ્ર-ભક્તિ-મહોત્સવ વદ ૧૧ થી શરૂ થયેલ, તેમાં વિવિધ પૂજાઓ શ્રાવકો અંતરંગ-ભક્તિથી બપોરના સમયે ભણાવતા.

દીક્ષાર્થી બહેનો પણ સ્નાત્રીયા તરીકે ઉભા રહી ભવસમુદ્રથી તારનાર પ્રભુશાસનની આરાધનાને સંપૂર્ણ સક્રિય રીતે પાળવા માટે સર્વવિરતિ-જીવનની સફળ આરાધના માટે અષ્ટપ્રકારી પૂજા રૂપ દ્રવ્યસ્તવની આસેવના ભાવસ્તવ-પ્રાપ્તિના સફળ ઉદ્દેશ્યથી કરવા પ્રયત્ન કરવા લાગ્યાં.

માહ સુ. ૧ના રોજ પૂજ્યશ્રીએ ચારે દીક્ષાર્થી બહેનોને સાધ્વીજી મ. સાથે બોલાવી ચારિત્ર-ધર્મની સફળ આરાધના માટે પાંચમા આરામાં જરૂરી પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું જયણામય પાલન, ગોચરીના બેંતાલીસ દોષોની તથા માંડલીના પાંચ દોષોની સમજુતી, ચરણસિત્તરી-કરણ-સિત્તરીની માહિતી આદિ પ્રાથમિક બાબતોની જાણકારી આપી સંયમી-જીવનમાં

સાવ અઘટિત અકર્તવ્ય રૂપ કેટલીક બાબતોના નિયમ-પચ્ચક્ખાણ કરાવ્યાં.

માહ સુ. ૨ બપોરે શ્રીસંઘ તરફથી જળયાત્રાની ભવ્ય રથયાત્રા હતી, તેમાં દીક્ષાર્થી ચારે બહેનોએ મોરચા પર લડવા જતા ફૌજી-તાલીમવાળા મિલેટ્રીમેનની જેમ સંસારના ભીષણ વાતાવરણમાંથી બહાર નીકળી સ્વેચ્છાએ સંયમધર્મની પાલના દ્વારા ઉદીરણાદિપૂર્વક કર્મસત્તા સામે ઝઝુમવા માટેની ભાવના સાથે પૂજ્યશ્રી પાસે ઉમંગપૂર્વક વાસક્ષેપ નંખાવી જગતના સર્વોત્તમ પદાર્થોને પણ મુક્ત-મનથી ત્યાગ કરી દેવાના પ્રતીક રૂપે વર્ષીદાનની પ્રક્રિયા ખૂબ ઉમંગથી કરી.

રથયાત્રા પત્યા પછી સીધા સાધ્વીજી મ. ના ઉપાશ્રયે દીક્ષાર્થી બહેનો ગયાં, ત્યાં પ્રતિક્રમણ કરી સંથારા-પોરસી ભણાવી સૂઈ જઈ સવારે વહેલા ઉઠી શ્રી નમસ્કાર-મહામંત્રનો વિશિષ્ટ-જાપ સંયમ માર્ગે સરળતાપૂર્વક પ્રયાણ થાય તે હેતુથી કર્યો, યોગ્ય સમયે રાઈ-પ્રતિક્રમણ કર્યું, ધર્મોપકરણોનું પડિલેહણ કર્યું. નજીકના ઘરે પરિમિત-જળથી અંગ-શુદ્ધિ કરી **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુના** દહેરે તથા **ગોડીજી**ના દહેરે ભાવપૂર્વક અષ્ટપ્રકારી પૂજા સ્નાત્રપૂજા સાથે કરી પૂ. ગુરૂદેવશ્રીનો વાસક્ષેપ લઈ દીક્ષા માટે શ્રી સંઘે નક્કી કરેલ સ્થળે શાસનપ્રભાવના પૂર્વક સમયસર ઉપસ્થિત થયાં.

પૂજ્યશ્રી પણ દીક્ષા માટે ક્રિયા-મંડપમાં સમયસર હાજર થઈ ગયા.

ખૂબ જ ભાવોલ્લાસ ભર્યા ગગનભેદી જયનાદોના ઘોષ સાથે દીક્ષાની વિધિ શરૂ થઈ.

યોગ્ય સમયે રજોહરણ-પ્રદાન થયું. પછી સંસારનો ભાર ઉતારવાના પ્રતીક રૂપે કાચા પાણીથી સ્નાન કરી વેષપરાવર્તન ક્રિયા થઈ. પછી પૂજ્યશ્રી પાસે આવી બાકીની વિધિ કરી करेमि भन्ते. સૂત્ર દ્વારા આખા સંસારનો ત્યાગ કરવા રૂપ સર્વ-વિરતિનું પચ્ચક્ખાણ સ્વીકારી છેલ્લે દિગ્બંધ દ્વારા ચારે દીક્ષાર્થીઓને સંસાર બિલકુલ યાદ જ ન આવે તે હેતુથી નામ પણ નવા સ્થાપ્યાં.

બાદ સકળ શ્રીસંઘ સાથે **ચૌગાનના શ્રી પદ્મનાભ-પ્રભુ**નાં દર્શન કરી ચૈત્યવંદન કરી પૂજ્યશ્રી ઉપાશ્રયે પધાર્યા.

આખા **ઉદયપુર** શહેરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલ દીક્ષાનો આ પ્રસંગ જૈન-જૈનેતર સહુને ખૂબ જ પ્રેરણાદાયી નિવડેલ.

પૂજ્યશ્રીએ માહ સુ. ૫ ના વિહારની તૈયારી કરી, નૂતન-દીક્ષિતોના સંબંધીઓએ રોકાઈ-વહન કરાવી વડી દીક્ષા માટે વિજ્ઞપ્તિ કરી તે અંગે સ્થિરતા કરવા આગ્રહ કર્યો.

પૂજ્યશ્રીએ કહ્યું કે—મહાનુભાવો ! આપ कहते हैं जो ठीक है ! किंतु अभी प्राथमिक शालामें ये लोग भरती हुए हैं ! अभी कुछ दिन इन्हें पूरी तरह से अभ्यास करने दो, वडी दीक्षा कोई मामूली चीज नहीं ! आप लोगों की निगाहमें यह छोटी दीक्षा बडे महत्वकी है ! क्यों कि आप लोगोंका मोहमायाना बंधन छूटना आसान नहीं !

किंतु हमारे लिए तो शास्त्रकारोंका निर्देश है कि—

छोटी दीक्षा के बाद छ-काय की जयणा, पांच समिति तीन, गुप्तिका पालन-जयणा का पूरा ख्याल, आहार—विहारादि में साधुताका अभ्यास, और साधु-चर्या पूरी तरहसे नव-दीक्षित आत्मसात् कर ले फिर योग्यता की जाँच के बाद पंच-महाव्रतरूप वडी दीक्षा योग्य, क्षेत्र-शुद्धि एवं पंचांगशुद्धि तथा ग्रहोंका विशिष्ट बल आदि देखकर दी जाती है इस में उतावल ठीक नहीं !!!

अभी वडी दीक्षा का मुहूर्त है भी नहीं ! वैशाख में अच्छा दिन आता है, तब तक नूतन-दीक्षितोको साधु-चर्याका ठीक ढंगसे आसेवन करने दो आदि.

દીક્ષાર્થીઓના સંબંધીઓ આ વાત સાંભળી વિનીત-ભાવે બોલ્યા કે—

" बापजी सा. ! इनसब वातो थीं ताके मीं कांई जाणाँ ? परंतु बापजी ! वैशाख में पधारनों पडेला, मीं फिर से आपके पास आवांगा ही ! पर आप मांकी बात जरूर ध्यान में रखनो "

પૂજ્યશ્રીએ "वर्तमान जोग" "जैसी क्षेत्र-स्पर्शना" નો જવાબ આપી સાધુ સામાચારીનું ભાન કરાવ્યું.

પૂજ્યશ્રીએ સંઘનો ઘણો આગ્રહ ફાગણ-ચોમાસી માટે છતાં માહ સુ. પાંચમ સવારે કરેડાજી **તીર્થ** તરફ જવા માટે વિહાર કર્યો. ત્યાંથી પૂજ્યશ્રી રે લમગરા, કપાસણ, આદિ ગામોમાં સ્થિરતાપૂર્વક વિચરી આમેટ-ચારભુજા રોડ સુધી વિચરી સંવેગી-સાધુઓના વિચરણના અભાવે માર્ગથી વિમુખ બનેલા અનેક જૈનોને પ્રભુશાસન તરફ વાળ્યા. **ચિત્તોડ**-તીર્થે ચૈત્રી ઓળીની ભાવનાથી ચૈત્ર સુદ ત્રીજ લગભગ **ચિત્તોડ** શહેરમાં પધાર્યા.

પૂજ્યશ્રીના વ્યાખ્યાનોથી ત્યાંની જનતા લગભગ બાર વર્ષ પૂર્વે પરિચિત થયેલ, પણ તે વખતે **રતલામ** અચાનક જવાનું થવાથી અનેક જિજ્ઞાસુઓની ધર્મકાંક્ષા અધૂરી રહેલ.

પણ ભાવીયોગે પૂજ્યશ્રીના પુનઃ આગમનથી અનેક ભાવિક લોકોએ પૂજ્યશ્રીનો લાભ લેવામાંડયો. સવારના વ્યાખ્યાન-બપોરે-રાત્રે પ્રશ્નોત્તરી આદિથી જૈન-જૈનેતર જનતા પૂજ્યશ્રીના અગાધ શાસ્ત્રજ્ઞાનથી પ્રભાવિત બની.

ધર્મપ્રેમી જનતાએ પૂજ્યશ્રીને સ્થિરતા માટે આગ્રહ

કર્યો. શાશ્વત ચૈત્રી–ઓળીની આરાધનાનું મહત્ત્વ જણાવવા સાથે સકળ જિનશાસનના સારરૂપ શ્રી નવપદજીની આરાધનાનું મહત્ત્વ ઓજસ્વિની–શૈલિમાં સમજાવી અનેક પુણ્યાત્માઓને શ્રી નવપદજીની શાશ્વત આરાધનાના પ્રતીકરૂપ ચૈત્રી ઓળી કરવા માટે પ્રેરણા આપી.

અનેક પુણ્યવાનોએ તૈયારી કરી પૂજ્યશ્રીએ પણ લાભાલાભ સમજી સ્થિરતા કરી, પૂજ્યશ્રીના વ્યાખ્યાન શ્રવણથી–વિશિષ્ટ પ્રેરણા મેળવી ખૂબ ઉમંગથી નવપદજી–ઓળીની વિધિપૂર્વક આરાધના ખૂબ ઠાઠપૂર્વક થઈ.

તેમાં ચૈત્ર સુ. ૧૪ના વ્યાખ્યાન–પ્રસંગે **ઉદયપુર** શ્રીસંઘના આગેવાન સાત આઠ શ્રાવકો તથા દીક્ષાર્થીઓનાં કુટુંબીજનોએ ઉપસ્થિત થઈ "વૈશાખમાં વડી દીક્ષા કરાવવા આપશ્રી **ઉદયપુર** પધારો" એવી જોરદાર વિનંતી કરી.

પૂજ્યશ્રીએ ચૈત્ર વદ ૨ **ચિત્તોડથી** વિહાર કરી ચૈત્ર વદ ૧૦ લગભગ **ઉદયપુર** પધારી ગયા. પૂજ્યશ્રી પાસે ચૈત્ર વદ ૧૦ બપોરે શ્રીસંઘના આગેવાનો અને દીક્ષાર્થીઓના કુટુંબીજનોએ ભેગા મળી વડીદીક્ષાના મુહૂર્તની માંગણી કરી.

પૂજ્યશ્રીએ સાધ્વીજી મ.ને મળી નૂતન–દીક્ષિતોની ચર્યાની

વાત સાંભળી વદ ૧૩ના દિવસે મુહૂર્ત્ત જોવાની વાત કરી.

વદ ૧૩ ના બપોરે ફરીથી સંઘના આગેવાનો અને દીક્ષાર્થીના કુટુંબીજનો વડીદીક્ષાના મુહૂર્ત્ત અંગે મળ્યા. એટલે નૂતન-દીક્ષિતોને યોગવહન કરાવવાના બાકી હોઈ પંદર દિવસ પછીનાં બે મુહૂર્ત્ત આપ્યા. "વૈશાખવદ ૭ અને જેઠ સુદ ૩"

સાથે એમ કહ્યું કે **શ્રી મહાનિશીથના** યોગ કરેલા હોઈ યોગ હું કરાવી દઈશ! પણ વડી દીક્ષા મારાથી ન આપી શકાય, માટે **ઘાણેરાવમાં** બિરાજતા **પૂ. પં. શ્રી સૌભાગ્ય-વિજયજી મ.** ને વિનંતી કરી તેડી લાવો."

સંઘના આગેવાનો અને દીક્ષાર્થીના કુટુંબીજનોએ તુર્ત **ઘાણેરાવ** જઈ **પૂ. ઝવેર સા. મ.**નો પત્ર બતાવી વડી દીક્ષા માટે **ઉદયપુર** પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી, વૈ. સુ. ૭ નો વિહાર અને સંઘના બે ભાઈઓ વિહારમાં સાથે રહેશે એમ નક્કી કરી સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીને સમાચાર આપ્યા. વ. ૧૪ થી નૂતન-દીક્ષિતોને માંડલીયા-યોગમાં પૂજ્યશ્રીએ પ્રવેશ કરાવ્યો.

વૈ. સુ. ૧૪ લગભગ **પૂ. પં. શ્રી સૌભાગ્ય વિજયજી મ. ઉદયપુર** પધાર્યા, ભવ્ય પ્રવેશ મહોત્સવ થયો.

તે જ દિવસથી વડીદીક્ષા નિમિત્તે શ્રીસંઘ તરફથી **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ** પ્રભુના જિનાલયે ભવ્યજિનેંદ્ર ભક્તિ મહોત્સવ શરૂ થયો.

પૂજ્યશ્રીના તપોબળ અને વાસક્ષેપના પ્રતાપે ચારે નૂતન-દીક્ષિતોની વડી દીક્ષા વૈ. વ. ૭ના મંગળ દિને ચઢતે પહોરે ૯-૩૭ મિનિટે નિર્વિઘ્ને થવા પામી.

તે વખતે સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીને ચાતુર્માસની વિનંતી કરી, **ઉદયપુર**ના કેટલાક જીર્ણ થયેલ દહેરાસરોના જીર્ણોદ્ધાર અંગે મંગળ પ્રેરણા તેમજ પુનિત-માર્ગદર્શનની આસ જરૂર પર ભાર દઈ શ્રીસંઘે પૂજ્યશ્રીના ચાતુર્માસની જય બોલાવી દીધી.

પૂજ્યશ્રીએ પણ નૂતન દીક્ષિતોના બાકીના યોગ તથા સાત આંબેલ વગેરે કરાવવામાં જેઠ સુદ પૂરી થઈ જાય, પછી **આર્દ્રાનક્ષત્ર** નજીક હોઈ વરસાદના કારણે વિહારમાં વિરાધના વધુ થાય, તેમ સમજી સંઘની વાતને વધાવી લીધી.

પૂ. પં. **સૌભાગ્ય વિજયજી** મ. ને પણ શ્રીસંઘે સ્થિરતા-ચોમાસા માટે ઘણો આગ્રહ કર્યો, છતાં **ઘાણેરાવ** શ્રીસંઘના મહત્ત્વના કાર્યો અંગે ચોમાસું લગભગ નક્કી થયેલ હોઈ વૈ. વ. ૧૦ વિહાર કરી પાછા **ઘાણેરાવ** તરફ પધાર્યા.

આ રીતે પૂજ્યશ્રીનું વિ. સં. ૧૯૪૦નું છઠ્ઠું ચોમાસું સંજોગવશ **ઉદયપુર** થયું.

ચોમાસા દરમ્યાન **શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** અને **શ્રી પરિશિષ્ટપર્વનું** વ્યાખ્યાનમાં વાંચન થયું. પ્રસંગે-પ્રસંગે શ્રાવક-જીવનમાં વિરતિધર્મની મહત્તા સમજાવવાના આશયથી દ્રવ્ય-સ્તવની વિધિપૂર્વક કરણીયતા અંગે ખૂબ પ્રકાશ પાથરવામાં આવ્યો.

ચોમાસા દરમ્યાન **ચૌગાનના** દહેરાસરોમાં અ-વ્યવસ્થા આદિથી થઈ રહેલ આશાતનાઓ ટાળી બંધારણીય-વ્યવસ્થામાં રહેલ ઢીલાશ દૂર કરી પ્રભુજીના ચક્ષુ-ટીકા-આભૂષણો અને પૂજા- સામગ્રીમાં ઘટિત યોગ્ય ફેરફાર કરાવી શ્રાવકોને પોતાના કર્ત્તવ્યમાં દૃઢ કર્યા.

ચોમાસામાં **કપડવંજથી** પૂ. ચરિત્રનાયકશ્રીના પિતા શ્રી **મગનભાઈ**ના પત્રો અવારનવાર આવતા, તેમાં તેઓએ દીક્ષા માટેની તમન્ના વધુ પ્રબળ વ્યક્ત કરેલ, સાથે સાથે સંસારી- અવરોધોની ભયાનકતાની ગૂંચમાંથી છૂટવાની દોરવણી તેઓએ વારંવાર માંગેલ.

આસો મહિને પત્ર દ્વારા પૂજ્યશ્રીને પોતાને સંસારથી

બહાર કાઢવા કેટલીક વ્યવહારૂ–બાબતોની ગૂંચ ઉકેલવા **કપંડવંજ** પધારવા આગ્રહભરી વિનંતિ કરેલ.

આ અરસામાં કપડવંજના ભાઈશ્રી **ચીમનલાલને** વીશ–સ્થાનક તપ–નવપદ–તપ અને જ્ઞાનપંચમી તપની સમાપ્તિ પ્રસંગે ઉજમણું કરવાના મનોરથ જાગ્યા.

ચીમનભાઈએ ધર્મક્રિયામાં સતત સાથે રહેનારા **મગનભાઈ** (પૂ. ચરિત્રનાયકના પિતાજી) ને પ્રાસંગિક વાત કરી કે—

"મારે આવી ભાવના છે! શું કરવું? કયા મહારાજને બોલાવવા? તમે વધુ જાણકાર છો! સાધુઓના પરિચિત પણ વધુ છો માટે કંઈક યોગ્ય માર્ગદર્શન આપો."

મગનભાઈ ને "ભાવતું'તું ને વૈદ્યે કીધું"

યદિષ્ટં વૈદ્યોપદિષ્ટં" ન્યાય મુજબ કપડવંજ શ્રીસંઘની તાત્વિક રીતે નાડ પારખી ધર્મભાવનામાં સાનુબંધ–વૃદ્ધિ–કરવા માટે પૂ. **ઝવેરસાગરજી** મ. સર્વ રીતે સાનુકૂળ થઈ પડે તેમ વિચારી ચીમનભાઈને કહ્યું કે—

"**મહાનુભાવ!** તમારી ભાવના ઉદાત્ત, અનુમોદનીય છે! આવા પ્રસંગે સારા ચારિત્રસંપન્ન અને તત્ત્વના જાણકાર મુનિભગવંતને લાવવાથી આપણા કાર્યની સાચી સફળતા સાથે અનેક બાળજીવો

શાસનને અનુરૂપ બને, તેથી મને એમ લાગે છે કે પૂ. શ્રી **ઝવેરસાગરજી મ.** હાલના કાળે આગમના સારા જાણકાર પ્રૌઢ-વ્યાખ્યાતા અને શાસન-પ્રભાવક છે, આપણા શ્રીસંઘમાં ધર્મભાવનાને વધુ જાજ્વલ્યમાન કરવા માટે પણ તેઓશ્રીની ખાસ જરૂર છે.

તેઓ આપણે ત્યાં લગભગ પંદર વર્ષ પૂર્વે પધારેલ તેની ઝણઝણાટી હજી ધાર્મિકોના હૈયામાંથી ખસી નથી!

તેથી તમોને ઠીક લાગે તો આપણે શ્રીસંઘને વાત કરી પૂજ્યશ્રીને અહીં પધારવા વિનંતિ કરવાનું ગોઠવીએ"

ચીમનભાઈ એ કહ્યું કે "ભગત! તમે કહો તે સત્તર આની! તમારી વાતમાં વિચારવાનું શું હોય?

આપણે શ્રીસંઘના આગેવાનોને. આજે સાંજે મળીએ, તમે સાથે આવો તો સારું!"

મગનભાઈ ને મનમાં ગલગલીયાં થયાં કે— „ વાહ વાહ! મારું પુણ્ય સારું તપતું લાગે છે! દેવ-ગુરુકૃપાએ મારા સંયમ -માર્ગે આવતા અવરોધોને હઠાવવા પૂજ્યશ્રીની અહીં ખાસ જરૂર છે, તો તેવા સંયોગો કુદરતી ઊભા થઈ ગયા છે!"

આદિ વિચારતા **મગનભાઈ એ** સાંજે પ્રતિક્રમણ પછી શ્રી સંઘના આગેવાનોને મળવા જવાનું **ચીમનભાઈ** સાથે નક્કી કર્યું.

તે દિ' આસો શુદ ૧૩ નો દિવસ હતો, શ્રીસંઘના મહત્ત્વના કો'ક કામ અંગે મોટા દેરાસરજી આગળ શ્રીસંઘના આગેવાનો ભેગા થવાના હતા.

અવસર જોઈ **મગનભાઈ ભગત** અને **ચીમનભાઈ** પ્રતિક્રમણ કરી વહેલા સામાયિક પારી આગેવાનો ભેગા થતા હતા ત્યાં જઈ પહોંચ્યા, થોડીવારે બધા આગેવાનો આવી ગયા અને "**ભગત મગનભાઈ** આજે અહીં કયાંથી ? ઘણીવાર શ્રીસંઘના કામમાં બોલાવીએ તોપણ તેઓ તેમના ક્રિયાકાંડ અને સ્વાધ્યાયથી નવરા જ ન પડે અને આજે અહીં કેમ!" બધાએ કુતૂહલ અને ભક્તિભાવથી પૂછ્યું કે—

"**કાં ભગતજી ! અમારા લાયક કંઈ કામકાજ ?**" એટલે **મગનભાઈએ** બધી વાત કરી અને કહ્યું કે— પૂજ્યશ્રીને **ઉદયપુર** વિનંતિ કરવા જવા ભાવના છે. શ્રીસંઘ આ વાતનો વિચાર કરે.

અહોહો ! આ તો **મોસાળમાં માનું પીરસણું થયું** ! અમે તો કયારના આવા પ્રસંગની રાહ જોઈએ છીએ–જરૂર શ્રીસંઘ તરફથી ત્રણ જણા અને બે તમે એમ પાંચ જણા "**शुभस्य शीघ्रं**" **સારાકામમાં ઢીલ નહીં**" આસો સુ. ૧૫ જઈ આવો!!!"

મગનભાઈ અંતરથી ખૂબ રાજી થયા, દેવ–ગુરૂની અ–ચિંત્ય કૃપા–બદલ મનોમન ગદ્‌ગદ થઈ રહ્યા.

આસો સુદ. ૧૫ ની શુભ–વેળાએ પાંચે જણા ઉદયપુર ભણી રવાના થયા.

આસો વદ બીજ સવારે પૂજ્યશ્રી પાસે પહોંચી ગયા, વ્યાખ્યાન ચાલુ હતું.

વ્યાખ્યાનમાં–" શાશ્વતા ચૈત્યો અને તેની યાત્રા કરી દેવો વિરતિ–ધર્મની પ્રાપ્તિ માટે કેવી તમન્નાકેળવે છે ? એ અધિકાર **મગનભાઈ**ને હાડોહાડ સ્પર્શી ગયો, આંખોમાં ઝળઝળીયાં થઈ ગયાં, **"વિરતિધર્મની ભૂમિકાએ જાતને કયારે સફળતા પૂર્વક આવા ગુરૂદેવના માર્ગદર્શનથી ચઢાવીશ"** એ મંગળ–ભાવનામાં તરબોળ થયા.

વ્યાખ્યાન પછી પૂજ્યશ્રીને મળ્યા. બધી વાત થઈ પૂજ્યશ્રી કહે કે—

" ભાઈ ! કાર્તિક પૂનમ પૂર્વે શી રીતે વિહારનું કહી શકાય ! કા. ૧૫ પછીની યોજના અત્યારથી કરવી. ઠીક નથી. " **આડી રાત તેની શી વાત ?** " કહેવત પ્રમાણે સાધુઓ મોટે ભાગે ભવિષ્યની કોઈ યોજના ઘડવાના આર્ત્તધ્યાનમાં પડતા નથી " વગેરે.

" સાહેબ ! વાત સાચી ? આપનો આચાર અમે તોડવા નથી માંગતા. અમે તો કા. પૂનમ પછી આપને બીજા ક્ષેત્રની વિનંતિ કે કોઈ બીજું કારણ આવે તો અમારી વાતને પ્રાથમિકતા મળે તેટલી નોંધ કરાવવા આવ્યા છીએ. "

વધુમાં કપડવંજ શ્રીસંઘના આગેવાનોએ કહ્યું કે—

"સાહેબ! કપડવંજ-ક્ષેત્રમાં આપે ધર્મનાં બીજ વાવ્યાં છે, તે હવે સિંચનના અભાવે કરમાવા માંડયાં છે, માટે કૃપા કરી તે બાજુ કા.પૂનમ પછી પધારવા વિચારશો."

"અનુકૂળતાએ કા. પૂનમ લગભગ ફરીથી વિનંતિ માટે આવીશું, પણ આપનું ધ્યાન અમારા શ્રીસંઘ તરફ વાળવા આજે આવ્યા છીએ."

મગનભાઈ ભગતે પણ વિનંતિ કરી કે—

"મારા જેવાને સંસારના કીચડમાંથી આપ સિવાય કોણ કાઢશે! મારા આત્મ-કલ્યાણ માટે તેમજ આ **ચીમનભાઈની** તપધર્મની ઉજવણી કરવાના શુભ ભાવ જાગ્યા છે. તેની સફળતા માટે આપ જેવા શાસ્ત્રજ્ઞ-ગીતાર્થ મુનિ ભગવંતો ત્યાં પધારે તો શાસનની સાનુબંધ-પ્રભાવના થાય ઇત્યાદિ"

પૂજ્યશ્રીએ **ક્ષેત્રસ્પર્શના** "**વર્તમાન જોગ**" કહેવાની સાથે **અમદાવાદ** બિરાજમાન "**પૂ. ગચ્છાધિપતિ શ્રી મૂલચંદજી** મ. ની જેવી આજ્ઞા" કહી ટૂંકમાં સાધુ અને શ્રાવકના કર્તવ્યની ભૂમિકા સમજાવી.

મગનભાઈ સમજી ગયા કે—"**અમદાવાદથી** આજ્ઞા લવાશે તો વાત પતી જશે."

એટલે **મગનભાઇએ** શ્રી સંઘના આગેવાનોને કાનમાં કહ્યું કે—

"હવે અહીં બહુ કહેવા જેવું નથી. અહીં લગભગ સંમતિ છે. આપણે અમદાવાદ જઈ પૂ. ગચ્છાધિપતિ પાસેથી પત્ર લખાવવાની જરૂર છે." કપડવંજના શ્રીસંઘે જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ નંખાવી માંગલિક સાંભળ્યું.

આ રીતે સં. ૧૯૪૦ ના ચોમાસામાં આસો વદ બીજ લગભગ પૂજ્યશ્રીને **કપડવંજ** બાજુ જવાના સંયોગ ઉભા થયા.

કપડવંજના શ્રીસંઘના આગેવાનો દીવાળી પૂર્વે પૂજ્યશ્રી **ગચ્છાધિપતિ મૂળચંદજી** મ. પાસે જઈ પોતાની બધી વાત કરી **પૂ. ઝવેર સા. મ.** ને **ઉદયપુરથી કપડવંજ** પધારવાની આજ્ઞા ફરમાવવા વિનંતિ કરી.

પૂ. **ગચ્છાધિપતિએ** પત્ર-વ્યવહાર કરી તમોને યોગ્ય જણાવીશ કહી આશ્વાસન આપી વિદાય કર્યા.

ત્યાર બાદ પૂ. ગચ્છાધિપતિએ **પૂ. ઝવેરસાગરજી** મ. ને પત્રથી પૂછાવ્યું, એટલે પૂજ્યશ્રીએ લખ્યું કે—" સાહેબ! એક પછી એક ધર્મકાર્યના કારણે મારે આજે સાત ચોમાસા ઉપરાઉપરી અહીં થઈ ગયાં. **સામાચારી મુજબ આ પડતા કાળમાં વર્તવામાં ન આવે તો પ્રભુ-શાસનની મર્યાદાઓ**

અસ્ત-વ્યસ્ત થઈ જાય, મેં તો અહીં ઘણાં ફાંફાં માર્યાં, બીજે વિહરવા માટે ગયો, પણ તેવા-તેવા કારણોથી ફરી અહીં આવવું પડયું અને સાત ચોમાસા ઉપરાઉપરી થયાં– માટે આપશ્રી હવે મને આ ક્ષેત્રથી બીજે વિચરવાની રજા આપો તો સારૂં."

એ મતલબનો પત્રવ્યવહાર થયો.

એકંદરે પૂજ્યશ્રીના પત્રોથી પૂ. ગચ્છાધિપતિશ્રી પૂજ્યશ્રીના હૈયાની વાત સમજીને **શાસનના કામે સામાચારીના પાલનમાં અપવાદ સેવવો પડે તેનો બહુ દોષ ના લાગે** આદિ જણાવી પૂ. ગચ્છાધિપતિશ્રીએ કા. સુ. ૧૨ ના છેલ્લા પત્રમાં જણાવ્યું કે—

કપડવંજ વાળાની ભાવના તમારા પર વધુ છે, પ્રથમ પણ તમે ગયેલ ત્યારે ધર્મપ્રભાવના વધુ થયેલ. તો તે શ્રીસંઘના લાભાર્થે હવે કા. વ. ૩ના મંગળ દિવસે કપડવંજ બાજુ વિહાર કરો તે ઈષ્ટ છે!"

તેઓ મારી પાસે મુહૂર્ત્ત જોવડાઈ ગયા છે. પ્રથમ મુહૂર્ત્ત માગ. સુ. સાતમનું આવે છે. બીજું મુહૂર્ત્ત માહ સુ. ત્રીજ કે દશમનું આવે છે. તમારા પગે તકલીફ છે સાથેના સાધુની અનુકૂળતા બરાબર નથી. લાંબો વિહાર શકય નથી. માટે માહ મહિનાનું મુહૂર્ત્ત સાચવશો,

રત્નત્રયીની આરાધનામાં ઉદ્યત રહેજો. શરીર સંભાળજો. જોઇતું કરતું મંગાવજો.

લી. સેવક ગોકળની વંદના
સં ૧૯૪૨ કા. સુ. ૧૨

પૂજ્યશ્રીએ એક જ ક્ષેત્રમાં વધુ રહેવામાં શાસ્ત્રદૃષ્ટિએ ઔચિત્ય ન લાગતું હોઈ પૂ. ગચ્છાધિપતિની આજ્ઞા આવી ગઈ, એટલે કા. સુ. ૧૪ના વ્યાખ્યાનમાં ચોમાસું બદલવાની આગ્રહભરી વિનંતિ થઈ, એટલે પૂ. ગચ્છાધિપતિશ્રીનો પત્ર–કપડવંજવાળાની વાત વગેરે જાહેર કરી કા.વ. નો વિહાર જાહેર કરી દીધો.

આખો શ્રીસંઘ ખળભળી ઉઠયો. પૂજ્યશ્રીના રહેવાથી **ઉદયપુર** શ્રીસંઘમાં અનેરી ધર્મ જાગૃતિ આવી છે. ધર્મ–શાસન પરના અનેક આક્રમણો હઠયા છે, તો પૂજ્યશ્રી અહીં હજી વધુ સ્થિરતા કરે તેવો આગ્રહ કરવા લાગ્યા.

પણ પૂજ્યશ્રીએ બહુ જવાબ ન દેતાં મૌન ધારણ કરી પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાને આગળ કરી વાતને શમાવવા પ્રયત્ન કર્યો.

પૂનમે ચાતુર્માસ–પરિવર્તન પ્રસંગે શ્રીસંઘે ખૂબ આગ્રહભરી વિનંતિ કરી. મૌન–એકાદશી સુધીનો દૃઢ આગ્રહ રાખ્યો.

પણ પૂજ્યશ્રીએ કહ્યું કે–" પૂ. ગચ્છાધિપતિએ કા. વ. ૩નો વિહાર લખ્યો છે, હવે મારાથી ન રહેવાય " આદિ.

છેવટે શ્રીસંઘના આગેવાનોએ એક અરજ કરી કે—

" સાહેબ ! અમારા શ્રીસંઘ પર કે શાસન પર કોઈ એવી આફત આવે અને અમે આપની પાસે દોડતા આવીએ તો જરૂર આપે અહીં પધારવાનું !!! આટલું વચન આપો !" હા –ના માં થોડોક સમય ગયો. " છેવટે શાસનના કામે શ્રીસંઘ જ્યારે પણ યાદ કરશે ત્યારે હું અનુકૂળતા મુજબ પ્રભુ શાસનના સેવક તરીકે હાજર થવા વચન તો સાધુથી ન અપાય પણ પૂર્ણરીતે પ્રયત્ન કરી આવવા તજવીજ કરીશ !!! "

શ્રીસંઘે જોરદાર શાસનદેવની જય બોલાવી પૂજ્યશ્રીની વાતને વધાવી લીધી.

કા. વ. ૩ના રોજ પૂજ્યશ્રીએ સવારે વિહાર કરી **કેશરીયા** બાજુ પ્રયાણ આરંભ્યું.

શ્રીસંઘના ઘણા ભાવિકો ઠેઠ **કેશરીયાજી** સુધી પગે ચાલતા પૂજ્યશ્રી સાથે ગયા.

પૂજ્યશ્રી **કેશરીયાજી**થી **ડુંગરપુર** થઈ **ટીંટોઈના શ્રી મુહરી પાર્શ્વનાથ**ની નિશ્રામાં અઠવાડીયું રહી **મોડાસાથી દહેગામ** થઈ પૂજ્યશ્રીના દર્શન-વંદન બાર વર્ષે થતા હોઈ

ખૂબ ઉમંગથી **અમદાવાદ** વંદન કરવા આવવા ભાવના દર્શાવી, પણ પૂ. ગચ્છાધિપતિશ્રીએ લાભાલાભનો વિચાર કરી **મોડાસાથી લુણાવાડા** થઈ સીધા **કપડવંજ** જવાની આજ્ઞા ફરમાવી.

કપડવંજવાળા પણ ઠેઠ **કેશરીયાજી**થી સાથે હતા. તેઓનો પણ આગ્રહ **કપડવંજ** પધારવાનો વધુ હતો, છેવટે પો. સુ. પાંચમ લગભગ **લુણાવાડા** પધાર્યા અને પોષ વદ બીજે પૂજ્યશ્રી ધામધૂમથી મહા-મહોત્સવપૂર્વક **કપડવંજમાં** શ્રી સંઘના ભવ્ય સ્વાગતપૂર્વક પધાર્યા.

વ્યાખ્યાનમાં **શ્રી પંચાશક**-ગ્રંથના આધારે તપધર્મ અને તેના ઉદ્યાપનની મહત્તા—શાસ્ત્રીય-વિધિ પર વિવેચન શરૂ કર્યું.

શ્રીસંઘમાં અનેરો ધર્મોલ્લાસ જાગ્યો, બીજા પણ પુણ્યાત્માઓને તપધર્મની મહત્તા સમજાઈ. તેના ઉજમણા માટે ભાવ થયો, પરિણામે અગ્યાર-છોડનું ઉજમણું શ્રીસંઘ તરફથી નક્કી થયું, અને ધામધૂમથી ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ મહા સુદ ત્રીજથી શરૂ થયો.

પ્રભુ-ભક્તિમાં રાખવી જોઈતી જયણા અને વિધિના ખ્યાલ પર ભાર મુકી પૂજ્યશ્રીએ શ્રીસંઘના ભાવિકોને **કપડવંજના**

સઘળા જિનમંદિરોમાં સ્વ–હસ્તે સ્વ–દ્રવ્યથી એકેએક પ્રભુજીની સેવા, પૂજા, ભક્તિ, આશાતના–નિવારણ આદિના મહત્ત્વના કાર્યક્રમને મુખ્ય બનાવી સહુને પ્રભુ–ભક્તિની યથાર્થ ભૂમિકાનો પરિચય કરાવ્યો.

આનંદપૂર્વક શાંતિસ્નાત્ર સાથે મહોત્સવ પત્યા પછી પૂજ્યશ્રી વિહારનો વિચાર કરતા હતા, પણ **મગનભાઈ–ભગતે** પોતાની અંતર્વ્યથા માહ સુ. ૧૪ ના પૌષધમાં રાત્રે પૂજ્યશ્રી આગળ વ્યક્ત કરી અશ્રુપાત દ્વારા હાર્દિક વેદના ઠાલવી, ભીષણ સંસાર–દાવાનલથી બચાવવા આજીજી કરી.

એટલે પૂજ્યશ્રી **મગનભાઈ**ના સંયમ–ગ્રહણમાં આવી રહેલા અવરોધોની ગૂંચ ઉકેલવા યોગ્ય માર્ગદર્શન જરૂરી હોઈ **શ્રી પંચાશકગ્રંથની** વિવેચના વ્યાખ્યાનમાં શરૂ કરી માસ-કલ્પ કરવાની ભાવના રાખી સ્થિરતા કરી, વધુમાં **પૂ. ગચ્છાધિપતિશ્રીએ** પણ **કપડવંજ** શ્રીસંઘના મહત્ત્વના કામની સૂચના પત્ર દ્વારા આપી જણાય છે–તે કામના ઉકેલ માટે પણ સ્થિરતા કરવી ઠીક લાગી.

તે પત્ર નીચે મુજબ છે.

'શ્રી અમદાવાદથી લિ. મુનિ મૂળચંદજીની સુખ-શાતા વાંચજો, શ્રી કપડવંજ મુનિ ઝવેરસાગર

જત તમારો કાગળ ૧ મહા સુદ ૧૨ નો લખ્યો આવ્યો તે વાંચ્યો છે, સમાચાર જાણ્યા × × × રૂા. ૫૦૦) × × × જ્ઞાનમાં × × વાપરવામાં કોઈ હરકત દીસતી નથી.

દેવવિજયજી સારૂં પ્રત ભણવાને જોઈએ તો મંગાવશો. ગુણવિજયની વંદના વાંચજો તથા ચરિત્રવિજયની વંદના વાંચજો.

ભાવનગરનો આવેલો કાગળ બીડો છે તેને ઉત્તર ભાવનગર × × × લખજો.

શેઠજીને ધર્મલાભ કહ્યો છે, તેણે વંદના લખાવી છે.

સં. ૧૯૪૧ ના માહ વદ ૧૩ વાર રવિ, કહેલું કામ સરળતાથી કેમ બને ? તેમ રીતે સિદ્ધ કરવામાં ધ્યાન રાખજો+++પણ ધીમા રસ્તે પાડશો. એટલામાં જાણજો.”

આ પત્રના પાછલા ભાગે તા.ક. રૂપે જે લખાણ છે તેમાં જે કામનો નિર્દેશ છે, તે કોઈ મહત્ત્વનું જણાય છે, જે માટે પૂ. ગચ્છાધિપતિશ્રીએ વ્યવસ્થિત ભલામણ કરી છે, આ અંગે પણ પૂજ્યશ્રીએ કપડવંજ વધુ સ્થિરતા કરી હોય એમ લાગે છે.

માહ વદ ચૌદશના વ્યાખ્યાનમાં **બાલાસીનોરવાળા** શેઠ **ઉત્તમચંદ જગજીવન** આદિ આગેવાનોએ ક્ષેત્ર-સ્પર્શના કરવા વિનંતિ કરી, એટલે પૂજ્યશ્રીએ **કપડવંજમાં** સ્થિરતા માસ-કલ્પની થઈ ગઈ. એટલે ક્ષેત્રાંતર કરવા જવા ભાવના દર્શાવી, પણ **કપડવંજ** શ્રીસંઘે ફાગણ-ચોમાસી નજીક હોઈ તેની આરાધના કરાવવા ખૂબ વિનંતી કરી, **મગનભાઈ-ભગતની** ગૂંચ પણ હજી પૂરી ઉકેલાઈ ન હતી, એટલે **બાલાસિનોરવાળાને** ફાગણ-ચૌદશ પછી આવવાની ભાવના દર્શાવી **કપડવંજમાં** ફાગણ-ચોમાસી અંગે સ્થિરતા કરી.

આ દરમ્યાન શ્રીસંઘની મહત્વના વહીવટી-તંત્ર અંગેની ગૂંચો ઉકેલાઈ, **મગનભાઇ** ભગતને પણ સંયમ અંગેની ભાવનાના પંથે વધુ પ્રકાશ સાંપડ્યો.

એકંદરે પૂજ્યશ્રી **કપડવંજ** શ્રીસંઘને પ્રભુશાસનની સફળ આરાધનાના પંથે પ્રોત્સાહિત કરી પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાશ્રીના મનઃ સ્વાસ્થ્યને વ્યવસ્થિત કરી નાની બાળ-વયના પૂ. ચરિત્રનાયકશ્રી કે જે તે વખતે **નવ** વર્ષની વયના હતા, તેમના હૈયામાં પ્રભુ-શાસન- સંયમ અને ધર્મક્રિયાઓની અ-વિસ્મરણીય છાપ ઉપસાવી.

ફાગણ વદ બીજના રોજ પૂજ્યશ્રીએ **બાલાસિનોર** તરફ વિહાર કરી **લસુંદ્રા**માં બે દિવસ સ્થિરતા કરી ફા.વ.

પાંચમ સવારે **બાલાસિનોર** પધાર્યા.

તે વખતે સંવેગી–સાધુઓની ખૂબ જ જૂજ સંખ્યા હોઈ **બાલાસિનોર** ક્ષેત્રમાં ધાર્મિક–વાતાવરણ સાવ ઝાંખું થઈ ગયેલ, અઠવાડીયું સ્થિરતા કરી વ્યાખ્યાન દ્વારા લોકોને ધર્મ–શાસનની ભૂમિકાની ઓળખાણ કરાવી આરાધના માટે પ્રોત્સાહિત કર્યા.

પરિણામે **કેશવલાલ દલછારામભાઈને** ચૈત્રી ઓળી કરાવવાની ભાવના જાગી. પૂજ્યશ્રીને આગ્રહપૂર્વક રોકી સામુદાયિક ચૈત્રી ઓળી વિધિપૂર્વક કરાવવાનું નક્કી કર્યું. પૂજ્યશ્રીએ પણ વિશિષ્ટ લાભ જોઈ સ્થિરતા કરી ચૈત્ર સુદ પાંચમથી **શ્રીપાલચરિત્રની** માર્મિક વિવેચના શરૂ કરી. આરાધકોને પ્રોત્સાહિત કર્યા. વિધિ સહિત નવપદજીની ઓળીમાં ૭૦ થી ૮૦ ભાવિકો જોડાયા. આંબેલ તો રોજ ૧૨૫ લગભગ થવા લાગ્યાં

બપોરે ચોસઠ–પ્રકારી પૂજા ઠાઠથી ભણાવાતી. નવ દિવસ ભવ્ય ધર્મોત્સવના દિવસ તરીકે આબાલ–ગોપાલ સહુને આનંદદાયી રીતે પસાર થયા.

ચૈત્ર વદ એકમે પારણા કરાવી **કેશુભાઈએ** દરેકનું કંકુથી તિલક કરી શ્રીફળ–રૂપિયો આપી બહુમાન કરી પોતાનો જન્મ પાવન–ધન્ય બનાવ્યો.

ચૈત્ર વદ બીજના રોજ કપડવંજના આગેવાનો આવ્યા, નમ્રભાવે વિનંતિ કરી કે—

"ગામમાં નગરશેઠને ત્યાં વર્ષીતપ છે તેનું પારણું અખાત્રીજે આવે છે. કારણવશ શ્રી સિદ્ધગિરિ જવાય તેમ નથી, તેથી ઘર-આંગણે આપશ્રીની નિશ્રામાં મહોત્સવ કરી વર્ષીતપની ઉજવણી કરવી છે, તો જરૂર પધારો.

પૂજ્યશ્રીના મનમાં એકવાત હતી કે—"ચરિત્રનાયકશ્રીના માનસમાં જે સંસ્કારો સીંચ્યા છે, તેનો વધુ વિકાસ થાય તો શાસનને અત્યારે જરૂર છે—સમર્થ-ધુરંધર આગમાભ્યાસી પ્રૌઢ પ્રાવચનિકની—તેનું ઘડતર નાની બાળ-વયે યોગ્ય સંસ્કારો સાથે સંયમ-ગ્રહણ દ્વારા થઈ શકે."

આવી કંઈક શાસન-સાપેક્ષ પ્રશસ્ત-ભાવનાથી શ્રીસંઘની વિનંતિને માન આપી, 'क्षेत्रस्पर्शना बलीयसी" સમજી પુનઃ કપડવંજ ચૈ. વ. ૭ના રોજ પધાર્યા, નગરશેઠ તરફથી ભવ્ય સામૈયું થયેલ.

તે વખતે સંવેગી-સાધુઓની ખૂબ જ ઓછી સંખ્યા હોઈ યથાશકય રીતે દીક્ષા આપી તારવાની સાથે સાથે સમુદાય-બળ વધારવા તરફ પણ પૂજ્યશ્રી લક્ષ્યવાળા હતા.

જો કે તેમાં છદ્મસ્થતાને કારણે કયાંક ચૂંચો પણ જબરી ઊભી થતી, કે જેનો નિર્દેશ નીચેના પત્રોમાંથી મળે છે

"તમારી ચિઠ્ઠી વદ ૧૩ ની ગઈ કાલે વાંચીને વદ ૧૪ ની ચીઠ્ઠી આજે પહોંચી છે, સમાચાર જાણ્યા છે.

બીજું કાળલોક...જંબૂદ્વીપનો પટ પોંચ્યો લખ્યો ને વદ ૧૧ની ચિઠ્ઠી લખી હતી, પણ તે ચિઠ્ઠી અમોને મળી નથી.

બીજું વદ ૧૪ ચિઠ્ઠી તમે...સાધ્વી ઉપર પ્રથમ લખી...તુમે આપી છે, તે પાછી મંગાવી...નહીં તો તે...કાયે અપાસરે છે, તો તે અમારે તેની જોડે પરિચય નથી, અને તે ડહેલાના રાગી છે એટલે અમારાથી શી રીતે પાછી મંગાવાય ?

તે ડોશીવાડાની પોળમાં સીમંધર સ્વામીજીના દેરા પાસે સુરજબાઇ સામણના અપાસરામાં રહે છે, તે જાણજો.

તમો પુખ્ત વિચાર કરીને વાત કરજો કેમકે.. ...છે, તેની બૈરી જીવતી છે, માટે પછાડીથી ભોપાળું કાઢે ××××વાસ્તે આપણે વિચાર કરીને માણસ જોઇને વાત કરવી.

×××× સાબૂ મણ–૧ મોકલવા×××××ક્ષેત્રલોક પૂરણ થવાને વાર છે તે જાણ્યું

બીજું તમને ××× લાભનું કારણ ના દેખાય તો તમે અતરે આવજો તમો આવા ય છે વિચાર કરીશું ×××તાપ બહુ

પડે છે ××× અમારે વડોદરા ×××કામ છે, માટે તમે વહેલા વહેલા વિહાર કરશો.

તમો આવો એટલી વાર છે તે જાણજો

મિતિ ૧૯૪૧ના ચૈતર વદ ૦)) વાર બુધ

લી. તમારો સેવક હીરજી

સર્વ સાહેબો ૧૦૦૮ વાર વંદના વાંચજો

પદમસાગર પાસેથી ××× લોક પ્રકાશનના પાના આવ્યા છે.

ઉપર લખ્યું છે કે—અમદાવાદ આવજો તે પછી વિચારીશું ×× પણ ×××× માટે તમો જ્યારે વિહાર કરવાનું ×× તે અમને લખજો ×× તમારે છાણી જવું છે અમો પણ તમારા વિહાર પછી નિકળવાનું કરીએ તે જાણજો પછી સાથે વડોદરા જઈશું."

ઉપરના પત્રમાં ખૂબ જ મહત્વની વાતો જણાય છે, કાગળના મથાળે બધા પત્રોની જેમ પૂ. ગચ્છાધિપતિ મૂળચંદજી મ.નું નામ નથી, પણ પત્રની વિગતો પરથી પૂ. ગચ્છાધિપતિશ્રીનો પત્ર હોય તેમ લાગે છે.

આ પત્રનું તારણ આ પ્રમાણે સમજાય છે.

૦ પત્રમાં પ્રથમ તો જે કોઈ દીક્ષાર્થી–ભાઈ માટે પૂજ્યશ્રી પ્રયત્ન કરી રહ્યા છે તે અંગે, સાવચેતીપૂર્વક કામ કરવા ભલામણ છે.

સમુદાય વધારવાની જિજ્ઞાસા સારી, પણ શાસન–ધર્મને નુકશાન પહોંચે તે તરફ પૂ. ગચ્છાધિપતિશ્રીનો અંગુલિ–નિર્દેશ છે.

૦ તે વખતે **કપડવંજનો** દેશી સાધુ–ઉદ્યોગ આખા ભારતમાં પ્રખ્યાત હોવો જોઈએ, જેથી વિશાળ સમુદાય અપેક્ષાએ તેમજ અભક્ષ્ય–પદાર્થરહિત ગૃહોદ્યોગ તરીકે હાથે બનાવેલ નિર્દોષ રીતે ગૃહસ્થોના ઘરથી જોઈએ તેટલો મળી રહે–તે અપેક્ષાથી એક મણ જેટલો મોકલવાની તજવીજ માટેનું સૂચન છે.

૦ પૂ. ગચ્છાધિપતિશ્રીને વિશિષ્ટ–હેતુથી **વડોદરા** જવું જરૂરી લાગે છે, પણ પૂજ્યશ્રીની રાહ ખાસ જોવાય છે, તે બતાવી આપે છે કે પૂજ્યશ્રીનું સ્થાન પૂ. ગચ્છાધિપતિના હૈયામાં કેવું છે?

પત્રના પાછલા ભાગે વળી મહત્ત્વની વાત જણાવી છે કે—" **તાપ વધુ છે** કરી કદાચ તમે ન આવી શકો તો જણાવશો, પણ તમારે **છાણી** જવું છે તો તમે અહીં આવો! પછી સાથે જઈશું."

એટલે પૂ. ગચ્છાધિપતિ પૂજ્યશ્રીને પોતાની પાસે બોલાવી યોગ્ય વિચારણા કરી **વડોદરા** તરફ વિહરવા ઇચ્છે છે.

પૂજ્યશ્રીના વ્યક્તિત્વની પૂ. ગચ્છાધિપતિના હૈયામાં કેવી અદ્‌ભૂત છાપ હશે ? કે પૂજ્યશ્રીની સલાહની અપેક્ષા ગચ્છાધિપતિ પણ રાખતા.

૮ વળી **છાણી** દીક્ષાની ખાણ તરીકે તે વખતના કાળે પણ તે ભૂમિ એવી સામર્થ્યવાળી હશે કે જેથી પૂજ્યશ્રી છાણી જવા ઇચ્છે છે.

છાણી જવા કો'ક મુમુક્ષુની તૈયારી હોય કે કાચી તૈયારીને પાકી કરવાની હોય.

આ રીતે તે કાળમાં **છાણી**ની મહત્તા કેટલી પૂજ્યશ્રીના હૈયામાં હશે ? તે પણ આ પત્રથી સમજાય છે"

આ રીતે પૂજ્યશ્રી કપડવંજ રહ્યા રહ્યા પણ **છાણી–અમદાવાદ** આદિ સ્થળોએ મુમુક્ષુઓની તપાસ રાખી પ્રભુ–શાસનના પંથે તેઓને સફળ આરાધક બનાવવા મથામણ કરી રહ્યા.

વધુમાં પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્યશ્રીની પાસે અવારનવાર આવે, સામાયિક કરે, પૂજ્યશ્રીના સંપર્કમાં આવી પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ જ વિશિષ્ટ કોટિની પૂર્વ–જન્મની આરાધનાના બળે ઉદાત્ત તાત્વિક–**વિવેક**–દૃષ્ટિનો વધારો કરી

પ્રભુશાસનના ચારિત્રધર્મ પ્રતિ અજ્ઞાનભાવે પણ આકર્ષાઈ રહ્યા હતા.

પૂજ્યશ્રીને પણ ચરિત્રનાયકના ઉદ્યમી વલણને જોઈ **મગનભાઈ**–ભગતની ચારિત્ર ગ્રહણ કરવાની તીવ્ર મનોકામના પૂ. ચરિત્રનાયકશ્રીના સંયમ ગ્રહણ કરવાના આદર્શને બળ પૂરનાર બનશે–એમ ધારી ખૂબ પ્રમોદભાવ થયેલ.

નગરશેઠની પૂત્રવધૂને વર્ષીતપના પારણા નિમિત્તે **શ્રી અષ્ટાપદજીના** દહેરે ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ થયેલ, શાંતિસ્નાત્ર પણ ઠાઠથી થયેલ.

વૈ. સુ. ૩ ના મંગળ દિને ચતુર્વિધ શ્રીસંઘને વાજતે–ગાજતે ઘર આંગણે બાંધેલ ભવ્ય મંડપમાં પધરાવી પૂ. જ્યશ્રી પાસે જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ લઈ માંગલિક અને **તપધર્મનું પારણું** એટલે

"કર્મનિર્જરાના વિશિષ્ટ–અધ્યવસાયોના બળવાળી શ્રેણીગત નિર્જરા કરી શકાય, તેવી ભૂમિકા મેળવવાના લાભ સાથે તપધર્મમાં આગળ વધાય–"–આદિ ઉપદેશને સાંભળી ગુરુ મહારાજને ઈક્ષુ–રસ વહોરાવી સકળ શ્રીસંઘનું બહુમાન કરી યોગ્ય–સમયે પારણું કરી વર્ષીતપની મંગલ સમાપ્તિ પૂજ્યશ્રીની નિશ્રામાં કરી.

પૂજ્યશ્રીએ વૈશાખ સુદ છઠના દિવસે **અમદાવાદ** તરફ વિહારની તૈયારી કરી, કેમકે પૂજ્યશ્રીનો ખાસ વિશ્વાસુ અને પૂ. ગચ્છાધિપતિશ્રીના પણ અંગત ભક્ત શ્રાવક શ્રી ગોકળભાઈનો પત્ર નીચે મુજબ આવેલો—

"ગઈ કાલે ચીઠી ૧ લખી છે તે પોંચી હશે જ!

વિશેષ શ્રી **રતલામવાળા શેઠ દીપચંદજી જોરાવ રમલજીવાળા ભૂપતસંગજી** ના દીકરા શ્રી **સિદ્ધાચલજી** છે, તે વૈશાખ સુ. ૮/૯ અમદાવાદ આવવાના ઉચિત સાંભળ્યા છે,

માટે તમો તે ઉપર તરત અતરે આવજો

બીજું એઓને આવવાને ઢીલ હોય તો તે પછીથી આવે પણ તમારે તો પરથમ આવવું.

કેમકે તમો તેઓને મળો તે ઠીક છે, માટે વખત ગુમાવવો નહીં, એમ અમારી ધ્યાનમાં આવે છે, તો તમે તમને **પાલીતાણા** કાગળ લખજો કે હું કપડવણજથી **અમદાવાદ** આવવાનો છું. ને ફલાણી તારીખે આવીશ.

તમો **અમદાવાદ** કયારે પધારવાના છો? મને **અમદાવાદ** કાગળ લખશો ને **અમદાવાદમાં** મારા કાગળનું ઠેકાણું

ભાઈ **ઉજમબાઈની ધર્મશાળામાં** મુનિ **મૂળચંદજી** મહારાજ કે પાસ—એમ કરજો એટલે મને પોંચી જશે.

એ રીતે નજરમાં આવે તો લખશો, હવે વિશેષ વાત લખવાની નથી. શાથી કે રૂબરૂમાં વિચાર થશે તે જાણજો.

મિતિ સં. ૧૯૪૧ના વૈશાખ સુદ ૧ ગુરૂ

લી. આપનો સેવક ગોકળજીની વંદના

આમાં **રતલામના** શેઠીયા **પાલીતાણાથી અમદાવાદ** આવવાના છે, તો તે પ્રસંગે પૂજ્યશ્રીની જરૂરી હોઈ પૂ. ગચ્છાધિપતિશ્રીના અંગત શ્રાવકે પૂજ્યશ્રીને કપડવંજથી પધારવા આ પત્રમાં જણાવ્યું છે.

પણ— "**સાધુ જીવનમાં ક્ષેત્ર-સ્પર્શના પ્રબળ હોય છે, તેથી પૂજ્યશ્રીએ આ પત્રના આધારે અને પોતાને પણ** પૂજ્ય શ્રીગચ્છાધિપતિને વાંદવાની-મળવાની ઘણી ઉત્કંઠા હતી જ, બાર વર્ષના વહાણાં વીતી ગયેલ, તેથી પૂ. ગચ્છાધિપતિ પાસે આવવાના શુભ સંકલ્પથી વૈ. સુ. છઠના રોજ કપડવંજથી અમદાવાદ તરફ વિહારનું વિચારી જાહેરાત પણ કરેલ.

પણ ભાવીયોગે દીપવિજયજી મ. ની તબિયત બગડવાથી સુ. છઠ નો વિહાર બંધ રહ્યો. ગર્મીના ઉપદ્રવ જરા વધુ હોઈ વધુ ચાંપતા ઉપચારો લેવામાં વિહારની વાત બોરંભે પડી ગઈ.

આ દરમ્યાન વૈ. સુ. દશમના રોજ ઉદયપુરથી આઠ દશ આગેવાન શ્રાવકો આવ્યા !

પૂજ્યશ્રીને વિનંતી કરી કે—" બાપજી સા. ! માંને આપ સૂના મુકીને પધાર ગયા, બઠે તો ધણી વિના ખેત સૂના સી દશા હોઇ રહી હૈ। બાપજી ! માં પર દયા લાવો। ખેતર તો પરો। બિગડો ! કાંઇ કરા આપ અઠાને પધાર ગયા और ઈ મિથ્યાત્વી લોંગ ખેતરને ભેલી રહ્યા। બાપજી દયા કરો। પધારો વઠને ।
આદિ ખૂબ આગ્રહભરી વિનંતી કરી.

પૂજ્યશ્રીએ કહ્યું કે— " આપકી બાત સચ્ચી ! પરંતુ ક્યા હમ હંમેશા વહાં બૈઠે રહેં । યહ તો સંભવ નહીં વિના ઇચ્છા કે ભી આગ્રહવશ કારણસર સાત ચૌમાસે તો કિયે ! સાધુપનેકી મર્યાદાકા તો ખ્યાલ રખન। ચાહિએ હમકો
આદિ.

શ્રી સંઘના આગેવાનોએ કહ્યું કે—" આપકી બાત સચ્ચી ! માં લોગાંકા સ્વાર્થ વાસ્તે તો આપને ઇ કેવાં નીં, ફાયદો તો શાસનરે જ હૂવો और બીચ-બીચમે આપ પધાર ગયા બહારલા ગાવાંને વિચરબાને મી થોડા હી રોક્યા ? બાપજી સા ! દયા કરો અબ ! માંકી તો શાન બિગડ જાવેલા ! શાસન કી જો શોભા આપને બઢાઈ હૈ, ઉસમેં ભી કાફી ફરક પડેલા ! આદિ

પૂજ્યશ્રીએ પૂછયું કે—ક્યા બાત હૈ ? યહ તો કહો ! શ્રીસંઘના આગેવાનોએ કહ્યું કે—" બાપજી ! ઢુંઢીયારા વડા પૂજ્યશ્રી અબ કે ચોમાસા વાસ્તે આઈ રહા હૈ ! બણાં લોગાઁ ઇસી બાત ફૈલાઈ હૈ કિ—સંવેગી સાધુઓંને ઉદયપુરમેં ઉલ્ટા-સુલ્ટા પ્રચાર કરકે લોગોં

को मूर्तिपूजाके अधर्म में फंसाना चालु किया है, वणरा प्रतिकार वास्ते मीं आवां हां"

और "दुकालमें अधिक मास"की ज्युं आर्यसमाजी लोग भी विदेहानंदजी नाम के धुरंधर महात्माने पंडितों के परिवार के साथ श्रावण–भादो दो महिने के लिए बुला रहे है!"

बापजी ! ढुंढीया और समाजी दो ही एक वईने मांकी तो इज्जत–शान धूल में मिला देई ! मीं कंइ वणारा बतंगडने झेल सकां !

बापजी ! किरपा करों ! आपमें गजबकी तर्कशक्ति है, आपने ही तो हमारे श्रीसंघकी लाज पहले भी इन ढुंढियों और समाजीयों के तूफान के समय रक्खी हैं, मीं कठे जावां ? और तो मीं लोगों की बात सुणे ही कूण ?"

आप तो मांरा मां–बाप सा हो ! बच्चो भूको वे कि दुःखी वे तो मां–बापरे आगे नी रोवे तो कठे जाय ?" आदि

પૂજ્યશ્રી ભારે ગૂંચમાં પડયા, એક બાજુ પૂ૦ ગચ્છાધિપતિશ્રી પોતાને વડોદરા બાજુ જવા માટે સલાહ–પરામર્શ માટે અમદાવાદ બોલાવે છે ! પોતાને પણ બાર–બાર વર્ષે પૂ. ગચ્છાધિપતિશ્રીની શીળી છાયા મળે તેવા સંયોગો કુદરતી રીતે ઉભા થયા છે–ને આ ઉદયપુરવાળાની વાત પણ વિચારવાજેવી ! શાસન પર આક્રમણ આવે ત્યારે શક્તિ–શાળીએ પૂરા સામર્થ્યથી રક્ષા માટે તૈયાર થવું જોઈએ. આદિ

છેવટે ઉદયપુરના શ્રીસંઘને અમદાવાદ પૂ. ગચ્છાધિપતિ પાસે જવા સૂચવ્યું કે—

"मेरी तो अक्कल काम नहीं करती हैं। दोनों ही बातें मेरे लिए महत्वकी हैं। अतः मैं तो अब पू० गच्छाधिपतिश्री की जो आज्ञा होंगी वह शिरोधार्य करने कों तैयार हूं, आप अमदावाद पधारें तो अच्छा ?

ઉદયપુરનો શ્રીસંઘ કાર્યસિદ્ધિના ઉદ્દેશ્યથી પૂજ્યશ્રીને —हम जबाब लेकर न आवें तब तक आप यहीं बिराजना એમ વિનંતિ કરી અમદાવાદ તરફ રવાના થયો.

અમદાવાદ જઈ પૂ. ગચ્છાધિપતિશ્રીને બધી વાત કરી, સાત ચોમાસામાં કેટલી ધર્મની જાહોજલાલી અને શાસનની પ્રભાવના થઈ તે વિગતવાર શ્રીસંઘના આગેવાનોએ જણાવી આ વર્ષે સ્થાનકવાસીઓ અને આર્યસમાજીઓના ટક્કર સામે ટકી રહેવા માટે પૂજ્યશ્રીને ચાતુર્માસાર્થે મોકલવા ખૂબ આગ્રહ કર્યો, તેઓ આપની આજ્ઞાને શિરોધાર્ય કરશે તે મતલબના લખાણનો પત્ર પણ રજુ કર્યો.

પૂ. ગચ્છાધિપતિશ્રીને પૂ. જ્યશ્રી સાથે ગંભીર વિચારણા માટે રૂબરૂ તેમની જરૂર હતી, પણ ગમીના દિવસ, ટાઈમટૂંકો એટલે અમદાવાદ રૂબરૂ બોલાવવાની વાતને ગૌણ કરી તે



વાત પત્રથી કે માણસ–દ્વારા પતાવી દેવાનું વિચારી શાસનની–રક્ષાની વાતને વધુ મહત્વભરી માની પૂ. ગચ્છાધિપતિશ્રીએ **ઉદયપુરવાળાની** વિનંતિ માન્ય રાખી ક્ષેત્રસ્પર્શના બલીયસી ન્યાયને આગળ કરી પૂજ્યશ્રીને **ઉદયપુર** બાજુ વિહાર કરવા સૂચવ્યું.

ઉદયપુરનો શ્રીસંઘ આજ્ઞા–પત્ર લઈ પાછો **કપડવંજ** આવ્યો, પૂજ્યશ્રીને પત્ર આપ્યો, પત્ર વાંચીને પૂજ્યશ્રીએ પણ સઘળી માનસિક–ભાવનાઓને ગૌણ કરી પૂજ્યશ્રીની આજ્ઞાને શિરોધાર્ય કરી વૈ.સુ. દશમના પ્રભુ **મહાવીર–સ્વામીના** કેવળજ્ઞાન—કલ્યાણકના દિવસે **ઉદયપુર**વાળાને પ્રસ્થાન રૂપે પોથી આપી વૈ. સુ. ૧૧ સાંજે વિહાર કરવાનો વિચાર જણાવ્યો.

પૂજ્યશ્રીએ **કપડવંજથી** વૈ. સુ. ૧૧ સાંજે **ઉદયપુર** બાજુ વિહાર કર્યો, વૈ. વ. ૩ ના રોજ **લુણાવાડા** પધાર્યા. ત્યાંના શ્રીસંઘમાં દેવદ્રવ્ય અંગેના હિસાબી ચોપડા સરખા કરાવ્યા. થોડું કામ બાકી રહ્યું, પણ ઉદયપુર પહોંચવાની ઉતાવળમાં ચાર–પાંચ શ્રાવકોને તે કામ ભળાવ્યું.

વળી ત્યાં દહેરાસરનું કામ અટકેલ તે પણ સમજણ પાડી ચાલુ કરાવવાનું શ્રાવકોને સમજાવી **ઉદયપુર** તરફ વિહાર કર્યો.

જેઠ સુ. ૧૦ ડુંગરપુર પહોંચ્યા, ત્યાં ઉદયપુરનો શ્રીસંઘ વંદનાર્થે આવેલ, જેઠ સુ. ૧૩ કેશરીયાજી પધાર્યા, ત્યાં ચૌદશની પક્ખી, આરાધના ઉદયપુરના અનેક શ્રાવકો સાથે કરી વદ ૧ સવારે ઉદયપુર તરફ વિહાર કર્યો.

જેઠ વદ–૫ સવારે ધામધૂમથી ઉદયપુરના શ્રીસંઘે પૂજ્યશ્રીનો નગર–પ્રવેશ કરાવ્યો.

પૂજ્યશ્રીને ઉદયપુરની જનતાના ધાર્મિક–મિજાજ અને વાતાવરણનો ચિર–પરિચય હોઈ છેડતી કરવાનો પ્રયત્ન અપનાવવાને બદલે **પ્રશ્ન સામે આવે એટલે જોરદાર પડકાર કરવાની નીતિ** રાખી જોરદાર ઉપદેશ શરૂ કર્યો,

થોડા જ દિવસોમાં સ્થાનકવાસીના મોટા ધુરંધર ગણાતા વિદ્વાન મ. **શ્રીકિશનચંદજી અને ચંપાલાલજી** આદિ સાધુઓ અસાડ સુદમાં ઉદયપુર પધાર્યા.

આવતાં જ "एकेंद्री आगे पैंचेंद्री नाचे—" આદિ, ક્ષુદ્ર ઢાળો અને "अहिंसा परमों धर्मः" એ વૈદિક ધર્મસૂત્રને આગળ કરી "જહાં હિંસા વહાં ધર્મ નહીં" ના ઘોષ સાથે પોતાના ભક્ત શ્રાવકોને મત–સંપ્રદાયની ચાર દીવાલ વચ્ચે રોકી રાખવા મૂર્તિપૂજા અંગે શાસ્ત્રના પાઠોના નામે જેમ તેમ વાતો જાહેરમાં રજુ કરવા માંડી.

એટલે પૂજ્યશ્રીએ એક પછી એક મુદ્દાને વ્યવસ્થિત રીતે છણાવટ સાથે શાસ્ત્ર, સિદ્ધાન્ત તર્ક અને વ્યવહાર ચારે પરીક્ષામાંથી પસાર કરવા સાથે શ્રોતાઓને સચોટ ઠસાવી દીધું કે— "**પ્રભુ-પૂજા એ ગૃહસ્થનું કર્ત્તવ્ય છે જ!**"

વધુમાં અહિંસાપરમો ધર્મ : સૂત્ર વૈદિકોનું મિથ્યાત્વના કારણમાં ઉદયનું પ્રતીક છે, એ વાત સ્પષ્ટ રીતે સમજાવી જિનશાસનમાં તો "आणाए धम्मो" "केवलिपण्णत्तो धम्मो" આદિ સનાતન સૂત્રો દ્વારા 'जिनाज्ञा परमा धर्मः"ની મહત્તા જણાવી.

તેમજ "जहाँ हिंसा वहाँ धर्म नहीं" સૂત્રની પોકળતા હિંસાના સ્વરૂપ-હેતુ-અનુબંધ ત્રણ ભેદો દર્શાવી પૂજા સિવાય પણ સામાયિક-પ્રતિક્રમણ-દાન-દયા આદિ દરેક પ્રવૃત્તિમાં હિંસા તો છે જ! તો પછી ધર્મ કયાં? આદિ તર્કોથી "जहाँ आज्ञा वहाँ धर्म" એ સનાતન સૂત્ર પૂજ્યશ્રીએ રજુ કર્યું.

સ્થાનકવાસીઓના પૂજ્યજી અને આગેવાન શ્રાવકોના કાને આ બધી વાત પહોંચી એટલે જીભની ખણજથી પ્રેરાયેલા વિતંડાવાદમાં પ્રવીણ એવા તે સાધુઓએ જાહેરમાં ચેલેંજ રૂપે જાહેરાત કરી કે—संवेगी साधु हिंसामें धर्म और मूर्तिपूजा शास्त्रसे प्रमाणित करने की हिंमत रखता हां तो हम शास्त्रार्थ करने को तैयार हैं"

પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાન શ્રાવકોને બોલાવી અગ્રગણ્ય–શ્રાવકોને સ્થળ અને લવાદી નક્કી કરવા સ્થાનકવાસી સંઘના આગેવાનો પાસે મોકલ્યા.

સ્થાનકવાસી શ્રીસંઘના આગેવાન શ્રાવકોએ કહ્યું કે—"ये महाराज तो दिग्गज विद्वान है इनकी सर्वतोमुखी विद्वत्ताका परिचय हमें पहले क्या नहीं! पहले भी तो चर्चा हुई थी। सार क्या निकला? फाल्तूकी इस झंझटसे दूर रहा जाय तो–ठीक!

આપણા શ્રીસંઘના આગેવાનોએ કહ્યું કે—"बात तो आपकी ठीक है। किंतु संतोने जाहिरमें चेलेंज दी हो तो एक बार हमारे महाराजका संदेश उन संतों तक पहुंचाना तो चाहिए!"

છેવટે સ્થાનકવાસી આગેવાન શ્રાવકોને લઈ આપણા શ્રીસંઘના આગેવાન ભાઈઓ સ્થાનકવાસી સંતોને મળ્યા. બધી વાત કરી કે–

"हमारे संबेगी महाराज शास्त्रार्थ द्वारा प्रमाणित करने को तैयार हैं कि हिंसामेंभी धर्म हैं, और मूर्त्तिपूजा शास्त्रसिद्ध है, आप जगह और मध्यस्थका निर्णय करके हमें सूचित करें, आदि.

સ્થાનકવાસી સંતોના આગેવાન શ્રી કિશનચંદજીએ ધાર્યું હતું કે—

"સંવેગી સાધુમાં કયાં એટલી તાકાત હશે કે અમારી સામે શાસ્ત્રાર્થ કરે" એમ ધારી માત્ર ફૂંફાડો બતાવવા જાહેર

માં ચેલેંજ કરેલ, પણ આ તો ખરાખરીનો ખેલ આવ્યો એટલે જરા વાતને બીજી રીતે ઢાળી બોલ્યા કે—

"भैया! शास्त्रार्थ करना हो तो हमारी ना नहीं! किंतु क्या कमी इन बातों का निर्णय आज तक हुआहै क्या? वाद–विवादमें समय खराब करना ठीक नहीं, फिर भी यदि उनकी च्छा इहो तो हम तैयार है, किंतु मध्यस्थकी याक जरूरत है। हम ही आपस में एक दुसरे की बात समझ लेंगे કહી શાસ્ત્રાર્થની વાત ઢીલી મુકી.

સ્થાનકવાસી શ્રાવકોએ પણ કહ્યું કે "महाराज! इन बतंगढबाजी में क्या कल्याण हैं। आप अपनी बात सुनाओगे। वे अपनी बात सुनायेंगे! किंतु अक्लीयतमें क्या है? वह तो ज्ञानी जाने!

पहले भी तो यहाँ इन संवेगी महाराजसे वाद-विवाद हुआ था એમ કરી શાસ્ત્રાર્થની વાત પર ઠંડું પાણી રેડાયું.

છેવટે આપણા શ્રીસંઘના આગેવાનો "जैसी आपकी इच्छा "કહી ઉભા થઈ ગયા, પૂજ્યશ્રી પાસે આવી બધી વાત કરી.

પૂજ્યશ્રીએ કહ્યું કે— "अपने को अब कोई बात चला करके नहीं कहनी है, अब शायद वे मूर्त्ति पूजाकी बात जोरदार नहीं छेडेंगे, और यदि छेडेंगे तो अपने लिए जाहिर में बैठकर उनकी बातोंका जवाब देनेका क्षेत्र खुल्ला ही है! कौन रोकेगा! કહી વાતને ઢીલી મુકી દીધી.

સ્થાનકવાસી સંતોએ પણ "બહુ ટક્કર લેવા જેવી નથી, નહીં તો શાસ્ત્રાર્થના જાહેર પગલાથી ઉલટામાં આપણા

સ્થાનકવાસી–વર્ગમાંથી કેટલાય કુટુંબો પ્રથમની જેમ છૂટા થઇ જશે.” એમ ધારી કંઈ વધુ જાહેરમાં બોલવાનું જ બંધ કરી દીધું.

પ્રથમથી જ પૂજ્યશ્રીની વિદ્વત્તા, સચોટ તર્ક–શક્તિ આદિનો અજબ પ્રભાવ પડી ગયો અને શ્રીસંઘમાં શાંતિ આખા ચોમાસા દરમ્યાન રહી.

આ બાજુ આર્યસમાજીઓએ **હરદ્વારથી વિદેહાનંદજી** નામના ધુરંધર સંન્યાસી વિદ્વાનને શ્રાવણ–ભાદરવો બે મહિના માટે તેડી લાવ્યા.

તેમણે પણ શ્રાવણ વદમાં પોતાના પ્રવચનમાં મૂર્ત્તિપૂજા અંગે અને જૈન ધર્મ અંગે આક્ષેપાત્મક રજુઆત કરી.

પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાનો મારફત સનાતનીઓના આગેવાનોનો સંપર્ક સાધી આખા **ઉદયપુરની** સમસ્ત હિંદુ–પ્રજાનું બળ કેળવી બધાના મુખ્ય આગેવાનોને તે સચોટ તર્કો અને વેદ–સ્મૃતિના પુરાવા ટાંકી **આર્યસમાજી–સ્વામીજી** પાસે મોકલ્યા.

શરૂમાં તો સ્વામીજીએ અસત્–પ્રલાપોથી જૈનધર્મ અને સનાતન–વૈદિક ધર્મને ઉતારી પાડવા ચેષ્ટા કરી, એટલે

પૂજ્યશ્રીએ સમજાવેલ અને નોંધાવેલ મુદ્દાઓની ક્રમસર રજુઆત થતાં **સ્વામીજી** ઢીલા પડયા અને વેદ-સ્મૃતિના પ્રમાણો એક પછી એક જ્યાં રજુ થવા માંડયાં કે સ્વામીજી ગભરાઈ ગયા અને બોલી ઉઠયા કે—

भाइ! मानना हो तो मानो। ये सब झंझट में हम पडना नहीं चाहते। वेद-स्मृतिके पाठ आप ले आये, किंतु इनका अर्थ ऐसा नहीं होता है—**आदि**, थोडी वारे फरीथी **सं**न्यासी बोल्या छांडोजी इस झंझट बाजी !को! हम तो हमारे स्वामीजी दयानंद-महर्षिने जो समजाया है वह आपको कह रहे हैं सुनना हो तो सुनो !-मानना हो तो मानो! बाकी ये सब बतंगडबाजी हमें पसंद नहीं"

ઉદયપુરના આર્યસમાજીઓએ સ્વામીજીને એ વાત નહીં કહેલ કે—જૈન વિદ્વાન સાધુ અમારે ત્યાં પ્રથમ આવી ગયેલ. આર્યસમાજના અભિમતનું પ્રામાણિક ખંડન કરેલ અને કદાચ તમારે તે જૈન-સાધુ સાથે વાદવિવાદ કરવો પડશે. આ વાત પ્રથમથી કહેલ નહીં.

તેથી સ્વામીજી ચીડાઈ ગયા કે कया बतंगडयह सबहें! हमारी बात सुनकर ठीक लगे जचे तो स्वीकार करो! बाकी जबरदस्ती हम किसी के गलेमें घोल कर उतारने तो नहीं आये हें આદિ કહી સ્વામીજીએ તો વાતને જ મૂળથી કાપી નાખી, હવે શાસ્ત્રાર્થ માટે પૂજ્યશ્રીએ કહેવડાવેલ વાત કરવાની રહી જ નહીં.

એટલે જૈન શ્રીસંઘના આગવાનો સમજી વાતને ઠંડી પાડી ઉભા થઈ ગયા.

આ રીતે જૈન શ્રીસંઘ પર આવેલ બંને આક્રમણને પૂજ્યશ્રીએ કુનેહ-વિદ્વત્તાના સુમેળથી બેસતા-ચોમાસે ખાળી દીધાં; બંને વિપક્ષીઓ હતપ્રભ થઈ જિનશાસન સામે આંગળી ચીંધવાથી પણ દૂર રહ્યા. આ ચોમાસામાં સકળ શ્રીસંઘમાં પૂર્ણ શાંતિ રહી.

વિવિધ ધર્મક્રિયાઓ દ્વારા ચાતુર્માસ ખૂબ જ ઉમંગ-ધર્મોલ્લાસના વાતાવરણમાં પસાર થયું.

આ ચાતુર્માસના ઉત્તરાર્ધમાં ચાલુ પજુસણે પૂજ્યશ્રી પાસે અમદાવાદથી ગચ્છાધિપતિ દ્વારા અને **ભાવનગરથી** પૂ. **શ્રી વૃદ્ધિચંદજી મ.** દ્વારા તેમજ **પાલીતાણાથી** મળેલ સમાચાર પ્રમાણે **પાલીતાણા** સ્ટેટની કનડગત-મુંડકાવેરાની વાત વગેરે સમાચાર મળ્યાથી આસો મહિનાની ઓળીના છેલ્લા દિવસે પાંચ-**પાંડવોના** મુક્તિગમનના પ્રસંગને વિકસાવી સકળ શ્રીસંઘને કમર કસી રાજ્યના ઉપદ્રવને હઠાવવા જેહાદ ઉઠાવવા ગંભીર પ્રેરણા કરી.

વધુમાં શ્રીસંઘને આખી વિગત સમજાવી કે સૌરાષ્ટ્રના તિલકસમો તરણ-તારણહાર**શ્રી શત્રુંજય ગિરિરાજ** આપણા

જૈન શ્રીસંઘની માલિકીનો છે, જેના કાંકરે કાંકરે અનંત આત્માઓ મોક્ષે ગયા માટે તે દહેરાસર કરતાં પણ વધુ પવિત્ર ભૂમિ જૈન શ્રીસંઘના કબજાની કે માલિકીની હોય તેમાં શંકા શી?

પરંતુ આપણા શ્રીસંઘના અગ્રગણ્ય. **શેઠ શાંતિદાસ ઝવેરીએ** મોગલ સમ્રાટ્ **જહાંગીર** પાસેથી **પાલીતાણાનો** પરવાનો મેળવ્યા પછી વ્યવસ્થિત રીતે યાત્રાળુઓ યાત્રા કરી શકે તે આશયથી કાળચક્રના વિષમ પરિવર્તનથી "**વાડ ચીભડું ગળે**" તેમ આપણા યાત્રાળુઓની સુરક્ષાર્થે **ગારીયાધરથી ગોહેલવંશના** કાઠીઓને ચોકીદાર રૂપે લાવેલા, કે જેઓ કાલાંતરે આજે માલિક થવા બેઠા છે.

ઈ. સ. ૧૬૫૦ વિ. સં. ૧૭૦૬માં ગોહેલ કાઠીઓને ચોકીદાર તરીકે લાવ્યા અને તેમની સાથે નીચે મુજબનો કરાર સર્વપ્રથમ થયો કે–

"ગિરિરાજનું જતન કરવું, યાત્રાળુઓના જાનમાલની રક્ષા કરવી, બદલામાં જૈન શ્રીસંઘ તરફથી તમને વાર્ષિક કંઈ રોકડ નાણું નહીં, પણ જે તે મહત્ત્વના મહોત્સવ પ્રસંગે કે તેવા વ્યાવહારિક પ્રસંગે સુખડી, કપડાં અને અમુક રોકડ નાણું (જમી) આપવા."

આ કરાર મુજબ **ગોહેલવંશના** તે કાઠીઓ વ્યવસ્થિત રીતે ચોકીનું કામ કરતા હતા, પણ આખા ભારતવર્ષના સમસ્ત

જૈન શ્રીસંઘનું માનીતું સર્વોત્તમ તીર્થાધિરાજ રૂપ **શ્રીસિદ્ધગિરિ મહાતીર્થ** હોઈ પ્રતિવર્ષ સેંકડો છ'રી પાળતા શ્રીસંઘો અને હજારો-લાખ્ખો યાત્રાળુઓના મોટા મોટા કારતકી-ચૈત્રી પૂનમ તથા અખાત્રીજના મેળા વગેરેથી ચોકી કરનારા કાઠી દરબારોનો લોભનો કીડો સળવળ્યો, જૈન શ્રીસંઘ સાથે માથકૂટમાં કાળબળે ઉતર્યા, પૈસાનો હપ્તો બાંધી આપવા રકઝક થઈ.

છેવટે શ્રીસંઘના તે વખતના આગેવાનોએ સમયોચિત વિચાર કરી ઈ. સ. ૧૮૬૦ વિ. સં. ૧૯૧૬ માં કરાર નામું કરી વાર્ષિક ૪૫૦૦ રૂપિયા રોકડા આપવાનું નક્કી કરી અવસરે અવસરે અપાતો બીજો બધો કપડું સુખડી વગેરેનો લાગો બંધ કર્યો.

આ વખતે **ગોહીલવંશના** આ કાઠી-દરબારોએ ક્ષત્રિય ઢબથી રહેવાની શરૂઆત **પાલીતાણામાં** કરી દીધેલ.

વ્યવસ્થાના નામે રાજ્યતંત્ર ગોઠવી કારભારી **નીમી** પોતે તેના **ઉપરી** દરબાર-રાજા તરીકે રહી ધીમે ધીમે **પાલીતાણા** સ્ટેટનું રૂપ **વિ. સં. ૧૮૭૫** લગભગ અપાઈ ગયેલ.

આથી પણ **બીજા કરારનામા** વખતે સત્તાતંત્ર કાઠીઓ પાસે હોવાથી રોકડ પૈસાથી પતાવટ કરી.

આમ છતાં વિષમ કાળચક્રના પરિવર્તનના પ્રતાપે અંદરોઅંદર ચણાભણાટ સાથે **પાલીતાણા** દરબાર અને જૈન શ્રીસંઘ વચ્ચે ગિરિરાજના રખોપા અંગે **ઈ. સ. ૧૮૬૦ વિ. સં. ૧૯૧૬** સુધી સરખું ચાલ્યું.

પછી વિષમ-કાળના પ્રભાવથી દરબારે યાત્રાળુઓની વ્યવસ્થિત જાનમાલની સલામતી અંગે ખર્ચ વધુ થવાની બૂમ ઉઠાવી રખોપાની રકમ વધારવા ઝુંબેશ ઉપાડી.

પરિણામે જૈન શ્રીસંઘે વાતાવરણ વધુ ન ડોળાય તેથી **ઈ.સ. ૧૮૬૩ વિ.સં. ૧૯૧૯માં વાર્ષિક હપ્તાની ૪૫૦૦ ની રકમમાં** વધારો કરી વાર્ષિક દશ હજારની રકમ રખોપા અંગે આપવાનો **પાલીતાણા-દરબારશ્રી** સાથે **ત્રીજો કરાર કર્યો.**

ત્રીજા કરાર મુજબ જૈન શ્રીસંઘ સાથે **પાલીતાણા** સ્ટેટે વ્યવસ્થિત વર્ત્તન ઠેઠ ઇ.સ. ૧૮૮૦ વિ.સં. ૧૯૩૬ સુધી રાખ્યું

પણ "जहा लाहो तहा लोहो" તથા **પડતા કાળના વિષમ પ્રભાવથી પાલીતાણા** સ્ટેટના રાજ્યકર્ત્તાઓને તથા કારભારી વગેરેને એમ લાગ્યું કે—

"આટલા બધા યાત્રાળુઓ આવે અને માત્ર વાર્ષિક દશ હજાર રૂપિયાની બાંધી આવક ? આમ કેમ !"

ઈ.સ. ૧૮૬૩ વિ.સં. ૧૯૧૯માં થયેલ ત્રીજા કરાર–પત્રને ઘણો સમય થઈ ગયો. દેશ કાળ હવે ફરી ગયો, માટે આ બાંધી રકમના કરારને વળગી રહેવાથી સ્ટેટને નુકશાન થાય છે, માટે **પાલીતાણા શહેરના યાત્રી દીઠ પાંચ રૂપિયા અને બહાર–ગામના યાત્રી દીઠ બે રૂપિયાનો યાત્રાળુવેરો** નાંખવાની વિચારણા બહાર આવી.

થોડા સમયમાં જૈન શ્રીસંઘનો ઘણો વિરોધ–વંટોળ છતાં રાજ્યકર્ત્તાઓએ લોકલાગણીને અવગણી યાત્રાળુવેરો ચાલુ કરી દીધેલ.

પરિણામે ધર્મશ્રદ્ધાળુ યાત્રાળુઓ અને જૈન શ્રીસંઘો સાથે **પાલીતાણા રાજ્યને** ખૂબ સંઘર્ષમાં ઉતરવું પડ્યું, ઘણી ધમાલ થવા લાગી, વાતાવરણ ખૂબ કલુષિત થવા લાગ્યું, છેવટે **આ. કે.ની પેઢી નગરશેઠ પ્રેમાભાઈ** વગેરે સંભાવિત અગ્રગણ્ય શેઠીયાઓની સહીથી **વિ.સં. ૧૯૪૦ ઈ. સ. ૧૮૮૪ ના સપ્ટેમ્બરની પાંચમી તારીખે** (૫–૯–૧૮૮૫) **મુંબઈ ગવર્નરને** અપીલ કરી. રખોપાની રકમ વધારીને

પણ યાત્રાળુવેરો રદ કરવા જૈન શ્રીસંઘનું મન દુભાતું અટકાવવા વિનંતિ કરી.

આ રીતે પાલીતાણા સ્ટેટ સાથે ઈ. સ. ૧૮૬૩ વિ.સં. ૧૯૧૯માં થયેલ ત્રીજા કરાર પ્રમાણે શાંતિથી કામ ચાલ્યે જતું હતું, તેમાં કાળના વિષમ-પ્રભાવથી પાલીતાણા સ્ટેટે માથું ઊંચકયું છે અને યાત્રાળુવેરો નાંખવાનો કાળો કેર વર્ત્તાવી રહેલ છે.

આ પ્રસંગે શ્રીસંઘે ખૂબ જ જાગૃત થઈ રાજ્યકર્ત્તાઓને ઉપજેલી કુમતિ દૂર થાય અને ગિરિરાજની યાત્રા કરનારાઓના અવરોધ દૂર થાય તે અંગે સિદ્ધગિરિના અઠ્ઠમની આરાધના ભાદરવા સુદ ૧૩-૧૪-૧૫ની નક્કી કરી.

ખૂબ જ જોશીલા પ્રવચનોથી ભાવુક-જનતા શ્રીસિદ્ધ-ગિરિના અઠ્ઠમની આરાધનામાં ખૂબ ઉમંગથી જોડાઈ.

શ્રીસંઘે તાર-ટપાલ આદિથી પેઢીને તથા પાલીતાણા-સ્ટેટને પોતાના જુસ્સાદાર વિચારો જણાવ્યા તીર્થરક્ષા માટે મરી ફીટવાની તૈયારી બતાવી.

આ અરસામાં અમદાવાદથી આ૦ક૦ ની પેઢી તરફથી તેમજ પાલીતાણાથી પણ સમાચાર મળ્યા કે-

"શેઠ- આ૦ક૦-ની પેઢીએ નગરશેઠ હેમાભાઈ વગેરે અગ્રગણ્ય શેઠીયાઓની સહીશ્રી પાલીતાણા સ્ટેટ સાથે ઘણી વાતો કરવા છતાં કંઈ સફળતા ન મળવાથી તે વખતના ઉપરી સત્તાધીશ તરીકે કાઠીયાવાડના પોલિટિકલ એજંટ હોવા છતાં તે કદાચ ઉપરીની દોરવણીના અભાવે પુરતો સહયોગ ન આપે તેથી સીધા મુંબઈ ગવર્નર પાસે અપીલ કરી છે, તેનો યોગ્ય નિર્ણય જરૂર ટૂંક સમયમાં આવશે.

હાલ તુર્ત પાલીતાણા સ્ટેટ યાત્રાળુવેરો બંધ રાખેલ છે."

આ સમાચાર મળવાથી શ્રીસંઘમાં જરા શાંતિ થઈ, પણ શ્રીસંઘે જાગૃત રહેવાની જરૂરિયાત પર પૂજ્યશ્રીએ ખૂબ ભાર મુકયો, પૂજ્યશ્રી શેઠ. આ૦ક૦ ની પેઢી સાથે પત્ર-વ્યવહારથી સંપર્ક બરાબર જાળવી રાખી પાલીતાણા-સ્ટેટ સામે પડેલ વાંધા અંગે મુંબઈ ગવર્નર પાસે કરેલ અપીલની કાર્યવાહીથી પૂરા માહીતગાર બની રહ્યા.

એટલામાં કા૦ સુ૦ ૭ લગભગ ભીલવાડાના શેઠ કિસનજી મુણોત ભીલવાડા જૈન-શ્રીસંઘના આગેવાનો સાથે પૂજ્યશ્રી પાસે આવ્યા.

પૂજ્યશ્રીને વંદના કરી નમ્રભાવે કિસનજી શેઠે ભીલવાડાથી કેશરીયાજી તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢવાની ભાવનાને પૂર્ણ કરવા પૂજ્યશ્રીને ભીલવાડા પધારવાની વિનંતિ કરી.

પૂજ્યશ્રીએ જણાવ્યું કે—**કાર્તિક પૂર્ણિમા** પછી શ્રીસંઘ તરફથી **ઉદયપુર**ના છત્રીશ અને આસપાસના નજીકના દશ જિન–ચૈત્યોની ચૈત્ય–પરિપાટીનો કાર્યક્રમ છે, તેથી ચોમાસા પછી પ્રાયઃ દોઢ મહિનો સ્થિરતા થાય માટે તે વખતે યોગ્ય વિચારશું, તમો ફરી માગ. સુ. ૧૫ લગભગ મળશો તો ઠીક રહેશે!" એવું આશ્વાસન આપ્યું.

ભીલવાડા સંઘે પણ પૂજ્યશ્રીને **ભીલવાડા** પગલાં કરી ધર્મ–પ્રભાવના શાસનોદ્યોત કરવા આગ્રહભરી વિનંતિ કરી, પૂજ્યશ્રીએ "**ક્ષેત્રસ્પર્શના**" અને "**વર્તમાનયોગ**"

કહી સાધુમર્યાદાનું દર્શન કરાવ્યું.

"**ઉદયપુરના** શ્રીસંઘે પર્વાધિરાજ **પર્યુષણા**–પર્વના કર્તવ્ય રૂપ ચૈત્યપરિપાટીને વ્યવસ્થિત રીતે અમલમાં મુકવા માટે વિચાર્યું કે—

તે દહેરાસરોની આશાતનાનું નિવારણ થાય, સહુ સ્વ-દ્રવ્યથી જાતે દહેરાસરના સમગ્ર જિનબિંબોની પૂજા ભક્તિનો લાભ લે! સ્નાત્રપૂજા ઠાઠથી ભણાવે! બપોરે "જિનભક્તિનો અપૂર્વ મહિમા" વિષય પર પૂજ્યશ્રીનું શાસ્ત્રીય શૈલીનું વ્યાખ્યાન પ્રભાવના આદિથી શાસન–પ્રભાવના સારી થાય."

આ બધું નક્કી કરી પૂજ્યશ્રી પાસે મુહૂર્ત્ત જોવડાવ્યું કા. વ. ૫ નું શ્રેષ્ઠ મુહૂર્ત્ત આવ્યું, તે દિવસથી **ચોગાનના** દહેરાસરથી ચૈત્ય–પરિપાટીનો મંગલ પ્રારંભ થયો.

જુદા જુદા મહોલ્લાઓના શ્રાવકોના આગ્રહથી વ્યાખ્યાનમંડપ, સાધર્મિક ભક્તિ, પ્રભાવના આદિની ગોઠવણી થવા માંડી. આખા **ઉદયપુરમાં** જૈન શાસનનો ભવ્ય જયજયકાર વર્ત્તવા લાગ્યો.

આ ચૈત્ય–પરિપાટી મહિના લગભગમાં પતી જાય પછી અઠવાડીયું આસપાસના પ્રાચીન જિનાલયોની ચૈત્ય–પરિપાટી કરવા પૂજ્યશ્રીનો વિચાર હતો, પણ શ્રીસંઘનો ઉત્સાહ ઘણો તેથી મહોલ્લાવાર દરેક શ્રાવકો ખૂબ આગ્રહ કરી એક દિ' વ્યાખ્યાનના બદલે જોડેના બીજા દહેરાસરોની યાત્રાના હિસાબે ફરી વ્યાખ્યાન ગોઠવી પૂજ્યશ્રીની વાણીનો વધુ લાભ મેળવવા પડાપડી કરવાથી માગ. વદ ૧૦ સુધી પણ **ઉદયપુરના** સ્થાનિક જિનાલયોની ચૈત્યપરિપાટી પતી નહીં.

આ દરમ્યાન **ભીલવાડાના કિશનજી શેઠના** અવારનવાર વિનંતિ–પત્રો આવતા પૂજ્યશ્રી ચૈત્યપરિપાટીનું કામ પત્યેથી આવવાનું વિચારાય એવો મોઘમ જવાબ લખતા, છેવટે માગ. વદ ૧૦ ના રોજ **સમીનાખેડા** તીર્થે

સકળ શ્રીસંઘ સાથે પૂજ્યશ્રી પોષ-દશમીપર્વની આરાધના નિમિત્તે પધારેલા, ત્યારે ત્યાં **ભીલવાડાનો** શ્રીસંઘ આવ્યો. પૂજ્યશ્રીએ પોસ વદ આઠમ પૂર્વે ચૈત્યપરિપાટી પતે નહીં તેમ જણાવી પોષ વદ ૧૦ ભીલવાડા તરફ વિહારનો વિચાર દર્શાવ્યો.

ત્યારબાદ પો. સુ. -૩ લગભગ **ઉદયપુરની** સ્થાનિક ચૈત્યપરિપાટી પત્યેથી **સિસારવા, નાદ, લકવાસ, આયડ** વગેરેના આસપાસના પ્રાચીન-જિનાલયોની ચૈત્ય-પરિપાટી ગોઠવી.

તે કાર્યક્રમ પોષ વદ આઠમે પૂરો થયો. તે દિવસના વ્યાખ્યાનમાં વદ દશમ **ભીલવાડા** તરફ વિહારની જાહેરાત કરી.

ભીલવાડાના શ્રાવકો પણ તે દિવસે વિનંતિ માટે તથા વિહારમાં ભક્તિનો લાભ લેવા આવી ગયેલ.

ઉદયપુર શ્રીસંઘનો આગ્રહ **ચોગાનના** દહેરાસરની વ્યવસ્થામાં કાળબળે આવેલ ક્ષતિઓને હટાવી વહીવટીતંત્ર સરખું કરવા માટે ચોમાસા માટેનો હતો.

પૂજ્યશ્રીએ **"વર્તમાનયોગ"** થી પતાવી હાલ તુર્ત તે અંગે કંઈ સ્પષ્ટ જવાબ ન આપી શકવાની અર્થાદા દર્શાવી.

પૂજ્યશ્રીનો વદ દશમ સવારે ઉદયપુર શ્રીસંઘના દબદબાભર્યા વિદાય–માન સાથે વિહાર થયો.

માહ સુ. સાતમે ભીલવાડામાં મહોત્સવ સાથે પ્રવેશ થયો.

ભીલવાડામાં તીર્થયાત્રાને લગતા ત્રણ વ્યાખ્યાનો થયાં, છ'રી પાળતા શ્રીસંઘના થનારા લાભ છણુવટપૂર્વક જણાવી યાત્રાળુ તરીકેની છ'રી પાળવાની જવાબદારી વિગતથી સમજાવી સહુને પ્રોત્સાહિત કર્યા.

શ્રીસંઘમાં પૂજ્યશ્રીના મંગળ–પ્રવચનોથી ધર્મોલ્લાસમાં અપૂર્વ ભરતી આવી. અઠવાડીયા સુધી તીર્થયાત્રા અંગેના વ્યાખ્યાનોથી સંઘમાં સારી જાગૃતિ આવી.

સંઘવી થવા ઇચ્છતા કિશનજી શેઠને પૈસા ખર્ચવાનો ઉમંગ છતાં મેવાડ જેવા પ્રદેશમાં આવો છ'રી પાળતો સંઘ કદી નિકળ્યો ન હોઈ લોકો આવવા તૈયાર ન હતા.

આ વાત પૂજ્યશ્રીને કિશનશેઠે ખાનગીમાં જણાવેલ, તેથી એકધારા તીર્થયાત્રા અંગેનાં વ્યાખ્યાનો પૂજ્યશ્રીએ ફરમાવ્યાં.

માહ સુ. ૧૪ ના વ્યાખ્યાનમાં **કિશનજી શેઠે** શ્રીસંઘ પાસે **કેશરીયાજી**નો છ'રી પાળતો સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં કાઢવાની રજા માંગી, પૂજ્યશ્રીએ શ્રીસંઘને ધર્મોલ્લાસ વધારવાના શુભ આશયથી સંમતિ આપવા જણાવ્યું.

શ્રીસંઘે હર્ષોલ્લાસથી ચતુર્વિધ-શ્રીસંઘની મંગળ-કામનાઓ સાથે સંઘપતિ નગરશેઠ તરફથી સંઘવી થનારા **કિશનજીશેઠને** કુંકુમનું મંગળતિલક કરી શ્રીફળ આપી ચોખાથી વધાવી તેમની ધર્મભાવનાનું બહુમાન કર્યું.

પૂજ્યશ્રી પાસે **કિશનજી શેઠે** શ્રીસંઘ-પ્રસ્થાનના મુહૂર્તની માંગણી કરી, પૂજ્યશ્રીએ માહ વદ ૧૦ નું મુહૂર્ત સારૂં રેવતીના ચંદ્રના દોષના કારણે છતાં લેવું ઉચિત ન ધાર્યું ચંદ્રબળ અને વિષ્ટિદોષના નિવારણ સાથે રવિયોગ-રાજયોગવાળો ફા. સુ. ૧૦ નો દિવસ સર્વશ્રેષ્ઠ નિર્ધાર્યો.

પછી **કિશનજી શેઠે** પૂજ્યશ્રીની સંમતિ લઈ પત્રિકા લખી પોતાના સ્વજન-સંબંધીઓ-સગા-વહાલાં ઉપરતાં ધર્મપ્રેમી ભાવુક જૈન શ્રીસંઘોને જાણ કરી પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી.

કિશનજી શેઠે પણ ખૂબ ઉમંગથી રસ્તાના ગામોની તપાસ કરી દરેક સ્થળે શ્રીસંઘના યાત્રિકોને કોઈ તકલીફ ન પડે તે રીતની પૂર્વ તૈયારી કરી અને ફા. સુ. ૧૦ ના મંગળ

દિવસે જિનમંદિર–ઇંદ્રધ્વજા–નગારા–નિશાન–ગજરાજ–કોંતલ–મંગળ વાજિંત્રો આદિની અપૂર્વ–શોભા સાથે ભવ્ય–આડંબરપૂર્વક શ્રીસંઘ સાથે પૂજ્યશ્રીએ પ્રયાણ કર્યું.

ક્રમે કરી ફા. વ. ૨ ના મંગળ દિવસે **ઉદયપુર** પહોંચ્યા ત્યારે **ઉદયપુર**ના શ્રીસંઘે ભવ્ય ગજરાજ–કોંતલ ડંકા–નિશાન અને સરકારી પોલીસ બેંડ આદિ–સામગ્રીથી શ્રીસંઘનું ભવ્ય સ્વાગત કર્યું અને ચોગાનના દહેરાસરના વિશાલ ચોકમાં શ્રીસંઘને ઉતારો આપ્યો. **ઉદયપુર**ના શ્રીસંઘે **સાધર્મિક** ભક્તિનો લાભ લીધો, પૂજ્યશ્રીની પ્રેરણાથી **ઉદયપુર** શ્રીસંઘમાંથી અનેક યાત્રિકો છ'રી પાળતા સંઘમાં જોડાયા.

ફા. વ. ૭ ના મંગળ પ્રભાતે **કેશરીયાજી** તીર્થે શ્રીસંઘ ધામધૂમથી પહોંચ્યો, **તીર્થ વ્યવસ્થાપક પેઢી** તરફથી શ્રીસંઘનું સન્માન પ્રવેશ મહોત્સવ વગેરે ઠાઠથી થયું

બીજે દિવસે તીર્થાધિપતિ શ્રી **ઋષભદેવ પ્રભુ**ના જન્મ અને દીક્ષા કલ્યાણકના સંયુક્ત પર્વ તરીકે ફા. વ. ૮ (શાસ્ત્રીય ચૈત્ર વદ–૮) નો ભવ્ય મેળો થતો હોઈ શ્રીસંઘે પૂજ્યશ્રીની નિશ્રામાં આંબિલની તપસ્યા, ભવ્ય સ્નાત્ર–મહોત્સવ તથા વિશાળ રથયાત્રા, સાંજે સાધર્મિક વાત્સલ્ય આદિ કરી જીવન ધન્ય બનાવ્યું.

આ પ્રસંગે બહારના હજારો જૈનો તથા જૈનેતરો એકત્રિત થયેલા. વધુમાં વદ ૯ ના દિવસે ભીલવાડાના છ'રી પાળતા સંઘના સંઘવી **શ્રી કિશનજી શેઠ** તરફથી આખા દહેરાસરની તમામ જિનપ્રતિમાઓની સ્વદ્રવ્યથી પૂજા-ભક્તિનો લાભ યાત્રિકો મારફત લીધો. બપોરે પંચકલ્યાણક પૂજા ભવ્ય મંડલાલેખન સાથે ભણાવી.

વદ ૧૦ સવારે દાદાના રંગમંડપમાં નાણ ગોઠવી ચતુર્મુખ પ્રભુજી પધરાવી પૂજ્યશ્રીએ **કિશનજી શેઠ** અને તેમના સુપત્ની શ્રાવિકા **જડાવબહેનને** તીર્થમાળ પહેરાવવાની વિધિ કરાવી તેમના કુટુંબીજનોએ મળી દેવદ્રવ્યનો ચઢાવો બોલી ચઢતે રંગે તીર્થમાળ બંનેને પહેરાવી, **કિશન જીશેઠે** આ પ્રસંગે છૂટે હાથે પૂજારી-ગોઠી-પંડયા-પેઢીના કર્મચારીગણ, યાચક-ભોજક વગેરેને છૂટે હાથે દાન આપી શાસનની ભવ્ય પ્રભાવના કરી.

પૂજ્યશ્રી વદ ૧૧ ના રોજ **હુંગરપુર** તરફ વિહારની ભાવના રાખતા હતા. પણ વદ ૧૦ બપોરે સંઘવી તરફથી નવ્વાણું પ્રકારી પૂજામાં સ્પેશ્યલ આમંત્રણ હોઈ **ઉદયપુરથી** શ્રીસંઘના આગેવાનો ૧૦૦/૧૫૦ ભાવિકો આવેલા-તે બધાએ પૂજા પછી પૂજ્યશ્રી પાસે આવી ચૈત્રી ઓળી માટે **ઉદયપુર** પધારવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી-પૂજ્યશ્રીએ કહ્યું કે-

महानुभावो ! हमारे साधु–आचार के अनुसार अब उदयपुर शहरमें अधिक आना या ठहरना उचित नहीं ! आप लोगों का धर्मप्रेम हमें जरुर खींचता है, किंतु आचारनिष्ठा साधुओंके लिए महत्त्वकी चीज है"– આદિ. શ્રીસંઘના આગેવાનોએ કહ્યું કે– "महाराज ! आप तो आचारनिष्ठ हैं ही ! आप तो सलंग सात चौमासा कारणवश हमारे श्रीसंघके सौभाग्य से उदयपुर में किये, किंतु आप तो जलकमलवत् निर्लेप रहे हैं, आप किसीसे नाता जोडते ही नहीं ! शासन के लाभार्थे विचरनेवाले आप लोगों का पदार्पण हमारे श्रीसंघके तो लाभ में ही रहा है !

अभी चौगानके मंदिरजी की व्यवस्था डामाडोल है ! जिनमंदिरों की अव्यवस्था न हो इसका ख्याल तो आपको भी करना जरुरी है ! इसके लिए अभी एक चौमासेकी और जरुरत है ! किंतु अभी तो हम आपश्री की निश्रामें चैत्री –ओलीजी की सामूहिक आराधना हो ! यह चाहते हैं। आपको जरुर पधारना ही पडेगा"—આદિ.

પૂજ્યશ્રીએ ઘણી રીતે શ્રીસંઘના આગેવાનોને સમજાવ્યા, પણ છેવટે ચૈત્રી–ઓળી માટે હા પાડવી જ પડી અને વદ ૧૧ ઉદયપુર તરફ શ્રાવકોએ વિહાર કરાવ્યો. વિહારમાં પગે ચાલતાં અનેક શ્રાવકો ગુરૂભક્તિમાં રહ્યા.

ફા. વ. ૧૪ સવારે ઉદયપુરમાં પુનિત પ્રવેશ થયો. વ્યાખ્યાનમાં શાશ્વત નવપદજીની ઓળીની આરાધનાના મહત્ત્વને પૂજ્યશ્રીએ ખૂબ સરસ રીતે સમજાવવા માંડ્યું.

પૂજયશ્રીની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના પ્રાયઃ થઈ નથી, તેથી ખૂબ જ ઉમંગ ઉલ્લાસથી ઉદયપુરના શ્રીસંઘે પૂજયશ્રીની વાતને ઝીલી લઈ વિશાળ–સંખ્યામાં આરાધકોએ તૈયારી કરી.

શા. દીપચંદજી કોઠારીએ નવે દિવસના આંબિલનો લાભ લેવાની વાત પૂજયશ્રી પાસે મૂકી, પૂજ્યશ્રીએ શ્રીસંઘ દ્વારા તે વાત મંજુર કરાવી.

ખૂબ ઠાઠથી સામુદાયિક વિધિ સાથે સેંકડો આરાધકોએ શ્રી નવપદની ઓળીજીની આરાધના પૂજયશ્રીના માર્મિક–પ્રવચનોથી ઉપજેલ અપૂર્વ ભાવોલ્લાસથી કરી.

તે ઓળી દરમ્યાન શ્રીસંઘે પૂજયશ્રીને ઉદયપુર શ્રીસંઘના લાભાર્થે દહેરાસરોના વહીવટની અવ્યવસ્થા ટાળવાના શુભ આશયને બર લાવવા ચાતુર્માસની આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી.

પૂજયશ્રીએ સાધુજીવનની મર્યાદાઓને ધ્યાનમાં રાખી તેમજ " अतिपरिचयादवज्ञा " જેવું થવા ન પામે તેથી ચાતુર્માસની અનિચ્છા દર્શાવી.

તેથી શ્રીસંઘના આગેવાનોએ એક પછી એક દહેરાસરના વહીવટીતંત્રની ગૂંચો પૂજયશ્રી પાસે રજુ કરવા માંડી, તેમાં મુખ્યત્વે ચૌગાનના દહેરાસરો–જે કે સાગર–શાખીય

મુનિવરોના ઉપદેશથી બંધાયા–સ્થપાયા–ની વ્યવસ્થા માટે પૂજયશ્રી પાસે ધા નાંખી.

એટલે પૂજયશ્રીને સંજોગવશ ચૈત્રી ઓળી પછી પણ સ્થિરતા કરવી પડી.

આ દરમ્યાન ચૈત્ર વદ ત્રીજ લગભગ **પાલીતાણા** અને **ભાવનગરથી** તેમજ **આ. કે. પેઢી અમદાવાદથી** શ્રી **સિદ્ધિગિરિના** પ્રશ્ન પરત્વે સમાચાર મળ્યા કે–

"**પાલીતાણા** સ્ટેટ સાથે થયેલ વિખવાદના ઉકેલ તરીકે **મુંબઈ** ગવર્નર પાસે જૈન શ્રીસંઘે કરેલ અપીલનો **કાઠીયાવાડના પોલિટિકલ એજંટ જે. ડબલ્યુ વોટસન** (J. W. WOTSON) ની દરમ્યાનગીરીથી તા. ૮–૩–૧૮૮૬ ના રોજ ઉકેલરૂપે ચોથો કરાર થયો.

તે કરારમાં એમ ઠરાવેલ કે–

"જૈન શ્રીસંઘે પાલીતાણા દરબારને ૧૫૦૦૦) રૂપિયા ઉચ્ચક આપી દેવા, પાલીતાણા સ્ટેટે યાત્રાળુવેરો ન નાંખવો, બીજી કોઈ અયોગ્ય દરમ્યાનગીરી સ્ટેટ તરફથી ન થવી જોઈએ."

આ કરારનો અમલ તા. ૧–૪–૧૮૮૬ સં. ૧૯૪૨ ના ચૈત્ર વદ ૫ થી શરૂ કરવાનું ઠરાવેલ.

આના અનુસંધાનમાં ચૈ. વ. ૧૦ લગભગ અમદાવાદથી નીચે મુજબનો પત્ર પણ આવ્યો–

"શ્રી ઉદેપુર મધ્યે મુનિરાજશ્રી ઝવેરસાગરજી અમદાવાદથી લી. દલપતાઈ ગુાઈની વંદના ૧૦૦૮ વાર વાંચજો.

બીજું શ્રી વરધીચંદજીએ ાવનગર મધ્યે ટીપ સદ્ધાચળજીની શરૂ કરી, રા. ૨૦ હજાર થશે. ગ,ભીરવિજેજીએ ઘોઘા બંદરમાં કરી, તમે ઉદેપુરમાં છો માટે કરી સારી ટીપ થાય ઉદ્યમ કરાવશો.

એજ લી. દ: પોતે ચૈત્ર (વદ) ૮ તા. ૪-૪-૮૬

આવો જ એક બીજો પત્ર જુના સંગ્રહમાંથી મળી આવ્યો છે જે નીચે મુજબ છે.

"શ્રી ઉદેપુર મધ્યે મહારાજ સાહેબ શ્રી ઝવેરસાગરજી શ્રી અમદાવાદથી લી. દલપતભાઈ ભગુભાઈની વંદના ૧૦૦૦ વાર વાંચજો.

બીજું સિદ્ધાચળજીની ટીપ સારૂ આપણી તરફ શ્રાવક ભાઈઓ ઉપર કાગળ બીડયો છે, તો આપ સારી રીતે ઉપદેશ કરી ટીપ સારી થાય તેમ કરાવશો, એવો આપનો ભરૂંસો છે.

આ કામમાં નાણું સારે ઠેકાણે જશે, એવું આપ સમજાવી કહેશો તો તીરથનું કામ થાશે. આપને વધારે લખવું પડે તેમ નથી.

× તા. ૧૩ મી ઓકટોબર ૧૮૮૬ લી. દ: પોતે.

× ઉપરના બંને પત્રો અમદાવાદના અગ્રગણ્ય પ્રતિષ્ઠિત ધર્મધુરંધર શાસનાનુરાગી અને શ્રીસંઘના આગેવાન શેઠોયાએ સ્વહસ્તે લખેલા છે.

તેમાંની વિગત પણ અદ્‌ભુત છે.

આ બંને વાત પરથી **પૂજ્યશ્રી ઝવેરસાગરજી** મ. ના અપ્રતિમ ગૌરવવંતા વ્યક્તિત્વની છાયા કેટલી વ્યાપક હશે ! તે સુજ્ઞ પુરૂષોને સહેજે સમજાય તેમ છે.

ગુજરાતમાં કોઈ વિકટ પ્રશ્ન પરિસ્થિતિ આવે તો અમદાવાદના ધુરંધર શેઠોયાઓ ઠેઠ મેવાડમાં બિરાજતા પૂજ્યશ્રીને ઉપરા ઉપરી બે પત્રો દ્વારા આદરપૂર્વક યાદ કરે છે.

આ વસ્તુ પૂજ્યશ્રીના અપૂર્વ વ્યક્તિત્વની વાચકોના મન પર છાપ પાડે છે.

આ બંને પત્ર ઉપરથી પૂજ્યશ્રીને એમ લાગ્યું કે તરણતારણહાર શ્રી સિદ્ધાચલ–મહાતીર્થની રક્ષા અંગે જૈન શ્રીસંઘે ઉપાડેલ ભગીરથ–કાર્યમાં **ઉદયપુર** શ્રીસંઘનો સહકાર અપાવવાની મારી ફરજ છે, એટલે શાસનના કામ અંગે ભાવે કે કલાવે મને કે કમને પૂજ્યશ્રીને ઉદયપુરના ચાતુર્માસની ઈચ્છા કરવી પડી અને વૈ. સુ. ૩ના વ્યાખ્યાનમાં શ્રીસંઘે કરેલ આગ્રહભરી વિજ્ઞપ્તિને સ્વીકારી ચોમાસાની જય બોલાવી દીધી.

પૂજ્યશ્રીએ વિ. સ. ૧૯૪૨નું ચોમાસું શાસનના તથા ઉદયપુર શ્રીસંઘના લાભાર્થે નક્કી રાખ્યું.

અને પૂજ્યશ્રીની દેખરેખ તળે દેવદ્રવ્યના હિસાબોમાં રહેલ ઉપેક્ષાવૃત્તિને હઠાવવા વહીવટદારોને અપૂર્વ પ્રેરણા મળી.

ચૌગાનના દહેરાસરોના વ્યવસ્થાતંત્રમાં કાર્યવાહકોની શિથિલતાથી આવેલી અવ્યવસ્થાને નિવારવા પૂજ્યશ્રીએ ભારે જહેમત ઉઠાવી જૂના હિસાબો વ્યવસ્થિત કર્યા.

આ બધા કામના ઉકેલમાં ચોમાસું શરૂ થઈ ગયું. પૂજ્યશ્રીએ બેસતા ચોમાસે જ **અમદાવાદથી** આવેલ બંને પત્રો શ્રીસંઘને વંચાવ્યા અને **શ્રી સિદ્ધાચલ-મહાતીર્થ** રખોપા ફંડમાં તન-મન-ધનની શક્તિ ગોપવ્યા વગર સહુને લાભ લેવા પૂજ્યશ્રીએ ભારપૂર્વક ફરમાવ્યું.

પરિણામે ત્રીશ હજાર જેવી રકમ ટૂંક સમયમાં થવા પામી, **ઉદયપુરના** શ્રીસંઘે આ રીતે પૂજ્યશ્રીના ધર્મઋણને અદા કરવા સાથે શાસન પ્રત્યેનો દૃઢ અનુરાગ પ્રદર્શિત કર્યો.

પૂજ્યશ્રીએ આ કામ અંગે વધુ તમન્ના દર્શાવવા સાથે **ભાવનગર પૂ. શ્રી વૃદ્ધિચંદજી** મ. ને પત્ર દ્વારા માર્ગદર્શન મંગાવ્યું લાગે છે.

કેમકે–સં. ૧૯૪૨ ના શ્રા. સુ. ૫ ના નીચેના પત્રમાં આ વિગત આવે છે.

"મુનિશ્રી ઝવેરસાગરજી ને પોંચે."

ઠેકાણું– મેતા પન્નાલાલ હુકમીચંદની દુકાન મુ. શ્રી વડા ઉદેપુર જિ. મેવાડ

મુ. શ્રી ભાવનગરથી લી. મુનિ વૃદ્ધિચંદજીજોગ્ય શ્રી ઉદયપુર–મધ્યે મુનિ ઝવેરસાગરજી સુખશાતા વાંચજો.

અત્રે દેવગુરૂ પસાયે શાતા છે, તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો છે, સમાચાર જાણ્યા છે. તમે ચોપાનીયો મોકલવાના ઠેકાણા બે ની વિગત લખી, તે પ્રમાણે બંને ઠેકાણે ચોપાનીયા મોકલાવ્યા છે.

જે દિવસે અષાડ માસનું ચોપાનીયું તમોને પહોંચ્યું હશે, તે જ દિવસે તેઓને પણ પહોંચ્યા હશે જ!

તમોને પત્ર ૧ પ્રથમ અમે લખ્યો છે, તેની પોંચ આવી નથી, માટે લખ્યો હશે તે આવેથી જાણીશું.

મોટા કામો કરવા વિષે મુંબઈમાં શ્રી જૈન એસોસીએશન ઓફ ઈન્ડિયા સભા છે, તેની ઉપર પણ લખવું.

તમોએ સાધુ વિષે હકીકત મંગાવી, તે આ દેશમાં છે, તેની વિગત.

મુનિ નીતિવિજયજી વગેરે ઠાણા–૩ – ખંભાત

મુનિ વિનયવિજયજી „ „ –૩ – લીંબડી
મુનિ શોભાગવિજયજી – શીહોર
મુનિ ગંભીર વિજયજી „ „ –૨ – ગોધાબંદર
મુનિ દેવવિજયજી – મહેસાણા
મુનિ ઈ...વિજયજી – વડોદરા
મુનિ કમલ વિજયજી

ગુજરાતી તથા પંજાબી બેઉ_____

બેડા મુનિ રાજવિજે તથા ચતુર વિજે_____મારવાડ સાદરીમાં મુનિ મોતીવિજયજી, મુનિ પ્રતાપવિજયજી મુનિ નયવિજયજી કચ્છ–મુંદરા.

મુનિ લબ્ધિવિજય મુનિ ભાગ્યવિજય મુનિ હીરવિજયજી_____ રાજકોટ.

મુનિ કેવળવિજય મુનિ ઉત્તમવિજય મુનિ કલ્યાણવિજય મુનિ ચારિત્રવિજય મુનિ માણેકવિજય મુનિ હેમવિજય ઠા. ૬ અત્રે છે.

અમદાવાદ ગણીશ્રી આદિ ઠાણા–અત્રે છે. તે તો તમે જાણતા જ હશો.

મુનિ આત્મારામજી મહારાજ ઠાણા–૨૩ પાલીતાણા નરશીકેશવજીની ધરમશાળે,

તુમારી સુખશાતાના સમાચાર લખ્જો.

સં. ૧૯૪૨ ના શ્રાવણ સુ. ૫ ને બુધવાર દ. સેવક અમરની વંદના"

ઉપરના પત્રમાં ચોપાનીયાની વાત છે, તે પ્રાયઃ **ભાવનગરથી** પ્રકટ થતા "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**" સંબંધી લાગે છે.

વળી આ પત્રમાં "**મોટા કામો કરવા**" અંગે **મુંબઇની જૈન એસોસીએશન** સાથે સંપર્ક સાધવા સૂચન છે, તે પ્રાયઃ પૂજ્યશ્રીએ **પાલીતાણા** સ્ટેટ સાથે રખોપા અંગે થયેલ કરાર અંગે ટીપ માટે પૂછાવ્યું હશે, તેના જવાબરૂપે લાગે છે.

બાકી સાધુઓના ચોમાસાની વિગત પૂજ્યશ્રીની પ્રાભાવિકતાની છાપ પૂરી પાડનારી જણાય છે.

પૂજ્યશ્રી ચાતુર્માસ દરમ્યાન બીજા પણ અનેક શાસનાનુસારી કાર્યોમાં લક્ષ્ય રાખતા હતા, તેના પુરાવારૂપે પ્રાચીન પત્રોમાંથી **લુણાવાડાના** સુશ્રાવક શ્રી વખતચંદભાઈ નો પત્ર મળ્યો છે, જે નીચે મુજબ છે.

"સ્વસ્તિ શ્રી પાર્શ્વજિનં પ્રણમ્ય તત્ર સર્વ____બિરાજમાન નવતત્ત્વના જાણ, પંચમહાવ્રતધારક, અઢારે પાપરહિત બેંતાલીસ દોષના ટાળણહાર, અનેક ગુણે કરી બિરાજમાન, મુજ ગુરૂ મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી જવાહિરસાગરજી જોગશ્રી ઉદેપુર.

લુણાવાડેથી લી. સા. શ્રી. વ. સ. વખતચંદના ધર્મલાભ દેનારસ્તુ મારી વંદના અનેકવાર અવધારશોજી.

(૧) આપના કાગળો પ્રથમ આવેલા તે પેાંતા, આપને મેં પરથમ લખ્યા છે, તેના ઉત્તર મુજે મળ્યા નહીં, સેા બહેાત દિલગીર હુઆ, જિસે કિરપાકર પત્ર લખાવશેાજી.

(૨) ઔર આપે ચેાપડી બદલ લિખીથી સેા મેં તમારા સમાચાર શા...કુમેર...દાસ...પીતાંબર વગેરે મુખીયાઓને રૂબરૂ વંચાય દીયા હૈ, પરંતુ પેલી તરફ વાલેાંકા ઐસા.....અભિપ્રાય.....પેલાકુ કામ..... હેાત તરેહનું.....કઈ વિચારમેં મંદિર બનાના બતાતે હૈં, કેાઈ બજારમેં બાગ-બગીચા કરને કે બતાતે હૈ, ઐસા પરસ્પર પેલી તરફવાળેાં કા વિચાર હેાતા હૈ, ફેર મંદિરવાળેાંકા એહી મત હૈ કિ મહારાજ, જવાહિરસાગરજીને કીયા હૈ સેાઈ સત્ છે.

અપને તેા એ જગેા ઉપર.....બાના નહીં.....ઉને બીજો મુહર્ત્ત પૂછા જોવે.....મુહૂર્ત્ત આતા નહીં.....કરના.....હૈ ઉસમેં બાત મુહર્ત્ત.....તરહ સે હેાવેગા ?

ફેર ...કાતી સુદ ૧ કે રેાજ.....અસ્ત હેાતા હૈ, તેા આપકું માલુમ હેાવે કે નીચેની હકીકતનેા જવાબ આપશેાજી.

આસેા.....સારા મુહર્ત્ત આતા હૈ ઉસકી વિગત બારણું ઉત્તરાદિ તથા આથમણી તરફનું સંધના નામથી જોવું.

આથમણી દિશા કા બારણું બેસાડવાનું છે, માટે તે બારણાના ____દિવસ નક્કી કરવાનેા છે, તે મુહૂર્ત્ત જોવાની પરત આપની પાસે છે, તેમાં તપાસ કરી જવાબ ખુલાસેા સાથે લખજો, મકાન બાંધવાની

ખરેખરી .....માટે જવાબ લખતાં ડરના નહિંજી.....જુવાબ આપકા આવ્યા બાદ સમજણ પડેગા ઔર જગ્યા બાંધણે કી તૈયારી હોયેગી ખરેખર.....તપાસ કર જવાબ લખજોજી, ડરના નહીંજ.

આપનો પત્ર ૧–૨ આવ્યા.....કંઈ કારણ સમજાતા નહીં..... આપના પ્રથમ કાગળમાં ખુલાસો હતો નહીં કે આપ કંઈ જુજ દિનમાં ધુલેવ પધારશો કે આપ થોડા દિના મે ઉદેપુર પધારશો, માટે અમારા કાગળ બરોબર પહોંચ્યા કે નહીં પહોંચ્યા તેની કંઈ ખાતરી કરી શકાતી નથી માટે હવે આપ મુકામસર પધાર્યા છો તો મુજ ઉપર પત્ર લખશો એવી આશા રાખું છું.”

આ પત્રનો પૂર્વાર્ધ થયો.

આમાં પૂજ્યશ્રીએ કપડવંજથી ઉદયપુર પધારતાં લુણાવાડા પધારેલ ત્યાં દહેરાસરના વહીવટી તંત્રની ગરબડને સાફ કરી નવા દહેરાસર બનાવવા અંગે પ્રેરણા કરી લાગે છે.

જેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.

તે અંગે આ પત્રમાં લુણાવાડાના ધર્મિષ્ઠ આગેવાન શ્રાવકે તે વાત અંગે આ પત્રના પૂર્વાર્ધમાં જણાવ્યું છે કે– **“ચોપડા માટે આગેવાનોને વાત કરી છે અને નવા દહેરાસર અંગે ખેંચતાણ ચાલે છે”** વગેરે.

આ રીતે પૂજ્યશ્રી ઉદયપુર રહ્યા થકા પણ શાસનના કામો અંગે ચીવટભરી ચકોર દૃષ્ટિ પોતે રાખતા હતા તે આ પત્રના પૂર્વાર્ધથી સમજાય છે.

વળી આ પત્રનો ઉત્તરાર્ધ પણ ખૂબ જ મહત્ત્વનો અને પૂજ્યશ્રીની અપૂર્વ તાત્ત્વિક દૃષ્ટિ અને શાસન પારગામિતાનો પરિચય આપે છે.

ઉપરના પત્રનો ઉત્તરાર્ધ–

"વળી ધરમ સંબંધી પ્રશ્ન લખ્યો છે, તો તે અંગેનો ઉત્તર લખી જણાવશો.

...અતરે...વિજેજી આવેલા છે, પજુસણ...પરવે આવ્યેથી ધર્મસંબંધી ઘણી અડચણ પડવાની...થયું છે...હવે ગુલાબ વિજેજી મકાન પકડી બેઠા છે ને ધર્મનુ અપમાન થાય છે, અને દિલથી ઊતરીગયા છે, જેનું વખાણ સાંભળવું મને ગમતું નથી, કેમ કે... પોતાની ચાલચલગત છે, તેથી વળી બેડાવાળા શ્રી પુજજી ચંદ્રોદયસૂરિજી હતા, પણ તે લાભાર્થી ઘણાં હતા, પણ બીજો કોઈ અવગુણ કે સૂત્રથી ઉલ્ટું ચાલવું ન હતું તેથી તે...વખાણે વાંચતા તો તેના મુખથી વ્યાખ્યાણ...પચ્ચકખાણ અગર કરેમિ ભંતે ઓચરતા, ઓર ખમાસમણ પણ દેતા, તે વૃદ્ધ અવસ્થાવાળા પુરૂષ...પણ હવે દેવરતન અત્રે ચોમાસું કરે છે તે જાણજો.

તેમના મુખનું વખાણ સાંભળવું કે નહીં?.....કાંઈ જગાએ અને નહીં તો સાંભળવામાં કાંઈ દોષ લાગે કે નહીં? તેનો ખુલાસો લખવો.

વળી કરેમિ ભંતે...પચ્ચક્ખાણ કલ્પે કે નહીં ?...જનનું પધારવું કોઈ થાય...મને સંભવતું નથી, કેમ કે પરિણામ આપના બરોબર લુણાવાડા તરફ પધારવાના જણાતા નથી, તેથી ખુલાસો મંગાવ્યો છે, તો કુરસદ મળેથી આપ લખશો.

બીજું પોસા કરીને પૈસા ઉપજાવે છે, તે પૈસા ઘીયા કાપડવાળાને આપી દેવે છે, તે અતરે મૂળથી રીવાજ આપવાનો છે, પરંતુ આપવામાં કઈ બાધ લાગે ખરો ! તે લખવું.

અતરે મતમતા ઘણો થયો છે તે ધરમધ્યાન.....મુંજમા મુમત કરે છે, પણ કંઈ ઉપયોગ લાયક થતું નથી કેમ કે જે કરમધરમનું...મન...પુરૂષ પધારા હો—પણ અતરે રહેવું પસંદ પડતું નથી, તેથી માળવા...ચોપડાનું કામ શરૂ થયાથી...લખાશે પણ મુદ્દત નિશ્ચે કરી લખજો.

બીજું મારા કામ બાબત પાના ઉતરાવી મને મોકલવા નહીં। પરંતુ પજુસણ પરવ વીત્યા બાદ કુરસદ મલ્યેથી મોકલાવજો.

હું આપ ગુરૂ સિવાય બીજા કોઈને પરમાણિક કરતો નથી, મહારી...પુરૂષને બલિહારી જાઉં ને સવારમાં સાધુ પટ...આપના...ધરમધ્યાન રૂડી રીતે બને છે.

બ્હેન કાર...માસ ચારના એકાંતરા કરે છે, જમનાએ માસ ૧।। એકાંતર કરવા માંડયા હતા, તે શ્રા॰ વ. ૫. પૂરા થયા છે.

અમારા ઘરમાં અવકાશે છે, તેથી કાગળ કુરસદ મળતી નથી, તેથી માફ કરશો. હજુ કંઈ છુટકબારો થયો નથી.

ગુરૂ પાસે એ ખુલાસો થયાથી...મન કરીશું એજ...કાગજ લખજો.

સં. ૧૯૪૨ ના શ્રાવણ વદ-૧૦."

આ રીતે આ પત્રના ઉત્તરાર્ધના લખાણથી સમજાય છે કે- પૂજ્યશ્રીની આગમિક ધુરંધરતા સુવિહિત-સાધુ તરીકેની પ્રતિષ્ઠાથી આકર્ષાઈ ધુરંધર શ્રાવકો પોતાની ધાર્મિક ગૂંચ ઉકેલવા અને મન હળવું કરવા નિખાલસ દિલે પ્રયત્નો કરતા.

વળી પત્રના પાછળા ભાગે: શ્રાવકોચિત ધર્મકરણીના પરિચય સાથે વ્યાવહારિક આફતથી થતા માનસિક, આર્તધ્યાનને ટાળવા પૂ. ગુરૂદેવશ્રી પાસે 'ધા' નાંખતા હોવાનું જણાય છે.

આ પત્રનો પૂજ્યશ્રીએ યથાયોગ્ય ઉત્તર પાઠવી ધર્મધ્યાનનું બળ વધારવા પ્રેરણા કરી હશે.

ઉદયપુર શ્રીસંઘમાં પણ પૂજ્યશ્રીની અપૂર્વ દેશના શક્તિથી ધર્મોત્સાહ સારો પ્રગટેલ, માસખમણ, એકવીશ, સોળ અને પંદર ઉપવાસની તપસ્યા સારા પ્રમાણમાં થઈ, અઠ્ઠાઈની સંખ્યા તો ૧૫૦ થી ૨૦૦ ઉપર હોવાનું જાણવા મળેલ છે.

સકળ શ્રીસંઘે ખૂબ જ ઉમંગભેર પર્વાધિરાજની આરાધના પૂજ્યશ્રીની નિશ્રામાં કરી.

આત્મશુદ્ધિકર મહાપવિત્ર શ્રી કલ્પસૂત્રને રાત્રિ-જાગરણ-પૂર્વક હાથીના હોદ્દે પધરાવી પૂ ગુરૂદેવને વાંચન માટે વહોરા-વવાની મંગળક્રિયા તથા સુપના ઉતારવા આદિના ચઢાવા આદિ-થી દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યમાં ખૂબ જ વૃદ્ધિ થઈ.

પર્વાધિરાજની આરાધના ઉમંગભેર થયા પછી પૂજ્યશ્રીએ ભા. સુ. ૮ ના વ્યાખ્યાનમાં ચૈત્ય-પરિપાટીના રહસ્યને સમજા-વવાપૂર્વક ભા. સુ. ૧૧ થી ઉદયપુરના સમસ્ત જિનાલયોની સવારે ૭ થી ૯ દર્શનયાત્રા શરૂ કરાવી.

આસો સુ. ૩ ના છેલ્લા દિવસે આહડનાં મહારાજા સંપ્રતિકાલીન પ્રાચીન પાંચ જિનાલયોની યાત્રા પ્રસંગે પૂજ્ય-શ્રીએ સકળ શ્રીસંઘ સમક્ષ શ્રુતજ્ઞાનની આરાધના માટે જ્ઞાનાચારના આઠ ભેદ પૈકી ઉપધાનતપ નામે આચારના પાલન માટે ખૂબ જ અગત્યતા દર્શાવી.

શ્રાવક-જીવનનો પાયો ઉપધાનતપ છે, અને વર્ત-માનકાળની અપેક્ષાએ ઉપધાનતપ શ્રાવક જીવનનું મહાન ઉચ્ચકોટિનું તપ છે.

"ઉપધાન વિના મહામંત્ર ગણવો પણ ન સૂઝે" ની શાસ્ત્રીય વાત અનેક દાખલા દૃષ્ટાંતોથી સમજાવી સકળ શ્રીસંઘને પ્રોત્સાહિત કરી ઉપધાનતપ કરાવવાનો મંગળ નિર્ણય કરાવ્યો.

ઉદયપુરના વૃદ્ધજનોના કહેવા પ્રમાણે તેમની સાંભરમાં ઉપધાનતપ થયેલ ન હોઈ ધર્મપ્રેમી–જનતામાં ખૂબ જ જાગૃતિ આવી.

પરિણામે શેઠ ગિરધરજી કાનજી ચપડોદે ઉપધાનતપ કરાવવાનો લાભ લેવા શ્રીસંઘ પાસે વાત રજુ કરી.

ઉપધાન કરાવનાર ગિરધર શેઠને એટલો બધો ઉત્સાહ હતો કે બધો જ ખર્ચ હું જ કરૂં! ભક્તિનો બધો લાભ મળે! એવી રજુઆત શ્રીસંઘ સામે કરી, પણ શ્રીસંઘે કહ્યું કે અમારે ત્યાં આવા પરમ–વંદનીય મહાપુરુષ પધાર્યા છે, અમારી સાંભરમાં સૌ પ્રથમવાર ઉપધાન થાય છે, તો અમને બધાને લાભ મળે, તે ઈચ્છનીય છે.

એમ થોડીવાર ખૂબ ધર્મપ્રેમભરી રસાકસી જામી. આ પ્રસંગે પૂજ્યશ્રીએ સમજાવટથી કહ્યું કે– " મહાનુભાવો! તપસ્યા કરનારાની ભક્તિનો લહાવો ખરેખર દુર્લભ છે! ગિરધર શેઠને ઉમંગ થયો છે, તો લાભ લેવા દો! તમે શ્રીસંઘના ભાઈ ઓ વૈયાવચ્ચ–વ્યવસ્થા–ભક્તિ આદિથી લાભ લેજો!"

શ્રીસંઘના ભાઈ ઓએ કહ્યું કે– " બાપજી! શ્રાવક–જીવનમાં દુર્લભ એવા ઉપધાનતપની આરાધનાનો આપ જેવા આગમ–પ્રજ્ઞ

મહાપુરૂષની નિશ્રામાં ફરી કોણ જાણે કયારેય અવસર આવે? માટે **ગિરધર શેઠને** ઉપધાન કરાવવાની રજા આપવા કરતાં તે લાભ અમને શ્રીસંઘને જ મળે તો સારૂં!"

થોડીવાર વાત ખૂબ ચર્ચાણી-છેવટે પૂજ્યશ્રીએ ઉકેલ કર્યો કે- "એમ કરો! **ગિરધર શેઠ** ભલે ઉપધાન કરાવે! ઉપધાન અંગે પ્રાથમિક અને પરચુરણ ખર્ચ ઘણો થાય છે, તે બધો લાભ એમને આપો અને શ્રીસંઘ તરફથી એકાસણાં-આંબિલની **ટોળીઓ** નોંધાવાય, આ રીતે બંનેને લાભ મળે!

ગિરધર શેઠે આજીજીપૂર્વક કહ્યું કે- "બાપજી! ટોળીઓ સંઘની લઉં તો બધી લખાઈ જાય પછી મને શો લાભ!"

છેવટે હા-ના કરતાં **ગિરધર શેઠના** ઉત્તરપારણા અને પહેલી-છેલ્લી ટોળી, બાકીની ટોળીઓ સંઘ લખાવે તો લેવી, બાકી બધો લાભ **ગિરધર શેઠને**-

આવો ઉકેલ સાંભળી સહુએ હરખભેર ગગનભેદી શાસનદેવની જયના નાદોથી વાતાવરણ ગજવી દીધું-

પછી શ્રીસંઘે પૂજ્યશ્રીને ઉપધાનતપ માટેના મુહૂર્ત્તની પૃચ્છા કરી તો પૂજ્યશ્રીએ આસો સુ. ૧૦ અને ૧૪ ના બે શ્રેષ્ઠ મુહૂર્ત્તો દર્શાવ્યાં જેને સકળ શ્રીસંઘે **પ્રભુ મહાવીર સ્વામીના** ગગનભેદી જયઘોષસાથે વધાવી લીધાં.

ચૌગાનના દહેરાસર આગળના વિશાળ વરંડામાં ભવ્ય મંડપ બાંધી ઉપધાનવાળાની ભક્તિ માટેની પણ બધી વ્યવસ્થિત તૈયારી કરવા ઉપરાત ઉપધાનવાળા ભાઈ–બહેનોને રહેવા માટે જુદી–જુદી વ્યવસ્થિત સગવડ વગેરે કામકાજ શ્રીસંઘના સહકારથી ગિરધર શેઠે ઝડપભેર કરાવવા માંડયું.

આસો સુ. ૭ થી શ્રી નવપદજીની આરાધના ચૌગાનના દહેરે ભવ્ય શ્રી સિદ્ધચક્રજીનું યંત્ર પધરાવી ઠાઠથી શરૂ થઈ, પૂજ્યશ્રી સકળ શ્રી સંઘ સાથે શહેરના ઉપાશ્રયથી ચૌગાનના દહેરાસરે પાસેના મકાનમાં ઉપધાન માટે શુભ મુહૂર્ત રૂપે પધાર્યા.

શ્રી નવપદજીની ઓળીના વ્યાખ્યાનો શ્રી ઉપધાન મંડપમાં ઠાઠથી શરૂ થયાં. સામુદાયિક શ્રી નવપદજીની આરાધના સામૂહિક આંબિલ વગેરે બધો કાર્યક્રમ ભવ્ય રીતે ગોઠવાઈ ગયો.

આસો સુ. ૧૦ ના મંગળદિને સવારે ૮–૩૭ મિનિટના મંગળ મુહૂર્ત્તે શ્રી ઉપધાનતપની ક્રિયા પોણા ચારસો ભાઈ–બહેનોએ ઉમંગથી શરૂ કરી, ઘણા વર્ષો એ પ્રથમવાર શ્રી ઉપધાનતપની આરાધના હોઈ કરનાર–કરાવનાર સહુને ભારે ઉમંગ હતો.

બીજા મુહૂર્ત્તમાં ૧૩૦ આરાધકોએ પ્રવેશ કર્યો કુલ ૫૦૫ આરાધકો શ્રુતજ્ઞાનના વિનયરૂપ શ્રી ઉપધાનતપમાં જોડાયા, જેમાં ૪૨ પુરૂષો બાકી ૪૬૩ સ્ત્રીઓ હતી.

શ્રીસંઘ તરફથી ઉપરાઉપરી એકાસણાની ટોળી કરાવવા પડાપડી થવા માંડી, માંડમાંડ બે બે ને ભેગા કરી વધુ ઠાઠથી ઉપધાનવાળાની ભક્તિ થવા માંડી.

પૂજ્યશ્રીએ ઉપધાનતપનું રહસ્ય શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે યોગ્યતાની પારાશીશીરૂપ મોહના ક્ષયોપશમને કેળવવા દોઢ મહિનાના પૌષધવ્રત દ્વારા ત્યાગ, તપ, સંયમની ત્રિવેણી સંગમનું મહત્ત્વ જણાવવા સાથે પૌષધવાળાની પાંચ સમિતિ; ત્રણ ગુપ્તિના વ્યવસ્થિત પાલનની જવાબદારી પર ખૂબ વ્યવસ્થિત વિવેચન કરી અજયણા-અસંયમ-અનુપયોગ આદિ દોષો ન લાગે તેની ખૂબ જ સાવચેતી કેળવવા ભારપૂર્વક સમજાવેલ.

પરિણામે ઉપધાનતપવાળા અપૂર્વ ઉલ્લાસથી વિગઈઓનો ત્યાગ-દ્રવ્ય સંક્ષેપ, મૌન અને અસંયમી જીવનના યથાશક્ય ત્યાગ આદિથી જીવનને ધન્ય-પાવન બનાવી રહ્યા.

કાર્તિક સુદિ પૂર્ણિમાના દિવસે ઉપધાનવાળાને સાધુજીવનની પ્રાસાદી મળે તે હેતુથી સંયમી જીવન-ચર્યાના પ્રતીક રૂપે દરેક ઉપધાનવાળાઓએ મોટે ભાગે પોતાની ઉપધિ જાતે ઉઠાવી **સિસારવા** ગામે પૂજ્યશ્રી સાથે વિહારનો રસાસ્વાદ લીધો.

સિસારવા ગામે જઈ **શ્રી સિદ્ધગિરિના** પટની યાત્રા કરી **શ્રી સિદ્ધાચળ મહાતીર્થ**ની આરાધનાર્થે ચૈત્યવંદન-કાઉસ્સગ્ગ વગેરે કરી ઠેઠ બે વાગે મંદ શક્તિવાળાઓએ નીવિ કરેલ.

બાકી ઘણાઓએ પૂજ્યશ્રીની દેશનાથી ભાવિત બની છઠ્ઠની તપસ્યા કરી.

બીજે દિવસે સાધુની જેમ પોતાની ઉપધિ ઉપાડી પાછા ચૌગાનના દહેરે આવી બધી વિધિ કરી પૂજ્યશ્રીએ સાઢપોરસીએ પચ્ચ ૦ પારવાની છૂટ આપી છતાં છઠ્ઠના તપસ્વીઓએ પુરિમડ્ઢ નીવિ બધાએ ઉમંગભેર કરેલ.

આવી ઉપધાનના આરાધકોની વિશિષ્ટ આરાધનાની જાગૃતિ પૂજ્યશ્રીના વ્યાખ્યાન-બળે કેળવાયેલી.

તે પ્રસંગે સકળ શ્રીસંઘે ઉદાર મનથી લાભ લેવા માટે ઉમંગપૂર્વક તૈયારી કરવા માંડી. પૂજ્યશ્રીએ ઉપધાનવાળાને સમજાવ્યું કે-" હવે વિરતિ-જીવનના દિવસો ઓછા ગણત્રીના જ છે. દુનિયાની દ્રષ્ટિએ તમે હવે છૂટા થવાના ! પણ હકીકતમાં મોહમાયાના બંધનથી તમે હાલ છૂટા છો, વળી પાછા બંધાવાના છો ! શકય હોય તો દેશવિરતિમાંથી સર્વ વિરતિના ઉપલા વર્ગમાં નામ તો નોંધાવવું જોઈએ, અને કદાચ શકય ન બને તો વિરતિ-જીવનની સૌરભ જીવનમાં પ્રસરી રહે તે માટે **ભાગતા ભૂતની ચોટલી પકડવાની** જેમ અવિરતિના લપસણા માર્ગે ફરી પાછા જવું પડે તો પણ પૂરેપૂરા વિષય-કષાયના કીચડમાં ન ફસાઈએ માટે વિવિધ ત્યાગ-તપ-વ્રત-

–નિયમોનાં પચ્ચકખાણ કરવાં, અને આરાધના પણ તો જ સફળ થાય" એ વાત પણ પૂજ્યશ્રીએ સમજાવી.

તેથી બે છોકરીઓ અને ત્રણ વિધવા બહેનોને સર્વવિરતિ જીવન લેવા માટે ઉમંગ જાગ્યો, ઘરવાળાને ગમે તેમ સમજાવી માળના મુહૂર્તે જ દીક્ષા લેવાનો દૃઢ સંકલ્પ જાહેર કર્યો.

સકળ શ્રીસંઘમાં ખૂબ ખૂબ ધર્મોલ્લાસ વર્તાઈ ગયો. કા. વ. ૧૦ થી સકળ શ્રીસંઘ તરફથી ભવ્ય અષ્ટાહ્નિકા–મહોત્સવ ચૌગાનના દહેરાસરે શરૂ થયો.

માગ. સુ. ૨ ની ભવ્ય રથયાત્રા નીકળી, જેમાં ઉપધાનના તપસ્વીઓ સારી રીતે વસ્ત્રાભૂષણો પહેરી હાથી, ઘોડાગાડી, બગી, શણગારેલ માફા વગેરેમાં બેઠેલ.

આ રથયાત્રામાં સાત હાથી, પ્રભુજીનો ભવ્ય ચાંદીનો રથ, ચાંદીની પાલખી, નિશાન, ડંકા, કેતલ વગેરે ઉપરાંત અગણિત શણગારેલા કેટલાય ઘોડાઓ, ઘોડાગાડીઓ, બગીઓ વગેરેથી શાસનશોભા ખૂબ થવા પામેલ.

માગ–સુ–૩ ના સવારના ૯–૨૩ ના શુભ મુહૂર્તે ઉપધાનતપ માળારોપણની ક્રિયા શરૂ થઇ.

૧૦-૩૭ મિનિટે પહેલી માળ ૨૨૧૧૧ રૂપીયામાં શેઠ **ગણેશમલ મુંથાના ઘરમાંથી પહેરી** મુહૂર્ત સાચવીને **પછી પાંચ દીક્ષાર્થી-બહેનોની દીક્ષા-વિધિ ઠાઠથી થઇ.** અગીઆર વાગે દીક્ષાર્થીઓ વેષ બદલવા માટે ગયા તે વખતે માળા-પરિધાપન શરૂ થયું.

માળના ચઢાવા ૧૨૫ સુધી સારા થયા-૧૨૫ મી માળ ૧૧૨૧ માં પહેરાવી. પછી સમય- સંકોચથી ૧૦૦૧, ૭૫૧, ૫૦૧, ૩૦૧, ૨૫૧, ૨૦૧, ૧૨૫, બાકીની માળો ૧૦૧ ના નકરાથી પહેરાવવામાં આવી.

પછી બધા માળવાળા સાથે સકળ શ્રીસંઘને લઈ પૂજ્યશ્રીએ ચૌગાનથી શહેરમાં **શીતલનાથજીના દહેરે** દર્શનાર્થે પધારી ચૈત્યવંદન કરી ગોડીજીના ઉપાશ્રયે આવી માંગલિક સંભળાવી શ્રી ઉપધાન-તપની ભવ્ય-આરાધનાની સમાપ્તિ કરી.

શ્રીસંઘ તરફથી આ પ્રસંગે આઠે દિવસ સાધર્મિક-વાત્સલ્ય થયેલ, આખા ઉદયપુરમાં બધાના ચૂલાને અભયદાન આપવામાં આવેલ.

આ ઉપધાન તપની આરાધના અને માળારોપણ-મહોત્સવના વિશિષ્ટ શાસન-પ્રભાવના કારક પ્રસંગોથી આખા ઉદયપુ-

રની જૈનેાતરજનતાને પણ ત્યાગ–ધર્મ અને વીતરાગ–પરમાત્મની ભક્તિનું અપૂર્વ બહુમાન ઉપજેલ.

મૌન–એકાદશી ખૂબ જ નજીક હેાઈ શ્રીસંઘના આગ્રહથી પૂજ્યશ્રીએ સ્થિરતા કરી.

આ ગાળામાં **પૂ. ગચ્છાધિપતિશ્રીની** તબિયતના સમાચાર અવારનવાર ઢીલા આવતા હેાઈ તેમજ બારથી ચૌદ વર્ષનેા લાંબેા ગાળેા થઈ ગયેા તેથી પૂ. ગચ્છાધિપતિશ્રીના દર્શન-–વંદનની ઉત્કટ ભાવના થવાથી વિહાર માટે પૂરતી પાકી તૈયારી કરવામાં પૂજ્યશ્રી ગુંથાઈ ગયા.

શ્રીસંઘના અગ્રગણ્યેાને ખબર પડી કે પૂજ્યશ્રી હવે ગુજરાત તરફ પધારે છે, તેથી તેએા અવારનવાર બપેારે, રાત્રે તેમજ વ્યાખ્યાનમાં જોરદાર વિનંતિ કરવા લાગ્યા કે—

“ સાહેબ ! અમે નિરાધાર થઈ જઈશું ! આપ અમને મૂકીને ગુજરાતના સાધુઓથી ભરચક હર્યાભર્યા પ્રદેશમાં પધારી જશેા તેા સંવેગી–સાધુના વિહારથી વંચિત અમારા આ ક્ષેત્રની શી દશા થશે ? ” આદિ.

ઉદયપુર-શહેરના નાના-મેાટા એકેએક ભાઈ-બહેનેા પણ કલ્પાંત કરવા લાગ્યાં, અને પૂજ્યશ્રીને આ પ્રદેશમાં વિચરી અવારનવાર **ઉદયપુરને** ચેામાસાનેા લાભ આપવા ભાવપૂર્વક કરગરી રહ્યાં.

આ રીતે ઉપધાન કાર્ય પછી મૌન-એકાદશી સુધી સંઘના આગ્રહથી પૂજ્યશ્રીની સ્થિરતા થવા પામી.

આ ગાળામાં સૌથી વધુ મહત્વની બીના એ બની કે—

કપડવંજમાં પૂજ્યશ્રીની તાત્ત્વિક-દેશનાથી પ્રભાવિત બનેલ પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી **મગનભાઇ ભગતની** આધ્યાત્મિક-દોરવણી તળે પૂ. ચરિત્રનાયકશ્રીનો ધાર્મિક-ઉછેર થઈ રહેલ, તે અંગે વિવિધ ધર્મચર્ચા પણ પૂજ્યશ્રી સાથે પત્ર-વ્યવહારથી થતી, સારાંશરૂપે સર્વવિરતિમાર્ગની તમન્ના જાગૃત કરવામાં આવતી.

પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રી શારીરિક-દૃષ્ટિએ નાની વયના છતાં પૂર્વ-જન્મની આરાધનાના બળે અંતરાત્માથી ખૂબ જ ઉત્તમ વિચાર-સરણિ ધરાવતા હતા. જેનું પ્રતિબિંબ જેમાં ઝીલાયું છે, તેવો પત્ર જૂના સંગ્રહમાંથી મળી આવ્યો છે-કે જે પત્ર પ્રથમ ભાગ (પા. ૨૫૦-૨૫૧) માં તથા પરિશિષ્ટ-૬(પા-૪૮-૪૯) માં છપાયેલ છે, છતાં પ્રસંગોચિત સમજી આ પત્ર ફરીથી અહીં ટાંકયો છે.

"સ્વસ્તિ શ્રી પાર્શ્વજિનં પ્રણમ્ય શ્રીમતિ મહાશુભસ્થાને શ્રી ઉદયપુર નગરે સર્વ ઉપમા લાયક, મહામુનિરાજ, મારા કુટુંબના તારણહાર, શિરછત્ર, પૂ. ઝવેરસાગરજી મ૦ ની પવિત્ર સેવામાં

લી. ચરણ-સેવક હેમચંદ્ર મગનલાલની ૧૦૦૮ વાર દિન પ્રતે વંદના અવધારશોજી.

આપશ્રીના શરીરે શાતા હશે, અહીં ધર્મપસાયે અને આપ જેવા ગુરૂ મહારાજના પ્રતાપે ક્ષેમકુશળ છે.

વિ. આપના મુખારવિંદના દર્શન બે વર્ષ પૂર્વે અહીં થયેલ. તે પૂર્વે પણ બાપુજીની સામાયિકની ઓરડીમાં આપના ચિત્રમાં ઝબકતી અપૂર્વ- વદન પ્રતિભાથી નાનપણથી જ આકર્ષણ થયેલ, પણ પ્રત્યક્ષ દર્શન કર્યા પછી તથા કેશરીસિંહની ગર્જના જેવી ઉદ્દામ-ગંભીર આપની સુમધુર ધર્મદેશના સાંભળ્યા પછી તો જીવ આપનામાં જ રમે છે. આપ જેવા તારક ગુરૂદેવશ્રીના સતત સમાગમમાં રહેવાની તીવ્ર તમન્ના છે.

મારા બાપુજી અવારનવાર આપના અનેકવિધ ઉપદેશામૃત-ભરપૂર પત્રો વગેરેના આધારે આપની તાત્વિક વાણી-સુધાના મીઠા મધુર ઘુંટડા પીવડાવે છે.

દેવોને પણ દુર્લભ આ માનવ-જીવનની સફળતા આપ જેવા સદ્‌ગુરૂના ચરણોમાં બેસી સંસારના છકાયના આરંભ-સમારંભના કૂટામાંથી છુટી વિશિષ્ટ રીતે સંયમી-જીવન કેળવી સર્વ-જીવોને અભયદાન આપનારી જીવનચર્યામાં છે !

હે તરણતારણહાર ! કૃપાળુ ગુરુ ! કંઈક એવું માર્ગદર્શન બતાવો ! કે જેથી સંસારનાં બંધનો મને ન સતાવે ! દેવ-ગુરુ-કૃપાએ જલદીથી હું પ્રભુ-શાસનના સંયમના પંથે ધપી જાઉં !

મારા મોટાભાઇનાં લગ્ન થઇ ગયાં છે, મારા પણ વેવિશાળ થવાની તૈયારીઓ ચાલુ છે, બાપુજી તો મારા જીવનને પ્રભુ-શાસનના પંથે ધપાવવા માટે ખૂબ સહયોગ આપે છે, પણ માતાજી ખૂબ ધર્મિષ્ઠ આરાધક છતાં મને સંસારના કારાવાસમાંથી છોડાવનારી દીક્ષા માટે ખૂબ જ ઇતરાજી દર્શાવે છે.

સાંભળ્યા મુજબ તુર્તમાં વેવિશાળ કરી લગ્નની બેડીમાં મને જકડી દેવાની યોજના માતાજીએ ગોઠવેલ છે.

તેથી મારા પાપનો ઉદય હઠે ! અને હું સંસારના બંધનમાં ન ફસાઉં ! તેવો કોઈ માર્ગ બતાવશો !!!

માતા-પિતાને પરમારાધ્ય ગણી તેઓની આજ્ઞા શિરોધાર્ય કરવી એમ સામાન્યથી કહેવાય,

પણ આ રીતે મોહના પાશમાં ફસાવવા માટેની ચતી તેઓની પ્રવૃત્તિને આવકારવી ? કે શું કરવું તે મૂંઝ છે !!!

આપશ્રી યોગ્ય માર્ગદર્શન જરૂર આપશોજી ! મારે બીજી પણ કેટલીક વાતો "આત્મા સંસારમાં શી રીતે ? શા માટે કર્મ બાંધે છે ? કર્મ જો આપણને દુઃખી કરતું હોય તો દુઃખ આપનાર તે કર્મને આપણે બાંધીએ જ કેમ !" વગેરે મૂંઝભરી બાબતો પૂછવી છે, કે જે ફરીથી કયારેક પત્રમાં લખી જણાવીશ.

હાલ તો આપ મારા જીવનના ઉદ્ધારક બની લગ્ન-જીવનના લપસણીયા પંથે જવાને બદલે સંયમના ઉદાત્ત અને એકાંત હિતકર માર્ગપર આવી શકાય, તેવો કોઇ સફળ-ઉપાય જણાવવા તસ્દી લેશો.

આપનો હું ભવોભવ ઋણી રહીશ.

આપના સંયમની, જ્ઞાન-ગરિમાની, ભૂરિ-ભૂરિ અનુમોદના સાથે અલ્પ-મતિ મારાથી કંઈ અજુગતું પત્રમાં લખાયું હોય કે અવિવેક થયો હોય તો તે બદલ વારંવાર ક્ષમા માગું છું, અને સાથે આપના દર્શનની તીવ્ર-અભિલાષા-ઝંખના ધરાવતો આપના પત્રની પ્રતીક્ષા સાથે વિરમું છું."

સં. ૧૯૪૩ માગશર શુદ ૬ લી. હેમચંદ મગનલાલની ૧૦૦૮ વાર વંદના.

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રી ભાવિના અકળ- સંકેત પ્રમાણે ભાવી-ગુરૂદેવના ચરણોમાં નિખાલસતાથી હૈયું ખોલી રહ્યા હતા.

પૂજ્યશ્રીને પણ અ-જ્ઞાત-હેતુથી અકળ પ્રેરણા થતી કે- **"આ બાજુ ઘણો સમય થયો ! હવે ગુજરાત બાજુ જઈ મગનભાઈ ભગતના ધર્મજિજ્ઞાસા અને સર્વ-વિરતિના પંથે ધપવા માટેની ઉત્કટ ઝંખના વાળા પત્રો તથા "બાપ તેવા બેટા"ની ઉક્તિ મુજબ તેમનો પુત્ર હેમચંદ પણ પ્રભુ-શાસનના પંથે નાની વયે લગ્નના મોહક વાતાવરણને પણ કુદરતી રીતે અનિષ્ટ સમ-જતો થયો છે, અને સર્વવિરતિના પંથે ધપવા તલપાપડ થઈ રહ્યો છે.**

આમાં કંઈક જિનશાસનની ભાવી-પ્રભાવનાનો ગૂઢ સંકેત લાગે છે.

તો હવે ગુજરાત બાજુ જવું ઠીક છે.”

આમ વિચારી વિહારના નિર્ણય તરફ ઝૂકી રહ્યા હતા.

આ વખતે **લોયણી** તીર્થ નવું પ્રકટ થયેલ, તેનો મહિમા ખૂબ ફેલાયેલ. નવું જિનાલય તૈયાર થવા આવેલ, તેની પ્રતિષ્ઠાનો પ્રસંગ માહ મહિને સંભળાતો હતો, તેથી પૂજ્યશ્રી **લોયણી**-પ્રતિષ્ઠાના હિસાબે **ઉદયપુરથી** તુર્ત વિહારનો નિર્ણય કરવાની ભૂમિકા દૃઢ બનાવી રહ્યા હતા.

પણ **ઉદયપુર**-શ્રીસંઘનો ધર્મ-ભાવનાનો આગ્રહ જોઈ નાના-મોટા સહુનો કકળાટ જોઈ પૂજ્યશ્રી ગૂંચમાં પડ્યા.

જો કે વારંવાર ઉપરા-ઉપરી ચોમાસાથી વધુ પરિચયના કારણે જ્યારે વિહાર થાય ત્યારે આવું વાતાવરણ થવાનું એ સહજ છે! પણ-પૂજ્યશ્રીને જે **લોયણી**-પ્રતિષ્ઠા પર જવાની **લોયણી**ના ચમત્કારોની વાતો સાંભળી-તમન્ના હતી, તેમાં બાધા આવી ગઈ. કે જે નીચેના પત્રથી સ્પષ્ટ સમજાય છે.

મુનિશ્રી ઝવેરસાગરજી, ઉદેપુર

(આ પ્રાયઃ સરનામું લાગે છે.)

શ્રી અમદાવાદથી લી. મુનિ ભૂપેન્દ્રની, સુખશાતા વાંચજો.

શ્રી ઉદેપુર મુનિ ઝવેરસાગરજી! તમારી ચિઠ્ઠી માગશર વદ-૨ની પરથમ

પોતી છે. જેઠા સુરચંદની ચીઠ્ઠી સાથે તેનો જવાબ લખાણો નહીં, તેનું કારણ જેઠા સુરચંદ સાણંદ તરફ ગયેલા છે, તેના આવવાની રાહ જોવાથી લખાણો નો'તો. પણ હજી સુધી તે આવ્યો નથી, તેથી આ ઢીલ છે.

તમે (ભોયણીની પ્રતિષ્ઠા ઉપર) આવવા બાબત લખ્યું તે જાણ્યું, પણ × × × પ્રતિષ્ઠા ઉપર અમારી સલાહમાં ઠીક આવતું નથી, કારણો નીચે પ્રમાણે—

એક તો એ પ્રતિષ્ઠાનું કામકાજ વિદ્યાશાળાવાળા તથા બીજા સ્વેચ્છાચારીઓ (હસ્તક) છે, જેઓ અનુભવી નથી.

—જેઠા સુરચંદને તેવા માણસોના પ્રસંગમાં હાલ સુધી જવાનો વિચાર જણાતો નથી.

—આત્મારામજી પણ તે પ્રતિષ્ઠા ઉપર ભોયણી બાજુ આવવાના નથી, તેમ સાંભળ્યું છે.

—પ્રતિષ્ઠા કરાવવાવાળા વિધિવાળા પેથાપુરવાળા કે વડોદરાવાળા આવવાના સાંભળ્યા છે.

આ રીતભાત જોતાં અમારી નજરમાં ઠીક આવતું નથી, ગોકળજીને ધરમલાભ તમારી તરફથી કહ્યો છે, તેણે તમોને વંદણા લખાવી છે.

ઈહાં સર્વે સાધુ-સાધ્વીઓ સુખશાતામાં છે સંવત ૧૯૪૩ ના માગસર વદ ૧૩ ગુરવાર.

લી. સેવક ગોકળજીની વંદણા વાંચજો ને મગનલાલ પુંજાવતને પ્રણામ કહેજો, કહેવું કે તમારો કાગળ .....પોંચ્યો છે. એ રીતે કહેજો.

આ પત્રમાં મુખ્યત્વે **લોયણી** પ્રતિષ્ઠા બદલ પૂ. ગચ્છાધિપતિ **શ્રી મૂળચંદજી** મ૦ની અરૂચિ દર્શાવનારી બાબતો છે.

તે વાંચી પૂજ્યશ્રીએ ખાસ **લોયણી**ના સાંભળેલા ચમત્કારોથી ખેંચાઈ **લોયણી** પ્રતિષ્ઠા પર જવા મન ઉત્સુક હતું, તે બહાને મેવાડના પ્રદેશથી બહાર નિકળાય અને પૂ. ગચ્છાધિપતિશ્રીના દર્શન-વંદનનો લાભ મળે એમ હતું, છતાં **આજ્ઞાધીનતા એ સાધુ-જીવનની સાચી મૂડી** હોઈ પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા **લોયણી**-પ્રતિષ્ઠા માટેના અરૂચિ-દર્શક કારણોથી ગર્ભિત રીતે નિષેધાત્મક જાણી પોતાના માનસિક-આવેગને શાંત કરી ગુજરાત તરફના વિહારના વિચારને માંડી વાળ્યો.

આમાં '**એક પંથ દો કાજ**' ની નીતિ પણ પૂજ્યશ્રીએ વાપરી ગણાય.

ઉદયપુરના શ્રીસંઘના કાકલુદીભર્યા અત્યંત આગ્રહને વશ થઈ એક ચોમાસું વધુ કરી લેવાય તો ચોમાસા પછી તુર્ત ગુજરાત બાજુ વિહારની સુ-શકયતા રહે, અને તેમ કહેવા થાય

કે 'તમારા આગ્રહને માન આપી અનિચ્છાએ પણ એક ચોમાસું વધુ કર્યું' આદિ.

એટલે પૂજ્યશ્રીએ પૂ. ગચ્છાધિપતિશ્રીના વદ-૧૩ ના પત્રથી ભોયણી પ્રતિષ્ઠા પર જવા અંગે પૂ. ગચ્છાધિપતિશ્રીની અનિચ્છા જાણી ઉદયપુર શ્રી સંઘને રાજી કરવા પ્રયત્ન કર્યા કે— "ચલો ! તમારા બધાનો ખૂબ આગ્રહ છે, તો ગુજરાત તરફ નહીં જઈએ!"

પછી પૂજ્યશ્રીએ કમૂરતાં પછી પો. સુ ૧૦ ના મંગળદિને રાણકપુર બાજુ વિહારની ભાવના પ્રગટ કરી.

ભાવીયોગે ધનજી સંઘવીને મનમાં થયું કે—પૂજ્યશ્રી રાણકપુર તરફ પધારે છે, તો છ'રી પાળતા સંઘની મારી ભાવના બર આવી જશે, 'એમ વિચારી પૂજ્યશ્રીને વિનંતિ કરી' કે–

"સાહેબ ! મારે છ'રી પાળતો સંઘ કાઢવાની ભાવના આપ ભીલવાડાથી કેશરીયાજીનો સંઘ લઈ અહીં પધારેલ, ત્યારથી પ્રકટી છે, આપની નિશ્રામાં તે સંઘ કાઢી જીવનને ધન્ય બનાવું તેવો વાસક્ષેપ નાંખો અને શુભ મુહૂર્ત દર્શાવવા કૃપા કરો."

પૂજ્યશ્રીએ કમૂરતાં પછી પો. સુ. ૭ ના રોજ આવવા જણાવ્યું.

આ સ્થિરતા દરમ્યાન મહત્વની વાત એ બની કે–

કપડવંજથી પૂ. ચરિત્રનાયકશ્રીને પોતાના પ્રથમ પત્રનો ખુલાસો ન મળવાથી વ્યાકુળ બની ગયેલા પૂ. ચરિત્રનાયકશ્રીએ ફરીથી કાકલુદીભર્યો એક પત્ર લખેલ જે કે પ્રાચીન સંગ્રહમાંથી મળી આવ્યો છે-કે જે પત્ર જીવન-ચરિત્રના પ્રથમ વિભાગ (પા. ૨૫૧)માં તથા પરિશિષ્ટ-૬ (પા. ૫૦)માં છપાયેલ છે છતાં અહીં પ્રસંગાનુરૂપ સમજી ફરી નોંધ્યો છે.

× × × × × આપને એક પત્ર થોડા દિ પૂર્વે લખેલ તે મળ્યો હશે.

વિ. આ દરમ્યાન આપશ્રીનો મારા જેવાને પ્રભુ-શાસનના પંથે વાળવા ઉપયોગી-હિતશિક્ષા આપતો પત્ર પૂ. બાપુજી દ્વારા મળ્યો, વાંચી ખૂબ આનંદ થયો.

ભાગ. સુ-૭ ના રોજ લખેલ પત્રમાં મારી હૈયાની વેદના ઠાલવી છે. તે અંગે કૃપા કરી યોગ્ય માર્ગદર્શન આપશો.

વળી ખાસ નમ્ર વિનંતિ કે—આ સંસારની પ્રવૃત્તિઓમાં ડગંસે-પગલે અ-જયણા, જીવ-હિંસા ઇત્યાદિ અનેક પાપો કરવાં પડે છે, આમાંથી છુટાય શી રીતે!

આપના સંપર્કથી અને પૂ. બાપુજીની હિતકર-પ્રેરણાથી સંયમ-પંથે જવાની ઉત્સુકતા ઉપજી છે, પણ તેનું મૂર્તસ્વરૂપ મેળવવા દિશાસૂઝ નથી.

યોગ્ય માર્ગદર્શન આપશોજી. આપ તો જાણકાર છો, સેવક યોગ્ય શિખામણના બે બોલ જરૂર લખી મોકલવા તરફથી લેશોજી, × ×

સં. ૧૯૪૩ ના માહ સુ. ૩

ધનજી સંઘવી સંઘના આગેવાનોને લઈ પો. સુ. ૭ ના પૂજ્યશ્રી પાસે સંઘ કાઢવાની ભાવનાને સાકાર બનાવવા સંઘ-પ્રયાણનું મુહૂર્ત પૂછવા આવ્યા.

પૂજ્યશ્રીએ શુભ સ્વરોદય પારખી **ધનજીશેઠના** નામથી બરાબર તપાસી **માહ સુ.** ૫ નુ શ્રેષ્ઠ મુહૂર્ત બપોરે ૩=૩૭ પ્રયાણ. મુહૂર્ત અને માહ સુદ ૧૩ નું માળનું મુહૂર્ત આપ્યું.

ધનજી શેઠે પણ ખૂબ ઉલ્લાસપૂર્વક મુહૂર્ત વધાવી લીધું, શ્રીસંઘના સહકારથી ઝડપથી તૈયારીઓ કરવા માંડી.

પૂજ્યશ્રીએ પોષ વદ-૧૪ ના વ્યાખ્યાનમાં છ'રી પાળતા સંઘનું મહત્ત્વ અને યાત્રિકોની જવાબદારી અંગે મહત્ત્વની જાણકારી આપી.

પહેલા વ્યાખ્યાન પછી શ્રીસંઘ તરફથી **ધનજી શેઠને** સંઘપતિ તરીકેનું તિલક શ્રીસંઘના આગેવાન નગરશેઠ તરફથી થયું.

ધનજી શેઠે પણ આવો મહાન તીર્થયાત્રા કરવા–કરાવવાનો પવિત્ર લાભ પૂજ્યશ્રીની નિશ્રામાં મને મળશે, તે બદલ પોતાની જાતને ધન્ય માની સકળ શ્રીસંઘને સંઘમાં પધારવા આગ્રહભરી વિનંતિ કરી.

શ્રીસંઘના ઉત્સાહી–અગ્રણીઓના સહકારથી સંઘયાત્રા માટે જોરશોરથી તૈયારીઓ ચાલુ થઈ.

પૂજ્યશ્રીની દોરવણી મુજબ સુંદર ચાંદીના રથમાં ભવ્ય શાંતરસમુદ્રાવાળા નયન–રમ્ય પ્રભુજીને સાથે લેવાનું વિચાર્યું, શ્રી સંઘમાં પૂજા, ભક્તિ, ભાવના આદિથી સુંદર જિનભક્તિ મહોત્સવની વ્યવસ્થિત યોજના ગોઠવી.

વળી પૂજ્યશ્રીની સૂચનાથી ખાસ કરીને એકાસણું કરનારા યાત્રાળુને વધુ મહત્ત્વ આપવાનું ધનજી શેઠ ભૂલ્યા નહીં.

એકંદર ખૂબ ઉમંગ–ઉત્સાહથી માહ સુ. ૫ બપોરે વિજયમુહૂર્તે ઘેરથી ઉપાશ્રયે આવી બધી તૈયારી કરી બરાબર ૩–૩૭ ના મંગળમુહૂર્તે હાથી–ઘોડા–ડંકા નિશાન આદિ ભવ્ય આડંબર સાથે શ્રીસંઘે પૂજ્યશ્રીના મંગળાચરણ બાદ પ્રયાણ કર્યું.

આખા શહેરના જૈન–જૈનેતરોએ ધનજી શેઠનું બહુમાન પુષ્પમાળાઓ અને તિલક સાથે શ્રીફળ અને રોકડનાણાંથી ઉલ્લાસભેર કર્યું.

પ્રથમ મુકામ "अल्पारंभाः क्षेमकराः" એમ ધારી ટૂંકો વિહાર કરી **દેવાલી** ગામે કર્યો.

ત્યાંના જૈન શ્રીસંઘે શ્રી સંઘનું ભવ્ય સ્વાગત કર્યું પૂજ્યશ્રીનું વ્યાખ્યાન થયું. સાંજે શ્રીસંઘની ભક્તિ થઈ, રાત્રે પ્રભુ-ભક્તિ ઠાઠથી થઈ.

ઉદયપુર શ્રીસંઘના પ્રતિષ્ઠિત આગેવાનો ઉપરાંત હજારોની સંખ્યામાં જૈન-જૈનેતરોએ વ્યાખ્યાન આદિમાં લાભ લીધો.

બીજે દિવસે **ગોગુંદા** મુકામ થયો, પાંચમા મુકામે **ભાણુપુરાની** નાળ થઈ માહ સુ. ૧૧. મંગળપ્રભાતે **રાણકપુર** તીર્થે પ્રવેશ કર્યો.

આસપાસના **ઘાણેરાવ-સાદડી** આદિના હજારો ધર્મ-પ્રેમીઓ શ્રીસંઘના દર્શનાર્થે આવ્યા.

સુ. ૧૩ ના સવારે ૯-૨૩ મિનિટે તીર્થમાળાની વિધિ શરૂ થઈ. શાસન-પ્રભાવનાપૂર્વક ભારે ઠાઠથી ૧૧-૨૭ મિનિટે સંઘવીને માળારોપણ થયું.

આ પ્રસંગે સંઘવીએ છૂટે-હાથે સાત ક્ષેત્રમાં લાભ લીધો.

પૂજ્યશ્રીની દેશનાથી શ્રીસંઘના યાત્રિકોએ યાત્રાની પુનિત સ્મૃતિ નિમિત્તો વિવિધ જાતના ધર્માભિગ્રહો સ્વીકાર્યા.

સાદડી–સંઘના આગેવાન શ્રાવકોની આગ્રહભરી વિનંતિ થવાથી પૂજ્યશ્રી માહ સુ. પૂનમ સાંજે **સાદડી** ગામ બહાર પધાર્યા. માહ વદ ૧ સવારે પૂજ્યશ્રીનો નગર–પ્રવેશ થયો.

પૂજ્યશ્રીની તાત્વિક – દેશના અને સચોટ હૃદયસ્પર્શી ઉપદેશ–શૈલિથી પ્રભાવિત બનેલ **સાદડી** શ્રી સંઘે પૂજ્યશ્રીને આગ્રહપૂર્વક રોકયા.

ત્યાંના સ્થાનકવાસીઓના આગેવાન શ્રાવકોને તાત્વિક શાસ્ત્રીય વાતોની રજૂઆત કરનારા સંવેગી સાધુને સાંભળવા જિજ્ઞાસા થઈ. ગામમાં સ્થાનકવાસીઓની સંખ્યા વધુ અને તેઓ અજ્ઞાનવશ થતા સંકોચના કારણે ઉપાશ્રયે આવતાં અચકાય, તેથી શ્રીસંઘના આગેવાનોએ બજારમાં જાહેર વ્યાખ્યાનની ગોઠવણ કરી.

સ્થાનકવાસી ઉપરાંત જૈનેતરો સંવેગી જૈનસાધુની તાત્વિક–દેશના કદી સાંભળેલ ન હોઈ ખૂબ ધર્મોલ્લાસથી આનંદિત બન્યા.

શ્રીસંઘે ફાગણ–ચોમાસાનો આગ્રહ કર્યો. વધુ પ્રમાણમાં લોકોની સક્રિય ધર્મભાવના નિહાળી પૂજ્યશ્રીએ ફાગણ–ચોમાસી સુધી સ્થિરતા કરી.

આ દરમ્યાન વાયુવેગે આસપાસના ગામોમાં ફેલાયેલ પૂજ્યશ્રીની ધર્મ-કીર્તિથી પ્રેરાઈ **ઘાણેરાવના શેઠ મુલતાન-મલજી સંઘવીએ** પોતાના ખર્ચે બહારથી આરાધકોને બોલાવી સામુદાયિક ચૈત્રી-ઓળી કરાવવા માટે ભાવનાશીલ બની પૂજ્યશ્રી પાસે આવી **ઘાણેરાવ** પધારવા આગ્રહભરી વિનંતી કરી.

પૂજ્યશ્રીએ ક્ષેત્ર-સ્પર્શના અને ધર્મ-પ્રભાવનાનો વિચાર કરી ફા. વ. ૫ **સાદડીથી** વિહાર કરી **ઘાણેરાવ** પધાર્યા, ત્યાંના વિશાળ જિનમંદિરોમાં તથા નજીકમાં રહેલ **મૂંછાળા મહાવીરજી તીર્થે** અનુપયોગથી થનારી અનેક આશાતનાઓ વારી પૂજ્યશ્રીએ ફા. વ. ૧૦ થી વ્યાખ્યાનમાં ચૈત્રી-ઓળીનું મહત્ત્વ જોરદાર ઓજસ્વિની શૈલિથી સમજાવવા માંડયું.

પરિણામે ચૈત્રી-ઓળીનું સામુદાયિક આરાધન કરાવવા ઇચ્છતા **શેઠ શ્રી મુલતાનમલજી સંઘવીએ** ખૂબ ભાવોલ્લાસપૂર્વક સુંદર આરાધન કરાવવા તૈયારી કરી.

પત્રિકા લખી આસપાસના ગામોના ભાવિક-આરાધકોને આમંત્ર્યા.

ચૈ. સુ. ૬ ના રોજ બધા તપસ્વીઓના ઉત્તરપારણાં રાખ્યાં, સ્થાનિક શ્રીસંઘમાં સંવેગી - સાધુઓનો સંયોગ ઘણા વખતે મળ્યો હોઈ ધર્મોત્સાહ ઘણો હતો. ત્રણસો સ્થાનિક અને બહારના

અઢીસો મળી સાડાપાંચસો આરાધકોએ શ્રી નવપદજીની ઓળીની સુંદરતમ આરાધના પૂજ્યશ્રીની નિશ્રાએ કરી.

ચૈત્રીઓળી દરમ્યાન ઉદયપુર શ્રીસંઘ અને ચોગાનના દહેરાસરોના વહીવટદારોનો પત્ર આવ્યો, જેમાં પરસ્પર મતભેદના કારણે થઈ પડેલા વર્ગવિગ્રહ અને વૈમનસ્યની વાત રજૂ થયેલી અને બંને પક્ષે પૂજ્યશ્રીને તાકીદે ઉદયપુર પધારી વૈમનસ્ય દૂર કરવા વિનંતિ કરેલી.

ચૈત્ર વદ ત્રીજના રોજ બંને પક્ષના આગેવાનો પૂજ્યશ્રીને ઉદયપુર પધારી ધર્મસ્થાનોના વહીવટમાં પડેલી ગૂંચ ઉકેલવા પધારવા આગ્રહભરી વિનંતિ કરી.

એટલે ઉદયપુરની ધાર્મિક-સંપત્તિઓના વહીવટીતંત્રમાં થયેલ ખેંચાતાણીના પરિણામે ધર્મસ્થાનોની અ-વ્યવસ્થા ન થાય, વળી ઉદયપુર શ્રીસંઘનો તથા સામાપક્ષે ચોગાનના વહીવટદારોનો ખાસ આગ્રહ તથા ચોગાનના દહેરાસરની સ્થાપના સાગર-શાખીય-મુનિવરોના હાથે થયેલી હોઇ તેની અ-વ્યવસ્થા નિવારવાની પોતાની જવાબદારી આદિ કારણોને વિચારી ઇચ્છા નહીં છતાં પરિસ્થિતિવશ પૂજ્યશ્રીએ ઉદયપુર તરફ વિહારનો વિચાર રાખ્યો.

ચૈત્ર વદ દશમના દિને **ઘાણેરાવથી કુંભલમેર, રીંછેડ, આમેર થઈ રાજનગર-દયાલશાહનો કિલ્લો, અદબદજી** થઈ વૈશાખ વદ ૧૧ ના મંગળદિને **ઉદયપુર** પધાર્યા.

શ્રીસંઘે પૂજ્યશ્રીનું ચાતુર્માસ હવે અહીં જ થશે અને આગ્રહ કરી કરાવીશું જ, એમ ધારી ધામધૂમથી પ્રવેશ મહોત્સવ કર્યો.

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં ધર્મસ્થાનોના વહીવટની પવિત્રતા કાર્યવાહકોની જવાબદારી આદિ પર પ્રકાશ પાથરવા સાથે બંને પક્ષનું બરાબર સાંભળી હકીકતમાં અહંભાવથી ઉપજેલ વિકૃત વાતોનું નિરાકરણ કરી બંનેનું મન સંતુષ્ટ કર્યું.

પણ પૂજ્યશ્રીને પરિસ્થિતિનો અભ્યાસ કરતાં લાગ્યું કે અણસમજ અને વહીવટી નિપુણતાના અભાવે કેટલીક અક્ષમ્ય -ક્ષતિઓ થવા પામી છે, તેથી બધા ચોપડા તપાસી ખાતાવાર બધી વિગતો મેળવી વહીવટદારોનું ધ્યાન ખેંચી યથાયોગ્ય સુધારા કરાવ્યા.

આ બધી પ્રવૃત્તિમાં જેઠ વદ પાંચમ થઈ ગઈ. જેઠ વદ ૧૦ ના આર્દ્રા હતા, વરસાદની તડામાર તૈયારીઓ થઈ ગઈ, એટલે અનિચ્છાએ તેમજ શ્રીસંઘના અતિ-આગ્રહથી

અને માગસર વદમાં ચાતુર્માસની ગર્ભિત હા પડાઈ ગયેલ હોઈ વચન-બદ્ધતાના કારણે **વિ. સં. ૧૯૪૩નું ચોમાસું પૂજ્યશ્રીને ઉદયપુર કરવું પડ્યું.**

પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં દેવદ્રવ્યાદિની અ-વ્યવસ્થા દૂર કરવાના શુભ આશયથી શ્રાવકોના કર્ત્તવ્યના અધિકારની વાત વધુ સ્પષ્ટ રીતે સમજાવનાર **શ્રીશ્રાદ્ધ-દિનકૃત્ય સૂત્ર** અને ભાવનાધિકારે **સુદર્શનાચરિત્ર** શરૂ કર્યું.

શ્રાવકોના દૈનિક-કર્ત્તવ્યનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવે તે રીતની છણાવટ સાથે પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં રજુઆત કરવા માંડી, જેથી શ્રાવક-જીવનમાં ઉપયોગની પ્રધાનતા શ્રોતાઓના મગજમાં ઠસવા માંડી.

પરિણામે અંધારે ચૂલો સળગાવવો, ગાળ્યા વગરનું પાણી, જીવ-યતનાનો અભાવ, લીલફૂલ અને ત્રસજીવોની થતી અ-જયણા, વાસી, વિદલ, રાત્રિભોજન, કંદમૂળ આદિ અભક્ષ્ય-પદાર્થો આદિ શ્રાવક-જીવનને અણછાજતી ઘણી બાબતો પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રાવકોના ઘરમાંથી દૂર થવા માંડી.

શ્રા. સુ. ૫ થી ૧૦ સુધી **પંચરંગીતપ** શરૂ થયો, જેમાં પાંચ ઉપવાસવાળા પચ્ચીસ, ચાર ઉપવાસવાળા પચાશ, ત્રણ ઉપવાસવાળા સો, બે ઉપવાસવાળા બસો અને એક

ઉપવાસવાળા ચારસો મળી ૭૭૫ આરાધકોએ ચારગતિનો નાશ કરી પંચમીગતિ મોક્ષ પ્રાપ્ત કરવા માટેની વિશિષ્ટ-આરાધના કાઉસ્સગ્ગ, ખમાસમણ, સાથિયા અને નવકારવાળી સાથે ભાવોલ્લાસપૂર્વક કરી.

અહીં એક મહત્વની વાત એ પણ સમજવાની છે કે—

પૂજ્યશ્રી ઉદયપુર જેવા મેવાડના દૂર પ્રદેશમાં વિચરવા છતાં ગુજરાતના તત્ત્વપ્રેમી જિજ્ઞાસુ લોકો સાથે પત્રવ્યવહાર રાખી તેઓની ધર્મજિજ્ઞાસાને તૃપ્ત કરતા હતા, તેમજ વિવેકી-શ્રાવકોને જિનશાસનના સુગૂઢ રહસ્યો અવાર-નવાર પત્રથી સમજાવતા હતા.

આ બધી વાતની માહિતી પૂરી પાડતો એક મોટો પત્ર પ્રાચીન-સંગ્રહમાંથી મળી આવ્યો છે.

મુનિરાજ ઝવેરસાગરજી! સુ. ગિરધર પાનાચંદ તથા મનસુખ હીરાચંદ તથા_____તથા દલસુખ પાનાચંદ તથા કુબેર પરશુ-દાસ તથા ધરમ_____વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી. આપ તરફ અમો _____ઘણા_____યાદ કરીએ છીએ. કામકાજ અમલાયક_____તે ફરમાવજો.

શંકરજીની વંદના એકલખ્ખર આઠ વાર અવધારશોજી.

હું આપની ઘણી ચાહના રાખું છું, તે શી રીતે મેલાપ થશે ? તે તો ગ્યાની મહારાજ જાણે.

વળી લખવાનું કે આ કાગળનો જવાબ લખશો. પદ્મસાગરજી વાંચ્યું છે તેના જવાબ લખશો.

(૧) રત્નાકર પચ્ચીશીના કર્તા રત્નસાર સૂરિજીએ બાઈઓ અથવા દાસદાસી રાખી હતી તેમને બે રૂપીયા આપીને વિદાય કરીને બાકી _____ દરજ્જામાં દીધા.

એ વાત બદલ અમને અંદેશો રહે છે.

(૨) સાધુના છઠે ગુણઠાણે સંજમનો _____ થાય તો મુનિપણું જાય નહીં ? સંજમની બે_____

(૩) એક ગુંહલી શ્રાવક શોભાના ગુણની તેમણે અત્રે બનાવી છે, તેમાં શ્રાવકને બહુશ્રુત કહ્યા છે, તે શી રીતે ?

બીજું ઘણું વધારે લખતા નથી,

(૪) જંબુદ્વીપના ખંડવા કેટલા ?

(૫) સાડા પચ્ચીશ આરિજ દેશ કયા ? તેનાં નામ.

હાલમાં સરવે ખુશીમાં છે.

પજુસણમાં **મહાસુખરામ મીઠાચંદ** કલ્પસૂત્રની ચોપડી વાંચશે. પદ્મસાગરને ત્યાં લોકો બિલકુલ જતા નથી, આપની ખુશીનો પત્ર તાકીદે લખશો.

આપ સાહેબની ચિઠ્ઠી પોંતી છે, અમોએ કાગળ તમને સુદ–૮ મોકલેલ છે, તે તમારો જવાબ આવ્યેથી જણાશે.

તમારા વિરહનું દુઃખ ખમાતું નથી. પણ એ કહેવા પ્રાયઃ હાલ જણાય છે, તમો હમારા મનમાં રહેલ કંઈ દુઃખ જાણતા નથી.

વળી **રત્નકરસૂરિજી**એ બે બૈરીઓ રાખી હતી તેવું ગોરજી **પદ્મસાગરજી**એ પરૂપણા કરી છે, માટે તે વાતનું શી રીતે છે? માટે તેનો જવાબ લખશોજી.

વળી **રત્નાકર પચ્ચીશી**ની ગાથામાં दत्तं न दानं परिशीलितं च. એ ગાથાનો અર્થ સેવકને લખી મહેરબાની કરશોજી.

(૧) चउक्कसाय. પડિકમણામાં કહે છે, તે વખતે પ્રથમ ખમા–સમણ દેવું કે નહીં? તેનો ઉત્તર લખજો.

(૨) પ્રથમની લખેલ હકીકતનો જવાબ ઉત્તર કરી લખશો. હું_____ ધરમ વિશે છું, પણ આદરા ફરી પરણાવાના કારણથી સંસારમાં ઘણો જરૂરથી બંધણીમાં પડયો છું, પણ શું કરૂં? કેમ જે પસ્તાવો તો_____તે કહી શકતો નથી.

સેવક ઉપર કિરપા રાખી મહેરબાની રાખી હમારા લાયક કામકાજ લખજો.

૧૯૪૩ના શ્રાવણ સુ. ૮ મંળ. કરમચંદ વળીબાલચંદજી

_____મુંબઈ બંદર છે_____ મુંબઈ છે તેવા.....સભ _____છે, માટે તે બાબત હમોને ખુલાસો લખશો.

લી. કરમચંદ_____

આ પત્રમાં કપડવંજ–સંઘના આગેવાનોના નામો છે, વળી કરમચંદભાઈ જે પત્ર લખનાર ભાઈ છે, તે પણ ખૂબ જ તત્ત્વપ્રેમી ગુણાનુરાગી જિજ્ઞાસુ અને મુમુક્ષુ જણાય છે.

પૂજ્યશ્રીને તાત્ત્વિક બાબતો પૂછાવી છે, તે પરથી પૂજ્યશ્રીના સંપર્કમાં આવનાર પુણ્યાત્માઓ તત્ત્વદૃષ્ટિની ખીલવણી તરફ કેટલા વળતા હશે ? તેનો અણસાર આવે છે.

આ રીતે પૂજ્યશ્રી ઉદયપુર રહ્યા, પણ કપડવંજ જેવી પૂ. ચરિત્રનાયકશ્રીની પૂણ્યભૂમિના શ્રાવકો સાથે અજ્ઞાત –સંકેતરૂપે પણ સંપર્ક રાખી જાણે ! પૂ ચરિત્રનાયકશ્રીના જીવન ઘડતર માટે જરૂરી તત્ત્વદૃષ્ટિની ખીલવણી માટે પૂર્વભૂમિકા કુદરતી રીતે તૈયાર થવા નિમિત્ત–કારણરૂપ બની રહ્યા.

પર્વાધિરાજ શ્રીપર્યુષણપર્વ પ્રસંગે અમદાવાદથી પૂ. ગચ્છાધિપતિશ્રીની નરમ તબિયતના સમાચારથી પૂજ્યશ્રી જરા વ્યથિત બન્યા, ચોમાસું ઉતર્યે ઝડપથી પૂજ્યશ્રીની સેવામાં હાજર થઈ જવાનું મનમાં ગોઠવ્યું.

સંવત્સરીના ખામણાંના પત્રમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની તબિયત સારી છતાં કથળતીના સમાચાર જાણી પૂજ્યશ્રીને વધુ ચિંતા થવા માંડી, ઉદયપુર શ્રીસંઘને પણ આ બાબત

જાણકરી અને જેમ બને તેમ બધા કામ આટોપી કા. સુ. પૂનમ થાય કે તુર્ત **અમદાવાદ** તરફ જવાની પાકી તૈયારી કરવા માંડી.

ભાદરવા સુદ દશમથી સવારના ૬॥ કે ૭ વાગે **ઉદયપુર**–શહેરના દહેરાસરોની શહેરયાત્રા (સામૂહિક અષ્ટપ્રકારી પૂજા સ્વદ્રવ્ય અને જાત મહેનતથી કરવા રૂપની) શરૂ થઈ.

દરેક લત્તામાં મુખ્ય સ્થાને સામુદાયિક–પૂજાનો ક્રમ પત્યા પછી નવ વાગે પૂજ્યશ્રીનું વ્યાખ્યાન "**વીતરાગ–પરમાત્માની ભક્તિનું રહસ્ય**" વિષય પર થાય, કે જેથી પુણ્યવાન આરાધક જીવો પ્રભુ–ભક્તિના પરમાર્થને ધ્યાનમાં લઈ ચઢતા–ઉમંગે અ–વિધિના ત્યાગ અને વિધિના આદર –બહુમાન સાથે પ્રભુ–ભક્તિમાં પ્રવર્ત્તવા લાગ્યા.

એકંદરે આ કાર્યક્રમથી ધર્મપ્રેમી–જનતાના માનસમાં શ્રી વીતરાગ–પ્રભુની ભક્તિની વિશિષ્ટ મહત્તા અંકિત થઈ રહી.

આસો સુદ ત્રીજના **ચૌગાનના** દહેરાસરે શહેરયાત્રાનો કાર્યક્રમ પૂરો થયો. તે દિવસના વ્યાખ્યાનમાં આસો સુ. ૬ થી શરૂ થતી શાશ્વત શ્રી નવપદજીની ઓળીની સામુદાયિક આરાધનામાં જોડાવા પૂજ્યશ્રીએ સહુને પ્રેરણા કરી. શ્રી

સહસ્રફણા પાર્શ્વનાથપ્રભુના જિનાલયે સામૂહિક-સ્નાત્ર આદિ વિધિમાં ઉમંગપૂર્વક લાભ લેવા શ્રીસંઘે પણ જાહેરાત કરી.

૭૦ થી ૮૦ નવા ઓળીવાળા તેમજ ૧૨૫ થી ૧૫૦ જુના ઓળીવાળા મળી ૨૨૫ આરાધકો **શ્રીનવપદજીની** ઓળીની ભવ્ય-આરાધનામાં પૂજ્યશ્રીની પ્રેરણાથી જોડાયા.

વ્યાખ્યાનમાં છટાદાર-શૈલીથી પૂજ્યશ્રીએ **શ્રીપાળ-ચરિત્રના** પ્રસંગોનાં રહસ્યો સમજાવી આરાધકોને ઉદાત્ત પ્રેરણા આપી.

આરાધકો પૈકી **શ્રી જડાવચંદનાં** સુપત્ની **સુગન-બાઈને** ભાવોલ્લાસ થવાથી ત્રણ છોડનું ઉજમણું ભવ્ય શાંતિસ્નાત્ર-મહોત્સવ સાથે કરવા ભાવના જાગી, તે મુજબ તાત્કાલિક ઝડપી તૈયારી કરાવી આસો સુદ ૧૫ થી ઉજમણા-નો પ્રારંભ કરી આસો વદ ૭ નું શાંતિસ્નાત્ર રાખી સુ. ૧૫ થી અઠ્ઠાઈ ઓચ્છવ શરૂ કરવા પૂજ્યશ્રીએ અનુમતિ આપી.

ઉજમણાની સ્થાપના **ગોડીજી મહારાજના** દેરાસર-ની પાસે ઉપાશ્રયમાં થઈ, અઠ્ઠાઈ-ઓચ્છવ **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુના** જિનાલયમાં રાખ્યો.

ભવ્ય-અંગરચના આદિ સાથે વિવિધ પૂજાઓના

કાર્યક્રમ સાથે શ્રી વીતરાગપ્રભુની ભક્તિનો ભવ્ય કાર્યક્રમ શરૂ થયો.

ત્યારબાદ પૂજ્યશ્રીએ લૌકિક-પર્વરૂપે **દીવાળીની** અનર્થકારિતાને ટાળવા **પ્રભુ મહાવીર પરમાત્માના** નિર્વાણ-કલ્યાણક સાથે તેનો આદર્શ સંબંધ શાસ્ત્રાધારે દર્શાવી લોકોત્તર રીતે પ્રકાશ પર્વરૂપે **દીવાળીનું** મહત્ત્વ સમજાવી અજ્ઞાનના અંધકાર ઉલેચવા સમર્થ પ્રભુ-શાસનની સફળ આરાધના રૂપે **દીપોત્સવીની** આરાધનાનો પરમાર્થ સમજાવ્યો.

તે મુજબ પુણ્યાત્માઓએ છઠ્ઠની તપસ્યા બે દિવસના પૌષધ અને રાત્રે ગણણું, દેવવંદન આદિ વિધિ સાથે **દીવાળીપર્વની** લોકોત્તર-આરાધના **ઉદયપુરમાં** પ્રથમવાર કરી.

નૂતનવર્ષના મંગળ-પ્રભાતે આદ્ય-ગણધર **શ્રીગૌતમ-સ્વામીજી** મ. ના કેવળજ્ઞાનને નજરમાં રાખી મોહના ક્ષયોપશમ માટે સહુને સાવધ બનવા જણાવી નૂતનવર્ષમાં સૌથી પ્રથમ આવનાર **જ્ઞાનપંચમીની** આરાધના માટે યોગ્ય-તૈયારી કરવા જણાવ્યું.

પૂજ્યશ્રી ધાર્મિક આરાધક-જનતાના હૃદય સિંહાસન

પર આરૂઢ થયેલા હોઈ તેઓશ્રીની વાણીની દોરવણી મુજબ સહુ આરાધનામાં લયલીન બની જતા.

આ રીતે સં. ૧૯૪૩નું ચોમાસું ખૂબ જ ધર્મોલ્લાસ વચ્ચે પુરૂં થવાની તૈયારીમાં હતું ત્યાં કા. સુ. ૧૦ ના રોજ અમદાવાદથી કીકાભટ્ટની પોળમાં રહેતા **શેઠ દીપચંદ દેવચંદનો** વિનંતિપત્ર આવ્યો કે—

" પૂ. શ્રી ગચ્છાધિપતિની નિશ્રામાં તીર્થાધિરાજશ્રી શત્રુંજય –ગિરિરાજની મંગળ–યાત્રા ચતુર્વિધ-શ્રીસંઘ સાથે છ'રી પાળવા પૂર્વક કરવા–કરાવવાનો દેવ–ગુરૂકૃપાએ ભાવ જાગ્યો છે, જેનું મુહૂર્ત હવે જોવડાવીશ, પણ પૂ. ગચ્છાધિપતિશ્રીની શારીરિક–સ્વસ્થતા અરાબર જેવી નથી, તેથી વહેલામાં વહેલી તકે સંઘ કાઢવા ભાવના છે.

આપને આગ્રહભરી નમ્ર વિનંતિ છે કે–તે બાજુ આપને ઘણા વર્ષો થઈ ગયાં, પૂ. ગચ્છાધિપતિ પાસેથી વારસો મેળવવા આપ જેવાની અહીં ખાસ જરૂર છે, સાથે જ મારી ભાવના છે કે આપ જરૂર સંઘમાં પધારો.

માટે ચોમાસું પૂરૂં થયે કોઈપણ જાતનો કાર્યક્રમ ગોઠવ્યા વિના તુર્ત ગુજરાત ભણી વિહાર કરી **અમદાવાદ** વહેલામાં વહેલી તકે પધારશો.

આપ તો સુજ્ઞ–વિવેકી અને શાસનના ધોરી છો. મારી ભાવના અને પૂ. ગચ્છાધિપતિની શરીર–પ્રકૃતિનો વિચાર કરી યોગ્ય નિર્ણય તુર્ત કરી મને પત્રથી આનંદિત કરશો."

પૂજ્યશ્રી આ પત્રને વાંચી પૂ **ગચ્છાધિપતિશ્રીની** તબિયત અંગેના સમાચારથી જરા ઉદ્વેગવાળા થયા, પણ **ઉદયપુર** શ્રીસંઘના ધર્મસ્નેહભર્યા આગ્રહની પકડમાંથી મુક્ત થવા **અમદાવાદથી** શ્રી **શત્રુંજય-ગિરિરાજના** છ'રી પાળતા સંઘની વાતનો ઉપયોગ સફળ રીતે થઈ શકશે, તેમ થવાથી પોતાને **પૂ. ગચ્છાધિપતિશ્રીના** દર્શન-વંદનનો લાભ તુર્ત મળશે, તે બદલ આનંદિત પણ થયા.

અહીં **અમદાવાદથી** શેઠ **દેવચંદભાઈના** શ્રી **સિદ્ધગિરિ મહાતીર્થના** છ'રી પાળતા સંઘની વાત જે આપી છે.

આ અંગે "**આદર્શ** ગચ્છાધિરાજ" (શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા – **અમદાવાદથી** વિ. સં. ૨૦૧૧ માં પ્રકાશિત ગુજરાતી પુસ્તક) માં **સ્વ. પૂ. શ્રી દર્શન-વિજયજી મ.** ત્રિપુટી મહારાજ ("**જય શત્રુંજય**"નામે ૧૫ મા પ્રકરણ-પા. ૧૦૨ માં) નોંધે છે કે—

"પૂ. **મૂલચંદજી** મહારાજે **શત્રુંજય-મહાતીર્થની** યાત્રા અનેકવાર કરી હતી, તેઓને **શત્રુંજયની** યાત્રાનો પુનઃ મનોરથ થયો, એટલે તેઓએ એ યાત્રા ન થાય ત્યાં સુધી તુવરની દાળનો ત્યાગ કર્યો. પણ શાસનના કામને લીધે જવાનું બની શકયું નહીં.

અમદાવાદના કીકાભટ્ટની પોળવાળા શેઠ **દીપચંદ દેવચંદ**

પૂ. મહારાજશ્રીના અનન્ય ગુણરાગી હતા, તે એક દિવસે વાંદવા આવ્યા, અને વાતચીત ચાલી.

દીપ૦ સાહેબ ! સાધુઓને આજ્ઞા કરો. મને ગોચરીનો લાભ મળે !

મૂ૦ વર્તમાન જોગ !

દી૦ પણ સાંભળ્યું છે કે આપ તુવરની દાળ વાપરતા નથી. તો શું કારણ છે ? કયારે વાપરશો ?

મૂ.૦ તું વપરાવીશ, ત્યારે !

દી.૦ વાત શું છે ? એ જણાવોને ?

મૂ૦ ભાઈ ! શત્રુંજયની યાત્રાની આખડી રાખી છે, પણ સંઘના કામને લીધે નિકળાતું નથી અને યાત્રાયતી નથી. આમ તો નહીં નિકળાય કોઈ સંઘ કાઢે તો કદાચ નિકળાય અને યાત્રાનો લાભ મળે.

દી૦ ગુરૂદેવ ? આ સેવક તૈયાર છે ! કઢાવો મુહર્ત !

મૂ૦ તો જરૂર મને યાત્રા થશે.

આ રીતે શેઠ દીપચંદ દેવચંદ તરફથી શત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢવાનું નક્કી થયું.

—આદર્શ ગચ્છાધિરાજ પ્રકરણ પૃ૦ ૧૦૨

આ રીતે ઉપસ્થિત થયેલ પાલીતાણા–સંઘમાં જવાની વાતને આગળ કરી પૂ. ગચ્છાધિપતિશ્રીની વંદના માટે

અત્યંત ઉત્સુક બનેલ પૂજ્યશ્રીએ ઉદયપુર શ્રીસંઘને કા. સુ. ૧૪ ના રોજ વ્યાખ્યાનમાં પત્ર વાંચી સંભળાવી કા. વ. ૨ સવારે કેશરીયાજી થઈ ગુજરાત–અમદાવાદતરફ વિહારની ભાવના રજુ કરી.

શ્રીસંઘે નાના–મોટા સહુએ એકદમ આઘાત અનુભવ્યો, પરિણામે સહુએ ખૂબ જ ઉમંગ–તમન્નાથી પૂજ્યશ્રીને વધુ ધર્મલાભ આપવા સ્થિરતાનો ખૂબ આગ્રહ કર્યો, પણ છેવટે કર્ત્તવ્ય–નિષ્ઠાના ધોરણે પૂજ્યશ્રી મૌનભાવે સહુના ધર્મપ્રેમને ઝીલી રહ્યા.

સમયોચિત–આશ્વાસન પૂજ્યશ્રીએ ફરમાવ્યું, સહુએ ભારે–હૈયે વિદાય લીધી, ધામધૂમથી કા. સુ. ૧૫ નું ચાતુર્માસ–પરિવર્તન કરી સિસારવા ગામે શ્રી સિદ્ધગિરિનો પટ બાંધી મહા તીર્થાધિરાજની આરાધના સકળ શ્રીસંઘ સાથે પૂજ્યશ્રીએ કરી.

પૂજ્યશ્રીએ કા. વ. ૧. ના યોગ્ય તૈયારી કરી છેલ્લા વ્યાખ્યાનમાં સહુને ધર્મની આરાધના કરવા ભલામણ કરી, કા. વ. ૩ ના મંગળપ્રભાતે ગુજરાત તરફ જવાના ઈરાદે કેશરીયાજી તરફ વિહારની જાહેરાત કરી.

આખો સંઘ ખૂબ જ નારાજ બન્યો, ઉદ્વિગ્ન થયો. પૂજ્યશ્રીને ખૂબ આજીજી કાલાવાલા કરી થોડા દિવસ વધુ

રોકાવા ખૂબ આગ્રહ કર્યો, પણ પૂ. ગચ્છાધિપતિની તબિયતના કારણે તેમજ પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં **કીકાભટ્ટની પોળવાળા શેઠ દીપચંદ દેવચંદ** તરફથી મહા સુ. ૩ ના મંગળ-પ્રભાતે શ્રી **સિદ્ધિગિરિ-પાલીતાણાનો** છ'રી પાળતો સંઘ નિકળતો હોઈ તે પૂર્વે પહોંચી જવાના ધ્યેયથી પૂજ્યશ્રી શ્રીસંઘના આગ્રહને વશ ન થયા.

છેવટે ટૂંકમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે— "**મહાનુભાવો!** કારણવશ-સંજોગવશ સળંગલાગટ દશ ચોમાસાં અહીં કરવાં પડયાં, આટલો બધો તમારા બધાંનો ગાઢ પરિચય થયો, છતાં આપ લોકોને મારા તરફ અરૂચિ-અભરખો નથી થયો, તે તમારી ઉત્કૃષ્ટ ધર્મનિષ્ઠા દર્શાવે છે, પણ હવે, "**તમે ના કહેતા રહો અને મહેમાન ચાલ્યા જાય તેમાં જ મહેમાનની શોભા**" ન્યાય પ્રમાણે ગુણાનુરાગ-ભર્યા તમો બધાના ધર્મસ્નેહભર્યા ઈન્કાર વચ્ચે અમ-સાધુઓને વિહરવામાં તમારી અને અમારી શોભા છે. કેમકે કહ્યું છે કે –

"**જાકારા સાથે સાધુને વિદાય કરવા કે થવામાં ઉભયપક્ષે હાનિ છે.**"!

"તમો બધા સમજુ-દીર્ઘદર્શી છો! મારે પૂ ગચ્છા-

ધિપતિશ્રીને વંદન કર્યે સોળ વર્ષ વીતી ગયા, હવે પૂ. ગચ્છાધિપતિશ્રીની તબિયત લથડી છે, માટે હવે બહુ આગ્રહ ન કરો તો સારૂં”

એ રીતે હાર્દિક આશ્વાસન આપી શ્રીસંઘનું મન સંપાદિત કર્યું.

કા. વ. ૩ સવારે નાના–મોટા ધર્માનુરાગી સહુની ભાવભરી વિદાય લઈ પૂજ્યશ્રીએ વિહાર કર્યો.

ઉદયપોળ–દરવાજે માંગલિક સંભળાવ્યું, અશ્રુભીના –નયને સહુએ પૂજ્યશ્રીને શાતાપૂર્વક વિચરવાનું કહી ભારે –હૈયે સહુ પાછા વળ્યા.

પૂજ્યશ્રી કા. વ. ૬ ના મંગળ દિને **કેશરીયાજી** પધાર્યા, વિહારમાં **ઉદયપુરના** સેંકડો ભાવિકો હતા.

તે સહુ સાથે **કેશરીયાજી**ની ભવ્ય યાત્રા કરી પૂજ્યશ્રીએ **ડુંગરપુર** બાજુ વિહાર કર્યો.

ભક્તિશાળી કેટલાક શ્રાવકો હજી પણ સેવાના લાભ માટે વિહારમાં સાથે રહ્યા.

કા. વ. ૮ સવારે **ડુંગરપુર**માં પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત થયું.

શ્રીસંઘના આગ્રહથી બે દિવસ સ્થિરતા કરી અને કા. વ. ૧૦ પ્રભુમહાવીરની દીક્ષા-કલ્યાણક-તિથિનો ખ્યાલ આપી પૂજા-રથયાત્રા-મહોત્સવ કરવા શ્રીસંઘને પ્રેરણા આપી.

શ્રીસંઘે પણ ચઢતા-ઉમંગે શાસન-નાયકશ્રીમહાવીર-પ્રભુની દીક્ષા-કલ્યાણકની ભવ્ય આરાધના કરી.

કા. વ. ૧૧ સવારે **વીંછીવાડા** થઈ **શામાજી** વટ અમાસે પધાર્યા, ત્યાંથી માગ. સુ. ૧ સવારે **ટીંટોઇ**-તીર્થે **મુહરી-પાર્શ્વનાથ-પ્રભુને** દર્શન-વંદન કર્યાં.

શ્રીસંઘે મૌન-એકાદશી માટે રોકવા ઘણો આગ્રહ કર્યો, પણ પૂ. ગચ્છાધિપતિશ્રીના દર્શન-વંદનની ઉત્સુકતાથી રોકાયા નહીં.

મોડાસા, બાયડ, ધડિયા, લાલપુર થઈ પૂજ્યશ્રી માગ. સુ. ૧૦ના શુભદિને **કપડવંજ** પધાર્યા.

શ્રીસંઘને ખબર પડી કે અકાલે આંબે ફળ્યાની જેમ કે અચાનક નિધાનની પ્રાપ્તિની જેમ ખૂબ આનંદિત થઈ પૂજ્યશ્રીની નિશ્રામાં મૌનએકાદશીની ભવ્ય આરાધના વિધિપૂર્વક કરી.

પૂજ્યશ્રીએ **મગનભાઈ ભગતને** તથા પૂ. **ચરિત્રનાયકશ્રીને** પાસે બેસાડી સંયમ ધર્મની મહત્તા, તેની પ્રાપ્તિ

માટેના ભવ્ય પુરૂષાર્થ અને તે અંગે વ્યવસ્થિત યોજના માટે વિચારણા કરી તેઓને સંયમ–માર્ગે વધવા ઉદાત્ત પ્રેરણા કરી.

પછી માગ. વદ. ૧ સવારે પૂજ્યશ્રી **આંતરસૂબા, દહેગામ** થઈ માગ. વદ ૭ના રોજ **નરોડા** પધાર્યા, **અમદાવાદ** સમાચાર પહોંચવાથી પૂ. ગચ્છાધિપતિશ્રી દ્વારા યોગ્યનું સન્માન યોગ્ય રીતે થવાના હેતુથી પોતાના આઠ–દશ સાધુઓને લેવા માટે મોકલ્યા.

પૂજ્યશ્રીએ પણ ખૂબ જ ઉલ્લાસથી **નરોડાના શ્રીજોડી પાર્શ્વનાથની** યાત્રા કરી વદ ૮ ના મંગળદિને શુભ–ચોઘડીએ પૂજ્યશ્રી પાસે **ઉજમફઈ ધર્મશાળાએ** પધાર્યા, પૂજ્યશ્રીએ ખૂબ જ ભાવોલ્લાસથી વંદના કરી.

પૂ ગચ્છાધિપતિશ્રીએ પણ પૂજ્યશ્રીને હૈયાના ઉમળકાથી આવકાર્યા **રતલામ, ઈંદોર, મહીદપુર** અને **ઉદયપુરમાં** કરેલ વિશિષ્ટ શાસન–પ્રભાવના અંગે ખૂબ જ ધન્યવાદ આપી **ઉદયપુર** જૈન શ્રીસંઘના ધાર્મિક–જીર્ણોદ્ધાર અંગે ખૂબ જ અભિનંદન આપ્યા.

યથા–અવસરે પૂ ગચ્છાધિપતિશ્રીજી **રતલામ, ઈંદોર** અને **ઉદયપુરના** ચોમાસા દરમ્યાન થયેલ વિવિધ શાસન-પ્રભાવનાદાયક સમાચારો, સનાતનીઓ, આર્યસમાજ, સ્થાનક-

વાસી, તેરાપંથી અને ત્રણ થુઈવાળા સાથે થયેલ ચર્ચા–વાદ-વિવાદની વિગતો મેળવી ખૂબ આનંદિત બન્યા.

ખાસ કરીને **મહીદપુરના** ચોમાસામાં **આગમવાચના** કરી પાંત્રીસ આગમો વાંચ્યાનું જાણી વધુ આનંદિત બન્યા.

એકંદરે જે વિશિષ્ટ આશયથી ગચ્છાધિપતિશ્રીએ પૂજ્યશ્રીને **માલવા–મેવાડ** તરફ વિચરવા મોકલેલ, તે આશય ધાર્યા કરતાં વધુ સફળ થવાથી પૂજ્યશ્રીને ભગવતી–સૂત્રના યોગદાન દ્વારા **પન્યાસપદવી** આપવા પૂ. ગચ્છાધિપતિશ્રીએ ભાવના વ્યક્ત કરી.

પણ પૂ. **ઝવેરસાગરજી** મ. શ્રી એ જણાવ્યુ કે—

"મુનિપદને અનુગુણ આચરણા અને સાધુના સત્તાવીશ ગુણોને સરખી રીતે પામવાની પૂરતી તૈયારી ન હોઈ "**ખર પાખર ભાર ન વહે**" એટલે ગધેડો હાથીનું બખતર ન ઉપાડી શકે, અગર "**ખર પર અંબાડી ન સોહે**" એ સૂક્તિઓના આધારે સઘળા આગમોના અનુયોગ કરી શકવાની વાસ્તવિક યોગ્યતાના પ્રતીકરૂપ **અનુયોગાચાર્ય** પદથી સંબોધાતા **પંડિતપદના** ટૂંકા સ્વરૂપે **પંન્યાસપદ** માટે મારી પાત્રતા નથી!"

"તેથી આપે મારામાં તેવી પાત્રતા નહીં છતાં

ઉત્સૂષ્ટાપવાદ તરીકે બધા આગમો વાંચવાનો કામચલાઉ અધિકાર પણ આપ્યો છે, તે જ આપની મહાકૃપા છે, તેને લાયક હું બનું તે મારી અંતરની અભિલાષા છે."

"આપની કૃપાથી મળેલા આગમ વાંચવાનો કાચો પરવાનો (લાયસન્સ) જીરવી શકું, તેવી આપ કૃપા કરો ! બાકી પંન્યાસપદ જેવા પાકા પરવાના (લાયસન્સ) માટે તો મારામાં યોગ્યતા કે તૈયારી નથી દેખાતી !"

"વધુમાં આપના ચરણોના પ્રતાપે **શ્રી મહાનિશીથ** સૂત્ર સુધીના યોગની આરાધના થઈ ગઈ તે થઈ ગઈ, પણ હવે તો છેલ્લા ૬–૭ વર્ષોથી આંતરડાની ખોટી ગર્મી તેમજ ઉગ્ર કર્મજીયાતના લીધે આંબિલ કે છ મહિનાના મોટા યોગ વહી શકવાની મારી શારીરિક તૈયારી પણ નથી લાગતી."

"તેમછતાં આપશ્રીના મંગળ–પુનિત આશિષભર્યા વાસક્ષેપ બળે યોગવહન–માટેની શારીરિક અનુકૂળતા બધી થઈ જાય એવો મને પૂર્ણ ભરોસો છે, પણ હકીકતમાં પદવીના ભારને ઉઠાવવાની, નભાવવાની અને શાસનાનુકૂળ રીતે તે પદવીને સફળ કરવાની પાત્રતા મારામાં નથી."

"હજી તો મારામાં સાધુતાના મૂળપાયા સમા ચરણ-

સિત્તરી–કરણસિત્તરીમાં ઘણા દોષો લાગે છે ! શારીરિકાદિ–કારણે ઘણા દોષો લગાડવા પડે છે.”

“માટે આપના ચરણે માથું મૂકી મારી નમ્રાતિનમ્ર પ્રાર્થના છે કે—“ આ સેવકને આપ બીજા ગમે તે કામની આજ્ઞા કરશો પણ મારા આત્મિક–વિકાસની રીતે પ્રતિકૂળ–પદવી માટે આજ પછી કદી પણ સૂચના કૃપા કરી ન કરશોજી ” આદિ બોલી પોતાની અંતરની . ભૂલો–દોષો અને ક્ષતિઓ બદલ ગચ્છાધિપતિશ્રીના ચરણોમાં માથું મુકી પૂજ્યશ્રી ધ્રુસકે–ધ્રુસકે રડી પડયા.

પૂજ્યશ્રીએ આશ્વાસન આપ્યું કે–“ ભાઈ ! તું સમજુ છો ! અને આવા ઢીલા–મનનો કેમ થાય ? આપણી ભૂલોનું સંવેદન આપણામાં કાયમ રહેવું જરૂરી છે, તે અંગે સ–જાગતા એ જ હકીકતમાં આધ્યાત્મિક–રીતે વિશિષ્ટ–યોગ્યતાનું લક્ષણ છો!”

“ આ રીતે તો તું ખરેખર પદવીને પાત્ર છે ! વધુમાં **રતલામ, ઇંદોર, ઉદયપુર**માં જે પ્રતિપક્ષી–વાદીઓ સામે ઋજુમી શાસનનો ડંકો વગાડયો છે, શાસનની વિજય–પતાકા જે તેં ભવ્ય રીતે ફરકાવી છે ! તે જોતાં તું **આચાર્ય–પદવીને** પણ લાયક છે ! તેમ છતાં વર્તમાન–સંજોગોને જોતાં તું **પંન્યાસપદ** માટે **ભગવતીજીના** યોગવહન કરવા તૈયાર

થા ! એમ મારી અંતરની ઇચ્છા છે, છતાં તારી અંતરની ઉદાત્ત–આધ્યાત્મિક વિચારસરણિ જોતાં તારી પર આજ્ઞા–અભિયોગ કરવા મન નથી ! તારો અંતરાત્મા અ–પ્રસન્ન થાય તેવું મારે કરવા ભાવના નથી !"

"તું અંતરથી શાસન–સમુદાયની રીતે તૈયાર થાય તો જ પદવી આપવા મારી ભાવના છે!"

"બાકી થોડું પણ દબાણ મારે નથી કરવું ! તારી વાત પણ સાવ કાઢી નાંખવા જેવી નથી !" વગેરે.

પૂજ્યશ્રી ખૂબ જ ગંભીર બની ગયા.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પણ "બહુ ખેંચવામાં સાર નહીં" સમજી તે વખતે તે વાત પડતી મુકી.

થોડા દિવસ પછી પૂ. ગચ્છાધિપતિશ્રીએ ફરી તે વાત જરા છેડી, પણ પૂજ્યશ્રી ફરીથી ગચ્છાધિપતિશ્રીના પગોમાં માથું મુકી ધ્રુસકેભંધ રડી પડયા અને ગદ્‌ગદ્‌ સ્વરે બોલ્યા કે "મુજ નાલાયકને કાં આપ ઊંચા પદે બેસાડો !!! જરા દયા કરો તો સારું."

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પછી આ વાતને સાવ બંધ કરી દીધી, થોડા સમય પછી બપોરના વખતે કીકાભટ્ટની પોળવાળા

શેઠ દીપચંદ દેવચંદ આદિ ચાર–પાંચ શ્રાવકો પૂ. ગચ્છાધિપતિ પાસે આવ્યા, વંદના કરી તેઓએ વિનંતિ કરી કે

"સાહેબ ! હવે મહેરબાની કરી શ્રીશત્રુંજયના સંઘનું મુહૂર્ત કાઢી આપો તો સારું !"

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પોતાના મુખ્ય શિષ્ય પૂ. શ્રી કલ્યાણ વિયજી અને પૂ. શ્રી નેમ વિયજી ને તથા પૂજ્યશ્રીને પણ બોલાવી વાત કરી, પૂ. શ્રી નેમવિજયજી મ. ને સંઘ–પ્રયાણનો શ્રેષ્ઠ દિવસ જોવા કહ્યું.

પૂ. કલ્યાણ વિજયજી મ. સાથે વિચાર–પરામર્શ અને પૂજ્યશ્રી સાથે વિચાર–વિનિમયકરી પૂ. શ્રી નેમવિજયજી મ. એ માહ વદ. ૧૧ શનિવારનું શ્રેષ્ઠ મુહૂર્ત કાઢયું.

પૂ. ગચ્છાધિપતિશ્રીને વાત કરી, પૂ. ગચ્છાધિપતિએ પણ સંઘ કાઢનાર વ્યક્તિના ચંદ્રનું બળ તથા ચંદ્રની દિશા વગેરે જોઈ કીકાભટની પોળવાળા શ્રાવકોને શ્રી શત્રુંજય તીર્થયાત્રા માટે છરી પાળતા સંઘનું મહાવદ ૧૧ શનિનું શ્રેષ્ઠ મુહૂર્ત જણાવ્યું.

શ્રાવકો પણ ખૂબ પ્રસન્ન થઈ જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ નંખાવી માંગલિક સાંભળી શાસનદેવના જયનાદ સાથે સંઘ–પ્રયાણની તૈયારીનો મંગળ સંકલ્પ કરી ઉભા થયા.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ કોઈ અજ્ઞાત–સંકેતથી હવે જાણે ફરી અહીં આવવાનું નહીં થાય તે રીતે બધાં કામો ઝટપટ પતાવી વૃધ્ધ સાધુઓને તથા શ્રાવકોને પણ છેલ્લા–પહેલા પતાવી–મળી બધાને સુંદર હિતશિક્ષા અવારનવાર ફરમાવવા લાગ્યા.

પૂજ્યશ્રીને પૂ. ગચ્છાધિપતિના આવા વલણથી જરા મનમાં ખૂંચ્યું કે "સાહેબ! કેમ આમ કરે છે!" પણ "**વડિલો જે કરે તે સમજીને કરે**" ની નીતિના આધારે પૂજ્યશ્રીએ તથા સમુદાયના બીજા વડિલ–મુનિઓએ પણ કંઈક ગંભીર–હેતુની કલ્પના કરી મનને શાંત રાખ્યું.

માહ વદ આઠમના વ્યાખ્યાન માટે આગ્રહ કરીને **શેઠ શ્રી દીપચંદ દેવચંદભાઈએ** ગચ્છાધિપતિશ્રીની સકળ–સાધુ સમુદાય સાથે ધામધૂમથી સામૈયા સાથે પોળમાં પધરામણી કરી, ઠેઠ સ્વામીનારાયણના મંદિર આગળથી કીકાભટ્ટની પોળ સુધીના રાજમાર્ગને ભવ્ય રીતે શણગારી પોતાની (કીકાભટ્ટની) પોળના ઉપાશ્રયે વ્યાખ્યાન રાખ્યું.

પોળના દહેરાસરે દર્શન કરી ઉપાશ્રયે આવી ગચ્છાધિપતિશ્રીએ મંગલાચરણ કર્યું, તીર્થયાત્રા અને છરી પાળતા સંઘ વિષે પૂજ્યશ્રીને વ્યાખ્યાન માટે આજ્ઞા કરી.

પૂજ્યશ્રીએ પણ શાસ્ત્રીય-શૈલિથી તીર્થો અને તેની યાત્રાની મહત્તા છ'રી પાળવા પૂર્વક સંઘયાત્રાનું મહત્ત્વ અને તે અંગેના ઉચિત કર્ત્તવ્યો પર સવા કલાક પ્રકાશ પાથર્યો, જેમાં ગચ્છાધિપતિશ્રીએ બે' શબ્દ કહી સંઘવીના ભાવને પરિપુષ્ટ કર્યો.

પોળના સંઘ તરફથી **દીપચંદ શેઠને** સંઘના આગેવાન શેઠે પહેરામણી કરી સંઘપતિનું તિલક કર્યું.

પૂ. ગચ્છાધિપતિએ પણ **સંઘયાત્રા** અને **સંઘપતિ** શબ્દના રહસ્યને જણાવતાં ફરમાવ્યું કે–

"સંઘવી પોતાને પ્રભુઆજ્ઞાને શિરોધાર્ય કરી બધાને લાભ કરાવવાની જવાબદારી સમજે અને સંઘમાં આવનારા બધા પ્રભુશાસનના માર્મિક-ભાવને ધ્યાનમાં રાખી સહનશીલતા, સમતા, સંતોષ આદિ ગુણોની કેળવણી કરે" વગેરે માર્મિક ઉપદેશ આપી સહુને કર્ત્તવ્ય-નિષ્ઠ બનવા જાગૃત કર્યા.

મહા. વ. ૧૧ શનિવારે પોતાના દહેરે ઠાઠથી સામૂહિક-સ્નાત્ર ભણાવી શાંતિકળશ કરી ગચ્છાધિપતિ પાસે વાસક્ષેપ નંખાવી શુભ-શુકન મેળવી બીજા ચોઘડીએ ચઢતા સૂરે મંગળ

વાજિંત્રોના સૂરો સાથે ઠાઠથી સિદ્ધાચળજીની દિશામાં ચતુર્વિધ શ્રી સંઘે પ્રયાણ કર્યું.[1]

પ્રથમ મુકામ જમાલપુરનો ટૂંકો રાખી સંઘની બધી યોજના વ્યવસ્થિત કરવા ગોઠવણ કરી.

---

૧ પૂ. **શ્રી દર્શનવિજયજી મ. ત્રિપુટી** લિખિત "**આદર્શ** ગચ્છાધિરાજ" નામે પૂ. **મૂળચંદજી મ. ના** સંક્ષિપ્ત પણ મુદ્દાસરના ઐતિહાસિક પુસ્તકના "**જય શત્રુંજય**" નામના પંદરમા પ્રકરણ (પૃ.નં. ૧૦૨) માં આ સંઘયાત્રાની વિગત છે,

ત્યાં એક નવી વાત નોંધી છે કે–

ઉજમફઈની ધર્મશાળાએથી પૂ.શ્રી મૂળચંદજી મ. સપરિવાર શ્રીસંઘમાં જોડાવા માટે નિકળ્યા, ત્યારે કોઈક સાધુના અનુપયોગથી પાણીનો ઘડો નંદવાઈ ગયો, શ્રાવકોએ વહેમ કર્યો કે–સાહેબ! ન જવાય! પણ

પૂ. શ્રી મૂળચંદજી મ. મુહૂર્ત નક્કી કરી સંઘયાત્રાના પ્રસ્થાન પછી આવા નજીવા કારણે અપશુકનથી આવા શાસનના મહત્ત્વના કાર્યમાં વિઘ્ન ઉભું થાય તેમ કરવું તે ઉચિત નથી" "**જે થવાનું છે તેને કોઈ મિથ્યા કરી શકવાનું નથી.**" એમ કહી થોડીવાર ઉભા રહી ૭ (સાત) નવકાર ગણી ૩ (ત્રણ) ઉવસગ્ગ૰ ગણી ફરીથી માંગલિક સંભળાવી સંઘમાં શામેલ થયા.

વૃધ્ધ પુરૂષો આ હકીકતને વજુદવાળી માને છે, અને એમ

બારેજા–ખેડા–ધોળકા થઈ ઉતેલીયાનો આરો ઉતરી ધંધૂકામાં ફાગણ–ચોમાસી કરી.

ચાર દિવસ સંઘ ધંધૂકામાં રહ્યો. કળિકાળ–સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મ ની જન્મ–ભૂમિની ભાવભરી સ્પર્શના કરી ફા. વ. ચોથે વલ્લભીપુર (વળા) સંઘ પહોંચ્યો.

આ વખતે પાલીતાણા બિરાજમાન પૂ. ગચ્છાધિપતિશ્રીના શિષ્ય ૧શ્રી કમલવિજ મ. અમદાવાદથી છ'રી પાળતા સંઘ સાથે પોતાના; તારક–ગુરૂદેવશ્રીને પૂ. ગચ્છાધિપતિશ્રીને પાલીતાણા પધારતા જાણી અપૂર્વ ગુરૂભક્તિ અને વિનીતભાવથી પૂ. ગચ્છાધિપતિશ્રીને લેવા ઠેઠ વલ્લભીપુર સુધી (પાલીતાણાથી ૨૪ માઈલ) સામે આવ્યા.

કહેવાય છે કે—શુકને છેવટે ભાગ ભજવ્યા કે પૂ. શ્રી મૂળચંદજી મ. પાછા અમદાવાદ ન પધારી શકયા અને ભાવનગરના ચોમાસામાં કાળધર્મ પણ પામ્યા.

વસ્તુ બની એ હકીકત છે, પણ તેની માંગલિક પ્રસંગે મન પર અસર ન થવા દેવી એ એક મહાપુરૂષ તરીકેની વિશિષ્ટતા ગણાય.

૧ ભવિષ્યમાં જેઓ આચાર્ય શ્રી વિજયકમલસૂરિ મ. તરીકે થઈ ચરિત્રનાયક પૂ. આગમો. આચાર્યદેવશ્રીને સં. ૧૯૭૪માં આચાર્ય પદવી આપનાર મહા–ભાગ્યશાળી થવાના તે કમલ-વિજયજી મ. પૂ. ગચ્છાધિપતિશ્રીના ખૂબ જ પ્રીતિપાત્ર શિષ્ય હતા.

પૂ. ગચ્છાધિપતિશ્રી પોતાના વિનીત શિષ્યની ઉદાત્ત મનોવૃત્તિ જોઈ ખૂબ પ્રસન્ન થયા.

પૂ. ગચ્છાધિપતિનો વિચાર વર્ષીતપના પ્રારંભ દિવસ તરીકે પનોતા ફા.વ.૮ના મંગળદિને પાલીતાણા પ્રવેશ કરવા વિચાર હતો, પણ ભાવનગરમાં તબિયત આદિકા રણે સ્થિરવાસ કરી રહેલ ગુરૂભાઇ, પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. ની પ્રેરણાથી આવેલ, ભાવનગરના શ્રીસંઘે અને શીહોરના શ્રીસંઘે પણ ચોગઠ-ચમારડી અને સોનગઢના રસ્તે સીધા પાલીતાણા જવાના બદલે શીહોર થઈને પધારવા માટે ખૂબ આગ્રહભરી વિનંતી કરી.

પરિણામે લાભાલાભ વિચારી પૂ. ગચ્છાધિપતિશ્રીએ શીહોર ભાવનગર જવાનું વિચાર્યું.

સંઘપતિએ પણ ગુરૂઆજ્ઞા તહત્તિ કરી, શીહોર-ભાવનગરનો સંઘ ખૂબ રાજી થયો.

ફા. વ. ૬ના રોજ શીહોરમાં ધામધૂમથી પ્રવેશ થયો. ત્યાં વ્યાખ્યાન-પૂજા-પ્રભાવના આદિ ધર્મકાર્યો સારાં થયાં.

ફા.વ.૭ નિકળી ફા.વ.૮ સવારે ભાવનગરમાં ચતુર્વિધ શ્રીસંઘ સાથે પૂ. ગચ્છાધિપતિનો નગર-પ્રવેશ થયો. બંને ગુરૂભાઈઓએ ખૂબ ભાવોલ્લાસથી મળી શાસન-સંબંધી અનેક

વિચારણાઓ કરી. પૂ. ગચ્છાધિપતિએ પૂ. શ્રીવૃદ્ધિચંદ્રજી મ.ને સંઘ સાથે ગિરિરાજની યાત્રાએ આવવા કહ્યું, પણ વૃદ્ધિચંદ્રજી મ. કહ્યું કે "સાધુ જીવનમાં વિના કારણે અપવાદનું સેવન ઉચિત નથી."

"ડોળીનો અપવાદ ન છૂટકે છે, આપણી પોતાની સગવડ માટે તેનો ઉપયોગ ઠીક નથી."

"આપની વાત જુદી છે, મારે મારૂં સંયમ અહીં જવાય છે, જંઘાબળ-ક્ષીણ થયા પછી આપવાદિક રીતે આગાઢ-કારણે વપરાતી ડોળીનો ઉપયોગ સ-કારણ પણ ઠીક નથી લાગતો." આદિ કહી તે વાતને ટાળી દીધી.

ફા.વ.૯ સવારે નીકળી વરતેજ, મઢડા થઈ ફા.વ.૧૦ સવારે ધામધૂમથી પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં આવી રહેલ અમદાવાદના છ'રી પાળતા શ્રીસંઘનો નગરપ્રવેશ થયો.

નગરશેઠના વંડામાં મુકામ થયો.

પૂ. ઝવેરસાગરજી મ.ના મંગળ-પ્રવચનથી બહુ યાત્રાળુઓ યાત્રાના મર્મને પારખી જીવનને મોહના સંસ્કારોથી

અળગું રાખવાની જવાબદારી સમજી તીર્થક્ષેત્રમાં અલ્પ–સાવદ્યમય શક્ય વિરતિવંત જીવન બનાવવા ઉપયોગવંત બન્યા.

ફા.વ.૧૧ના શુભદિને પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં અમદાવાદથી આવેલ સકળ શ્રીસંઘે મહારાજજી સાથે ગિરિરાજનું આરોહણ કરી દાદાને ઉમંગભેર ભેટી ઠાઠથી સ્નાત્રપૂજા આદિ ભણાવી ધન્ય પાવન બની રહ્યા.

સંઘવી શ્રીદીપચંદશેઠને ૧૨–૩૭ના મંગળ મુહૂર્તે પૂ. ગચ્છાધિપતિશ્રીના વરદહસ્તે તીર્થમાળા પહેરાવવામાં આવી.

આ પ્રસંગે મારવાડમાંથી યાત્રાર્થે આવેલ શ્રી ઝાબકચંદજીને પૂ. શ્રીગચ્છાધિપતિશ્રીની દેશના સાંભળી ઘણા વર્ષોની દીક્ષાની ભાવના સ–તેજ થવાથી પૂ. ગચ્છાધિપતિશ્રીને વદ–૧૪ બપોરે પોતાની ભાવના વ્યક્ત કરી.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ તે ભાઈને થોડા દિવસ પોતાની પાસે રાખી ચકાસી જોઈ તેના કુટુંબીજનોને બોલાવી સંમતિ મેળવવાપૂર્વક વૈ. સુ. ૩ના મંગળદિને દીક્ષા આપી મુનિ ભાવવિજયજી મ. નામ સ્થાપી પોતાના પ્રીતિપાત્ર મુનિશ્રી કમલવિજયજી મ. ના શિષ્ય બનાવ્યા.

નવ–દીક્ષિત સાધુને પાલીતાણા જેવા ક્ષેત્રમાં સંયમની મર્યાદાઓ અંગે ચોમાસું ઉપયોગી નહીં ધારી પૂ. ગચ્છાધિપતિશ્રીએ પોતાના ખાસ પ્રીતિપાત્ર **મુનિશ્રી કમલવિજયજી મ.** ને સાથે રાખવાની ભાવના છતાં નવ–દીક્ષિત પુણ્યાત્માના લાભાર્થે મહાતાકિર્ક **શ્રી દાનવિજયજી** મ. તથા **મુનિશ્રી રાજવિજયજી** મ. સાથે **વડોદરા** ચોમાસા માટે મોકલ્યા.

આવી હતી પૂ. ગચ્છાધિપતિશ્રીની સંયમચર્યા ટકાવવાની અજબ કુનેહ !!!

પૂ. ગચ્છાધિપતિશ્રીની કાયા શાસનના અનેક કામોના ધક્કાથી જર્જરિતપ્રાયઃ થવા પામેલી, તેમ છતાં સંયમ–પાલનમાં તેઓશ્રી અપૂર્વ જાગૃત હતા.

પૂ. ગચ્છાધિપતિશ્રીને ચોમાસા માટે **ભાવનગર, શીહોર, મહુવા, સાવરકુંડલા,** આદિ અનેક ગામોની આગ્રહભરી વિનંતિઓ છતાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ જરા–જર્જરિત કાયાનું કલ્યાણ કરવાના ઉદ્દેશ્યથી તરણ–તારણહાર ગિરિરાજની શીતળ છાયામાં ચોમાસું રહેવાની ભાવના દર્શાવી.

જેથી **અમદાવાદથી** સંઘ લઇને આવેલ સંઘવી શેઠ **શ્રી દીપચંદ દેવચંદભાઇ** આદિ પણ ખૂબ પ્રસન્ન થયા, તેઓને પણ પૂ. ગચ્છાધિપતિશ્રીની સેવાનો લાભ મળે તેમજ પૂ.

ઝવેરસાગરજી મ.ના આગમિક તાત્વિક–વ્યાખ્યાનો સંભળાય તે હેતુથી ચોમાસું રહેવાનો વિચાર સંઘવી શેઠ દીપચંદભાઇ આદિએ સ–પરિવાર કરવા નિધર્યો.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ સંઘવીના આગ્રહથી શેઠ નરશી નાથાની ધર્મશાળામાં ચાતુર્માસ માટે જે.સુ. ૧૧ના મંગળદિને પ્રવેશ કર્યો. સંઘવીએ સાકરના પડા વહેંચી સકળ–શ્રીસંઘનું બહુમાન કર્યું.

ત્યારથી પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ના શ્રી શત્રુંજયમાહાત્મ્ય ઉપર તાત્વિક–છણાવટવાળાં વ્યાખ્યાનો શરૂ થયાં.

પૂ. ગચ્છાધિપતિશ્રી અનુકૂળતાએ અવાર–નવાર ચતુર્વિધ–શ્રીસંઘ સાથે શ્રી શત્રુંજયતળેટીની યાત્રાએ પધારતા, ત્યાં ભાવવાહી ચૈત્યવંદન કરી ગિરિરાજની સ્પર્શના કરી શ્રી શત્રુંજય ની આરાધનાનો કાઉ. અને ૧૦૦૦ જાપ કરતા–કરાવતા.

વિશિષ્ટ–પર્વના દિવસોમાં પૂ. ગચ્છાધિપતિશ્રી શરીર–શક્તિ ક્ષીણ જેવી છતાં ભાવોલ્લાસથી ગિરિરાજ પર ચઢી જતા અને દાદાને ભેટી ખૂબ આનંદ–વિભોર બનતા.

અસાડ સુદ ૫ ના મંગળદિને પૂ. ગચ્છાધિપતિશ્રી

ઉપર પધારેલ, ત્યારે નવ–ટૂંકમાં બધે દર્શન કરવા પધારેલ, પછી નીચે આવતાં વરસાદની હેરાનગતી થવાથી શરીર–શ્રમ અને શર્દીની તકલીફમાં વધારો થયો. પરિણામે તાવની કસર રહેવા માંડી.

દીપચંદ શેઠ પૂ. ગચ્છાધિ. ની ભાવનાને માન આપી સકળ–સંઘ સાથે અસાડ સુદ ૧૦ **ગિરિરાજ–પૂજા** ખૂબ ભાવોલ્લાસ સાથે ડોલીમાં પૂ. ગચ્છાધિપતિશ્રીને સાથે રાખી ઠાઠથી કરી.

અસાડ સુદ ૧૪ ડોલીથી યાત્રા કરાવવાનો બધાનો આગ્રહ છતાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ વિના–કારણ આવા દોષ લગાડવા તે સાધુજીવન માટે ઠીક નથી, એમ કહી તલેટીની યાત્રાકરી. બીજા સાધુઓને ગિરિરાજની યાત્રાએ મોકલ્યા. પોતે ધીમે–ધીમે ચાલી ધર્મશાળાએ પધાર્યા.

છતાં આ શ્રમના કારણે બપોરના ચોમાસી–દેવવંદન વખતે તાવની તકલીફ વધુ રહી. સાંજના ચોમાસી–પ્રતિક્રમણ વખતે પણ શરીર જ્વરાક્રાંત બની રહ્યું.

પૂ. ગચ્છાધિપતિએ પૂ. **ઝવેરસાગરજી મ.** અને પૂ. **કુશલવિજયજી મ.** આદિને ધર્મક્રિયાઓ કરાવવા

વગેરેની પ્રવૃત્તિ સોંપી દીધી હતી, પોતે અનુકૂળતાએ યોગ્ય દેખરેખ રાખતા.

દીપચંદ શેઠના આગ્રહથી અમદાવાદ, સુરત, બોટાદ, લીંબડી, વઢવાણ, આણંદ, મહેસાણા, પાટણ, આદિ ક્ષેત્રોના અનેક ધર્મપ્રેમી ગૃહસ્થો પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રાએ સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસનો લાભ મળે તે માટે રહેલ.

તે બધાએ પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રાએ સવાર-સાંજ પ્રતિક્રમણ, તળેટી-યાત્રા, વ્યાખ્યાન-શ્રવણ, બપોરે પૂ. ઝવેરસાગરજી મ. ની આગમવાચના આદિનો લાભ લઈ જીવન ધન્ય બનાવતા.

કયારેક સહુના આગ્રહથી પૂ. ગચ્છાધિપતિશ્રી સવારે શત્રુંજયમાહાત્મ્યના વિવેચન પ્રસંગે તારક-તીર્થાધિરાજની યાત્રા, આરંભ-સમારંભના ત્યાગની પ્રધાનતાએ શ્રાવક-જીવનની સફળતા અને વિષય-કષાયની વાસનાઓના શમન માટે કરાતી ધર્મક્રિયાનું રહસ્ય આદિ બાબતો પર થોડો પ્રકાશ પાથરતા.

આ રીતે બપોરે પણ પૂ. સાધુ-સાધ્વીઓને તાત્ત્વિક-બાબતો તરફ ધ્યાન ખેંચનારી વાચના આપતા.

ટુંકા પણ માર્મિક પૂ. ગચ્છાધિપતિશ્રીના ઉપદેશથી ચતુર્વિધ શ્રીસંઘમાં અનેરો ભાવોલ્લાસ જાગૃત થવા પામેલ.

પરિણામે સંયમ–ધર્મની શુદ્ધિ સાથે તપ–ધર્મની વિવિધ પ્રકારે આરાધના ખૂબ શરૂ થઈ.

આ ચોમાસામાં પૂ. ગચ્છાધિપતિની તબિયત અવાર–નવાર વિવિધ–રોગોથી ઘેરાયેલી રહી.

જેમાં ચોમાસી–ચૌદશ પછી મેલેરીયાના તાવે અને તેની અશક્તિ શરીરને વધુ ક્ષીણ બનાવી રહી.

છતાં પૂ. ગચ્છાધિપતિ અવાર–નવાર તળેટી–ગિરિરાજની સ્પર્શના–બપોરની વાચના અને બીજી પણ શાસનાનુસારી વિવિધ પ્રવૃત્તિઓ યથાશક્ય ચાલુ રાખતા.

ચોમાસા દરમ્યાન પૂ. સાધુ–સાધ્વીઓને પૂ. ગચ્છાધિપતિશ્રી હિતશિક્ષા–ભરી ચોગ્ય ટકોર કરતા કે—

"મહાનુભાવો!" આ સંયમી–જીવનમાં ત્યાગ–તપની મહત્તા છે. "ત્યાગ–તપ વિના સંયમ કાગળના ફુલની જેમ નિઃસાર બની જાય છે."

„ધર્મપ્રેમી લોકો તરફથી મળતા આદર–સત્કાર કે વસ્ત્ર–પાત્ર–આહારાદિની અનુકૂળ સામગ્રી ત્યાગ, તપ અને

સંયમના વિશ્વાસ–બળે મળે છે, તે વિશ્વાસને આપણે પૂર્ણ વફાદાર રહેવું ઘટે".

"અન્યથા....

" ધર્મદારી રોટીયાં, જાંકા લાંબા લાંબા દાંત ।
ધર્મ કરણી કરે તો ઊબરે નહીં તો ખેંચી કાઢે આંત"

રાજસ્થાની–કહેવતની જેમ આપણે યથાશક્તિ વીર્યોલ્લાસપૂર્વક છતું પણ વીર્ય ગોપવ્યા વિના પ્રભુશાસનના સાચા વફાદાર આરાધક ન બનીએ તો આપણા આંતરડા ખેંચી કાઢે એવો આ હરામનો માલ પચવો ભારે છે.

"માટે પુણ્યવાનો ખૂબ જ સાવધ રહેજો !"

"જેમાં વળી આ તીર્થભૂમિ ! અહીં તો આપણી મોહવાસના, ભોગવાસના અને શરીર- વાસનાને કાબુમાં રાખવી જરૂરી છે."

"તરણ–તારણહાર પરમપવિત્ર તીર્થાધિરાજની શીતળ –છાયામાં આપણી વૃત્તિઓનું સ્થિરીકરણ પ્રભુશાસનની વફાદારીના બળે કરવું જરૂરી છે."

વળી પ્રભુશાસનના આરાધક–ભાગ્યવાનોએ શ્રીઅધ્યાત્મ

–કલ્પદ્રુમના તેરમા પ્રકાશના ૮, ૧૨, ૧૬ અને ૧૯ મા શ્લોકના ભાવાર્થને ખૂબ જ ગંભીરપણે ધ્યાનમાં લઇ જીવનમાં વારંવાર ઉપજતા વિષય–રાગાદિથી ઉપજતી –નિર્બળતા ખંખેરી નાખવી જરૂરી છે. આદિ"

આ રીતની પૂજ્યશ્રીની વેધક–માર્મિક ગંભીર અર્થ–ભરી ઉપદેશક સૂચના અને પ્રેરણા–બળે પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં સાધુ–ભગવંતોમાં ત્રણ અને સાધ્વીની મહારાજોમાં ચાર તથા શ્રાવક–શ્રાવિકામાં બાર માસક્ષમણ, ૨૮ સોળ ઉપવાસ, ૧૮, અગ્યાર ઉપવાસવાળા ૬૫ અઠ્ઠાઇઓ અને चत्तारि अट्ठ ની તપસ્યાવાળા પુણ્યાત્માઓએ સફળપણે પર્વાધિરાજની આરાધના કરી જીવન ધન્ય બનાવ્યું.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પાકી વય છતાં પર્વાધિરાજ ટાણે અઠ્ઠાઇધર અને કલ્પધરનો ઉપવાસ કરી છેલ્લો અઠ્ઠમ કરેલ.

અધ્યાત્મકલ્પદ્રુમ–તેરમા પ્રકાશના ૮, ૧૨, ૧૬, ૧૯ના શ્લોકો અર્થ સાથે આ પ્રમાણે છે.

गुणांस्तवाश्रित्य समंत्रयंती जना, ददत्युपध्या–लय–भैक्ष्य–शिष्यकान् ।
विना गुणान् वेषमृषेर्बिभर्षि चेत् ततष्ठगानां तव भाविनी गतिः ॥८॥

ભાવાર્થ–તારા ગુણોને આશ્રીને–ધ્યાનમાં લઈ આ બધા લોકો તને નમે છે, અને તું જો ગુણ વિના સાધુના વેષને જ ધારણ કરે તો ખરેખર! ઠગ લોકોના જેવી તારી દશા–ગાત થશે.

પુણ્યવંતા શેઠ દીપચંદભાઈ (કીકાભટ્ટની પોળ–અમદાવાદ) એ પણ પોતાના તરફથી છૂટથી સાધર્મિક ભક્તિ, પૂજા-પ્રભાવનાનો લાભ લેવા સાથે ૧૫૬ પુણ્યાત્માઓને ૬૪ પ્રહરી પૌષધ કરાવી તે દરેકને પૂજાના રેશમી–વસ્ત્રની જોડની પ્રભાવના કરી વિરતિધર્મનું બહુમાન કર્યું.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ પજુસણ પછી શારીરિક–અશક્તિના કારણે થોડા દિવસ તલેટી

वेषोपदेशाद्युपधिप्रतारिता, ददत्यभीष्टानृजवोऽधुना जनाः ।
भुंक्षे च शेषे च सुखं विचेष्टसे, भवांतरे ज्ञास्यसि तत्फलं पुनः ॥ १२ ॥

ભાવાર્થ–તારા વેશ અને ઉપદેશ આદિથી ઠગાએલા સરળ માણસો તને તારી મન–પસંદ ચીજો બધી લાવી આપે છે ! તું મઝાથી ખાય છે ! સૂએ છે ! અને સુખરૂપે રહે છે ! પણ બીજા ભવમાં આના પરિણામની ખબર પડશે !

गृहणासि शय्या–हृति–पुस्तको–पधीन्, सदा परेभ्यस्तपसस्त्वियं स्थितिः ।
तत्ते प्रमादाद्भरितात् प्रतिग्रहै–र्ऋणार्णमग्नस्य परत्र का गतिः ? ॥ १६ ॥

ભાવાર્થ–તું હંમેશાં બીજા પાસેથી મકાન, આહાર, પુસ્તક અને ઉપાધિને લે છે. તપ–સંયમની તો તારી આવી કંગાળ દશા છે. તો પ્રમાદથી ભરેલા, બીજાનું દાન લઈને જીવતા અને દેવાનું પણ દેવું કરી ફસાઈ રહેલા તારી પરલોકમાં શી દશા થશે ?

જવાનું મોકૂફ રાખેલ, પરંતુ એક વખતે ભાદરવા વદમાં બહિર્ભૂમિએથી આવતાં અજ્ઞાત–ગમે તે કારણથી ડાબા પગના પાછળના ભાગે સોજા જેવું થયું, વેદના ખૂબ થવા લાગી, પરિણામે બહિર્ભૂમિ જવાનું પણ બંધ થઈ ગયું.

દીપચંદજીએ યોગ્ય–અનુભવી કુશળ વૈદ્યોને તેડાવી યોગ્ય ઉપચારો ઘણા કર્યા, પણ રાહત ન થઈ, પૂ. શ્રી ઝવેરસાગરજી મ., પૂ. શ્રી નેમવિજયજી મ. તથા પૂ. શ્રી. કુશળ- વિજયજી મ. પૂ. ગચ્છાધિપતિ ની સેવામાં અડેપગે હાજર રહેવા લાગ્યા,

અધુરામાં પુરૂં આસો સુ. બારશે પૂ. ગચ્છાધિપતિશ્રીને તાવ શરૂ થયો, જેના પ્રારંભિક ઉપચારો કરવા છતાં હાડ ગાળી નાખે તેવી તાવની ઉંડી અસરોએ ઘર કર્યું

गुणैर्विहीनोऽपि जनानति–स्तुति–प्रतिग्रहान् यन्मुदितः प्रतीच्छसि ।
लुलाय–गोऽ–श्वो–ष्ट्र–खरादिजन्मभि–र्विना ततस्ते भक्ता न
क्रियः ॥१९॥

ભાવાર્થ–ગુણથી રહિત છતાં પણ તું લોકો પાસેથી નમસ્કાર, સ્તુતિ અને ધનનો હરખપૂર્વક તું સ્વીકાર કરે છે, તો ખરેખર પાડા, બળદ, ઘોડા, ઉંટ અને ગધેડાના અવતાર વિના આનો બદલો નહીં મળે !"

પરિણામે ખોરાક ઘટી ગયો, અશક્તિ નું પ્રમાણ વધી ગયું. સાધુઓ અને શ્રાવકો ચિંતાતુર થવા લાગ્યા. પૂ. ગચ્છાધિપતિશ્રી સ્વ-શતાસહને હિગુણો મહાન્ (અધ્યાત્મ કલ્પ. પ્ર. ૬૩ શ્લો. ૩૫)

આ વાકયને બીજમંત્ર બનાવી સહુને કહેતા કે–

"ભાઈ! પેઢી ધીકતી ચાલુ હોય ત્યારે સહુ લેણદાર પોતાનું લેણું પતાવવા આવે! આ ટાણે શાહુકારે તો મોં મચકોડયા વિના આપી દેવાની જરૂર છે" આદિ કહી બધાને દવા આદિ ઉપચાર માટે પણ ઈન્કાર કરતા છતાં ભક્તિપ્રધાન સાધુઓ અને વિવેકી શ્રાવકોના ધર્મપ્રેમભર્યા આગ્રહને વશ થઈ નિરવદ્ય ઉપચારોને અપનાવતા.

ભાવીવશ પગની વેદના, તાવનો ભરાવો ઉપરાંત છાતીમાં ડાબા પડખે દર્દ ઉપજ્યું.

જેનાથી પૂ. ગચ્છાધિપતિશ્રી બોલવામાં પણ તકલીફ અનુભવવા લાગ્યા,

સહુને ગાઢી ચિંતા થઈ. ભાવનગરના શ્રી સંઘને ખબર પડી, ત્યાં બિરાજમાન પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી

મહારાજે ખૂબ ચિંતિત બની સારા કુશળ-વૈદ્યોને લઇને શ્રીસંઘના આગેવાનોને મોકલ્યા.

કારતક સુ. ૭ દિને ભાવનગરનો શ્રીસંઘ આવ્યો પૂ. ગચ્છાધિપતિની સ્થિતિ નિહાળી ખૂબ ચિંતિત બન્યા, પૂજ્યશ્રીને ચોમાસું ઉતરે તુર્ત ભાવનગર પધારવાની પૂ. શ્રી વૃદ્ધિચંદ્ર મ. ની વાત આગળ કરી, ડોળીના સાધનથી પણ પધારવા ખૂબ આગ્રહ કર્યો.

પૂ. ગચ્છાધિપતિશ્રીએ કહ્યું કે-"ભાવી અન્યથા કોઇ કરી શકતું નથી! આટ-આટલા દવાના ઉપચારો માફક નથી આવતા, તેનો અર્થ અંદરથી તેલ ખુટ્યું લાગે છે, તો આ પવિત્ર તીર્થધામમાં માંગ્યુ ન મળે તેવું પવિત્ર મૃત્યુ આવે તો વધાવવા તૈયાર છું. !"

"નાહક ડોળીના આરંભ-સમારંભનો દોષ વહોરી સંયમને કલંકિત કાં કરવું ?" આદિ.

પણ ભાવનગરના શ્રીસંઘે સેવાનો અમને લાભ મળે અને હજી આપની એવી મોટી ઉંમર કયાં છે ? અહીંકરતાં ભાવનગર દવા,-વૈદ્ય આદિની સગવડ વધુ છે, આદિ ખૂબ આગ્રહ કરી કા. વ. ૧ સવારે ડોળીથી ભાવનગરનો નિર્ણય લગભગ કરી ગયા.

કા. સુ. ૧૩ ના દિવસે ૪૦ થી ૫૦ જણા ફરીથી શ્રી વૃદ્ધિચંદ્રજી મ. ના આગ્રહ- ભર્યા પત્રને લઈ વિહારમાં સાથે રહેવાની પૂરી તૈયારી સાથે આવ્યા,

ગુરૂભ્રાતા શ્રી વૃદ્ધિચંદ્રજી મ. ની સેવાનો લાગણી ભર્યો પત્ર વાંચી પૂ. શ્રી મૂળચંદજી મ. શ્રી ને ભાવી પર બધું છોડી કા. વ. ૧ સવારે ડોળીથી વિહાર કર્યો.

પૂ. શ્રી ઝવેરસાગરજી મ. આદિ ૧૦ ઠાણાં અને સાધ્વીજીના ૩૦ થી ૪૦ ઠાણાં, તથા ૧૦૦થી ૧૨૫ શ્રાવકો, ૫૦ થી ૬૦ શ્રાવિકાઓ ચતુર્વિધ શ્રીસંઘ સાથે પૂ. ગચ્છાધિપતિશ્રી કા. વ. ૪ બપોરે ભાવનગર ગામ બહાર પધાર્યા.

કા. વ. ૫ ભાવનગર-શ્રીસંઘે ધામધૂમથી ભવ્ય સ્વાગતપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો.

પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. આનંદભરી રીતે પૂ. ગચ્છાધિપતિની બાહ્ય-અભ્યંતર પરિચર્યામાં અડે પગે રહેવા લાગ્યા.

ભાવનગરના શ્રીસંઘે પ્રભુ સરકારી દવાખાનાના મોટા ડોકટરને બોલાવી પગના દુઃખાવાનો, તાવનો તથા

છાતીના દર્દનો ઉપચાર કરાવવો શરૂ કર્યો.

માગ. સુ. ૪ થી ૭ ખૂબ ગંભીર સ્થિતિ રહી, શ્વાસ –પ્રશ્વાસની પ્રક્રિયા અનિયમિત થઈ રહી, શ્રીનમસ્કાર–મહામંત્ર સંભળાવવા શરૂ થયેલ, પણ શ્રીસંઘના પુણ્યોદયે ફરીથી માગ. સુ. ૮ થી વળતાં પાણી થઈ ગયા.

મૌન–એકાદશીની આરાધના સ્વસ્થપણે કરી મૌન–એકાદશીના દેવવંદન કર્યા, દોઢસો માળાના ગુણણામાંથી ૪૦ માળા પણ ગણેલ.

માગ. સુ. પૂનમે આખા શ્રીસંઘને બે શબ્દો કહી સહુનાં મન રાજી કર્યાં, સહુને એમ લાગ્યું કે હવે પૂજ્યશ્રી જલ્દી સ્વસ્થ થઈ જશે.

પણ ભાવીની ગતિ અકળ હોય છે. માગશર વદ-૨ રાત્રે પ્રતિક્રમણ પછી તાવ ખૂબ વધ્યો.

વદ ૪ રાતના ૧૦ સુધી તાવનું જોર ખૂબ રહ્યું, નવ-સારના પોતાં મૂકી રાહતનો પ્રયત્ન કર્યો, પણ તાવ કાબૂમાં ન આવ્યો, માગશર વદ ૫ સવારે તાવ કંઈક નરમ થયો, પણ છાતીમાં, પગમાં, દર્દે ઉપાડો લીધો,

પૂ. ગચ્છાધિપતિશ્રીને ગમે તેમ પણ અણસાર આવી ગયો કે' હવે આ શરીર છુટશે જ!

એટલે માગશર વદ ૫ સવારે પોતાના બધા સાધુઓને પાસે બોલાવી ધીમા ત્રુટક શબ્દે પ્રભુશાસનની વફાદારી આગમિક-અભ્યાસની મહત્તા અને સંયમ-પાલનની ચોક-સાઈ આદિ ટૂંકમાં સમજાવ્યું.

માગ. વદ. ૬ ના સૂર્યોદય પછી પૂ. ગચ્છાધિપતિશ્રીનો તાવ ઘટી ગયો, પગે-છાતીએ દર્દ પણ સૌમ્ય-રૂપ લીધું પણ શ્વાસની પ્રક્રિયા અ-વ્યવસ્થિત થવા લાગી,

આખો સંઘ ભેગો થઈ ગયો પૂ. **શ્રી વૃદ્ધિચંદ્રજી મ.** તથા પૂ. **ઝવેરસાગરજી મ.** પૂ. **શ્રીકુશળવિજયજી મ.** બધે પગે પાસે રહી નિર્યામણા-આરાધના કરાવી રહ્યા.

ઉપસ્થિત **શ્રીસંઘે** ઉદાત્ત સ્વરે શ્રી નમસ્કાર-મહા-મંત્રનો ઘોષ શરૂ કર્યો, આખા શ્રીસંઘે પુણ્યદાનરૂપે તપ-સ્વાધ્યાય-યાત્રા આદિ નોંધાવવા માંડ્યું. ૧૨॥ વાગે ખૂબ જ શ્વાસ વધી ગયો. चत्तारि मंगलं સૂત્ર પૂ. **ઝવેરસાગરજી** મ. શ્રીએ કાનમાં સંભળાવ્યું. પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. શ્રીએ करेमि भंते અને પાંચ મહાવ્રતના આલાવા (ટૂંકમાં) સંભળાવ્યા.

સવા બે વાગતાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ આંખો ખોલી સહુને હાથ જોડી ખમતખામણાં કર્યા. સહુએ વિનયપૂર્વક

આમણું કર્યું.

ત્રણના ટકોરે પૂ. ગચ્છાધિપતિશ્રીએ પૂ. વૃદ્ધિચંદ્રજી મ. ને પાસે બોલાવી ધીમા તુટક સ્વરે બોલ્યા કે भाई वृद्धिचंदजी ! अब तो हम चले ! सबको सम्हालना !हमसे जो कुछ बनी वह जिनशासनकी प्रभावना की ! अब तुमने सब सम्हालना ! बस ! णमो अरिहंताणं !!! કહી આંખો મીંચી દીધી.

થોડી વારે શારીરિક-પ્રક્રિયા અસ્તવ્યસ્ત થઈ, શ્વાસ ધીરેધીરે બેસવા લાગ્યો. છેલ્લે સવા- ત્રણને પાંચ મિનિટે ફફડાક કરતી આંખો ખુલી ગઈ અને „ उड गया पंछी पड रह्या माला ” જેવી દશા થઈ.

પૂ. શ્રી ગચ્છાધિપતિશ્રી જ્ઞાન-ધ્યાનપૂત સંયમીકાયાને આયુ પૂર્ણ થયેથી છોડી વિશિષ્ટ ગતિએ સંચરી ગયા.

પૂ. ગચ્છાધિપતિશ્રીના શિષ્યવૃંદમાં ભયાનક વજ્રપાત થયો. આખો શ્રીસંઘ દિઙ્મૂઢ થઈ ગયો.

પણ છેવટે સંસારની ગતિનો વિચાર કરી સહુ પોતપોતાના કર્તવ્ય-માર્ગે સંચરવા તૈયાર થયા.

પૂ. ગચ્છાધિપતિની કાયાને મહાપારિષ્ઠાપનિકાના કાયોત્સર્ગ દ્વારા પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. અને શ્રમણ-સંઘે

વાસક્ષેપ કરી શ્રી સંઘને ભળાવી સ્વસ્થાને ગયા.

ભાવનગર શ્રીસંઘે પણ પાલીતાણા, અમદાવાદ, મુંબઈ, સુરત, ઉદયપુર, રતલામ, ઇંદોર આદિ સ્થળોએ તારથી ખબર આપ્યા. તાત્કાલિક બજારોની પાખી રખાવી દેવવિમાન જેવી ભવ્ય જરીયાન વસ્ત્રોથી શોભિત પાલખી બનાવી પૂ. ગચ્છાધિપતિની કાયાને ન્હવડાવી, સુંદર વસ્ત્રો પહેરાવી "जय जय नंदा जय जय भद्दा।" ના મંગળ ઘોષોથી દિશાઓ ગજવતા છૂટે હાથે ગરીબોને દાન વગેરે આપવા સાથે ભવ્ય સ્મશાનયાત્રા કાઢી. અત્યારે જ્યાં દાદા સાહેબની જગ્યા છે ત્યાં આવી પવિત્ર શુદ્ધ ભૂમિએ ચંદનના ઉત્તમ કાષ્ઠોથી ચિતા બનાવી પૂ. ગચ્છાધિપતિની કાયાને પધરાવી વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો.

તે જ સ્થાને શ્રી સંઘ તરફથી દેવકુલિકાનું નિર્માણ શ્રીસંઘે કર્યું.

આ રીતે પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ઠેઠ ઉદયપુરથી પૂજ્યશ્રીના લાંબા ગાળાના વિયોગને ટાળવા તેમજ પૂજ્યશ્રીની નિશ્રાનો વધુ લાભ લેવા ઉમંગભેર આવેલ, પણ ભાવી –નિયોગે પૂજ્યશ્રીનો ચિર–વિરહ થવા પામ્યો. તે બાબત अ-कला हि कर्मणां गति : મુજબ પૂજ્યશ્રીએ મન મનાવી

પૂજ્ય ગચ્છાધિપતિના કાળધર્મ–નિમિત્તે શ્રીસંઘ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ આદિ પતી ગયા પછી **ભાવનગરના** ક્ષેત્રમાં પૂજ્યશ્રીની સ્મૃતિ વારંવાર આવતી હોઈ માહ સુ. વિહાર કરી **ઘોઘા, તળાજા, મહુવા** આદિ તીર્થોએ વિચરણ કરી છ–ગાઉની પ્રદક્ષિણા પ્રસંગે ફા. સુ. ૧૩ના ગિરિરાજ **શ્રી સિદ્ધાચલ–મહાતીર્થને** ભેટવા પધાર્યા.

શેઠ શ્રી નરશી નાથાની ધર્મશાળામાં મુકામ હતો. ત્યાં **લીંબડી, બોટાદ, વઢવાણ** આદિ ગામોના સંઘોના આગેવાનો ચોમાસાની વિનંતિ માટે આવ્યા.

યોગ્ય લાભાલાભનો વિચાર કરી પૂજ્યશ્રીએ **પૂ. શ્રી વૃદ્ધિચંદજી મ.** ની સંમતિ મેળવી ચોમાસાનો નિર્ણય કર્યો અને ચૈત્ર વદ–૩ના રોજ **બોટાદ** તરફ વિહાર કર્યો.

ચૈ. વ. ૧૩ના મંગળદિને **બોટાદમાં** પ્રવેશ કર્યો. પૂજ્યશ્રીના વ્યાખ્યાનથી લોકો ખૂબ પ્રભાવિત બન્યા.

અક્ષયતૃતીયાના મંગળદિને વર્ષીતપનું મહત્ત્વ તથા દાનધર્મની શ્રેયસ્કારિતા, તેમાં રાખવા જોઈતા **પાત્રાપાત્ર**—વિચાર પર પૂજ્યશ્રીએ સારો પ્રકાશ પાથર્યો.

સૌરાષ્ટ્રમાં સ્થાને સ્થાને વધી રહેલ ઢુંઢકપંથીઓના પરિચયને નાથવા પૂજ્યશ્રીએ શ્રી જિનશાસનની આજ્ઞા

–મર્યાદા મુજબ સંયમ અને પંચ–મહાવ્રતોનું પાલનકરનારા ત્યાગી—સંયમી મુનિવરોને અપાતા પ્રાસુક–એષણીય દાનને સર્વોચ્ચ બતાવી ગૃહસ્થના અ–ભંગદ્વાર તરીકે ગમે તે આંગણેથી પાછો ન ફરે તે નીતિથી ભલે અન્ય–સંપ્રદાયવાળા લઈ જાય, પણ અંતરના ભાવોલ્લાસ અને પ્રબળ–ગુણાનુરાગ–પૂર્વક અપાતા સુપાત્રદાનની વિશિષ્ટતા ધ્યાન પર રાખવા પર ખૂબ સરસ વ્યવસ્થિત તર્કબધ્ધ રીતે રજુઆત કરી.

પરિણામે બાહ્ય આચારો અને ટબ્બા–થોકડાના પોપટીયા જ્ઞાનના આધારે મુગ્ધ–જનતાના હૈયામાં આદર–પાત્ર બની રહેલ ઢુંઢકપંથીઓને ભક્તિપૂર્વક સામે પગલે બોલાવી આદર પૂર્વક વહોરાવવાની અ–શાસ્ત્રીય પદ્ધતિને હઠાવવા પૂજ્યશ્રીએ વેધક પ્રકાશ પાથર્યો.

વૈ. સુ. ૮ ના વ્યાખ્યાનમાં બે દિવસ પછી આવી રહેલ પ્રભુ **મહાવીર**—પરમાત્માના કેવળજ્ઞાન દિવસ અને શાસન –સ્થાપનાના દિવસની સાપેક્ષ રીતે મહત્તા સમજાવી શ્રી વીતરાગ– પરમાત્માના શાસનની વફાદારીનું મહત્ત્વ સમજાવ્યું.

પ્રભુશાસનની શ્રદ્ધાના પાયા ઢીલા કરનારા તત્ત્વો ઉત્સૂત્રભાષીઓના પરિચય આદિ બાબત ધર્મપ્રેમી–જનતાને સાવધ કરી તત્ત્વ–દૃષ્ટિ ખીલવવા સુ–સાધુઓના ચરણોમાં

બેસી તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે ધર્મક્રિયાઓની વ્યવસ્થિત આચરણા પર ખૂબ ભાર મૂકયો.

વૈ. સુ. ૧૪ના વ્યાખ્યાનમાં **શ્રી વર્ધમાન તપ–આયંબિલ–ખાતાનું** મહત્ત્વ સમજાવી "આંબિલની તપસ્યા દ્રવ્ય–ભાવથી મંગળરૂપે શ્રી સંઘને કલ્યાણકારી છે" એ વાત ઠસાવી **શેઠ પુરૂષોત્તમદાસ ઠાકરશી** શાહના ઉદારતા ભર્યા ૧૧૦૦૧ ના દાનથી ઉપાશ્રયની પાસેના મકાનને ૧૫૦૦ માં ખરીદી બે શ્રાવિકાબાઈઓ અને એક નોકર દ્વારા શ્રીસંઘના આગેવાનોને આંબિલ ખાતું શરૂ કરવા પ્રેરણા કરી. પરિણામે વૈ. વ. ૬ ના **શ્રી સિદ્ધગિરિરાજ**ના મૂળનાયક પ્રભુના મંગળકારી પ્રતિષ્ઠા–દિવસથી આંબિલની શરૂઆત કરાવી.

પૂજ્યશ્રીના જોરદાર માર્મિક–ઉપદેશના આધારે પ્રથમ દિવસે ૨૭૭ આંબેલ થયા.

શેઠ શ્રી પરમાણુંદભાઈ તરફથી દરેકનું શ્રીફળ–રૂપિયાથી બહુમાન થયું.

આ રીતે પૂજ્યશ્રીના આગમનથી શ્રીસંઘમાં સકળ–વિઘ્ન–હર આંબિલની તપસ્યા કાયમી થાય તેવાં શુભ મંડાણ થયાં.

જેઠ સુદમાં સંઘના આગેવાન શ્રી જાદવજીભાઈને પોતાની પાકટ અવસ્થામાં પોતાની જાતે જ અનુમોદનનો પૂરતો લાભ મળી રહે, તેવી સમજણ પૂજ્યશ્રીના વ્યાખ્યાનથી થવાથી આત્મશ્રેયાર્થે અઠ્ઠાઈ–ઓચ્છવ કરવા ભાવના થઈ.

પૂજ્યશ્રીની પ્રેરણા મુજબ સવારે શ્રાવક–જીવનના અત્યુત્તમ–કર્તવ્યરૂપ શ્રી વીતરાગ–પરમાત્માની ભક્તિનું રહસ્ય સમજાવનાર આદર્શ વ્યાખ્યાનો, બપોરે વિવિધ મોટી પૂજાઓ, સાંજે બૈરાંઓનું ગાવાનું આ બધા પ્રસંગે પ્રભાવના આદિથી ધર્મોલ્લાસનું વાતાવરણ સારૂં કેળવાયું.

જેઠ વદ ૧૩ થી આર્દ્રા બેસતા હોઈ પૂજ્યશ્રીએ શ્રાવકપણાના ઉત્તમ સંસ્કારોની જાળવણી માટે ભક્ષ્યા–ભક્ષ્યવિચારની વાત, જયણા–પ્રમાર્જનાની વાત, ચોમાસામાં પૂંજણી, ઝીણી સાવરણી આદિ ના ઉપયોગની વાત વેધક–શૈલિમાં શરૂ કરી, પરિણામે શ્રીસંઘમાં જાગૃતિ સારી આવી.

અસાડ સુદમાં સુ–૫–૬ (૭ નો ક્ષય) અને ૮ ત્રણ દિવસ નીવી, આંબેલ, ઉપવાસથી णमो जिणाणं जिअभयाणं ની રોજની ૪૧–૪૨–૪૨ માળા ગણાવી ત્રણ દિવસમાં ૧૨૫૦૦/ જાપ કરાવ્યા, જેના પરિણામે પુણ્યાત્માઓ સંસારી–ઉપાધિના ત્રાસને વિસરી જાય અને પરમાત્માની શરણાગતિ મેળવી શકે.

પૂજ્યશ્રીની સાથે આ વખતે ત્રણ ઠાણા હતાં. તેમાંના પૂ. **શ્રી જીતવિજયજીએ** અસાઢ સુ. ૭ થી ચોમાસી–અઠ્ઠાઇની તપસ્યા આદરી.

ઓટાદમાં પૂજ્યશ્રી સાથે ત્રણ ઠાણાં હોવા બાબદ પ્રાચીન પત્ર–સંગ્રહમાંથી જૂનો એક પત્ર નીચે મુજબ મળી આવ્યો છે.

"પત્ર નં–૪૮" મુકામશ્રી **ઓટાદ**–તત્ર વીરાજમાન મહારાજજી **ઝવેરસાગરજી** જોગ–

મુકામ વઢવાણ કેમ્પથી લી. મુનિ **લબ્ધિવિજયજી** તથા **કમળવિજયજી.** વિગેરેની વંદણા અવધારશોજી.

અહીં દેવગુરૂ–પસાયે સુખશાતા છે.

બીજું ભાવસાર રવજીને દીક્ષા અષાઢ સુ. ૬ વાર ગુરૂવાર દિવસના અગીયાર વાગતા શરૂ કરી અને સવા બાર વાગતા દીક્ષા આપી છે. તે સેજ આપના જાણવા લખું છું.

બીજું તેમનો કાકો તથા તેમના મામા તથા માતાજી તથા બેન વિગેરે અત્રે આવી રાજીખુશીથી દીક્ષા અપાવી છે.

બીજું મુનિ જીત વિજયજી તથા મુનિ વીરવિજયજી તથા મુનિ વલ્લભ વિજયજીને અમારી વતી અનુવંદના વંદના કરશોજી

બીજું બગડીયા ઓધડ તથા સન્નોત છગન મૂળચંદ તથા

સલોત જગજીવન તથા શાહ પાના બોધા વિગેરેને અમારા વતી ધર્મલાભ કહેશોજી.

સંવત ૧૯૪૫ અષાડ વદ ૭ શુક્રવારે

લી. ગોવનજી ગાંગજીનાં વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી.

લી. આપનો સેવક આજ્ઞાંકિત લીંબડી નિવાસી વહોરા જીવરાજ ગાંગજીની વંદના ૧૦૦૮ વાર આપની પવિત્ર સેવામાં કુરસદ વખતે સ્વીકારશોજી."

આ રીતે પૂજ્યશ્રીની સાથે રહેલ તપસ્વી મુનિશ્રી જીતવિજયજીની ચૌમાસી–અઠ્ઠાઈની તપસ્યાથી શ્રીસંઘમાં અનેરા–ધર્મોલ્લાસની લહેર પ્રગટી.

પરિણામે ચૌમાસી–અઠ્ઠાઈમાં પૂજા, પ્રતિક્રમણ, બેસણું, ઉકાળેલું પાણી, પગરખાંનો ત્યાગ આદિ વિશિષ્ટ મર્યાદાઓ આચરવાની પ્રેરણા કઠી ધર્મક્રિયા ન કરનારાઓના મનમાં પણ ઉદ્ભવવા પામી.

જેથી ઘણા વૃદ્ધપુરૂષો પણ પૂજ્યશ્રીના ચાતુર્માસની આગવી–વિશેષતા નિહાળી પ્રમોદ- ભાવથી ભરપૂર બન્યા.

પૂજ્યશ્રીની પ્રેરણાથી ચૌમાસી ચૌદશે છઠ્ઠ–ઉપવાસ –આંબેલ–એકાસણાથી ૨૨૫ અષ્ટપ્રહરી પૌષધ સ્ત્રી–પુરૂષોમાં થયા, સાંજના પૌષધ ૧૭૦ જુદા થયા.

આ બધાનું સલોત છનાભાઈ મૂળચંદ તરફથી સાકરના પડા અને ૧૧ રૂપિયાથી બહુમાન પણ થયું.

અષાડ વદ ૩ થી પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં **શ્રી રાયપસેણી સૂત્ર** અને **શ્રી શત્રુંજય માહાત્મ્ય** શ્રીસંઘે કરેલ મહોત્સવ પૂર્વક શરૂ કર્યું.

ધર્મપ્રેમી લોકો દિન-પ્રતિદિન વધુ સંખ્યામાં લાભ લેવા લાગ્યા.

જગ્યાની સંકડાશના કારણે શ્રીસંઘે જ્ઞાતિની વાડીમાં વરસાદ આદિ ન નડે તે રીતે પાકો પ્રબંધ કરાવી શ્રા. સુ. ૩ થી જ્ઞાતિની વાડીમાં વ્યાખ્યાનો શરૂ કરાવ્યાં.

શ્રા. સુ. ૫ અને ૬ પ્રભુ નેમિનાથના જન્મ-દીક્ષા કલ્યાણકના અપૂર્વ મહત્ત્વને સમજાવી વિષયની વાસનાના વમળમાંથી બહાર નિકળવા પૂજ્યશ્રીએ **શ્રી નેમિનાથ પ્રભુના** છઠ્ઠ કરાવ્યા અને "उज्जिंत-सेल-सिहरे." ગાથાની રોજની ૨૭-૨૭ માળા ગણાવી.

છઠ્ઠ ન કરી શકે તેવાને મગ-અડદનાં બે આંબેલ કરાવ્યાં. તેઓને "ॐ ह्रीँणमो वीअरागाणं क्लीं फट्" ની રોજની ૬૦ / ૬૫ માળા ગણાવી.

સહુને વિષય-વિકારી ભાવોથી બચવા પરમ તારક **શ્રી નેમિનાથ પ્રભુની** શરણાગતિ સ્વીકારવા પ્રેરણા કરી.

શ્રા. સુ. ૮ શ્રી પાર્શ્વનાથ-પ્રભુના મોક્ષ-કલ્યાણક નિમિત્તે દેરાસરમાં સામુદાયિક-સ્નાત્ર ભણાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૧૦૦૮ શ્વેત પુષ્પોથી "ॐ ह्रीँ क्लीं णमो जिणाणं जिअभयाणं अहँ" नमः फट् મંત્ર દ્વારા શ્રી સંઘની ચોથા વ્રતધારી ૧૧ વ્યક્તિઓ પાસે પૂજા કરાવી.

બધાને સામૂહિક ચૈત્યવંદન કરાવી " **રંગરસીયા રંગરસ બન્યો મનમોહનજી** ". પૂજાની ઢાળ બોલાવી. સહુને "ॐ ह्रीँ श्री पार्श्वनाथाय पारगताय नमः" નું ગણણું ૨૦ માળાનું ગણાવ્યું.

આ આરાધના ચૌવિહાર-ઉપવાસથી કરાવી.

લોકોમાં આવી સુંદર આરાધના પ્રથમવાર જોવાથી ખૂબ ભાવોલ્લાસ થયો.

શ્રા. વ. ચોથે પંદરના ઘરના હિસાબે સહુને વિષય-કષાયની વાસનાઓની વિષમતા સમજાવી પર્વાધિરાજના સ્વાગત-સન્માન માટે અંતર શુદ્ધિ-નિખાલસતાદિ અંગે વેધક પ્રકાશ પાથરી પુણ્યાત્માઓને સજાગ કર્યા.

પૂજ્યશ્રીની ઓજસ્વી ધર્મદેશનાથી પર્વાધિરાજ ટાણે ૭

માસખમણ; ૩ એકવીસ ઉપવાસ, ૨૧ સોળ ઉપવાસવાળા અને ૧૭ અગીયાર ઉપવાસવાળા પુણ્યાત્માઓ થયા.

શ્રા. વ. ૧૨ થી પર્વાધિરાજની સફળ–આરાધના માટે લોકો ઉત્સાહભેર જોડાયા.

૬૫ સ્ત્રી–પુરુષો ચોસઠ પ્રહરી પૌષધમાં જોડાયા. જેમાં નાના નાના ૭/૮ બાળકો અને ૧૦/૧૫ બાલિકાઓ ૬૪ પ્રહરી પૌષધમાં જોડાયેલ.

અઠ્ઠાઈ ધરના દિવસે જ ૫૫ સ્ત્રી—પુરુષોએ અઠ્ઠાઈનાં પચ્ચખ્ખાણ લીધાં.

પૂજ્યશ્રીની સુંદર ધર્મ–પ્રેરણાથી શ્રી–સંઘમાં અનેરા ધર્મોલ્લાસ વચ્ચે પર્યુષણાપર્વની સુંદર આરાધના થવા પામી.

વધુમાં પૂજ્યશ્રી સાથે અવારનવાર પૂજ્ય ચરિત્રનાયકશ્રીના પિતાશ્રી તથા પૂ. ચરિત્રનાયકશ્રી સાથે ચાલતા પત્ર–વ્યવહારના આધારે પૂજ્યશ્રી તરફથી મળતી ઉત્કૃષ્ટ ધર્મપ્રેરણાના ફળ સ્વરૂપે પૂ. ચરિત્રનાયકશ્રી અંતરના ભાવોલ્લાસ અને પિતાશ્રીની આંતરિક સંમતિભર્યા સહયોગથી કપડવંજથી દુકાનના કામ અંગે અમદાવાદ જવાનું કુટુંબીઓને કહી અમદાવાદથી સીધા શ્રા. વ. ૮ લગભગ પૂ. ચરિત્રનાયકશ્રી બોટાદ પૂજ્યશ્રીની નિશ્રાએ પર્વાધિરાજની

ચૌસઠ પ્રહરી પૌષધ સાથે આરાધના માટે આવી પહોંચેલ.

તેઓએ અઠ્ઠાઈધરનો ઉપવાસ, વડાકલ્પનો છઠ્ઠ, સંવત્સરીનો અઠ્ઠમ કરી પૂજ્યશ્રીની નિશ્રામાં પર્વાધિરાજની ચડતા–પરિણામે ભવ્ય આરાધના કરેલ.

વૃદ્ધ–પુરુષોના કથનાનુસાર અભૂતપૂર્વ થયેલી આરાધના અને વિવિધ તપસ્યાઓની અનુમોદનાર્થે ધર્મોત્સાહી-શ્રીસંઘના આગેવાનોએ ભા. સુ. ૬ ના. ભવ્ય રથયાત્રા અને ભા. સુ. ૧૦ થી અષ્ટાહ્નિકા મહોત્સવનો કાર્યક્રમ જાહેર કર્યો.

ભા. સુ. ૬ બપોરે ૧ વાગે ભવ્ય રથયાત્રા નિકળી, જેમાં ચાંદીના ત્રણ રથ, બે ગજરાજ વિવિધ વાજિંત્રો, અને શણગારેલ ૩૦/૪૦ તપસ્વીઓની મોટર–ગાડીઓ હતી.

આખા બોટાદ શહેરમાં જૈન–શાસનના ત્યાગ–ધર્મની અપૂર્વ ઝોલબાલા થઇ રહી.

ભા. સુ. ૮ વ્યાખ્યાન પછી શ્રીસંઘ તરફથી સાધ્વીજી અને શ્રાવિકાઓના વર્ગે સામૂહિક ખામણાં કર્યાં.

પૂજ્યશ્રીએ દુબળી આઠમ તરીકે ગણાવાતા આજના દિવસને કષાયો–વાસનાઓ હળવી કેટલી પડી? તે ધોરણથી ચકાસવા પર ભાર મૂકી આદર્શ–ક્ષમાપનાનું મહત્ત્વ સમજાવ્યું.

ભા. સુ. ૧૦ થી ભવ્ય મહોત્સવ શરૂ થયો, વડનગર

(ગુજ.) શ્રી ધર્મપ્રેમી ભોજકોને આમંત્રી પ્રભુભક્તિમાં રમઝટ જમે અને અપૂર્વ ભાવોલ્લાસ થાય તેવી વ્યવસ્થા પૂજ્યશ્રીની પ્રેરણાથી થઈ હતી.

આ દરમ્યાન પૂજ્યશ્રી પર અપૂર્વ ભક્તિભાવ ધરાવનાર પૂ. મુનિશ્રી કમલવિજયજી મ.નો પત્ર કે જે, પ્રાચીન સંગ્રહમાંથી જડી આવ્યો છે. તે અહીં જે અક્ષરશઃ ઉદ્ધૃત કર્યો છે.

શ્રી ૧।

પત્ર–૧ મુ. શ્રી બોટાદ

મુનિ મહારાજશ્રી ઝવેરસાગરજી
ઠે, શ્રાવકની ધર્મશાળાએ પહોંચે.

સ્વાસ્ત શ્રી પાર્શ્વજીન પ્રણમ્ય મુ. શ્રી બોટાદ તત્ર અનેક શુભોપમાલાયક, શાંત, દાંત, મહંત, સૂર્યની પરે પ્રતાપી, ચંદ્રમાની પરે શીતલ, સમુદ્રની પરે ગંભીર, મેરૂની પરે અચલ, વાયુની પરે અપ્રતિબદ્ધ, ભારંડપક્ષીની પરે અપ્રમત્ત ભવ્ય જીવોના હિતોપદેશક, એવં અનેકગુણે કરી બિરાજમાન મુનિ મહારાજશ્રી ઝવેરસાગરજી તથા મુનિ જીત વિજયજી તથા મુનિ શ્રી ધીરવિજયજી તથા મુનિ વલ્લભવિજયજી ચરણાન્ શ્રી વઢવાણ કાંપથી લી. મુનિ શ્રી કમલવિજયજી તથા હેમવિજયના વંદના——અનુવંદના ૧૦૦૮ વાર અવધારશોજી.

બીજું અત્ર પયુર્ષણ પર્વ રૂડી રીતે થયા છે. વ્યાખ્યાનમાં **શ્રી શત્રુંજય મહાત્મ્ય** તથા **ઉત્તમકુમાર ચરિત્ર** તથા **સુબોધિકાના વ્યાખ્યાન** આઠ વંચાણા છે.

બીજું ભા. સુ. ૪ ને શુક્રવારે સંવચ્છરી પ્રતિક્રમણ સંધ સમસ્ત કર્યું. તેમાં આપને ખમાવ્યા છે તે આપકૃપા કરીને ખમાવશો જી.

બીજી અત્રે અષાડ સુ. ૬ દીક્ષા ઓચ્છવ બડી ધામધૂમથી થયેા છે. વળી સુ. ૧૩ શ્રીશત્રુંજય મહાત્મ્યનેા વરઘેાડા ચડયો હતેા, તેથી શાસનની ઉન્નતિ થઈ છે. બીજુ શ્રા. વદ ૬ શુક્રવારે સમેાવસરણની રચના થઈ તેમાં વરઘેાડા પાંચ ચડયા અને જલયાત્રાના વરઘેાડામાં તથા છેલ્લા વરઘેાડામાં શ્રી લીંબડીથી દરબારનેા હાથી તથા રથ તથા શ્રી વીરમગામથી રૂપાની પાલખી તથા શ્રી સાયલેથી રૂપાની પાલખીઆવવાથી ત્રણે ગામથી ગવૈયાની ટોળીનું માણસ ૧૦૦ આવવાથી જિનશાસનની પ્રભાવના ઘણી થઈ છે.

વરઘેાડામાં માણસ આશરે ૪૦૦૦ થયું હતું. વરઘેાડા તથા આરતીની ઉપજનું ઘી મણ ૩૨૬ તથા ખરડા તથા ભંડાર સર્વે મળીને રૂા. ૧૮૦૦૦ની ઉપજ થઈ છે. સ્વામી–વાત્સલ્ય બે તથા છઠ્ઠ–અઠ્ઠમના પારણા થયા છે.

બીજું શ્રી **લખતરના કારભારી** શેઠ **કુલચંદભાઈ** અહીં પજૂસણ કરવા આવ્યા છે. તેણે ગામ બધામાં અઢારે વરણમાં સાકરની લ્હાણી કરીને શાસનની શેાભા વધારી છે.

૭ સોળ ઉપવાસ, ૩૦૦ ૭, પાંચ, ચાર, અઠ્ઠમ તથા છઠ્ઠ, સંવત્સરી પ્રતિક્રમણમાં માણસ ૫૦૦ તમારી તરફના સમાચાર લખશો.

મિતિ. ભા. સુ. ૭ ૬ : પોતે

આ પત્ર ઉપરથી પૂજ્યશ્રીને વડીલ તરીકે માની સઘળી વાત જણાવવા રૂપ અંતરની વિનીતતા જણાવવાની પદ્ધતિ તે વખતના સાધુઓમાં કેવી હતી? તે સ્પષ્ટ થાય છે.

આવા પરમ શાસન પ્રભાવક પૂ. શ્રી. ઝવેરસાગરજી મહારાજની રાહબરી નીચે બોટાદ શ્રી. સંઘે પર્વાધિરાજની વિશિષ્ટ થયેલ આરાધનાની અનુમોદન નિમિત્તે ભા. સુ. ૧૦ થી ભા. વ. ૪ નો ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ભાવોલ્લાસપૂર્વક કર્યો.

પછી ભાદરવા વદમાં વદ ૧૩-૧૪ ૦)) શ્રી શત્રુંજયગિરિ આરાધનાના અઠ્ઠમ ઠાઠથી કરાવ્યા.

શેઠ ગોપાળજી જેશિંગભાઇએ પારણાનો લાભ લઇ શ્રીફળ રૂપિયાથી તપસ્વીઓનુ બહુમાન કર્યું.

પછી પૂજ્યશ્રીની પ્રેરણાથી શાશ્વતી શ્રી નવપદજીની ઓળીનું આરાધન ૨૦૦ આરાધકોએ કર્યું.

તેમના પારણા શ્રી. ચીમનલાલ છોટાલાલ શાહ તરફથી ઠાઠથી થયાં.

બાદ પૂજ્યશ્રીની પ્રેરણાથી બોટાદ શ્રી સંઘમાં પ્રભુ-ભક્તિના અપૂર્વ ધર્મ-રંગના ફળસ્વરૂપ જિનાલયોમાં પૂજારીને સાવ મુક્ત કરી દહેરાસરમાં કચરો વાળવો, વાસણ અજવાળવાં, અંગ- લૂછણાં સાફ કરવાં આદિ સામાન્ય કામથી માંડી એક-એક પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા સ્વરૂપે નિજ-દ્રવ્યથી કરવાનો કાર્યક્રમ આસો વદ ૩ થી ૧૦ સુધી ચાલ્યો.

પરિણામે લોકોમાં ખૂબ જ પ્રભુ-ભક્તિની તમન્ના સક્રિય બની.

આ રીતે ઉમંગભેર વિવિધ ધર્મકાર્યોથી બોટાદનું ચાતુર્માસ દીપી રહ્યું.

ચાતુર્માસ સમાપ્તિએ **વઢવાણની** આગ્રહભરી વિનંતિ હોઈ **જોરાવરનગર-વઢવાણ** તરફ વિહાર કર્યો. પછી અમદાવાદ તરફ જવા ભાવના હતી પણ **લીંબડી** મહાજન તરફથી પાંજરાપોળનું મહત્ત્વનું કામ સંઘર્ષમાં પડેલ હોઈ તેના નિરાકરણ માટે લીંબડી જૈન સંઘે પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતિ કરી ધામધૂમથી લીંબડી પ્રવેશ કરાવ્યો.

લીંબડીમાં પાંજરાપોળના વહીવટ અને બીજા ધર્મ-

સ્થાનોના વહીવટને કારણે વિ. સં. ૧૯૪૬ અને ૧૯૪૭ નું ચોમાસું કરવું પડ્યું.

વિ. સં. ૧૯૪૮ ના માગ. સુ. ૧૧ મૌન એકાદશીએ પૂ. શ્રી **ઝવેરસાગર મ.** નશ્વરદેહનો ત્યાગ કરી સ્વર્ગ-માર્ગે સંચર્યા.

આ સંબંધી વધુ વિગત "આગમ જ્યોતિર્ધર" (ભા. ૨)માંથી જિજ્ઞાસુઓએ જોઈ લેવી.

હાર્દિક વંદનાંજલિ

સાગરશાખાના અદ્વિતીય તેજસ્વી તારક

વાદ-કલા-કુશળ આગમિક-રહસ્યોના

અપૂર્વ જ્ઞાતા

તે વખતના

સંવેગી-શાખાના મહાપુરૂષોના

આદરપાત્ર

પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીયશ્રીયુત

શ્રી ઝવેરસાગરજી મહારાજના

પરમ પાવન ચરણકમળોમાં

ભાવભરી વદનાંજલિ ! ! !